# અનુભવવાણી સૂરિરામની

ભાગ-૨

: સંપાદક :

પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી નરવાહનવિજયજી ગણિ

પદાર્થ દર્શન ગ્રંથમાળા પ્રકાશન નં-૧૩

# અનુભવવાણી સૂરિરામની

## ભાગ-૨

સંપાદક

પૂજ્ય પન્યાસપ્રવર શ્રી નરવાહનવિજયજી ગણિ.

પ્રકાશક

**પદાર્થ-દર્શન ટ્રસ્ટ**

આશ્રમ રોડ - અમદાવાદ.

પુસ્તક-૧૩ મું
અનુભવવાણી સૂરિરામની ભાગ-૨

વીર સં. ૨૫૨૨
સને ૧૯૯૬

સંવત ૨૦૫૨
ધૂળેટી (ફાગણ વદી-૧)

કિંમત
રૂા. ૩૮-૦૦

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

ટાઈપ સેટીંગ
**ભવાની ગ્રાફિક્સ**
(મનોજ ઠક્કર)
બી/૬, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, દિપાલી
ટોકીઝની પાછળ, આશ્રમરોડ,
અમદાવાદ-૯ - ફોન : ૪૬૭૯૨૧

મુદ્રક
**નીલકંઠ ઓફસેટ**
નવા વાડજ, અમદાવાદ-૧૩

## સંપાદક

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક પરમ તારક, સૂચિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્યરત્ન કર્મ સાહિત્ય જ્ઞાતા પન્યાસપ્રવર શ્રી નરવાહન વિજયજી ગણિવર્ય.

# પ્રકાશકીય

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓની પાવનકારી અદ્‌ભુત વાણીનો જાદુ જે આત્માઓને સ્પર્શી ગયો તેમના જીવન ધન્ય બની ગયા. એ વાણીની પરાવર્તના કરતાં તેમને નિત્ય નવા નવનિતો સાંપડતા ગયા અને એના આધારે શાસ્ત્રોની રચના થઈ.

આ શાસ્ત્રરૂપી સાગરનું મંથન કરી, તેમાંથી અમૃત પ્રાપ્ત કરી તેના દ્વારા અનેક જીવોના જીવનનું આમૂલ પરિવર્તન કરનાર વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર-પ્રોઢ પ્રતિભાના સ્વામી સ્વ-આચાર્યદેવેશ શ્રીમદ્‌ **વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજા સાહેબના** જોશીલા પ્રવચનોમાં છૂટક-છૂટક હિતશિક્ષા રૂપે કહેવાયેલી વાતો કે જે અમીઝરણાંના નામે અવારનવાર પ્રસિધ્ધ થયેલ, તેને વ્યવસ્થિત રૂપ આપીને 'અનુભવવાણી સૂરિરામની ભાગ-૧ દ્વારા આપ સૌની સમક્ષ રજુ કર્યા પછીના ખૂબજ ટૂંકા સમયમાં, તેમના જ વિનેય શિષ્યરત્ન **પન્યાસપ્રવર શ્રી નરવાહનવિજયજી મહારાજ સાહેબના** પરિશ્રમથી તૈયાર થયેલ ભાગ-૨ આજે આપના હસ્તકમળમાં મૂકતાં અનેરો આનંદ અનુભવાય છે.

આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ ખર્ચ એક ભાગ્યશાળી મુમુક્ષુ સદ્‌ગૃહસ્થે આપીને અમારા આ કાર્યને ખૂબ જ સરળ બનાવી દીધું છે તે બદલ અમે તેઓના ખૂબ ખૂબ આભારી છીએ.

અકારાદિ પ્રમાણે ગોઠવણી કરવાનો પ્રયાસ છતાં ક્ષતિ રહી જવા પામી હોય તેમજ આ સુવાક્યોના ફકરા આગળ પાછળ લેવાઈ ગયા હોય તો તે બદલ ક્ષંમા કરશો.

એજ લી.

**પદાર્થ દર્શન ટ્રસ્ટના**

**ટ્રસ્ટીઓ**

## : પ્રાપ્તિ સ્થાનો :

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**
C/o. ભરતભાઈ બી. શાહ
એ/સરિતા દર્શન
જયહિંદ પ્રેસ સામે, આશ્રમ રોડ
અમદાવાદ-૩૮૦૦૦૯
ટે. નં.- ૬૫૬૨૩૩૭

**અશ્વિનભાઈ એસ શાહ**
C/o. નવિનચંદ્ર નગીનદાસ
ઠે. પાંચકુવા દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં.- ૨૧૪૪૩૧૪

**જયંતિલાલ પી. શાહ**
ઠે. ૬૯૬, નવા દરવાજા રોડ
મયાભાઈની બારી પાસે
ડી.-વાડીલાલ એન્ડ કું ના મેડા ઉપર
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ- ૩૮૦૦૦૧
ટે. નં.-૩૮૦૩૧૫

**સુરેશભાઈ એચ. વખારીયા**
ઠે. ડી/૫૩, - સર્વોદયનગર
૫ મે માળે-પાંજરાપોળ રોડ
મુંબઈ-નં.-૪૦૦૦૦૪
ટે.નં.-૩૭૫૩૮૪૮

**સુનીલભાઈ કે. શાહ**

# અનુભવવાણી સૂરિરામની

ભાગ-૨

## આર્થિક સહયોગ

એક ભાગ્યશાળી મુમુક્ષુ સદ્‌ગૃહસ્થ તરફથી....

# પૂજ્ય પન્યાસશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૦-૦૦ |
| ૨. | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩. | નવતત્વ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૬-૦૦ |
| ૪. | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫. | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬. | કર્મગ્રંથ-૩ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૩-૦૦ |
| ૭. | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮. | ઉદય સ્વામિત્વ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯. | કર્મગ્રંથ-૪ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૦. | કર્મગ્રંથ-૪ ભાગ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧. | કર્મગ્રંથ-૫ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨. | કર્મગ્રંથ-૫ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩. | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪. | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી(બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૫ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૨૫-૦૦ |
| ૧૬. | કર્મગ્રંથ-૫ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭. | કર્મગ્રંથ-૧ તથા ૨ | પ્રશ્નોત્તરી | ૨૫-૦૦ |
| ૧૮. | કર્મગ્રંથ-૬ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯. | કર્મગ્રંથ-૬ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦. | કર્મગ્રંથ-૬ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧. | કર્મગ્રંથ-૬ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨. | કર્મગ્રંથ-૬ ભાગ-૫ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ) | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર | | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામી ચરિત્ર | | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સ્વરૂપ દર્શન (બીજી આવૃત્તિ) | | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ | | ૭-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ | | ૧૪-૦૦ |
| ૧૧. | ધર્મને ભજો આશાતના તજો | | ૭-૦૦ |
| ૧૨. | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧ | | ૩૮-૦૦ |
| ૧૩. | અનુભવવાણી સૂરિરામની ભાગ-૨ | | ૩૮-૦૦ |

❋❋❋

★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.

# અનુભવવાણી સૂરિરામની

## ભાગ-૨

તપનું ફળ કર્મમલથી હલકા થવાનું છે અને એ સંયમ વિના થઈ શકતું નથી.

♦♦♦

તમે અહીં જે વ્યાખ્યાન સાંભળવાને માટે આવ્યા છો, તે પણ તમે ધર્મ કરવાને માટે આવ્યા છો ને ? વ્યાખ્યાન સાંભળવું, એ પણ એક ધર્મનો પ્રકાર છે. એટલે અહીં કોણ આવે ? મોટે ભાગે ધર્મ કરનારો વર્ગ આવે અથવા ધર્મ કરવાની ઈચ્છાવાળો વર્ગ આવે. એનામાં આ વસ્તુ મોટે ભાગે નથી એમ જો જણાય, તો અમને એથી દુઃખ થાય નહિ ? બીજા હેતુથી કોઈ આવતા હોય તેમની વાત બાજુએ રાખો, પણ ધર્મ કરવાના હેતુથી આવતા હોય, તેમની પાસેથી તો અમે આ સમજની આશા રાખીએ ને ?

♦♦♦

તમે અહીં આવો અનેતમારૂં અજ્ઞાન જો જેવું ને તેવું બન્યું રહે અમારા પ્રયત્નની ખામીને લઈને, તો અમે માનીએ છીએ કે-એ અમારૂં કલંક છે; પણ અમેતમને સમજાવવાના પ્રયત્નમાં ખામી રાખીએ નહિ, શક્તિને જરાય ગોપવીએ નહિ અને મથામણ કરી કરીને તમને હિતકારી વાત જુદા જુદા રૂપે કહ્યા કરીએ, છતાં પણ તમે સાંભળ્યું ન સાંભળ્યા જેવું કરો, સાંભળેલું સમજવા મથો નહિ તેથી સમજો નહિ અને સમજો તે વિચારો નહિ, તો એમાં દોષ અમારો નથી પણ તમારો જ છે, એમ કહેવું પડે ને ?

♦♦♦

તમે અહીં જન્મ્યા, તે કયાંકથી મરીને અહીં આવેલા ને ? અને, અહીંથી મરીને પણ કયાંક જઈને ઉત્પન્ન થવાના ને ? અહીં આપણને ઘણુંય ફાવી ગયું હોય; એમ પણ થઈ ગયું હોય કે-અહીં રહી જવાય તો સારૂ; પણ અહીંથી ગયા વિના છૂટકો થવાનો છે ? એ વખતે, અહીંયાં જે બધી સજાવટ કરીને બેઠા છો, તે સજાવટનું શું ? એ સજાવટ અહીં જ રહી જવાની ને તમારે નામરજી છતાં ચાલતા થવાનું ને ? એવો કોઈ ઉપાય છે ખરો, કે જે

ઉપાયને આદરીને, તમે જે સજાવટ કરી છે, તેની સાથે તમે સદાને માટે રહી શકો ? નહિ જ. કોઈ આદમી અહીં સદાને માટે રહ્યો સાંભળ્યો છે ? નહિ જ; એ શક્ય જ નથી; કેમ કે-આ તો સંસાર છે. સંસારમાં કેવી વિચિત્ર દશા છે ? માણસ જન્મે અને પોતાના સુખ માટે લોહીનું પાણી કરીને બધી સજાવટ કરે, પણ જ્યાં આયુષ્ય પુરૂં થાય કે બધી સજાવટને મૂકીને ગયા વિના છૂટકો થાય નહિ.

◆◆◆

તમે એકલું મરવાનું છે એમ માનો, એનો કાંઈ વિશેષ અર્થ નથી. એ તો એક ને એક બે જેવી વાત છે. સ્થિતિ જ એવી છે કે-મરવાનું છે, એ વાતનો નાસ્તિક પણ ઈનકાર કરી શકતા નથી. આપણે તો હતા પણ ખરા છીએ પણ ખરા અને રહેવાના પણ ખરા. આપણે મરવાના, એટલે આપણું અસ્તિત્વ જ મીટી જવાનું છે-એવું નથી જ. આપણે તો રહેવાના જ. એટલે મરીને આપણે બીજી કોઈ ગતિમાં ઉત્પન્ન થવાના ! કર્મનો યોગ છે માટે ! એ કર્મના સર્જક આપણે છીએ, માટે આપણને લાગે છે કે-જ્યાં જવું હોય ત્યાં જવું એ મારા હાથની વાત છે !

◆◆◆

તમે જેવા લક્ષ્મીના વહેપારી છો, એવા સાધુઓ ધર્મના વ્યાપારી છે. દૃષ્ટિશુદ્ધિ વધારામાં !

◆◆◆

તમે એ ભૂલી ન જાવ કે-જે ત્રણ લોકના નાથ થવાના છે, તારક તીર્થની સ્થાપના કરવાના છે, એવા તારકના ઈન્દ્રાદિએ કરેલા જન્મોત્સવનું તમે અનુકરણ કરી રહ્યા છો. એ વખતે થાય કે-આ ભગવાન જન્મ્યા ત્યારેય વિરાગી હતા અને જન્મ્યા પછી સંસારમાં જ્યાં સુધી આ તારકને રહેવું પડે તેમ હતું અને એથી આ તારક સંસારમાં જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી પણ વિરાગભાવે જ રહ્યા. ભોગોપભોગાદિ કરતાં પણ આ તારકનો વિરાગભાવ જીવન્ત રહ્યો હતો.

◆◆◆

તમે જો સાચા તત્ત્વજ્ઞ બનો, તો તમે અધર્મમાં બેઠેલા હોવા છતાં પણ, અધર્મના પરિણામોથી પ્રાયઃ બહુ જ સહેલાઈથી બચી શકો.

◆◆◆

તમે જો ભગવાનને અને ભગવાને કહેલા માર્ગને સંસારનું કારણ બનાવતા હો અને એ જાણવા છતાં પણ અને તમે અમારૂં સાંભળો એવા હો તે છતાં પણ, જો અમે તમને ભગવાનને અને ભગવાને કહેલા માર્ગને તમારા સંસારનું કારણ નહિ બનાવવાનું પણ સંસારથી તરવાનું કારણ બનાવવાનું કહીએ નહિ, તો તમે જે પાપ ઉપાર્જતા હો, તેથી પણ અધિક પાપ અમે કદાચ ઉપાર્જીએ, એવું પણ બને.

♦♦♦

તમે જાતે જ ભલે ને અલ્પ સુકૃતને આચારી શકતા હો અને અલ્પ સુકૃતને જ આચરાવી શકતા હો, પરન્તુ તમે એ જુઓ છો ને કે-ભૂતકાલમાં અનન્તા જીવો મહા સુકૃતોને આચરનારા થઈ ગયા છે, વર્ત્તમાનમાંય સંખ્યાબંધ જીવો મહા સુકૃતને આચરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ અનન્તા જીવો મહા સુકૃતોને આચરનારા બનવાના છે ? તમે આ બધાઓને, ભગવાન શ્રી અરિહન્તદેવો આદિ પાંચેય પરમેષ્ઠિઓને યાદ કરી સુકૃતની અનુમોદનાનો લાભ મેળવી શકો છો. આવી રીતિએ, થઈ ગયેલા, વિદ્યમાન અને થનારા સુશ્રાવકોનાં અનેકવિધ સુકૃતોને યાદ કરી કરીને પણ તમે સુકૃતની અનુમોદનાનો લાભ મેળવી શકો છો.

♦♦♦

તમે જ્યારે ભોજન કરવાની તૈયારી કરો, ત્યારે તમને મહાત્મા યાદ આવે ? ઘરમાં પૂછો ખરા કે-આજે કોઈ સુપાત્ર પધાર્યા હતા કે નહિ ? અને, તેમણે કાંઈ વહોર્યું હતું કે નહિ ? જો કોઈ સુપાત્ર નથી પધાર્યા એવું જણાય, તો તમે છેવટ તમારે ઘરને આંગણે આવીને પણ ચોમેર દૃષ્ટિપાત કરવા દ્વારાએ કોઈ સુપાત્ર આ તરફ આવી રહ્યા છે કે નહિ એ શોધો ખરા ?

♦♦♦

તમે જ્યારે તમારા ભૂખના દુઃખને શમાવવાને માટે ભોજન કરવાને બેસવાની તૈયારી કરતા હો, એ વખતે તમને દીન, દુઃખી, અનાથ, અતિથિ અને મહાત્માઓ વગેરે યાદ આવે કે નહિ ?

♦♦♦

તત્ત્વજ્ઞ તે જ કહેવાય, કે જેને એક માત્ર મોક્ષ સિવાય કશું જ સાધવા જેવું લાગે નહિ.

♦♦♦

તીર્થ જેને-તેનેન કહેવાય, પણ તીર્થ તેને જ કહેવાય, કે જે આત્માને તેનું મૂળભૂત સ્વરૂપ પ્રગટાવવામાં સહાયક બનવાની લાયકાત ધરાવનાર હોય ! કોઈ પણ વસ્તુને કે વ્યક્તિને તીર્થ તરીકે કહેવામાં આવે ત્યારે એ જોવું કે-'એનામાં આ પ્રકારની લાયકાત છે કે નહિ ?' આત્માના મૂળભૂત સ્વરૂપને પ્રગટાવવામાં સહાયક બનવાની લાયકાત હોય તો જ એનો તારક તીર્થ તરીકે સ્વીકાર કરવો; નહિતર કહેવું કે-દુનિયામાં એ તીર્થ કહેવાય છે, પણ વસ્તુતઃ એ તીર્થ નથી. આ પ્રકારની દઢ માન્યતા કેળવવાની જરૂર છે. આ માન્યતા દઢ થાય, તો સાચું તીર્થ કયાં છે તે શોધવાની ભાવના પ્રગટયા વિના રહે નહિ. એ ભાવનાના યોગે કુતીર્થનો ત્યાગ તથા સુતીર્થનો સ્વીકાર કરવાનો પ્રયત્ન ન થાય એય બને નહિ અને એથી પરિણામે આત્માનું મૂળભૂત સ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટયા વિના પણ રહે નહિ. આથી સૌ પહેલાં એ નક્કી કરી લેવું જોઈએ કે-'કર્મના યોગમાં અનાદિકાળથી જકડાએલા આત્માને, પોતાનું નિર્મલ સ્વરૂપ પ્રગટાવવામાં જે વસ્તુ અગર જે વ્યક્તિ સહાયક બનવાની લાયકાત ધરાવતી હોય તેનો જ તીર્થ તરીકે સ્વીકાર થાય અને સંસારસાગરથી નિસ્તાર પામવાને માટે તેની જ સેવા થાય !'

◆◆◆

તું તારા આત્માને ગમે તેટલો જીતનારો માન બળવાન માન પણ રાગાદિ શત્રુથી જીતાયેલો તે પામર છે, અને આવી રીતે પડયો રહ્યો તો ભવિષ્યમાં ભય વધતો જાય છે. માટે સ્વપરના આત્માને ન હણ, ન હણ.

◆◆◆

તૃષ્ણાના તરંગોમાં નાચનારાની મરતી વખતની દશા જોઈને પણ દયા જ આવે. કોઈ ધર્મ સંભળાવવા આવે, તો ય એનાથી ધર્મને સાંભળી શકાય નહિ. અસંતોષની ભાવનાથી જ એ દુઃખી ને દુઃખી હોય એને ન જીવતાં શાંતિ, ન મરતાં શાંતિ.

◆◆◆

તે જ માતાકડવી દવા ન પાય કે જેને દીકરો પોતાનો ન હોય; તે જ શિક્ષક વિદ્યાર્થીને શિક્ષા ન આપે કે જેને કેવલ પગારની જ ગરજ હોય અન તે જ ધર્મગુરૂ ઉપાલંભ ન આપે કે જેનેકોરી-વંદના જ જોઈતી હોય. પ્રમાણિક મુનિમને પણ કામ ન કરે તો કોઈ પણ શેઠીઆને ઉપાલંભ દીધા

વિના છૂટકો ક્યાં થાય છે ?

♦♦♦

તેજ ધર્મી ધર્મને દીપાવે કે જે અર્થકામનો રસીઓ ન હોય. જેમ એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી, એક ગુફામાં બે સિંહ રહી શકતા નથી અને એક આકાશમાં બે સૂર્ય રહી શકતા નથી તેમ અર્થકામનું રસીકપણું અને ધર્મનું રસિકપણું બે સાથે રહી શકતા જ નથી.

♦♦♦

'તેજ સાચું અને શંકા વિનાનું કે જે શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવ્યું છે'-આ પ્રકારની વિચારણા સમ્યક્ત્વના ઘરની છે : સમ્યક્ત્વના પ્રાણરૂપ કોઈ વિચારણા હોય, તો તે આ જ વિચારણા છે.

♦♦♦

તેમનું જો સાચું હોય તો તેને ગ્રહણ કરવામાં આ પક્ષને વાંધો નથી અને આ પક્ષનું જો સાચું હોય, તો એને ગ્રહણ કરવામાં એમને વાંધો હોવો જોઇએ નહિ. આટલું થાય તો શાંતિ હાથ-વેંતમાં છે.

♦♦♦

તે જ મારે જોઇએ છે. એટલું જ નહિ પણ જ્ઞાનિઓ ઉત્તમ આત્માઓ માટે એવી ભાવનાઓને ભાવવાનું વિધાન ન કરત. ઋદ્ધિસંપન્ન હોય કે કંગાલ હોય, કલ્યાણ તેનું થાય, કે જેનું અન્તઃકરણ પ્રભુધર્મથી વાસિત હોય, ઋદ્ધિસંપન્ન મૂર્ચ્છામાં મરે અને કંગાલ તૃષ્ણામાં મરે, તો બેયનું અકલ્યાણ થાય. ઋદ્ધિવાળાનું વર્ણન આવે ત્યારે તે વર્ણન પણ એવી જ રીતિએ વાંચવું જોઇએ, કે જેથી શ્રોતાઓ ઋદ્ધિના લોલુપ ન બને, પણ ઋદ્ધિની ચંચળતાને સમજે તથા વિરાગભાવમાં રમે !

♦♦♦

ત્રણે લોકના એટલે સુરાસુર અને નરેંદ્રોના ત્રણે કાળના સુખને ભેળું કરીને, અનંત ગુણું કરવામાં આવે તો પણ સિધ્ધિના એક આત્માના એક સમયના સુખસમુદ્રની આગળ બિંદુ જેટલું પણ નથી.

♦♦♦

ત્રિકાલ ભગવાનની પૂજા કરવી, મન્દિર બંધાવવું, જિર્ણોદ્ધાર કરવો, દાન દેવું, શીલ પાળવું, તપ કરવો, એ વગેરે શ્રાવકપણાની કરણીઓનો જે ઉપદેશ છે,

તે એ માટે છે કે-એ કરણીઓ કરતે કરતે છેવટ સાધુધર્મને પામી શકાય.

♦♦♦

ત્યાગધર્મના પ્રતાપે જેમ મુક્તિ સહજ છે, તેમ સંસારમાં પણ તેના પ્રતાપે શાંતિ સહજ છે.

♦♦♦

ત્યાગ એ ત્યાગને માટે હોવો જોઇએ પણ રાગને માટે હોવો જોઇએ નહિ. ત્યાગને માટે કરેલો રાગ લાભદાયી છે પણ રાગને માટે કરેલો ત્યાગ એ પરિણામે ભયંકર છે.

♦♦♦

*ઉભય પ્રત્યે કંઈક*

ત્યાગી બનેલ આત્માએ લીધેલ સંયમનું રાતદિવસ સ્મરણ રાખવું અને તેનું જ પાલન કરવું તથા તેનો જ પ્રચાર કરવાની તાકાત આવે તેવા પ્રયત્નમાં રક્ત થવુ અને ન લેનારે 'કયારે લઇએ'-તેવી ભાવનામાં રક્ત રહી, તેની પ્રાપ્તિ શીઘ્ર થાય તેવી જ પ્રવૃત્તિ આચરવી. આ પ્રમાણે જો થશે તો લેનાર અને જોનાર બેઉ કલ્યાણ સાધી શકશે. જે સાધશે તે જ સંસારથી છૂટશે અને નહિ સાધે તે રખડશે, માટે દરેક મોક્ષના અર્થિએ પોતાના આત્માના જ ભલા ખાતર પાપ વ્યાપારો તજી ઉત્તમ કોટીની પ્રવૃત્તિ કે જે અનંતજ્ઞાનીઓએ ઉપદેશી છે, તેની જ આરાધનામાં ઉદ્યમશીલ બની જવું જોઇએ.

♦♦♦

તમે હમણાં જે જીવનને જીવી રહ્યા છો, એમાં દુઃખ આવે છે ? દુઃખને તમે ઇચ્છતા નથી અને દુઃખ આવે-એવા આશયથી તમે કોઈ મહેનત પણ કરતા નથી, છતાં પણ દુઃખ આવે છે ને ? હા, તો શાથી દુઃખ આવે છે ? માણસ દુઃખને ઇચ્છે પણ નહિ અને દુઃખ આવે એવા આશયથી મહેનત કરે નહિ, છતાંય દુઃખ આવી આવીને પટકાયા વિના રહેતું નથી, તો તેનું કારણ શું ? પાપ. ભૂતકાળનું ને ? તમે આ વાતને સમજો તો છો; તો જ્યારે જ્યારે તમને કાંઇ પણ દુઃખ આવે છે, ત્યારે ત્યારેય તમને પાપ યાદ આવે છે? 'આ દુઃખ, એ મારા પોતાના જ ભૂતકાળના પાપનું પરિણામ છે.'-એમ થાય છે ? અને એથી 'હવે મારે વર્ત્તમાનમાં તો પાપ નથી જ કરવું.'-એમેય થાય છે ? ભૂતકાળનું પાપ આવે અને એ યાદ વર્ત્તમાન કાળમાં

પાપથી બચતા રહેવાની કાળજી પ્રગટાવે, એવું બને છે ? આનો જવાબ 'હ' કારમાં મળવો જોઈતો હતો. તમારે કહેવું જોઈતું હતું કે-દુઃખ અમને ગમતું નથી અને દુઃખનું મૂળ પાપ જ છે માટે પાપ પણ અમને ગમતું નથી. પાપ નહિ ગમવું, એટલે શું ? કોઇ પાપ કરતો હોય ને અણગમો થાય, એ ? વસ્તુતઃ એમ નહિ, પણ તમને પાપ કરવાનો સંયોગ આવે ને તમને અરેરાટી થાય, એ પછી દુઃખને નહિ વેઠવાની ખાતર પાપને કરવાનું મન થવું. તેને બદલે, પાપન નહિ કરવાની ખાતર દુઃખને વેઠવાનું મન થાય. સુખ માટેય એમ થાય કે-'સુખ જો પાપ કરવાથી જ મળી શકતું હોય કે પાપ વિના જો સુખને ભોગવી શકાતું ન હોય, તો એ સુખ પણ નહિ જોઈએ.' સુખ મળે તો તે પાપથી મળે કે પુણ્યથી ? પુણ્યથી. તો તમે સુખ માટે પુણ્ય કરવાનો વિચાર કરો છો કે પાપ કરવાનો વિચાર કરો છો ? પાપનો ડર આવે, તો પાપ કરાવે એવા સુખનો લોભ ઘટે અને દુઃખને સહન કરી લેવાનું મન થાય. એટલે તપ સુલભ બને.

◆◆◆

તમને, આટઆટલી અથડામણો ને ઉપાધિઓ છતાં, કેમ એવું કાંઈ થતું નથી કે-આ સંસાર નહિ જ જોઇએ ? એનો તમારે વિચાર કરવો જોઇએ.

◆◆◆

તમને દાન કરવાનું મન થાય ? ગૃહસ્થ માટે લક્ષ્મીના દાનની પ્રધાનતા છે. એનું બધું, મોટે ભાગે લક્ષ્મી વડે જ થાય ને ? પણ, લક્ષ્મી ઉપરનો મોહ તમને દાન કરવા દેતો નથી ને ? દાનનો વિચાર કદાચ આવે, તોય એ સાથે કેવા કેવા વિચાર આવે ? 'આપણે તો બધું જોઇને કરવાનું; અત્યારે દાનમાં ઉતાવળ કરવી નહિ.'-આવી ચિન્તા કરીને, તમે તમારા દાનના વિચારને મારી નાખો છો ને ? અને, જે આપો છો તેય કેવી રીતિએ આપો છો ? શીલની વાત આવે ત્યાં 'ભોગ તો જોઇએ જ. ભોગ વિના કેમ ચાલે ?'-એમ થાય છે ને ? તપની વાત આવે ને ટાઢ વાય, એવું પણ બને છે ? પછી, સારો ભાવ આવે જ શી રીતિએ ?

◆◆◆

તમને કદાચ એમ થતું હશે કે-મહારાજ ફરી ફરીને એકની એક વાત ઉપર આવે છે. વાત સાચી છે, પણ એમ કર્યા વિના ઉપાય નથી. જેઓ

પ્રેમથી અને રસથી સાંભળે છે અને જે કહેવાય તેને સમજવાની મહેનત કરે છે, તેઓને કહેવાની વાત યોગ્ય રીતિએ સમજાઈ જાય અને એમના હૈયે કહેવાની વાત જચી જાય, એ તો જોવું જોઈએ ને ? એવા શ્રોતાઓને વાત સમજાવવા અને જચાવવા શકય એટલી મહેનત તો કરવી જ જોઈએ ને ? તમે માલ વેચવાને ફરતા ફેરિયાઓ જોયા છે કે નહિ ? માલની ગાંસડી લઈને માલ ખપાવવા ફરતા હોય છે. માલ ખપાવવા એ કેટલી મહેનત કરે છે ? માલ એકનો એક, છતાં રોજ લઈને ફરે છે ને રોજ આંટા મારે છે. મનમાં છે કે-આજે નહિ તો કાલે ખપશે. આજે તમે એક ચીજ જોઈ હોય પણ તે ગમી ન હોય કે તેની કિંમતમાં ફેર લાગ્યો હોય તેથી તમે એ ચીજ ખરીદી ન હોય, તોપણ તમને બીજે-ત્રીજે દહાડેય એ ચીજ એ બતાવે અને ચીજ સારી છે ને કિંમત વ્યાજબી છે-એ વાત તમારા મગજમાં ઠસાવવાનો પ્રયત્ન એ કરે. એમ, અમે પણ ભગવાનનો માલ ખપાવવાનો પ્રયત્ન તો કરીએ ને ? ફેરિયાને એમાં દુન્યવી સ્વાર્થ  છે, તો આમાં અમારે પણ આત્મિક સ્વાર્થ છે જ. કેવળ તમારા ઉપરના અનુગ્રહ માટે જ આ વાત નથી. આનીઅન્તર્ગત અમારા આત્મિક અનુગ્રહ નો હેતુ પણ છે જ. એટલે ફેરિયાને તો કદાચ જાુઠ બોલવાનુંય કારણ છે, પણ અમને તેવું કંઈ કારણ નથી, કારણ કે-અમારે તો શ્રી વીતરાગ અને સર્વજ્ઞે જે કહ્યું છે તે જ કહેવાનું છે.

◆◆◆

તમને માન આપનારા તમારા પુણ્યને જોવા ગયા છે ? એ તો તમારૂં ધન ને તમારો ધંધો જાુએ છે ને ? ધંધો ને ધન તમને મળ્યું તમારા પુણ્યે અને માન મળ્યું તેય તમારા પુણ્યે, પણ માન આપનારાએ શું જોયું ? તમારા ધર્મને, તમારા વિવેકને જોઈને કોઈ તમને માન આપે, તેની આ વાત નથી; પણ કેવળ તમારા ધનવાનપણા આદિ તરફ નજર રાખીને તમને લોકો માન આપે છે, તેની આ વાત છે. તમને લોકો માન આપતા હોય, તે વખતેય તમને મારી પાસે ઘણું ધન છે; તે દુર્ગતિનું કારણ છે.'-એમ થાય ? કે પછી, એમ થાય કે-'ધનનો કેવો મહિમા છે ?  ધન છે, તો આ બધા મને બોલાવે છે અને આદરથી આગળ કરે છે !' ? તમે વિવેકી બનો, તો તમે ધનનો મહિમા એવી રીતિએ વિચારી શકો કે-તમને, તમારી અનેતમારા ધનના યોગે તમને માન આપનારાની પણ દયા આવે.

◆◆◆

તમને મારાપણું છે ? મારા પ્રભુ ! મારા ગુરૂ ! મારૂં શાસન ! આ કાંઈ છે ? તમને તો, બંગલો, બગીચો, બાયડી, છોકરાં, પેઢી, હવેલી, આ બધાં મારાં, એમાં કાંકરો પડે તો ધમપછાડા કરો. અહીંનો કશોયે વાંધો નહિ. અહીંતો એમ કહો કે, 'ઠીક થાય છે ! તોજ ઠેકાણે આવશે !' આજે દુનિયાના ચોગાનપર ધર્મના દ્રોહિવર્ગ તરફથી જેટલી મશ્કરી આ દેવ, ગુરૂ, ધર્મ, આગમની તમારે જોતે જોતે થઈ રહી છે, એટલી મશ્કરી તમારી જાતની થાય તો શું કરો ? જ્યાં સહેવાનું, ત્યાં ધમાધમ અને જ્યાં ફરજ, નહિ સહેવાનું ત્યાં ઉપેક્ષા ?

◆◆◆

તમને સંસારના ભોગોપભોગોમાં લીન બનેલા જોઈને મુનિને ઈર્ષા ન આવે, પણ દયા જરૂર આવે.

◆◆◆

તમારા પુણ્યે ઘર તમારૂં બન્યું છે, પણ તમારા મનમાં ખાતરી છે ને કે-'ઘર મારૂં નથી !' ? અવસરે ઘર સળગી જાય, તો તમને કાંઈ થાય નહિ ને ? કદાચ દુઃખ થાય તો 'હવે મુશ્કેલી પડશે અને મુશ્કેલીને સહી લેવાની મારામાં હજુ તેવડ આવી નથી.'-એ વિચારે દુઃખ થાય, પણ 'ઘર મારૂં હતું ને બળી ગયું'-એ વિચારે તો દુઃખ નહિ ને ? ઘર કોનું ? તમારૂં કે તમને તમારા પુણ્યે આપેલું ? કેટલાકને જંગલમાં જન્મવું પડે છે, ઝુંપડીમાં જન્મવું પડે છે, કશી સગવડ કે ઢાંકણ ન હોય એવી જગ્યાએ પણ જન્મવું પડે છે ને તમે ઘરમાં કે બંગલામાં જન્મ્યા, તેનું કારણ શું ? બીજાઓના કરતાં તમે જરા ઠીક ઠીક જગ્યાએ જન્મ્યા અને ઠીક ઠીક સગવડમાં ઉછર્યા, તેનું કારણ શું ? તમારા તેવા પ્રકારના પુણ્યનો ઉદય જ ને ?

◆◆◆

તમે અહીં જ્યાં આવ્યા છો, ત્યાં પસંદ કરીને આવ્યા નથી, પણ તમારૂં સ્થાન તમારા પુણ્યે જ પસંદ કરેલું. જો તમે તમારે માટેના સ્થાનને પસંદ કરીને આવ્યા હોત, તો તમે જે સ્થાનમાં જન્મ્યા છો, તે સ્થાનમાં તમે જન્મત ખરા ? કયા સ્થાને જન્મ લેવો-એની પસંદગી જો તમારે કરવાની હોત અને તમારી પસંદગી મુજબનું સ્થાન તમને મળે તેમ હોત, તો તમે કયે સ્થળે જન્મવાનું પસંદ કરત ?

◆◆◆

તમારાં મા, બાપ, પત્નિ, સ્નેહી કોઈ કદીયે પાટલે ઉની ઉની રોટલી જમાડતી વખતે કહે છે કે-આયુષ્ય ઘટવા માંડયું, ટાઇમ ચાલવા માંડયો, તૈયારી થાય છે, આત્માનું કે દિ કરશો ? અમારૂં ઘણું કર્યું, તમે તમારૂં કરો. આ સ્મરણ કોઇ કરાવે છે ? નહિ. કાંઇક હવે ઉલટું જ સંભળાવે છે.

♦♦♦

તમારા વગર અમને ચેન પડતું નથી, એમ માનીને તમે અહીં આવો છો ? અમે તમને સારા કહીએ અને તમે અમને સારા કહો, એ માટે તમે અહીં આવો છો ? કહો કે-'ધર્મ જોઈએ છે માટે અમે અહીં આવીએ છીએ !' દરેક વાતનો તમે નિરાંતે વિચાર કરો અને ઊંડાણથી વિચાર કરો ! આનું પરિણામ શું ? અને, એ પરિણામનું પરિણામ પણ શું ?- એમ વિચારો; અને આત્માના ભાવીનો વિચાર કરો, કે જેથી તમને મોક્ષ પામવાની લત લાગી જાય. આટલું થાય તોય આ સફળ !

♦♦♦

તમારા રાગ સામે વિરાગની ચોકી છે ? ચોકી ન હોય તો તે ઉભી કરવી છે ? આ તો મફતનો, વગર પગારનો નોકર છે. સદા સાથે રહે એવો. જે કોઈ પોતાના રાગ ઉપર વિરાગની ચોકી મૂકી દે, તેને દ્વેષ દઝાડી શકે નહિ, માન મુંઝવી શકે નહિ, માયા ઠગી શકે નહિ અને લોભ લલચાવી શકે નહિ. જો આ સ્થિતિ આવી જાય, તો આત્મા ઘણી ઉંચી કક્ષાએ પહોંચ્યો કહેવાય. પછી, એને ઉત્તરોત્તર ઉંચી કક્ષાએ પહોંચવું સહેલું.

♦♦♦

તરી રહ્યા છો કે ડૂબી રહ્યા છો ? તમારી સામગ્રી તમારી મુક્તિને નિકટ લાવી રહી છે કે દૂર હડસેલી રહી છે ? તમારાં અંગ, ઉપાંગ અને ઈન્દ્રિયો આદિ શાની આરાધના કરે છે ? આ પ્રશ્નોનો દરેકે પોતાના મનથી વિચાર કરવો જોઈએ અને પાપથી બચવા પ્રયત્નશીલ બનવું જોઇએ.

♦♦♦

તમારા સુખની આડે કોઇ આવે તો તે તમને ગમતું નથી, એને બદલે જો એમ થઇ જાય કે-મારા સુખની આડે કોઇ આવે તો તેની મને ચિન્તા નથી, એ તો હું વેઠી લઈશ, પણ મારે કોઇના સુખની આડે આવવું નથી, તો કેટલો બધો ફેર પડી જાય ? એ તમે કાંઇક ત્યાગ કર્યો કહેવાય.

એમાંય જો એમ થઈ જાય કે-સંસારનું સુખ કેટલું ભયંકર છે ? એનો રાગી અનેકનો દ્વેષી બને, નહિ કરવાનાં કામો કરે, પાપોને આચરે અને પછી પાપની ભયંકર સજાઓ ભોગવે. આ સુખ જોઈએ જ નહિ. સુખ જોઈએ, પણ તે નિર્દોષઃ આવી વૃત્તિ કેળવાય તો સાચા સાધુ બનવાનું મન થાય; અને સાધુ બનવાજોગી શારીરિક કે માનસિક શક્તિ ન હોય, તો સંસારમાં રહે તો પણ વિરાગભાવે રહેવાય. મનનું વલણ સંસારના સુખ તરફ નહિ, પણ સંસારના સુખના ત્યાગ તરફ હોય.

♦♦♦

તમારી પાસે જે કાંઈ પણ સુખ છે અને તમે જે સુખ મેળવી રહ્યા છો, એ સુખની ખાતર જે જે કાંઈ તમે સારૂં કાર્ય કર્યું હોય, તે બધાનું લીસ્ટ કરો. જ્ઞાનીની દૃષ્ટિએ, શું સારૂં અને શું ખરાબ- એ વાત પછી, પણ તમે જેને સારૂં કે ખરાબ સમજતા હો, તેની જ વાત હમણાં રાખો. એ દૃષ્ટિએ જ, તમે, તમને મળેલા સુખ માટે અને તમે મેળવો છો એ સુખ માટે જે કાંઈ સારૂં-નરસું કર્યું હોય અને કરતા હો, તે બધાનું એક લીસ્ટ કરો. પછી એ જોઈને વિચાર કરો કે-આ બધાનું ફળ મને મળે ત્યારે એમાં મને સુખ ઘણું મળે ? કે, દુઃખ ઘણું મળે ?

♦♦♦

તમારી લગ્નસંસ્થાની આજની હાલત તો જૂઓ. સુધારકો ભણેલા જૂએ છે અને વૃદ્ધો પૈસાવાળા જૂએ છે. સુધારકો ભણેલા જૂએ છે, પણ એ નથી જોતા કે વ્યસની, વિગેરે છે : અને વૃદ્ધો પૈસાવાળાને જૂએ છે પણ એ : નથી જોતા કે-એદી આદિ છે. કોઈ આચાર-વિચાર જૂએ છે ? દુઃખી સ્થિતિમાં સંતોષ રાખનાર કે ગરીબીમાં પણ નહિ મુંઝાતાં ઉત્તમ આચારોમાં સ્થિર રહેનાર છે કે નહિ, એ કોણ જૂએ છે ? આજે તો વળી પરસ્પર પસંદગીનો નવો કાયદો નીકળ્યો છે. પોતે પસંદગી કરી લે. પસંદગી શાની કરે ? રૂપ-રંગની. જ્યારે જ્ઞાનીઓએ કહ્યું કે-જો સંયોગ જોડવો જ હોય, તો એવા સાથે ન જોડવો જોઈએ કે જેનાં આચાર-વિચાર શીલઆદિ સરખાં ન હોય, જેથી ગૃહસ્થધર્મ સારી રીતિએ ન સાધી શકાય.

♦♦♦

તમારી શિથિલતા ખાતર સિદ્ધાંતોને શિથિલ કરવાની કૂટ નીતિ અહીં

નહિ ચાલે.

◆◆◆

શ્રી જૈનશાસનને માનનારાઓ ધર્મ, અર્થ અને કામ-એ ત્રણ ઉપાદેય છે, એમ હરગીજ નહિ માને.

◆◆◆

તમારે મોહના ગુલામ બનવું છે કે મોહને તમારો ગુલામ બનાવવો છે ? મોહ ઉપર જો કાબૂ મેળવ્યો હશે, તો જ્યારે લક્ષ્મીની જરૂર પડશે અથવા તો લક્ષ્મીને મેળવવાનું મન થશે, ત્યારેય 'ગમે તેમ કરીને મેળવવી'-એમ નહિ થાય. તમને લક્ષ્મીની ખરેખરી જરૂર પડી હોય, એવા વખતેય છોકરો જો અનીતિથી લક્ષ્મીને રળી લાવ્યો હશે તો તમે કહી શકશો કે-'તું પૈસો રળી લાવે એવી તો મારી ઇચ્છા હતી જ. પણતું આ રીતિએ કમાઈ લાવ્યો, તે મને પસંદ નથી. તું જો આમ કરે, તો તુંય દુર્ગતિમાં જાય અને બીજાઓને પણ દુર્ગતિમાં ઘસડી જાય.' આવું કહેવાની આજે તમારામાં શક્તિ છે ? નથી. પણ મોહ ઉપર આવો કાબૂ મેળવવો ખૂબ જ જરૂરી છે, એમ લાગે છે ? ગૃહસ્થપણે જો સારી રીતિએ જીવવું હોય, તો પણ આટલો કાબૂ તો મેળવવો જોઈએ ને ? પૂર્વે ઘરની સ્ત્રી પતિને ઘરે આવવાનો સમય થાય એટલે આંગણે આવીને ઉભી રહેતી પતિના આવવાની રાહ દેખતી. પતિને જોતાની સાથે, હાથ જોડતી એમ સત્કાર કરીને પતિને ઘરમાં લાવતી. તમારા ઘરમાં નથી ને એવી ? કેમ નથી, એનું કારણ વિચાર્યું છે ? પેલી તો પતિને પોતાના હાથે સ્થાન કરાવતી. જે વખતે ગરમ પાણીની જરૂર હોય તે વખતે ગરમ પાણીથી અને જે વખતે ઠંડા પાણીની જરૂર હોય તે વખતે ઠંડા પાણીથી નવડાવતી. નવડાવ્યા પછી પતિના માથાના વાળ પણ પોતાના હાથે સાફ કરીને ઓળતી. ભોજનના સમયે પાટલે બેસાડતી. સારી સારી ચીજો ભાણે પીરસતી અને પછી પાસે બેસીને પંખો નાંખતી. એ બધું કર્યા બાદ, એ પતિને પૂછતી કે-'બજારમાં આજે શું શું કર્યું ?' પતિ જે હોય તે કહે અને પછી જો એમાં અનીતિ કરી છે એમ જણાય, તો એ કહેતી કે-પૈસા માટે અનીતિ શું કામ કરી ? ઘી અને દૂધ વગર ચાલત. ઓછું મળશે તો લુખ્ખી રોટલી ખાવાની ટેવ પાડીશું. આપ અનીતિ કરીને લાવશો તો અમે તો ખાઈશું, પણ આપની દુર્ગતિ થઇ જશેને ? હું આપની પત્ની છું, એટલે આપની દુર્ગતિ

થાય તે મારાથી સહન નથી થતું, માટે કહું છું.' મોહ ઉપર કાબૂ ન હોય, તેનાથી આવું કહી શકાય ? ત્યારે મોહ ઉપર કાબૂ મેળવવાની જરૂર છે, એમ તમને લાગે છે ? હવે મોહ ઉપર કાબૂ મેળવવો છે કે પછી મોહથી મુંઝાતે મુંઝાતે જ મરવું છે ?

♦♦♦

તિર્યંચો નાગા ફરે, નાગા સુએ, ઠંડી સહે, ગરમી સહે, ભૂખ આદિ સહે તો પણ ઈરાદાપૂર્વક નહિ સહતા હોવાથી એ ત્યાગી ન કહેવાય; તો પછી ઉંધે ઈરાદે, સાહ્યબી માટે અગર દુનિયાની તુચ્છ વસ્તુ મેળવવા માટે ત્યાગ સેવે એ વસ્તુતઃ ત્યાગ જ નથી પણ રાગનું જ એક ધાંધલ છે.

♦♦♦

શ્રી તીર્થંકરદેવોને દુનિયાની ચક્રવર્તિતા જોઈતીયે નહોતી કે અપાવવીયે નહોતી ! અને કોઈ પામે એની ઈર્ષાયે નહોતી ! પામેલા કોઈ એમની પાસે આવી જતા તો કહેતા કે-એમાં કલ્યાણ નથી.

♦♦♦

શ્રી તીર્થંકર નામકર્મની કામના સવિ જીવ કરૂં શાસનરસી એ ભાવદયાના યોગે પ્રાણીમાત્રને સુખના સાગરમાં ઝીલવવાની ઈચ્છાથી થાય છે. સારી દુનિયા સુખી થવાની નથી એ સત્ય છે, છતાં સર્વશ્રેષ્ઠ સજ્જનની એ જ ભાવના હોય, કેમકે-એ ભાવના સ્વપર કલ્યાણનું અનન્ય સાધન છે.

♦♦♦

શ્રી તીર્થંકર મહારાજાઓની આજ્ઞા એ જ પ્રધાન છે અને પ્રમાણ રૂપ છે, પણ કૃત્ય નહિ. એ તારકોનું 'કૃત્ય અયોગ્ય છે માટે પ્રધાન અને પ્રમાણ રૂપ નથી'-એમ નથી : પણ 'અન્ય આત્માઓ માટે એ અશકય અને હિતકર ન નિવડે,-એમ હોવાથી પ્રધાન અને પ્રમાણ રૂપ નથી : આ જ હેતુથી ઉત્તમ પુરૂષોના જીવનની કરણીયતામાં કલ્પાતીત અને કલ્પયુક્ત આદિને લગતો વિવેક અવશ્ય કરણીય છે.

♦♦♦

### સારી ય વસ્તુ યોગ્યને જ ફળે

શ્રી તીર્થંકરદેવો પણ બધાને નહિ ફળ્યા. એમને પામીને કેટલાક બોધિબીજ પામ્યા, કેટલાક સર્વવિરતિ પણ પામ્યા, કેટલાક કેવળજ્ઞાન પામીને

મુક્તિએ પણ ગયા, અનેકેટલાક કષાય પામીને ઉન્માર્ગે ગયા, સંસારમાં ડૂબી ગયાં. ભગવાનની પ્રશંસાથી સંગમને ઝેર પેદા થયું. એ ઝેર કયાં હતું ? પ્રશંસામાં હતું કે જેની પ્રશંસા હતી એ વીર પરમાત્મામાં હતું કે પ્રશંસા કરનાર ઈંદ્રમાં હતું કે એ સંગમમાં હતું ? એક વસ્તુ બધાને સરખી લાભદાયી થતી નથી, જેટલી જેટલી આત્મામાં યોગ્યતા, તેટલી તેટલી પ્રાપ્તિ. પ્રશંસાનું પાત્ર ભગવાન્ શ્રી મહાવીરદેવ હતા; જે વસ્તુની પ્રશંસા હતી તે સારામાં સારી ચીજ-શ્રી મહાવીરદેવની જ્ઞાન-ધ્યાનમાં સ્થિરતા હતી, પ્રશંસા કરનાર સમ્યક્ત્વથી રંગાયલા હતા. અને અસંખ્યાત દેવોના સ્વામી હતા દુનિયામાં કોઈ એવી ચીજ નથી કે જેમાંથી ઉન્માર્ગગામી ખતરો શોધ્યા વિના રહે. એક આદમી હજારો રૂપીઆ ખરચી સુંદરમાં સુંદર વસ્તુ જમાડે, પછી જમનારા બહાર શું બોલે, તે સાંભળજો દાળમાં મરચું નહોતું, શાકમાં તેલ નહોતું, આ જાતની બે જણ વાત કરે, બારસો હાજી ભણે. દુનિયાની સારામાં સારી વ્યક્તિમાં દુર્જન ચાંદા પાડયા વિના રહે, એ બને જ નહિ.

◆◆◆

તો તેમાં હેતુ શો છે તમારો ? મોહને માર્યા વિના ચાલવાનું છે ? નહિ ને ? એટલે, હવે તો સંસારની બધી જ ચીજ ઉપરથી નજર ઉઠી જવી જોઈએ અને એમ થઈ જવું જોઈએ કે-'આ જીવનમાં તો હવે જેટલો આરાધાય એટલો મોક્ષનો ઉપાય જ આરાધી લેવો છે !'

◆◆◆

તમને યાદ છે કે-તમારે અહીંથી થોડા કાળમાં જ જવાનું છે ? પછી પણ તમે આ દેશના જ રહેવાના ? જે ગામના છો, તે ગામના રહેવાના ? અમદાવાદના હો, તો અમદાવાદના રહેવાના ? જે પોળને તમે મારી પોળ કહો છો અને જે ઘરને તમે મારૂં ઘર કહો છો, તે બધું તમારૂં રહેવાનું છે ? એ બધુંય છાડવું પડે અને તમારે જવું પડે, એવો વખત તો જરૂર આવવાનો છે ને ? અહીંથી જવું પડશે-એ તો નક્કી છે, પણ અહીંથી મરીને કયાં જવાનું છે-તેની ખબર નથી ને ? અહીંથી મરીને કયાં જવું છે ?-એ વિષે કાંઈ વિચાર, કાંઈ નિર્ણય કર્યો છે ખરો ? અને જ્યાં જવાનો નિર્ણય કર્યો હોય, ત્યાં જવાય એવો કોઈ પ્રયત્નેય કરવા માંડયો છે ખરો ? આવું તો પ્રાયઃ કોઈ પૂછતું જ નથી, પણ ધારો કે-પૂછે, તો તમે શું કહો ? 'ભગવાન જાણે'-એમ

કે એવું જ કાંઈક કહો ને ? પણ તમને એ વાતની ખબર છે કે-ભગવાન જે જે થાય, એબધાએ કહ્યું છે કે-જેણે સારી જગ્યાએ જવું હોય, તેણે સારું કરવું જોઈએ !? જે મન, વચન અને કાયા-ત્રણેયથી સારૂં કરે, તે નિયમા સારે સ્થાને જાય. જે ખરાબ કરે તે ખરાબ જગ્યાએ જાય તેમ અહીં ગમે તેટલી સજાવટ કરીને બેઠા હો, પણ તમારે અહીંથી જવાનું જ છે. તમારી કોઈ સજાવટ તમને જતાં રોકી શકશે નહિ અને તમારી જવાની જરા પણ મરજી નહિ હોય, તોય તમારે ગયા વિના ચાલશે નહિ. આ વાતમાં તો નાસ્તિકથીય નકાર ભણી શકાય તેમ નથી. પણ તમને 'મારે મરવાનું છે'-એવું યાદ આવે છે ? યાદ આવે છે, તો કયારે યાદ આવે છે અને પછી શો વિચાર આવે છે ? એ બાબતમાં તમે લગભગ એવા નિર્ભય બની ગયેલા જણાવ છો કે-તમને કહેવું શું ? અથવા તો, તમને વાત શી કરવી : બાકી મરવાનું જો બરાબર યાદ આવે અને 'મારે અહીંથી બીજે જવાનું છે'-એમ વારંવાર થયા કરે, તો જે બધું છૂટી જવાનું છે, તેની આળપંપાળ ગૌણ બની જાય અને જાતને સુધારવાનું મન થાય. ભવિષ્યને સુધારવાનો વિચાર આવે અને, એટલે પાપથી બચવાનો ને પાપથી શુદ્ધ બનવાનો વિચાર પણ આવે જ.

◆◆◆

તમારા આત્માને જે વસ્તુ દુઃખ રૂપ લાગે, તે વસ્તુનો અમલ બીજાના પ્રત્યે કરવો નહિ.

◆◆◆

તમારામાંથી એવા કેટલાક નીકળે, કે જેઓ એમ કહી શકે કે-ભૂતકાળનાં અને વર્ત્તમાન કાળનાં પાપોના નાશને માટે અમારે તપ ચાલુ છે ? અથવા તો, તમારા જીવનમાં ખરેખર પાપ છે જ નહિ, આવું તમે માનો છો ? ભૂતકાળનાં પાપ ઘણાં છે ને વર્ત્તમાન કાળમાંય પાપ કરો છો, એ વાત કબૂલ ? તો કોઈનીય આગળ તમે તમારી જાણ મુજબ પણ તમારાં પાપ કહ્યાં છે ? તમે કોઈ એવું સ્થાન રાખ્યું છે, કે જ્યાં તમે તમારાં બધાં જ પાપોનો એકરાર કરતા હો ? તમે તમારા પાપોને યોગ્ય સ્થાને જણાવીને ચોખ્ખા થયા છો ? કોઈને તમે તમારા પાપની વાત કરેલી, તો તમારાં જેટલાં પાપ તે બધાં જ કહેલાં ? કોઈ પાપ છૂપાવેલું નહિ ? અને જે પાપ કહેલું, તે પણ સાચેસાચ કહેલું કે કોઈ ઉપર કલંક મૂકીને વાત કરેલી ?

◆◆◆

તમને સંસારના સુખમાં મહાલતા જોઈને જેમને કરૂણા આવે નહિ, તે ભગવાને કહેલા તત્ત્વને પામેલા જ નથી. સુખી માણસને પણ સુખમાં મહાલતા જીવોને જોઈને કરૂણા પેદા થવી જોઈએ. સુખી માણસ પોતાની સ્ત્રીને, પોતાનાં સન્તાન આદિને, પોતાના કુટુમ્બને અને પોતાના સાથી સમ્બન્ધિઓને સુખમાં મહાલતા જૂએ, ત્યારે છેવટમાં છેવટ એમની દયા ચિન્તવ્યા વિના તો રહે જ નહિ. અવસરજોગ, એ, એ બધાને કહેય ખરો કે- 'આ ધંધો દુઃખી થવાનો છે અને સંસારમાં ઘણો કાળ ભટકવાનો છે, માટે સુખ મળ્યું છે તો તેમાં મહાલો નહિ ! આ તો પુણ્યે આપેલું સુખ છે. પુણ્ય ખતમ થયું કે આ બધુંય ખતમ થઈ જવાનું છે. મરતા સુધી પુણ્ય ટકયું તોય આ બધું અહીં મૂકીને જવાનું છે. બીજે જશો ત્યાં શું મળશે તે કહેવાય નહિ. માટે પાપથી સાવધ બની જાવ ! પાપ કોઈ પણ જીવને રંજાડયા વિના રહેતું નથી. પાપે ભગવાનને છોડયા નથી, તો આપણને એ છોડશે ?'

♦♦♦

તમે તમારા અન્તઃકરણને તપાસો. તમારા હૈયામાં ખરેખરો ભક્તિભાવ કોના ઉપર છે ? તમને રીઝે એના ઉપર ભક્તિભાવ છે કે ન રીઝે એના ઉપર ભક્તિભાવ છે ? તમારૂં મન કયાં દોડે છે ? તમે દિલથી કોના ભક્ત છો ? જે આપણી ભક્તિથી રીઝે એવા હોય એના ? કે, જે આપણે તેમની ગમે તેટલી ભક્તિ કરીએ તો પણ તેથી રીઝે જ નહિ એવા હોય એના ?

♦♦♦

તમારાં છોકરાંઓને, જો શ્રી શાલિભદ્રજીના જીવને જેવા સંયોગમાં અને જેવા પ્રકારે ખીર મળી હતી, તેવા સંયોગમાં અનેતેવા પ્રકારે ખીર મળી હોય, તો, તમારાં છોકરાં શ્રી શાલિભદ્રજીના જીવની માફક મુનિરાજને બધી જ ખીર વહોરાવી દે ખરાં ? તમારી પાસેથી, તમારાં છોકરાંઓને એવા સંસ્કાર મળેલા છે ખરા ? આ જીવ તો કુદરતી રીતિએ સંસ્કારને પામેલો લાગે છે, અગર તો પૂર્વભવથી સંસ્કાર લઈને આવેલો લાગે છે; પણ, તમે તમારાં છોકરાંઓને તક મળ્યે સાધુ-સાધ્વીજીને બધું વહોરાવી દેવાને એ તત્પર બને, એવા સંસ્કારો આપેલા છે કે પછી વહોરાવે નહિ અગર વહોરાવે તો ચમચેથી વહોરાવીને અટકી જાય, એવા સંસ્કાર આપેલા છે ?

♦♦♦

તમારાં જેટલાં કૃત્યો છે, તેમાં સુકૃત થોડાં છે અને દુષ્કૃત ઘણાં છે, એ તો તમારા ધ્યાનમાં હશે જ ને ? ઉત્તમમાં ઉત્તમ કોટિનો ગૃહસ્થ શ્રાવક પણ, સંયમી મુનિજનની અપેક્ષાએ તો, વધુમં વધુ સોલમા ભાગની જ દયાનું પાલન કરી શકે ને ? સાચા મુનિજનો જેટલી દયા પાળી શકે છે, તે દયાથી સોલમા ભાગની પણ દયા તમે પાળો છો કે નહિ, એ વળી જુદો પ્રશ્ન છે; પરન્તુ, તમે ગૃહસ્થપણામાં શકય એવું દયાપાલન વધુમાં વધુ પ્રમાણમાં કરો તોય તમારૂં દયાપાલન સાચા મુનિજનના દયાપાલનના સોલમા ભાગથી તો અધિક હોય જ નહિ ને ? આ સોલમો ભાગ કયી અપેક્ષાએ કહેવાય છે ? સાધુને વીસ વસાની દયા અને શ્રાવકને સવા વસાની દયા, એ અપેક્ષાએ દયાપાલનની આ વાત કહેવાય છે.

◆◆◆

તમારા સાથે સાધુનો સંબંધ કેટલા પૂરતો ? આત્મકલ્યાણ પૂરતો. એ સિવાયની વસ્તુઓ સાથે કે દુનિયાદારીની વાતો સાથે, સાધુને કાંઈ પણ લાગતું- વળગતું નથી. એની પાસે કોઈ દુનિયાદારીનાં રોદણાં રડતો આવે, તો સાધુ એની સાથે કાણ ન કરે. બહુ તો આશ્વાસન આપે અને કહે કે-'એ તો સંસારનો સ્વભાવ છે. સંસાર એટલે જ આફત. જેમ એળીયો કડવો કયાંય નહિ-એમ નહિ, તેમ સંસારમાં આફત જ નહિ-એવું પણ કયાંય નહિ. સંસારમાં આફત આવે એમાં નવાઈ નહિ, પણ ન આવે તો નવાઈ : માટે આફતથી ગભરામણ થતી હોય, તો આફતની જડને કાપવાનો પ્રયત્ન કરવો જોઈએ. દુનિયાદારીથી-સર્વથી છૂટી જવાય તેવો પ્રયત્ન કરવો જોઈએ.'

◆◆◆

તમારે ઘેર બસેં પાંચસેં લઈ આવે તે વખતે એમ પૂછનારી માતા છે કે આમાં અનીતિ કેટલી કરી ? 'ઘીમાં જબોળી રોટલી ખાતા હોઈશું તો લુખી ખાઈશું, ભૂખ્યા રહીશું પણ અનીતિ કરતો ના. અનીતિથી લાવેલા દ્રવ્યથી અમે તને સારો કહીયે એથી તું ફૂલાઈ ફાલકો થાય પણ ભોગવશે કોણ ? અરધો મળે તો અરધો ખાશું, પણ અનીતિ, પ્રપંચ, પાપ આ નાની જીંદગી માટે કરતો નહિ' આ પ્રમાણે કહેનારી માતા છે ?

◆◆◆

તમારે જો તમારા ભવિષ્યને સુધારવું હોય, તમારા મરણને સુધારવું

હોય અને તમારી પરંપરાને સારો બોધપાઠ મળે એવું કરીને જવું હોય, તો તમારે એવા બની જવું જોઇએ કે-તમે બીમાર હો અને તમને આરાધના કરાવવાને માટે અથવા તો હિતોપદેશ આપવાને માટે અમારા જેવાને તમારે ઘરે આવવાનું થાય, તો એ વખતે તમારા મોઢેથી અમને એવું સાંભળવાને મળે કે-'હું જવાને તૈયાર છું. મેં મારા કુટુંબને પાળ્યું છે ખરૂં, પણ એ માટે મેં બહુ પાપ નથી કર્યું, કેમ કે-હું સાવધ હતો કે-મારે પણ અહીંથી જવાનું છે. આપ હવે તો એવી તૈયારી કરાવો કે-મારૂં જવાનું સુધરે, મારૂં મરણ સમાધિમય બની જાય.' એવા ભાનમાં અને ભાવમાં વર્તતા ગૃહસ્થને જોઇને, સાધુને પણ થાય કે-'જો આ ગૃહસ્થ છે તોય આવા ભાવવાળો છે, તો અમારે તો આના કરતાં પણ વધારે સારૂં જોઈએ,' એ ગૃહસ્થ છે, તે છતાં પણ એના સુન્દર ભાવને અંગે સાધુના હૈયામાં સન્માનનો ભાવ જાગે. એના દૃષ્ટાન્તે પણ સાધુ ગામે ગામ ઉપદેશ દઈ શકે. માટે કહો કે-'હવે અમે અમારા મોહ ઉપર કાબૂ મેળવવાનો પ્રયત્ન કર્યા વિના રહેવાના નહિ.'

◆◆◆

તમારે જો કોઈ પણ રીતિએ તમારો અને તમારા પાછળવાળાનો ઉદ્ધાર કરવો હોય, તો સૌથી પ્રથમ માણસાઈનો ગુણ કેળવવો પડશે.

◆◆◆

તમારે ને અમારે જ્યાં શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા આવે ત્યાં 'અમારા વિચાર' એ વાત આઘી મૂકવી. જૈન બનવા માટે આટલી યોગ્યતા તો જોઇએ જ. આજ્ઞા એટલે અનંતજ્ઞાનીની દ્રષ્ટિનો નિષ્કર્ષ અને એજ ધર્મ. 'સ્વામિને માનીયે છીયે' એમ કહેવું અને વર્તવું મરજી મૂજબ એ ન ચાલે.

◆◆◆

તમારે બાપ તરીકે મરવું છે કે ગુરુ તરીકે મરવું છે ? કમથી કમ મારે સાધુ તરીકે મરવું છે, એવો વિચારેય નથી ને ? મારે છેવટમાં છેવટ મરતા તો સર્વસંગથી રહિત બનીને મરવું છે, એવો કોઈ મનોરથેય મનમાં છે ખરો ? આ જાતિની વિચારણા પણ મનમાં ન હોય, તો ગમે તેટલા દ્રવ્યસ્તવથી પણ ભાવસ્તવ આવે જ શી રીતિએ ? અને, દ્રવ્યસ્તવ ઉત્તમ પ્રકારે શક્તિ મુજબ થાય પણ શી રીતિએ ?

◆◆◆

ત્યાગ, સંયમ અને તપની જે ક્રિયાઓ શ્રી જિનશાસનમાં ફરમાવાએલી છે અને જે ક્રિયાઓ શ્રી જિનશાસનમાં ચાલે છે, તે ક્રિયાઓ કેવળ સમ્યગ્દષ્ટિ આત્માઓ જ કરી શકે છે અગર તો સમ્યક્ત્વની સન્મુખ દશાને પામેલા આત્માઓ જ તે ક્રિયાઓને કરી શકે છે-એવો નિયમ નથી. જો એવો નિયમ હોત, તો તો જ્યાં જ્યાં એ ત્યાગ, એ સંયમ અને એ તપ દેખાય, ત્યાં ત્યાં ઝૂકી પડવાની વાત હોત; પણ શ્રી જિને કહેલી એ ક્રિયાઓ કરવા છતાં પણ, શ્રી જિનની આજ્ઞા ઉપર પ્રેમ ન હોય એવું પણ બની શકે છે; અને માટે જ સમ્યક્ત્વ ઉપર બહુ ભાર મૂકવામાં આવ્યો છે. શ્રી જિનશાસનમાં ફરમાવાએલી વિરતિ આદિની લગભગ બધી ક્રિયા કરે અને તેમ છતાં પણ શ્રી જિનની આજ્ઞા ન ગમે એવા જીવો પણ હોય છે. એવા જીવો ભૂતકાળમાં પણ મોટી સંખ્યામાં થઈ ગયા છે, વર્ત્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ એવા જીવો રહેવાના. આપણે તો એ જ જોવાનું કે-આપણે એ જીવોની કોટિમાં મૂકાઈ જઈએ નહિ, એટલે બસ. તમે કહો કે-અમે એવા જીવોની કોટિમાં મૂકાવા માંગતા નથી. અમારાથી ત્યાગ, સંયમ, તપ, ઓછું બને, કદાચ નહિવત્ પણ બને, પણ સૌથી પહેલાં અમારે એ જોઈએ છે કે-અમારૂં હૈયું શ્રી જિનના શાસનને સમર્પિત બન્યું રહે.

◆◆◆

તમારે ઘરે જે કોઈ જીવ આવે, તેની જવાબદારી તમારે શિર પણ છે. એ જવાબદારીને તમે સમજતા નથી, એ વાત જુદી છે. એટલે મૂળ તો કુળો એ જ પહેલી કક્ષાની શિક્ષણસંસ્થાઓ છે. અહીં જેને સારૂં શિક્ષણ અને સારા સંસ્કાર મળે, તેનું ભાવિ મોટે ભાગે ઉજળું બને. માતા વગેરેએ તો ઉત્તમ શિક્ષકનું કામ પણ કરવાનું હોય છે. જે એના ગર્ભમાં આવે, એને એ ઉત્તમ શિક્ષણ આપે. એ જન્મ્યા પછી માતાની સાથે પિતા, વડિલો વગેરે પણ શિક્ષણ અને સંસ્કાર આપે. સંતાનને આટલું તૈયાર કર્યા પછીથી આંકડા, અક્ષર, જોડણી, શબ્દો અને ભાષા આદિનું શિક્ષણ લેવાને માટે નિશાળે મોકલે. પહેલાં તો એવું હતું કે-બાળક નિશાળેથી ઘરે આવે, ત્યારે' માતા આંગણે ઉભી જ હોય. પહેલું જ પૂછે કે-'બોલો, આજે શું શું શીખ્યા ?' છોકરો કહે તે સાંભળે અને એમાં કાંઇ ખરાબી લાગે તો તે કાઢી નાંખે. એમ બાળકને નવડાવીને, એના હૈયામાં પડેલું ઝેર કાઢી નાંખે ને પછી એને

ઘરમાં લે અને ખવડાવે-પીવડાવે. આજની શિક્ષણની સંસ્થાઓ અને એમાં કામ કરતા ભાડુતી શિક્ષકો, ખરેખર જે શિક્ષણ અપાવું જોઈએ-આત્માના કલ્યાણને માટે જે શિક્ષણ અપાવું જોઈએ, તે આપી શકે એમ માનો છો ? આજે શિક્ષકો કહે છે કે-'કરીએ શું ? કોર્સ બહુ વધી ગયો. ચોપડીઓ વધી ગઈ. એ જ પૂરૂં થતું નથી, ત્યાં બીજે કયાં ધ્યાન આપીએ ?' અત્યારે તો, નિશાળોના શિક્ષણની પદ્ધતિમાં પણ મોટું પરિવર્તન આવી જવા પામ્યું છે. પહેલાં એક વર્ગના શિક્ષણનો બોજો એક શિક્ષક ઉપર રહતો. આજ તો પ્રાયઃ એક આવ્યો, થોડું શીખવ્યું-ન શીખવ્યું, ત્યાં એ જાય અને બીજો આવે. એમાં જો કોઈ શિક્ષક જરા નબળો લાગે, તો છોકારાઓને હુર રે બોલાવતાં પણ વાર નહિ. શિક્ષક શિખવતા હોય, ત્યારે કેટલાકો તો ઠઠ્ઠા કરતા હોય. પાછા આજના કાયદા કેવા ? શિક્ષકથી વિદ્યાર્થિને મરાય નહિ. પહેલાં તો જેમ રમાડતા, ફોસલાવતા, તેમ મારીને પણ શીખવતા ને સુધારતા. કહેવાતું કે-'સોટી વાગે ચમ ચમ અને વિદ્યા આવે ઘમ ઘમ'-એવું કહેનારાઓ, સાવ મૂર્ખા જ હતા ? આજે તો શિક્ષક શિક્ષા કરે, તો છોકરાંનાં મા-બાપેય તેનો વિરોધ કરે. પહેલાંના શિક્ષણની એ અસર હતી કે-માત્ર બે ચોપડીઓ ભણેલાઓનો વ્યવહાર પણ જુઓ, તોય તમે છક થઈ જાવ અનેઆજના બાવીસ ચોપડી ભણેલાંનાય અમુક જગ્યાએ વાત કરવા જતાં પગ ધ્રુજે. મેટ્રીક ભણેલાને નામું આવડે નહિ. 'બાર પંચા કેટલા ?'-એમ પૂછો, તો કદાચ એવાય નીકળે કે -પાંચ દુ દશ, દશનું મીડું ન વદ્યા આવી એક, પાંચ એક પાંચ ને એક વદ્યા ઉમેરતાં થાય છ, એમ ગણીને સાઈઠ એવો જવાબ કહે. આ તો સામાન્ય દાખલો છે. વાત એમ છે કે-આંકેય પૂરા આવડે નહિ. પહેલાંના ભણેલાઓ આંક કડકડાટ બોલી જાય. પહેલાનું ભાષાદિનું શિક્ષણ સારૂં હતું. તેનું કારણ ? પહેલાં તો શિક્ષકને આવતા 'જુએ ને વિદ્યાર્થીઓ ઉભા થઈ જાય. શિક્ષક બેસવાનું કહે નહિ ત્યાં સુધી ઉભા રહે અને શિક્ષક બેસવાનું કહે તે પછીય નમસ્કાર કર્યા વિના બેસે નહિ. ભણતી વખતેય વિનયનો પાર નહિ. શિક્ષક ગમે તેવું કામ બતાવે, તોય શ્રીમંત ઘરનો વિદ્યાર્થી પણ તે કામ વિનયથી કરે. વિદ્યાર્થિઓનાં મા-બાપ પણ કહે કે-'આ તો વિદ્યાગુરૂ કહેવાય, પૂજ્ય કહેવાય.' પોતે માન જાળવે ને છોકરાંને માન જાળવતાં શીખવે. આજે તો કહે કે-'પગારદાર છે.' પછી એય શું કરે ? એને

ભણાવવાની ચિન્તા કેટલી હોય ? પગાર લે માટે પાસ કરાવવાની કાળજી રાખે કે બીજું કાંઈ ? આજે તો એવું પણ બનતું સભંળાય છે કે-શેઠિયાનો છોકરો નાપાસ થાય તોય તેને ઉપર ચઢાવે: કેમ ! એને મળતા હોય ને ? અનીતિની શરૂઆત આમ મૂળમાંથી થાય, તો પરિણામ કેવુંક આવે ? હવે લગભગ બધે બૂમ પડવા લાગી છે કે-'ખાતાંઓમાં સારા માણસો જોઈએ.' આટલું સળગી ગયા પછી, એકદમ સારા માણસો કયાંથી, સ્વર્ગમાંથી આવવાના છે ? હવે તો સુધારો કરવાને માટે ઘણી મહેનત કરવી પડશે અને તે મહેનતેય યોગ્ય પ્રકારે થશે તો ને ?

◆◆◆

તમારો આત્મા જો કાબૂમાં હોય તો દુનિયાની એક પણ ભોગ સામગ્રી એવી નથી કે જે તમને મુંઝવે.

◆◆◆

થોડા પ્રમાણમાં ધર્મ સેવનારની પણ વૃત્તિ કેવી જોઈએ ? એ જ કે-કોઈ પણ પ્રાણિને દુઃખ થાય એ પ્રવૃત્તિ ન કરવી !

◆◆◆

તમારો આત્મા અલ્પજ્ઞ છે યા સર્વજ્ઞ છે ? જ્યાં સુધી સંપૂર્ણ જ્ઞાન ન હોય, ત્યાં સુધી પોતાના વિચારોને વળગી રહેવામાં ભયંકર જોખમ છે.

◆◆◆

તમારો છોકરો ગમે તેવો મોજીલો, રંગીલો, રાગમાં જ રમતો બને, તેની તમને કશી જ ચિન્તા નહિ, પણ એનામાં આર્ય દેશનો કોઈ સંસ્કાર નહિ આવવો જોઈએ; આવી મનોદશા કદાચ હવે તો તમારી નહિ હોય ને ? તમારા ઘરમાં એક પણ છોકરો એવો છે, કે જે તમે કોઈ વખતે રાગમાં રગદોળાવાની ભૂલ કરતા હો, તો વિનયથી તમને રાગમાં નહિ રગદોળાવાનું સૂચન કરે ? અવસરે ઉચિત રીતિએ કહે કે-'બાપા, પૈસા-પૈસા શું કર્યા કરો છો ! પચાસ તો થયાં. જિન્દગી કાલે સવારે પૂરી થઈ જશે. હવે હું સંભાળી લઈશ અને તકલીફ પડશે તો વેઠી લઈશ, પણ તમે તમારા આત્માનું કલ્યાણ સાધો !' ? પણ તમે એને ભણાવ્યું જ નથી ને આવું ! તમે આજની દુનિયાદારીની ધાંધલ કયાં સુધી કર્યા કરવાના ? શ્વાસ ચાલે ત્યાં સુધી, આવું જ કર્યા કરવાનો તમારો વિચાર છે ? આવું કરો છો, તે તમે દુનિયાની

ચીજોના બહુ રાગી છો માટે કે વિરાગી છો છતાં નિરૂપાયે કરો છો ? તમારા ઘરમાં જે કાંઈ છે, તે અવસરે સૌને ઉપયોગી નીવડે તેમ છે ? ના, તો તમે સેવાની વાત કયે મોંઢે કરો છો ? 'હાથમાં તે મોંમાં ને વધે તે તીજોરીમાં.'- એવા માણસો સેવાની વાત કરે, તો તે કેવો લાગે ? તમે મોરને નાચતો જોયો છે ? મોર કળા કરે અને એનું મોંઢું તમારા મોંઢા તરફ હોય ત્યારે તો એ બહુ સુન્દર લાગે, પણ એ જ્યાં નાચતાં નાચતાં પૂંઠ ફેરવે, એટલે એ કેવો દેખાય ? રૂપાદિના યોગમાં સુખ માનીને રૂપાદિના રાગમાં આનંદ માનનારા માણસો સેવા આદિની જે કોઈ વાત કરે છે, એ વાત પણ મોર નાચે ને પૂંઠ નાગી દેખાડે, એના જેવી જ લાગે છે.

◆◆◆

ત્યાગ, ત્યાગની વાત સૌ કરે છે, પણ એ ત્યાગમાં અને જ્ઞાનિઓએ કહેલા ત્યાગમાં મોટો ભેદ છે. દુનિયાનો ત્યાગ રાગ માટે છે, જયારે જ્ઞાનીઓએ બતાવેલો ત્યાગ, એ ત્યાગ માટે છે : એટલે દુનિયાદારીના પદાર્થોની મમતા ઉતારવા માટે છે.

◆◆◆

ત્યાગ અને જ્ઞાનના નામે દુનિયાની પૂજા ઈચ્છવી એ ભયંકર છે. જ્ઞાનીને એના જ્ઞાનને પ્રભાવે, ત્યાગીને એના ત્યાગના પ્રભાવે, જગત્ની પૂજા મળી જાય એમાં વાંધો નથી.

◆◆◆

ત્યાગને પુષ્ટ બનાવનારો રાગ સારો પણ રાગને પુષ્ટ બનાવનારો ત્યાગ ખોટો : સંસારમાં રાગનો આદર કયાં નથી ? પણ આર્યદેશમાં તો ત્યાગનો આદર પ્રધાનતા ભોગવે. સર્વ કોઈ જેનો આદર કરતા હોય, એવો પણ રાગી, ત્યાગી જનનો આદર કરે ! એટલે, જે ત્યાગ રાગ માટે હોય, રાગને વધારનારો હોય, એવા ત્યાગની પણ કિંમત નહિ. એ તો, ત્યાગને પણ રાગનો ગુલામ બનાવવા જેવું થયું ને ? રાગનું કામ સાધી આપે માટે ત્યાગ ગમે, તો ત્યાગ ગમ્યો કહેવાય કે રાગ ગમ્યો કહેવાય ? એટલા માટે, વાસ્તવિક રીતિએ વખાણાય એ ત્યાગને, કે જે ત્યાગ વીતરાગ બનવાને માટે હોય અગર જે ત્યાગ પરિણામે વીતરાગ બનાવે એવો હોય ! સમજી ગયા ને વાતના મર્મને ? રાગને વધારનારો અથવા રાગને માટેનો ત્યાગ પ્રશંસનીય

નથી, એ વાત આજે આ આર્ય દેશમાંથી પણ ભૂલાતી જાય છે. સાચો ત્યાગ જેમ એ ત્યાગિના રાગને પુષ્ટ બનવા દે નહિ. તેમ કોઈનો પણ રાગ પુષ્ટ બને એવું એ કરાવે નહિ. સંસારના રાગની આ વાત છે. વીતરાગ પ્રત્યેના અથવા વીતરાગ બનવાનાં સાધનો પ્રત્યેના રાગની આ વાત નથી. એ રાગ વસ્તુતઃ ત્યાગના ઘરનો છે, કેમ કે-એ રાગ રાગને પુષ્ટ બનાવતો નથી, પણ રાગના ત્યાગને પુષ્ટ બનાવે છે. જેમ રાગના ત્યાગને પુષ્ટ બનાવનારો રાગ પણ સારો, તેમ રાગને પુષ્ટ બનાવનારો ત્યાગ પણ ખોટો. આ વાત જો સમજાઈ જાય, તો બાહ્ય ત્યાગથી જે આવર્જાઈ જવાય છે, તે આવર્જાઈ જવાય નહિ. આજે તો, આ બાબતમાં પણ સૌએ ખૂબ જ સાવધ બન્યા રહેવાની જરૂર છે. આ કાળમાં કેટલાક અજ્ઞાન જનો એવા પણ છે, કે જેઓએ દેખીતી રીતિએ ઘણો ત્યાગ કર્યો છે એવું લાગે; પરન્તુ જો એવાઓની કાર્યવાહી જોઈએ, તો એ લોકો પોતાના ત્યાગના બળે પણ લોકોનો દુન્યવી રાગ જોરદાર બને એવો પ્રયત્ન કરી રહ્યા છે, એમ લાગે. ત્યાગ કરવાનું તેઓ કહે, તોય તે દુન્યવી રાગને માટે ! આત્મા વીતરાગ બને એ માટે ત્યાગ કરવાની જરૂર છે. એવું તો એમની કાર્યવાહીમાં કયાંય જણાય જ નહિ. જ્યાં એ વાત એમના અન્તઃકરણમાં જ ન હોય, ત્યાં એ વાત એમની કાર્યવાહીમાં જોવામાં આવે, એવું બને પણ શી રીતિએ ?

♦♦♦

## ત્યાગ માટે રાગના અભ્યાસની જરૂર ખરી ?

મિથ્યા વિદ્યા કરતાં અવિદ્યા સારી. અવિદ્યા જશે તો વિદ્યા આવશે, પણ મિથ્યા વિદ્યાવાલાને ઠેકાણે લાવવા મુશ્કેલ.અહીં તો હિંસક પણ મુક્તિએ ગયા છે, પણ તે કંઈ હિંસાના પ્રતાપે નહિ. કુંભારના નિભાડા પકવનારા પણ તરી ગયા છે, પણ તે નિભાડા પકવવાના કારણે નહિ. આનંદ-કામદેવના દાખલા લઈ કહેનાર કહે છે કે-'આનંદ જેવા શ્રાવક હતા છતાં પાંચસો પાંચસો હળ અને દશ દશ હજાર ગોકુલના સ્વામી હતા અને છતાંય તે એકાવતારી બન્યા.'-પણ એ કહેનારને પૂછજો કે-'આનંદ કામદેવ શ્રાવક શાથી ? શ્રાવકપણું લીધા પછી પરિગ્રહ વધાર્યો કે ઘટાડયો ? શકડાલ પુત્ર કુંભાર હતા છતાં મુક્તિના માર્ગમાં નિભાડાને તેમણે પાપ માન્યું અને અભિગ્રહ કર્યો કે-'એ પાપ કાર્યમાં આગળ નહિ વધુ, પણ ક્રમેક્રમે પાછો વળીશ.' આ

વસ્તુને વિચાર્યા વિના અને સમજ્યા વિના અત્યારના જમાનાવાલા કહે છે કે-'આ બધા શ્રાવક આટલો આટલો પરિગ્રહ રાખે, આટલું આટલું કરે, ને અમે આટલું જ કરીયે એમાં શો વાંધો ? દઢપ્રહારી, અર્જુનમાલી જેવા ભયંકર ઘાતકી આત્માઓ પણ મુક્તિએ ગયા તો પછી અમો થોડી હિંસા કરીયે એમાં શું વાંધો ?' પણ આવા પ્રશ્નકારોએ સમજવું જોઇએ કે-તેઓ કંઈ હિંસાના પ્રતાપે મુક્તિએ નથી ગયા, પણ હિંસાનો સંપૂર્ણપણે ત્યાગ કરી પરમ અહિંસક બની અપૂર્વ સંયમની સાધનાદ્વારા મુક્તિને પામ્યા છે. આ ઉપરથી એમ કહેવાય છે કે :

" जे कम्मे सूरा ते धम्मे सूरा"

પણ એનો અર્થ એવો તો નથી જ કે-જેણે ધર્મશૂરા બનવું હોય તેણે કર્મશૂરા બનવું જ જોઇએ : પણ આજના કેટલાક તો કહે છે કે :-'વૈરાગ્યના અર્થિએ રાગના અનુભવી થવું જોઇએ. પહેલો સંસાર પછી વૈરાગ્ય.' જ્ઞાની પુરૂષો કહે છે કે-એ ગાંડાઓની વાત છે. શાસ્ત્ર સાંભળી હિતૈષિની આજ્ઞાનો સ્વીકાર કરી, જે ખોટું હોય તે વગર ઢીલે, વગર સ્વાદ ચાખ્યા પણ તજી દે તે મહાપુરૂષ. કેટલાકો કહે છે કે-શાસ્ત્રે કહ્યું પણ અનુભવ વિના ખબર શી પડે ? પણ ઝેરનો અનુભવ કર્યો ખરો ? હિતૈષિઓ દ્વારા જાણ્યું છે કે-ઝેર મારે, પણ અનુભવ વિના ખબર કેમ પડે કટકી ખાઈ કેમ નથી જોતા ? પ્રાણનો નાશ કયી રીતે થાય છે, એનો અનુભવ કેમ નથી કરતા ? આથી સમજો કે-અયોગ્ય અને નાશકારી પદાર્થના અખતરા ન હોય, તો પછી અધઃપતનના અખતરા કેમ હોય ? એ અખતરા કરનાર કુવે પડે, હાડકાં ભાંગે, પાંચ-પચ્ચીસ કાઢનારા ભેગા થાય ત્યારે નીકળે, તે પણ પાપી બહુ હોય તો મુડદું નીકળે, કદાચ થોડું પાણી હોય ને જીવતો નીકળે, તોયે એ શરીરમાંથી પાણી કાઢતાં દમ નીકળી જાય અને મહિનાઓ સુધી, વરસો સુધી, જીંદગી સુધી કદાચ રીબાઇ રીબાઇ મરવું પડે, એવા અખતરા ન હોય. એ તો ડહ્યાઓના કહેવાથી માનવાનું જ હોય. વૈરાગ્યના પંથે પડેલા, વૈરાગ્યના નામે ઓળખાતા સાધુ, જો રાગના અખતરામાં લીન થઇ જાય, તો તે ભગવાન્ શ્રી મહાવીરદેવના શાસનમાં વિશ્વાસુ તરીકે રહી શકતા નથી. દુર્લભ માનવ જીવન, શ્રી જિનેશ્વરદેવનું સુંદરમાં સુંદર શાસન, રખે હારી જાઓ ! જેની પાસે જે ચીજ હોય તે માગો : એટલે કે-શ્રી વીતરાગ અગર

સાધુ આદિ પાસે વીતરાગતા આદિ જ માગો ! કાં જ્ઞાની બનો, કાં જ્ઞાનીની પૂંઠે ચાલો. ન સમજ પડે તો પૂછો કે-આગમમાં શું કહ્યું છે ? અને એટલું તો સમજી શકો છોને કે-જે જ્ઞાનિઓએ રાજપાટ છોડી, ઘરબાર મૂકી, ત્યાગ સ્વીકાર્યો, એ કોઇ દિવસ દુનિયાના રંગરાગમાં રાચવાનુ કહે જ નહિ.

◆◆◆

ઠપકો સાંભળતાં જેને પોતાની ઠપકાપાત્ર આચરણા ઉપર લજ્જા કેત્રાસ નથી આવતો, તે નાલાયક છે.

◆◆◆

દરેક વાતમાં વિવેક પૂર્વક વિચાર કરનારા બનો, તો તમને ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, સુખમાં-દુઃખમાં, બધે મોક્ષ યાદ આવ્યા વિના રહે નહિ.

◆◆◆

દરેકે સાચાને ગ્રહણ કરવાની અને ખોટાને તજવાની વૃત્તિ રાખવી જોઇએ. આવી વૃત્તિ જો બન્ને પક્ષોમાં આવી જાય, તો સંપ દૂર રહી શકતો નથી.

◆◆◆

દરેક આત્મા પોતાની ભૂમિકા મુજબ સદાચારને આદરી શકે, પણ સદાચાર વિના ચાલે તેમ નથી -એ વસ્તુ બરાબર સમજાઇ જવી જોઈએ.

◆◆◆

દહીં, છાશ, માખણ કે ઘીના અર્થી શોધશેની કરે ? એક દૂધની, કારણ કે-દૂધ મળે તો દહીં પણ મળે, છાશ પણ મળે, માખણ પણ મળે અને ઘી પણ મળે. તેમ રમા અને રામાના અર્થીને પણ ધર્મની જરૂર છે. જો કે આત્મકલ્યાણના અર્થીને તો એ બે વસ્તુનો ખપ જ નથી હોતો.

◆◆◆

દર્શનના ઉદ્યોતને ગૌણ માન-નારા આત્માઓને સમ્યગ્જ્ઞાન મિથ્યાજ્ઞાન તરીકે જ પરિણામ પામે, એમાં કશું જ આશ્ચર્ય નથી.

◆◆◆

દીક્ષિતની પાછળનું રૂદન એ તો ધર્મપ્રાપ્તિનું પણ કારણ છે. કારણ કે-દિક્ષિતની પાછળ રોનારા અમૂક દિવસ સુધી રોવાના અને પછી જો એ સગા હોય તો ઘણું ખરૂં(પણ આજના થાય છે તેવા ભાડુતી નહિ) ધર્મ

પાળવાના. પણ આજે કેવળ દુર્ગતિમાં જવાના લક્ષણવાળા ગામની ફઈની જેમ કેટલાક ભાડુતી સગાઓ પણ દીક્ષિતની પાછળ ઉભા થયા છે ! એ દશામાં તેઓ તો ધર્મને પામે નહિ, પણ પામ્યા હોય તોયે હારી જ જાય.

◆◆◆

દીક્ષા એ પુરેપુરો રૂપિયો છે. રૂપિયામાં ૧૬ આના પણ આવી જાય, ચોસઠ પૈસા પણ આવી જાય, ૧૦૦ દોકડા પણ આવી જાય, ૧૯૨ પાઈઓ પણ આવી જાય, તેમ દીક્ષાના ઉપદેશમાંથી દેશવિરતિપણું, સમ્યગ્દૃષ્ટિપણું, માર્ગાનુસારિતા, આદિ સર્વ ઉપદેશ આપોઆપ મળી રહે છે.

◆◆◆

દીક્ષા લેવાની તત્પરતાવાળાએ દીક્ષા લેવા માટે માતાપિતાની અનુમતિ નહિ જ માગવાની, એવું વળી કહ્યું કોણે ? માતા-પિતાનો ઉપકાર, એ પણ જેવો-તેવો ઉપકાર છે ? સંયમને સ્વીકારવાનું મન થાય, એટલે માતા-પિતાના ઉપકારને અવગણવાનું મન થાય, એમ તમે માનો છો ? પુખ્ત વયનો આદમી, માતા-પિતાની અનુમતિ વિના દીક્ષા લઈ શકે જ નહિ, એવો નિયમ નથી; પરન્તુ, નિયમ એ છે કે-માતા-પિતાની અનુમતિ માગવા છતાં અને માતા-પિતાની અનુમતિને મેળવવાનો શકય પ્રયત્ન કરવા છતાંય, જો માતા-પિતા અનુમતિ આપે જ નહિ અને મોહથી યેન કેન રોકવાનો પ્રયત્ન જ કરે, તો પુખ્તવયનો આદમી, માતા-પિતાની અનુમતિ વિના પણ દીક્ષા લઈ શકે.

◆◆◆

દીક્ષાનો જે વિરોધી હોય તે તો વસ્તુતઃ શ્રાવક નથી. એવાઓના ટોળાને પચીસમા તીર્થંકરસ્વરૂપ શ્રીસંઘ તે જ માને, કે જે પોતે મિથ્યાત્વથી ઘેરાએલો હોય. દીક્ષાની ભાવના શ્રાવકપણાની સાથે જડાએલી જ છે અને એથી એવી સારી ચીજ વહેલી ન લેવાય તો શ્રાવક પોતાને ઠગાયેલો માને, એમાં નવાઈ નથી. જે વસ્તુ એકાન્તે કલ્યાણકારી છે, તે તો જેમ બનેતેમ વહેલી પામવાની જ ભાવના હોય. પોતાનાથી ન પમાય તોય બીજાઓને બાલવયે પામતા જોઈને આનંદ જ થાય. યોગ્ય ગુરૂના હાથે અધિકારિને બાલવયે અપાતી દીક્ષામાં આડે આવનારાઓ અને એ માટે ખોટો પ્રચાર કરનારાઓ, જૈન કુળમાં પાકેલા ભયંકરમાં ભયંકર પાપાત્માઓ છે : અને જે વેષધારિઓ એવાઓને ઉત્તેજન આપે છે, તે અધમોને માટે તો કહેવું જ

શું ? બાલદીક્ષા, એ અપવાદમાર્ગ નથી, પણ એ એક એવો માર્ગ છે કે-જે માર્ગે નહિ જઈ શકનારા સુશ્રાવકો અફશોષ જ કરે અને પોતે બાલપણામાં દીક્ષા ન પામી શકયા, એને પોતાની એક કમનશિબી જ માને. જન્મથી કે ગર્ભથી આઠ વર્ષ અને તે પછી થનારી દીક્ષાને, વયની અપેક્ષાએ અપવાદમાર્ગની દીક્ષા કહેનારાઓ પણ અજ્ઞાન જ છે. 'ભોગ ભોગવ્યા વિના જ જવાય, વગર ભોગ ભોગવ્યે જાય તે પટકાય જ, રાજમાર્ગ ભોગ ભોગવ્યા પછી જ દીક્ષા લેવાનો છે'-આવું આવું બોલનારાઓની અક્કલ ઠેકાણે નથી. એમ બોલવું તે બુદ્ધિનો સદુપયોગ નથી, પણ બુદ્ધિનું લીલામ છે. પડવાનો સંભવ, બાલવયે દીક્ષિત થનારાઓના કરતાં ભોગ ભોગવવામાં યૌવનવયને લંઘીને તે પછી દીક્ષા લેનારાઓને માટે જ વધારે છે. ' અભુક્તભોગી કરતાં ભુક્તભોગીને માટે પડવાનો સંભવ વધારે છે.'-એમ ઈતર દર્શનમાં વર્ષો સુધી રહેનાર, ઈતર દર્શનશાસ્ત્રોના પ્રકાણ્ડ વિદ્વાન અને શ્રી જૈનદર્શનનાં શાસ્ત્રોનું રહસ્ય પામીને સમર્થ જૈન શાસ્ત્રકાર બનેલા સુવિહિતશિરોમણિ આચાર્ય ભગવાન શ્રીમદ્ હરિભદ્રસુરીશ્વરજી મહારાજા પણ ફરમાવે છે. બાલવયે દીક્ષિત થનારાઓ, બાલવયથી જ સ્વાધ્યાયમાં રક્ત બની જાય છે, એટલે યુવાનવય આવતાં સુધીમાં તો તેમના આત્માઓ એટલા બધા સુસંસ્કારિત બની ગયા હોય છે કે-તેમને દુનિયાની વાસનાઓ આકર્ષી શકતી નથી. કવચિત્ તીવ્ર મોહોદય થઈ જાય અને તેના યોગે પતન પણ થઈ જાય, તો તે એક જૂદી જ વાત છે : બાકી સંસ્કાર, શિક્ષણ અને વાતાવરણ હિંસક પશુઓની પણ હિંસકવુત્તિને ફેરવી નાખી શકે છે, તો બાલદીક્ષિતો ઉપર સંસ્કાર, શિક્ષણ અને વાતાવરણની અસર ન થાય, એ કેમ બને ? હિંસક સ્વભાવનાં પશુઓ પણ કેવા સંસ્કારી બની જાય છે, એની સરકસ જોનારાઓને ખબર નહિ હોય ? છે જ, તો પછી સંયમનાં સંસ્કાર, સંયમનું શિક્ષણ, સંયમનું જ વાતાવરણ અને સંયમની જ ક્રિયાઓમાં રોજ લાગ્યા રહેવાનું આ બધાની અસર થાય નહિ અને બાલદીક્ષિતોનું પતન થયા વિના રહે જ નહિ, આવું માનનારા અને બોલનારા શું ડહાપણવાળાં છે ? નહિ જ. વળી એવું જેઓ બોલે છે, તે બાલ દીક્ષિતો વિરાધનાના ઘોર પાપમાં પડે તે ઠીક નહિ એવી બુદ્ધિએ આવે છે એમ ! નહિ કારણ કે-તેઓ જો વિરાધનાથી જ ડરતા હોત, તો તેઓ જ્ઞાનિઓની આજ્ઞાને સમજવાનો પ્રયત્ન કર્યા વિના રહ્યા હોત

નહિ. બાલવયે દીક્ષિત થયેલા પુણ્યાત્માઓએ, વિષયભોગોનો ઉપભોગ નહિ કરેલો હોવાથી, તેનું સ્મરણ થવાનો અને તેવા સ્મરણના યોગે તે ભોગો તરફ આકર્ષાઈ જવાનો પણ તેમને માટે ભય નથી ! જ્યારે ભુક્તભોગિઓ માટે તો તે પણ ભયનું કારણ છે : બાલવયમાં જે રીતિએ શુભ સંસ્કારોને ઝીલી શકાય છે, તે રીતિએ યુવાનવય ભોગો ભોગવવામાં જ વ્યતીત કરીને દીક્ષિત થનારાઓ શુભ સંસ્કારોને પ્રાયઃ ઝીલી શકતા નથી : કારણ કે-વર્ષોનાં આયોગ્ય આચરણોના સંસ્કાર તેમનામાં પડેલા હોય છે. શિક્ષણ જેવું બાલવયથી જ લેવા માંડેલું હોય અને ખીલે છે, તેવું મોટી વયે દીક્ષા લે તેનામાં ઓછું ખીલે છે.

♦♦♦

દીક્ષાનો અર્થી પ્રથમ સમ્યક્ત્વપૂર્વક દેશવિરતિને ધારણ કરનારો બની પ્રતિમાઓનું પાલન વિગેરે કરે અને તે પછી જ સર્વવિરતિ સ્વીકારી શકે, એ વિના નહિ જ, એવું શ્રી જૈનશાસનમાં છે જ નહિ.

♦♦♦

દુષ્કર્મોના શમથી જ મળતો અને સુખરૂપ સસ્યોની પ્રાપ્તિ માટે બીજનું કામ કરતો એવો જે મનુષ્યભવ છે, તેની મહત્તા ગાવી, એ પણ જરૂરી છે. જેને આવા મનુષ્યભવની થોડી પણ કિંમત સમજાણી છે, તે તો આવા કિંમતી માનવજન્મની મહત્તાને અવસરે ગાયા વિના રહે જ નહિ. અતિશય કિંમતી એવા માનવજન્મની મહત્તાને ગાતાં, એક કવિ વર્ણવે છે કે-સઘળાય ભવોમાં મનુષ્યભવ એ પ્રધાન ભવ માનેલો છે. મનુષ્યોમાં જેમ ચક્રવર્તિને પ્રધાન માનેલો છે, દેવોમાં જેમ ઈન્દ્રને પ્રધાન માનેલો છે, મૃગોમાં જેમ સિંહને પ્રધાન માનેલો છે અને પવર્તોમાં જેમ મેરૂપર્વતને પ્રધાન માનેલો છે : એટલું જ નહિ, પણ વ્રતોમાં જેમ પ્રશમને પ્રધાન માનેલ છે, તેમ સર્વ ભવોમાં મનુષ્યભવને પ્રધાન માનેલ છે ! મનુષ્યોમાં પ્રધાન ચક્રવર્તી, દેવોમાં પ્રધાન ઈન્દ્ર, મૃગોમાં પ્રધાન સિંહ અને પર્વતોમાં પ્રધાન સુવર્ણશૈલ-એ વાત તો ઘણાઓમાં પ્રસિદ્ધ છે, પણ વ્રતોમાં પ્રધાન પ્રશમ છે-એ વાત ઘણા થોડાઓમાં પ્રસિદ્ધ છે. પ્રશમના વાસ્તવિક સ્વરૂપને નહિ સમજનારાઓ, વ્રતોમાં પણ એની મહત્તાનો સ્વીકાર નથી કરી શકતા.

♦♦♦

દુર્લભ એવા પણ માનવજીવનમાં, આદર્શની સિદ્ધિ થોડાક જ માનવો સાધી શકે છે; કારણ કે-આદર્શની સિધ્ધિ નથી તો માનવજીવન મળવા માત્રથી થતી કે નથી તો કાર્ય કરવા માત્રથી પણ આદર્શની સિદ્ધિ થતી. આદર્શની સિધ્ધિ માટે તો સંસ્કૃતિને જીવનમાં જીવવી જોઇએ.

જે સંસ્કૃતિને જીવનમાં જીવવાથી આત્મા પરમાત્મા બની શકે છે, એ સંસ્કૃતિને જીવનમાં જીવનારા આત્માઓનું બ્યાન પણ ધર્મગ્રન્થોમાં કરાયેલું છે.

માનવજીવનનો વાસ્તવિક આદર્શ, માનવજીવનનો આદર્શ કોઈ પણ હોઇ શકે, તો આત્મવાદિઓને મન પરમાત્મા થવા સિવાયનો બીજો કોઈ હોઈ શકે જ નહિ.

પરમ કક્ષાએ પહોંચવાની ઈચ્છા તો સૌને હોય, પોતાને આત્મા માનનારો પોતે પરમાત્મા બનવાને ઈચ્છે તે સ્વાભાવિક જ ગણાય.

◆◆◆

દુર્ગતિથી બચવું હોય અને થયેલો દેવ-ગુરૂ-ધર્મનો યોગ છૂટી જવા પામે નહિ-એવી ઈચ્છા હોય, તો ધર્મક્રિયા ઉપર ખૂબ રાગ કેળવવો પડશે. અને અધર્મક્રિયાના રાગ ઉપર અણગમો પેદા કરવો પડશે. ભયંકરમાં ભયંકર પણ પાપક્રિયા કરતી વખતે, પરિણામ અધર્મમય બની જાય નહિ, તેવી મનોવૃત્તિને કેળવવી પડશે ને ?

◆◆◆

દુર્ગતિમાં પડતા આત્માને ધરી રાખનાર ધર્મના પ્રકારો ચાર છે. '૧-પહેલો દાનધર્મ ૨- બીજો શીલધર્મ ૩-ત્રીજો તપધર્મ અને ૪-ભાવધર્મ.'

◆◆◆

દુરાગ્રહ કે બદ્ધાગ્રહ સાચી વાત સમજવામાં મોટી આડખીલીરૂપ છે. કાં તો જ્ઞાની બનો, કાં તો જ્ઞાનીના શરણે રહો : પણ વગર સમજ્યે જ્ઞાની હોવાનો દંભ ન સેવો !

◆◆◆

દુ:ખ આવે એ ઘડીએ શાંતિ રહે એ સાચી સ્વતંત્રતા છે અને એવી સ્વતંત્રતા પ્રાય: પ્રભુશાસન શિવાય બીજે મળે તેમ નથી.

◆◆◆

દુર્જનોની દુનિયા અને સજ્જનોની દુનિયા વચ્ચે આસમાન જમીન

જેટલું અંતર હોય છે.

♦♦♦

દુનિયા જે દિશામાં વહે છે એ સ્થિતિમાં વહેવડાવવી, એ શ્રી વીતરાગ શાસનનું કામ નથી.

♦♦♦

દુનિયા સુખ રમા-ક્ષમા બેમાં માને છે, છતાં એમાં રસી નહિ બનાવવાને બદલે શાસનરસી બનાવવાની ભાવના તારકોએ કેમ કરી, એ ખૂબ સમજો.

♦♦♦

દુનિયા જેમ કહે છે કે-માલીકની આજ્ઞા વિનાની મજુરી પણ ફોકટ છે તેમ આ શાસન કહે છે કે-આજ્ઞા વિનાનો ધર્મ એ ધર્મ જ નથી.

♦♦♦

દુનિયાદારીના અજ્ઞાનને-'તું અજ્ઞાની છો'-એમ પૂરવાર કરી બતાવવું, એ જૈનશાસન પામેલાને મન રમત વાત છે, કારણ કે-જ્યાં પાપની પ્રવૃત્તિમાં આનંદ છે, ત્યાં જ્ઞાનની હયાતિ જ નથી. જ્ઞાનનું ફળ તો વિરતિ છે !

♦♦♦

દુનિયાદારીની પ્રવૃત્તિનો લાભ પ્રત્યક્ષ ગણાય છે, પણ નુકશાનેય પ્રત્યક્ષ નથી એમ નહિ. નુકશાન એટલું બધું છે કે-તેની આગળ લાભ તો આટામાં લુણ જેટલો પણ નથી.

♦♦♦

દુર્ભવ્ય જીવો પણ, ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા સંયમનું, બાહ્ય દષ્ટિએ અતિ ઉત્કટ કોટિનું ગણાય તેવા પ્રકારનું પાલન કરે, તો એ કોઈ અસંભવિત વસ્તુ નથી; પરન્તુ દુર્ભવ્ય જીવો, અભવ્ય જીવોની માફક, પોતાના મેરૂ જેવડા સુકૃતને પણ અણુ જેવડું બનાવી દેનારા બને.

♦♦♦

દુઃખ કોઈને પસંદ નથી અને સુખ સૌને પસંદ છે. જ્ઞાનિઓએ માર્ગ પણ એવો જ બતાવ્યો છે, કે જે માર્ગનું અવલંબન લેનારા આત્માઓ દુઃખ માત્રથી મૂકાય અને અનન્ત સુખમાં ઝીલે.

♦♦♦

દુનિયાદારી અને મુમુક્ષુતા વચ્ચેનો વિગ્રહ એવો છે કે-એ બેની સંધિ થાય જ નહિ : કારણ કે-આત્મામાં મુમુક્ષુભાવ આવે, એટલે દુનિયાદારી તજવા જેવી છે-એમ લાગ્યા વિના રહે નહિ; અને સાધુઓનો તો ધંધો જ એ હોય કે-યથાશક્તિ દુનિયાના જીવોમાં મુમુક્ષુભાવ પ્રગટે, મોક્ષમાર્ગની આરાધના તરફ તેઓ વળે, દુનિયાદારીથી વિમુખભાવવાળા બને અને દુનિયાદારીને છોડીને કેવળ મુક્તિમાર્ગની આરાધનામાં લીન બને, એવો પ્રયત્ન કરવો. એટલે શ્રી જિનશાસનના સાધુને દુનિયાદારી સાથે સંધિ હોય નહિ. જે દિ' એ સંધિ થાય, તે દિ' સમજવું કે-સ્વપરના હિતનું નિકંદન નીકળ્યા વિના રહે નહિ.

◆◆◆

'દુઃખ ન જોઈએ અને સુખજોઈએ.'-એલતથી અત્યાર સુધીમાં આત્માએ જેટલી મહેનત કરી છે, એટલી મહેનત મોક્ષની લત લાગ્યા પછી મોક્ષ મેળવવાને માટે કરવી પડશે નહિ !

◆◆◆

દુઃખી માણસે પણ-'હું દુઃખી છું'-એમ બીજાને શા માટે કહેવું જોઈએ ? દુઃખ પાપથી છે એ નિશ્ચિત છેને ? જો પાપથી હોય તો એ ભોગવી લો. એ ભાવના જો સૌમાં આવી, તો સોનૈયાના વરસાદ વરસશે.

◆◆◆

દુઃખી આંખ સામે હોય, તેના દુઃખને દૂર કરવાની તાકાત હોય, તે છતાં જે પોતાની તાકાતને ગોપવી દુઃખિની ઉપેક્ષા કરે, તે ધર્મ પામવાનેમાટે પણ લાયક નથી. એવા આત્મામાં ધર્મ આવે નહિ અને પૂર્વે આવ્યો હોય તો તે ટકે પણ નહિ. એવો આત્મા કદાચ કોઈ ધર્મક્રિયા કરે તો પણ એને ધર્મ જે રીતિએ ફળવો જોઈએ તે રીતિએ ફળે નહિ. દુઃખી પ્રત્યે દયા, દુઃખિના દુઃખને ટાળવાની ઈચ્છા, એ પણ મોક્ષમાર્ગની આરાધના છે.

◆◆◆

દુઃખથી ડર્યા કરનારને સુખ મળે ? કે, દુઃખને જે સુખે વેઠતાં શીખે અને દુન્યવી સુખને જે લાતે મારતાં શીખે, તેને સુખ મળે ? મારે દુઃખ નથી જોઈતું, મારે દુઃખ નથી જોઈતું, એ ભાવ દુઃખને વધારે કે ઘટાડે ? પાપ નહિ હોય તો દુઃખ નહિ આવે અને પાપ જશે એટલે દુઃખ આપોઆપ જશે. એટલે, નવકાર પણ પાપના ભાવથી છૂટવાને માટે ગણવાનો છે. માત્ર

દુ:ખથી જ નહિ પણ પાપથી પણ છૂટાય, એ માટે પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાનો છે.

♦♦♦

દુષ્કૃતની ગર્હા જેમ સ્વભાવગત જેવી વસ્તુ બની જવી જોઇએ, તેમ સુકૃતની અનુમોદના પણ સ્વભાવગત જેવી વસ્તુ બની જવી જોઇએ. દુષ્કૃતમાં તો પોતે જે દુષ્કૃત કર્યું હોય, કરાવ્યુ હોય નેઅનુમોદ્યું હોય, પછી તે ભલે માત્ર મનથી બન્યું હોય, માત્ર વચનથી બન્યું હોય કે માત્ર કાયાથી બન્યું હોય અથવા તો પછી મન-વચન કે મન-કાયા કે મન-વચન-કાયાથી બન્યું હોય, તોય તેની ગર્હા કરવાની વાત છે; એમાં પારકાં દુષ્કૃતોની ગર્હા કરવાની વાત નથી; જ્યારે સુકૃત એ એક એવી વસ્તુ છે કે-એ સ્વકૃત હોય કે અન્યકૃત હોય, પણ સુકૃત માત્ર અનુમોદનીય છે.

♦♦♦

દુનિયાના કોઇ પણ પ્રાણિનું જે ભૂંડું ઇચ્છતો હોય, બીજાના સારા અગર કોઇના પણ સાચા ગુણને જોઇને જે આનંદ પામતો ન હોય, દુ:ખિના દુ:ખને જોઇને જેને દયા ન આવતી હોય અને દુર્ગુણિને ખરાબ કરવાની જે મહેનત કરતો હોય, એ આત્મા અધમ કોટિનો છે એમ સામાન્ય સમજુઓ પણ કહે છે.

♦♦♦

દુષ્કૃતની ગર્હા એ જેમ એક ગુણ છે, તેમ સુકૃતની અનુમોદના એ પણ એક ગુણ છે. દુષ્કૃત આચરાઇ જાય તેની સાથે જ ગર્હાનો ભાવ પેદા થવો જોઈએ. દુષ્કૃતને આચરવાનો વિચાર માત્ર પણ જો આવી જાય, તોય ગર્હાનો ભાવ પેદા થવો જોઇએ. એટલું જ નહિ, પણ અન્ય કોઇનાય દુષ્કૃતના અનુમોદનનો ભાવ પણ જો મનમાં પેદા થઈ જાય, તોય આપણા એ પાપ ભાવ પ્રત્યે ગર્હાનો ભાવ પેદા થવો જોઇએ. આ વસ્તુ સહેલી નથી. આટલી બધી સાવધગીરી બની રહે. એ ખૂબ જ મુશ્કેલ વસ્તુ છે. પરન્તુ કલ્યાણના કામી અને અકલ્યાણના દ્વેષી આત્માઓએ, એ અતિશય મુશ્કેલ વસ્તુને પણ સ્વભાવસિદ્ધ જેવી સુલભ બનાવી દેવાનો સતત અભ્યાસ કર્યા કરવો જોઇએ. જો એવો સતત અભ્યાસ થઇ જાય, તો એ ખૂબ જ સુલભ બની જાય એવી વસ્તુ છે. પછી તો એ સ્વભાવગત જેવી વસ્તુ બની જાય અને એમાંથી એવી

અવસ્થાને પણ પામી જવાય, કે જે અવસ્થામાં દુષ્કૃતનું કરણ-કરાવણ-અનુમોદન જેવું કાંઈ સંભવિત જ બને નહિ.

◆◆◆

દુનિયાના ઈતર માણસો આ દીક્ષા જેવી પવિત્ર વસ્તુની સ્હામે થયા હોય, તો તેનું મ્હોટે ભાગે એક જ કારણ છે કે-આપણામાંનાઓએ જ પરમ તારક દીક્ષાને જગત્ સમક્ષ ખરાબ સ્થિતિમાં મૂકી છે.

◆◆◆

દુનિયા એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિ. ઈંદ્રાદિ જેવા પરમ સુખી આત્મા એ પણ ઉપાધિગ્રસ્ત છે. છેવટે કાંઈ પણ ઉપાધિ ન હોય તો મરવાની ચિંતા તો બેઠી જ છે.

◆◆◆

દુનિયાના તુચ્છ પદાર્થો મેળવવા આખી દુનિયા ત્યાગ કરી રહી છે, પણ તે ત્યાગને જૈનશાસને ત્યાગ માન્યો જ નથી. આપણે ત્યાં ત્યાગ શ્રી જિનેશ્વરોની આજ્ઞાપાલન પૂર્વકનો હોય તેને માન્યો છે. શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા એ છે કે મોક્ષની ઈચ્છા પૂર્વક ત્યાગ કરો અર્થાત્ મોક્ષ સિવાય બીજું ઈચ્છો નહિ.

◆◆◆

દુનિયાના જીવોમાં, સદાચાર : પ્રત્યેનો વાસ્તવિક સદ્ભાવ અને સદાચારી બનવાનો ઉત્તમ અભિલાષ સારી રીતિએ જાગૃત થાય, એ માટે શાણાઓએ પ્રયત્ન કરવો જોઈએ.

◆◆◆

દુનિયાનાં જે પાપ છે તે પાપ નથી એમ કહ્યે તે પાપ મટી જતાં નથી. કુટુંબાદિકના પાલન માટે કરેલું પાપ પણ ભોગવ્યા શિવાય છૂટકો નથી, એમ જૈનશાસન કહે છે.

◆◆◆

દુનિયાના જીવો વિષયસુખમાં પડયા છે, એનું એક જ કારણ જ્ઞાનીઓ બતાવે છે કે-તેમણે આ આત્મિક સુખ જોયું નથી. તેવી જ રીતે જગત્‌ના જીવોને સ્વચ્છંદપણે વર્તવાની ભાવના થાય છે, એનું એ જ કારણ છે કે-એમણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો આસ્વાદ લીધો નથી.

◆◆◆

દુર્જનોનો તો સ્વભાવ જ પ્રાયઃ એવો હોય છે કે તેઓ ભલા જોડે ભૂંડા થાય : કારણ કે-ભલા જોડે ભૂંડા થનારાને સામાની-ભલાની ભલમનસાઈનો લાભ મળી જાય ખરોને ?

♦♦♦

દુશ્મનો માત્ર દુર્ગુણિઓના અગર દુર્જનોના જ હોય છે અને સદ્‌ગુણી અગર સજ્જનોના દુશ્મનો હોતા જ નથી, એવું એકાન્તે માની શકાય તેમ નથી.

♦♦♦

દુશ્મનનું-ગાળ દેનારનું પણ ભૂંડું ન જ ઇચ્છાય. દુશ્મનનું ભૂંડું ઇચ્છવાથી લાભ પણ શો ? કેવલ અશુભ વિચારોના યોગે આત્માની મલિનતા અને પરિણામે આપણા પોતાના હિતનો તો અવશ્યમેવ નાશ, એજ કે બીજો ?

♦♦♦

દુશ્મનની સાથે રહેવું પડે તોય ડાહ્યાની સલાહ મુજબ રહેનારો દુશ્મનના દાવમાં ફસાતો નથી અને અન્તે દુશ્મનના આધીનપણામાંથી સર્વથા મુક્ત બની જાય છે : તેમ મોહરૂપી દુશ્મનના સંગમાં રહેનારા આત્માઓ પણ જો અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ રહે તો મોહ ફાવે નહિ, અન્તે મોહને ભાગવું પડે અને આત્મા તેટલો સ્વતન્ત્ર બને !

♦♦♦

દુનિયામાં કહેવાય છે કે-'જેની જુવાની એળે ગઈ, તેનું જીવતર એળે ગયું !' તમારે પણ તમારી જુવાનીને એળે જવા દઈને જીવતરને એળે જવા દેવું છે, એમ તો નથી ને ? અહીં બેઠેલા ઘણાઓ તો જુવાનીને વટાવી ચૂકેલા નથી. જુવાનીને વટાવી ચૂકેલા થોડા છે. મોટો ભાગ તો જુવાનીમાં મહાલનારા અને જુવાનીના અન્તે પહોંચવા આવેલાઓનો છે. આ બધાએ-'પોતાની બાકીની જીંદગી એળે ન જાય.'-એવો નિશ્ચય કરી લેવો જોઈએ. અને એટલું થાય તો ય આ જીવન અને આ સામગ્રીપામ્યાની સાર્થકતા ગણાય. જુવાનીને વટાવી ચૂકેલા અને જરા અવસ્થાને આધીન બની ગયેલા તો હવે બને તો થોડું-ઘણું કરે : બાકી તો તેમને શોક કરવાનો રહે છે કે-'અમે બાલવય રમત-ગમતમાં કાઢી તથા દુનિયાનું અજ્ઞાન રૂપ શિક્ષણ મેળવવામાં કાઢી : યુવાનવય અર્થ અને કામની સાધનામાં તથા તેના

ભોગવટામાં કાઢી : આ રીતિએ ધર્મ કરવાની ઉત્તમમાં ઉત્તમ તક ગુમાવી દીધી, એટલે અમારી જુવાની એળે ગઈ અને જીવતરેય એળે ગયું !' આવો શોક પણ સાચા હૃદયથી થાય અને જરા અવસ્થામાંય શકય ધર્મ કરવાને ચૂકાય નહિ, તો છેલ્લે છેલ્લે પણ જીવતરને કાંઈક ઉજાળ્યું ગણાય. જરા અવસ્થામાં પણ આટલું થઈ જાય, તો એથી આત્માને ઘણો લાભ થાય. જીન્દગીમાં કરેલાં પાપોને સંભારી-સંભારીને પશ્ચાત્તાપ કરાય અને જીન્દગીમાં ધર્મની આરાધનાથી વંચિત રહ્યા-તેનો સાચો શોક કરવા સાથે બનતી આરાધના કરી લેવાય, તોય માનજો કે-તમને મળેલી ઉત્તમ સામગ્રીનો અમુક લાભ મળી જ ગયો ! ડૂબતાં ડૂબતાં બચી જવાયું, એમ માનજો ! પણ હજુ જે લોકો જુવાનીમાંથી પસાર થઈ રહ્યા છે અને જેમની જુવાની જવા બેઠી છે અથવા કહો કે-જેમની જુવાની જવાની તૈયારીમાં છે, તેઓએ ચેતવા જેવું છે. વિચાર કરો, વિવેકી બનો અને આ જુવાનીને એળે જતી અટકાવો ! 'જેની જુવાની સુધરી, તેનું જીવતર સુધર્યું'-એમ સમજો અને બુઢ્ઢા બનો તે પહેલાં એવા બની જાવ કે-વૃદ્ધત્વની બિમારી આદિમાં પણ આત્મા સમાધિપૂર્વક જીવી શકે !

◆◆◆

દુઃખની વાત માત્ર એટલી જ છે કે-અગ્નિશર્માના વૈરાગ્યનું મૂળ ખોટું હતું. રાજકુમાર ગુણસેન આદિ દ્વારા અગ્નિશર્માનો જે ભયંકર કોટિનો પરાભવ થવા પામ્યો હતો, તે પરાભવે અગ્નિશર્માને વૈરાગ્યમય બનાવી દીધો હતો; પણ વૈરાગ્યને પામીને એ પરાભવને જો એ વિસરી શકયો હોત અને પરાભવના કારણભૂત કર્મસંયોગથી તથા સકલ કર્મસંયોગથી મુક્ત બનવાની અભિલાષા જો તેનામાં જન્મી હોત, તો તેણે જે મહા પ્રતિજ્ઞા કરી-તેનાથી તેને અપૂર્વ લાભ પ્રાપ્ત થયો હોત. પરાભવ નિમિત્તે પણ વિવેક પ્રગટે અને વિવેકમાંથી વૈરાગ્ય પ્રગટે, એ વૈરાગ્ય અને માત્ર પરાભવના ત્રાસમાંથી પ્રગટેલો વૈરાગ્ય,-એ બે વચ્ચે મોટું અન્તર છે. પરાભવ નિમિત્તે પણ આત્મામાં જો વિવેકપૂર્વકનો વૈરાગ્ય પ્રગટે, તો એને માત્ર મારે પરાભવ જ નહિ જોઈએ-એમ થાય નહિ; પણ એમ થાય કે-મારે તો હવે આ વિષય-કષાય રૂપ સંસાર જ નહિ જોઈએ અને એથી સંસારના કારણભૂત કર્મનો સંયોગ જ નહિ જોઈએ. એની નજર પરાભવ તરફ રહે જ નહિ. અને એમ થાય કે-કર્મને

આધીન જીવને, કારમામાં કારમા પ્રકારના પણ પરાભવો પ્રાપ્ત થાય, તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ છે જ નહિ, માટે મારે તો કર્મનો સંયોગ જ નહિ જોઇએ હવે હું જે કાંઈ કરૂં, તે કર્મના સંયોગને મૂળમાંથી કાઢવાને માટે જ કરૂં. પરાભવ નિમિત્તે પણ વિવેકને પામેલા આત્માની મનોદશા આવા પ્રકારની બને, એટલે એવા આત્માના વૈરાગ્યને દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય નહિ. એ વૈરાગ્ય દુઃખનિમિત્તક હોવા છતા પણ, એ વૈરાગ્ય દુઃખગર્ભિત નથી જ. અગ્નિશર્માનો વૈરાગ્ય આવા પ્રકારનો નહોતો. અગ્નિશર્માએ જે સમયે ધર્મને સેવવાનો નિર્ણય કર્યો, તે સમયે પણ તેનું ધ્યેય એ જ હતું કે- જન્માંન્તરમાં પણ મને આવી ઘોર વિડમ્બના પ્રાપ્ત થાય નહિ ! ધર્મ એને સુખનું સાધન લાગ્યો હતો, પણ તે ધર્મથી પુણ્યબંધ થાય છે એ માટે, નહિ કે- ધર્મથી સકલ કર્મોના યોગથી રહિત બનાય છે એ માટે ! અગ્નિશર્મામાં જો મોક્ષનું અર્થિપણું આવ્યું હોત, તો તો એનું ચરિત, જેવું વર્ણવાયું છે તેવું બનવાને બદલે, અતિ સુન્દર બન્યું હોત.

♦♦♦

દુનિયામાં રહેલા બધા પ્રાણિઓને અર્થ-કામ વિના ચાલશે એમ નથી, એ શ્રી જૈન શાસનને માલૂમ છે. એના સ્થાપકે એમ કહ્યું છે કે-સારી દુનિયા એમાં ડૂબેલી છે. દુનિયામાં રહેનારને એના વિના ચાલવાનું જ નથી. ગમે તે ભોગે પણ એ એને લાવ્યા વિના રહેવાનો નથી. નહિ મળે તો એને સન્નિપાત પણ થશેઃ પણ આટલી વાત ધ્યાનમાં રાખીને કરવાનું શુ ? કોઈને પણ એમ નહિ કહો કે એના વિના ચાલશે અને એને એકદમ છોડો ! કેમ કે- કહેશો તો ફોગટ જશે. એટલું જ નહિ, પણ ડાહ્યા માણસો મૂર્ખ કહેશે અને અજ્ઞાનિમાં ખપશો. ત્યારે રાખવા જોઈએ એમ પણ કહેવાશે ? નહિ, કેમ કે- એ તો દુઃખનું મૂળ છે. અર્થ-કામ વિના ચાલતું નથી, એમ પણ એ કહે છે. એના વિના દુનિયા રહેવાની નથી, એમ પણ એ કહે છે. ત્યારે એમ કહીએ કે-'રાખવું જોઈએ ?' ના. જો એમ કહેશો તો એ છુટશે શી રીતિએ ? કેમ કે-એ તો મહોરછાપ થઈ. ચોરી કરનારને પોલીસ જ સીલ મારી આપે કે- 'આ માલ તારો !' પછી ધોળે દહાડે પણ કોઇના ઘરમાંથી માલ લાવવામાં એને હરકત નહિ આવે ! રાત્રે મૂકીને દહાડે પણ ચોરી કરવી હોય તો આ ધંધો ઠીક છે ! તેમ, અર્થ-કામ વિના ચાલતું નથી માટે એ રાખવા જ જોઈએ

એમ જ્ઞાની કહે તો મહોરછાપ પડી ગઈ. દુનિયા એવા સંયોગોમાં મૂકાયેલી છે, એવા અભ્યાસમાં ટેવાઇ ગયેલી છે કે-મશ્કરીમાં પણ જાુટ્ઠું બોલે. હવે જ્ઞાની કહી દે કે-'ભાઈ ! ગૃહસ્થ રહ્યા, જાુઠું બોલ્યા વિના ચાલે નહિ !' પછી શું થાય ? આથી ડાહ્યા  માણસોએ શું બોલવું જોઈએ, એનો પણ અભ્યાસ કરવો જોઈએ. જ્ઞાનિઓ કહે છે કે-'ઉપકારની ભાવના છતાં બોલતાં ન આવડે તો મૂંગા રહો. ઉપકારની ભાવના છતાં ઉપકાર થાય તેવું બોલતાં ન આવડે ત્યાં સુધી એ માણસે ન બોલવું જોઈએ.'

◆◆◆

દુનિયાના સામાન્ય બુદ્ધિવાળા જીવો પણ સમજી શકે, એવી સરલ રીતિએ પણ મનુષ્યભવની પ્રધાનતાને વર્ણવતાં, એક કવિ કહે છે કે-'ધન દ્વારા અમૂલ્ય એવાં પણ રત્નો સુખપૂર્વક મેળવી શકાય છે, જ્યારે રત્નની કોટિ દ્વારા પણ મનુષ્યભવનો એક ક્ષણ પણ મળવો એ દુર્લભ છે.' આથી પણ સમજી શકાશે કે-સામાન્ય વિવેકી વર્ગમાં પણ મનુષ્યજન્મની કેટલી મહત્તા મનાય છે. જેઓ મનુષ્યભવની આટલી મહત્તા માને અને એની સાર્થકતા માટે જાગૃત રહે, તેઓ તો આ જગતમાં કોઈ નવો જ યુગ જન્માવે. આવા પુણ્યાત્માઓના પ્રતાપે, અનીતિ આદિ પાપોને માટે તો સ્થાન રહેવું પણ મુશ્કેલ બને. પણ કમનસીબી તો એ છે કે-મનુષ્યજન્મની કિંમત આંકનારા વિવેકિઓ જ થોડા છે. અને એ થોડામાં પણ એનો સદુપયોગ કરવામાં જાગૃત તો ઘણા જ અલ્પ છે. મનુષ્યભવની પ્રધાનતા જે જે હેતુઓથી જ્ઞાનિઓએ વર્ણવી છે, તે તે હેતુઓનો જોરશોરથી જો માનવસમાજમાં પ્રચાર થાય અને માનવસમાજ જો એ હેતુઓને ઝીલતો બની જાય, તો આજે પણ સત્‌યુગની ઝાંખી થઈ શકે તેમ છે. પણ જે સમયમાં રાજા અને પ્રજા ઉભય પૌદ્‌ગલિક સ્વાર્થોની જ સાધનામાં સજ્જ બનેલ હોય અને પૌદ્‌ગલિક સ્વાર્થની સિદ્ધિ રૂપ મૃગજલને દર્શાવનારા દમ્ભિઓ જે સમયમાં સંત અને ઉદ્ધારક તરીકે મહાલી અને પૂજાઇ શકતા હોય, તે સમયમાં તે હેતુઓનો સવિશેષ પ્રચાર જ શકય નથી. છાપાંઓ પ્રચારનાં મુખ્ય સાધનોમાનું એક સાધન ગણાય છે. પરન્તુ આજનાં છાપાંઓ મોટે ભાગે. ચાલતી વ્હેલમાં ચઢી બેસનારાં હોઈને, તેઓ દ્વારા આત્મહિતકર સત્યોનો સુન્દર પ્રકારે પ્રચાર થઈ શકે, એમ માનવું એ ઘણું જ વધારે પડતું છે. આજે રાજાઓ અપ્રમાણિક

છે અને પ્રજા પ્રમાણિક છે-એમ જેમ કહી શકાય તેમ નથી, તેમ પ્રજા અપ્રમાણિક છે અનેપ્રજાના નાયક ગણાતાઓ પ્રમાણિક છે, એમ પણ કહી શકાય તેમ નથી. કમનસીબે પ્રજાના નાયક ગણાતા માણસોમાં પણ કેટલાક અપ્રમાણિકો ઘુસી ગયા છે. એક તો લગભગ બધા પૌદ્ગલિક સ્વાર્થોની સાધનામાં સજ્જ બન્યા છે અને તેમાં નાયક ગણાતા વર્ગમાં પણ સડો હોય, ત્યાં આત્મહિતની વાતોને સાંભળે પણ કોણ અને સાંભળવા દે પણ કોણ ? આજે દુનિયાનો મોટો ભાગ કારમા ખેલાડીઓના નાદે નાચી રહ્યો છે અને અજ્ઞાન જગત તેવાઓના કલ્પિત સિદ્ધાન્તોથી ખૂબ જ મુંઝાયું છે. ભણેલોગણેલો, બુદ્ધિશાલી અને વસ્તુને વિચારે તો તેના ભાવને પામવાની યોગ્યતાવાળો પણ વર્ગ, અહિંસા આદિના આડંબરથી એવો ભ્રમિત થઈ ગયો છે કે-એને અહિંસા આદિના વાસ્તવિક સ્વરૂપને જાણવાની દરકાર જ રહી નથી, એમ કહીએ તો ચાલી શકે. આર્ય દેશમાં પણ જ્યારે આવી સ્થિતિ જોરશોરથી પ્રવર્તી રહી હોય, ત્યારે ઉપકારકપરાયણ પણ મહાત્માઓના પ્રયત્નો જેવા સફળ થવા જોઈએ, તેવા સફળ થાય જ નહિ ! પાપપ્રચારકોનો પુણ્યોદય તીવ્ર હોય અને પ્રજાનો પાપોદય તીવ્ર હોય, ત્યારે આવી અગર આથી પણ ખરાબ સ્થિતિ આર્ય દેશમાં પણ ઉત્પન્ન થઈ જાય, તેમાં નવાઈ પામવા જેવું કાંઈ જ નથી. આવા કાળમાં અનન્તજ્ઞાનિઓએ ફરમાવેલા હેતુઓ આદિને ઝીલનારા અને પચાવનારા બહુ થોડા હોય છે. જેઓ પરમ ભાગ્યશાલી હોય છે, તેઓ જ આવા કાળમાં શ્રદ્ધાળુ બની શકે છે અને પોતાની શ્રદ્ધાને અખંડપણે ટકાવી શકે છે. એવા વિરલ આત્માઓ આજે પણ વિદ્યમાન છે અને એવાઓથી જ જગત થોડા પણ સુખને અનુભવે છે.

◆◆◆

દેવતા વિષય-કષાયને આધીન તેમજ તેવી સામગ્રીથી ઘેરાયેલા, એથી ઉંચી કોટિનો માનવી જેવી ભક્તિ કરી શકે, તેવી ભક્તિ દેવો પણ કરી શકતા નથી.

◆◆◆

દેવતાઈ ભોગોના હિસાબે માનુષિક ભોગો અત્યન્ત તુચ્છ છે. દેવતાઈ ભોગોનો ખ્યાલ નથી, માટે જ આ તુચ્છ ભોગોમાં પણ લીન બનાય છે ! એવા ભોગો વર્ષોનાં વર્ષો સુધી ભોગવ્યા છતાં તૃપ્તિ થઈ નહિ, એ જ સૂચવે

છે કે-ભોગસુખો ભોગવવાથી ભોગવૃત્તિ તૃપ્ત થતી જ નથી. એની તૃષ્ણા ગયા વિના સુખ મળવાનું નથી. તૃપ્તિ જોઈએ તો તૃષ્ણાને તજવી જોઇએ. તૃષ્ણાવાળું મન રાખાનારો મનુષ્ય, આ લોકના ભોગ ભોગવ્યે તૃપ્તિ પામે, એ બનવાજોગ વસ્તુ જ નથી.

◆◆◆

દેવતા શ્રાવકકુળ શાથી ઈચ્છે છે ?

દેવતા સુખી છે, ઋદ્ધિએ પૂરા છે, છતાં તે શ્રાવકકુલમાં જન્મ લેવાની ઈચ્છા રાખે છે, તે શાથી ? દેવતાઓને શ્રી જિનેશ્વરદેવની વાણી સાંભળી સર્વ ત્યાગ પ્રત્યે રાગ થાય, પણ ત્યાં (દેવગતિમાં) વિરતિ ઉદય આવી શકે નહિ, અને મનુષ્ય ભવમાં પણ અનાર્ય દેશ, અનાર્ય કુળમાં એ વિરતિ દુઃશકય થાય, શ્રાવકકુળમાં સહેલાઈથી થઈ શકે, માટે દેવતાઓ શ્રાવકકુળમાં જન્મ ઈચ્છે છે. પરિણત આત્માઓ 'ભીખારી બનીને પણ શ્રાવકકુળમાં જન્મ ઈચ્છે છે, અને મિથ્યાવાસનાથી વાસિત એવુ ચક્રવર્તિપણું પણ નથી ઈચ્છતા.'

◆◆◆

દેવતાઓની શક્તિ અચિંત્ય હોય છે. તેઓ ધાર્યું કામ ઈચ્છાની સાથે નિપજાવી શકે છે. જો કે-આથી જરા પણ મુંઝાવાનું નથી. આવી અચિંત્ય શક્તિને ધરાવનારા દેવો પણ વસ્તુતઃ સુખી નથી : તેમના શિર ઉપર પણ મરણ તો ઉભું જ છે : મોક્ષના અર્થી આત્માઓએ આવી અચિંત્ય શક્તિયોથી જરાપણ લેવાઈ જવું જોઈએ નહિ.

◆◆◆

દેવગતિનાં કારણોને સેવવામાં પણ, દેવગતિના પૌદ્ગલિક સુખનો અભિલાષ રાખવો નહિ. દેવગતિ મળે એમાં એવો ફાયદો થવાનો પણ સંભવ છે કે-ઈન્દ્રની આજ્ઞાદિથી ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પર્ષદા આદિમાં જવાનો યોગ થઈ જાય અને ત્યાં સમ્યગ્દર્શન પમાઈ જાય ! આપણે તો, એ નક્કી કરો કે-જ્યાં સુધી સંસારમાં ભમવું પડે ત્યાં સુધી દુર્ગતિ જોઈતી નથી અને સદ્ગતિ જોઇએ છે, કેમ કે-દુર્ગતિનાં દુઃખ વેઠવાની શક્તિ નથી તેમ ત્યાં ધર્મસામગ્રી દુર્લભ છે અને સદ્ગતિમાં પણ જ્યાં ધર્મસામગ્રી મળે એવું જ સ્થાન જોઈએ ! આપણે હવે વહેલામાં વહેલી તકે આપણા આત્માના સંસારપર્યાયનો અન્ત આણવો છે અને 'નમો સિદ્ધાણં' માં જે તારકોને

આપણે નમસ્કાર કરીએ છીએ-એ તારકોના જેવા જ આપણે બની જવું છે. આવો આપણે નિશ્ચય કરી લીધો છે અને એ માટે જ આપણે સદ્‌ગતિને ઈચ્છીએ છીએ, એમ ખરૂં ને ? આવા ભાવે સદ્‌ગતિનાં કારણોને સેવનાર આત્માઓને, સદ્‌ગતિ સુલભ જ છે અને મોક્ષગતિ તેમની રાહ જુએ છે.

◆◆◆

દેશની મુક્તિ માટેની કહેવાતી હીલચાલને માટે જ્યારે એ શરતો હોય કે-'માતાપિતા, ઘરબાર તથા ધનધાન્યેય છોડવાં પડે અને શરીરનો મોહ પણ છોડવો પડે ! તો અહીં અનાદિકાળથી આત્મા બંધાયો છે, તેની મુક્તિ માટે આ બધું નહિ કરવું પડે ? આત્માની મુક્તિ માટે ઘણો વધુ અને ઘણા ઉંચા પ્રકારનો ત્યાગ કરવો પડશે.

◆◆◆

ધન્ય છે તે પુણ્યાત્માઓને, કે જેઓ અપ્રશસ્ત કષાયોથી પોતાના આત્માને અલિપ્ત રાખી શકયા છે અને રાખી શકે છે.

◆◆◆

દુનિયાનાજ સ્વાર્થી આત્માઓ, સાચા ઉદાર, સાચા સદાચારી સાચા તપસ્વી, વાસ્તવિક ઉત્તમ વિચારવાન કદી બની શકતા નથી; કારણ કે સંસારના રસિયાઓમાં એકપણ વાસ્તવિક ગુણ પ્રગટ થઈ શકતો નથી.

◆◆◆

દુનિયાના પરમ ઉપકારીઓએ ફરમાવ્યું છે કે 'સુખી બનવું હોય તો એવા બનો કે તમારી કાર્યવાહીથી કોઈને પણ દુઃખી કરનાર ન નિવડો !'

◆◆◆

દુનિયાના પદાર્થોની પ્રાપ્તિ માટે ત્યાગ એ ત્યાગ નથી. ત્યાગ એનું જ નામ છે કે-સંસારથી મુક્ત થઈ મુક્તિ જવા માટે જે ત્યાગ કરવામાં આવે ! સમ્યગ્‌દષ્ટિ કે દેશવિરતિ આત્માનો ત્યાગ આર્થિક સ્થિતિ સુધારવા, શરીર કે સંસાર સુધારવા માટે અથવા મનગમતા સુખપૂર્વક જીવી શકાય એ માટે હોતો નથી.

◆◆◆

દુનિયાના પદાર્થોને મેળવવાની ઈચ્છા એ પાપ છે અને એ નહિ મેળવવાની ઈચ્છા એ જ શાંતિનો રાજમાર્ગ છે.

◆◆◆

દુનિયાના પદાર્થોને યોગે મળતું સુખ ભૂતકાળ વર્તમાનકાળ અને ભવિષ્યકાળ ત્રણેય વખતે દુઃખદાયક નિવડે છે, એનો ખ્યાલ પેદા થાય તો આત્મા દુઃખ વિનાના સુખની શોધમાં પડે છે.

◆◆◆

દુનિયાના પદાર્થોથી મોટાઈનું માપ કાઢનારાની દૃષ્ટિ દુનિયામાં જ ભમે છે. મોટાઇ આત્માના ગુણોની અપેક્ષાએ અંકાય તો જ આત્મગુણો વિકસે.

◆◆◆

દુનિયાનાં પ્રાણિઓ જેટલી આરાધના કામની કરે છે, તેટલી જ આરાધના જો મુક્તિમાર્ગની કરે તો તેઓનું કલ્યાણ કેમ ન થાય ? જરૂર થાય જ.

◆◆◆

દુનિયાને રમા અને રામાની રસિક બનાવવવાની નથી એ તો છેજ.

◆◆◆

દુનિયાના નાશવંત પદાર્થોના યોગથી સાચું અને પરિપૂર્ણ સુખ અનુભવી શકાય એ શકય જ નથી.

◆◆◆

દુનિયાને એક એવી ટેવ પડી ગઈ છે કે-પોતે કરેલાં પાપ યાદ કરવાં નહિ, ચોવીસે કલાક પાપની વાસનાને રોકવી નહિ, અને ધર્મક્રિયામાં વિધિ અવિધિની પરવા કરવી નહિ તે છતાં પણ દુઃખ આવે ત્યારે દોષ ધર્મનેજ દેવો.

◆◆◆

દુનિયાના બધા ઉપકારો કરતાં પણ ધર્મ પમાડવાનો ઉપકાર સૌથી મોટો છે.

◆◆◆

દુનિયાના પરમ ઉપકારિઓએ ફરમાવ્યું છે કે 'સુખી બનવું હોય તો એવા બનો કે તમારી કાર્યવાહી કોઈને પણ દુઃખી કરનાર ન નિવડો !'

◆◆◆

દુનિયાનાં વિષયસુખોની ઈચ્છા છોડવી, એ જ સાચી સ્વાધીનતા છે. વિષયસુખોથી પરાઙ્મુખ બનેલાઓને દુનિયાના ચક્રવર્તિઓ પણ આંગળી ચીંધી

શકયા નથી. ઈંદ્રોની સાહ્યબીને પણ ખોટી અને ખરાબ કહેનારાઓને કોઇ પણ પકડી શકયું નથી.

♦♦♦

દુનિયાના બદમાશ કે પાપીને ભય લાગે, પણ એ પાપને ઉખેડી નાંખનાર સાધુને કોનો ભય છે ? કદાચ દુનિયાની સત્તાઓએ સાધુના જીવનને જોખમમાં પણ મૂકી દીધું, તોપણ નુકશાન શું થઇ જવાનું ? આબરૂ ખાતર ઝેર ચૂસીને મરી જનારાની પણ લોકોએ દયા ખાધી, તો પોતાના ધર્મ ખાતર મરી જનારને લોકો યાદ કરશે, એટલો પણ વિશ્વાસ છે કે નહિ ? અને માનો કે-કદાચ લોકો યાદ ન કરે તો પણ શું ? કારણ કે-મુક્તિના અર્થિ જ્યાં એ અર્થને સાધવાનેજ માટે એમાં પ્રવૃત્ત થયા હોય, ત્યાં એની પરવા પણ શી છે ?

♦♦♦

દુનિયાનાં સુખોમાં યથેચ્છ મહાલવાની ઇચ્છા, એ જ પરાધીનતાની જડ છે અને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને પાળવાની ઇચ્છા, એજ સ્વાધીનતાનું મૂળ છે.

♦♦♦

દુનિયાના સ્વાર્થ માટે જેટલા કહો તેટલા ત્યાગ કરે અને આત્મકલ્યાણ માટે ધૃષ્ટતાપૂર્વક અશક્તિ બતાવે, એ ઉપાલંભને માટે પણ અયોગ્ય છે.

♦♦♦

દુનિયામાં કહેવાય છે કે-લાયબ્રેરી, એ જ્ઞાનની પરબો છે. આજની લાયબ્રેરીઓમાં રખાતાં અને વંચાતાં પુસ્તકો જૂઓ તો ખબર પડે કે- એ જ્ઞાનની પરબો છે કે શાની પરબો છે ?

♦♦♦

દુન્યવી સાહ્યબીમાં મુંઝાયા વિના, દુન્યવી સાહ્યબી મેળવવાની લાલસામાં ભાનભૂલા બન્યા વિના, યથાશક્તિ શ્રી જિનપ્રરૂપિત ધર્મને આરાધવો, એ જ શ્રેયકસ્કર છે.

♦♦♦

દુનિયાના સારા ગણાતા આત્માઓ પણ અનીતિથી, લુંટીને, અનાચાર સેવીને અસત્યતાથી મેળવીને કે કોઇનું પડાવી લઈને એનો ભોગવટો કરવો

એ પાપ છે એમ માને છે, પણ સ્હેજે સ્હેજે મળી જાય, પુરૂષાર્થથી મળે એનો ભોગવટો કરવો, એને પાપ માની શકતા નથી : જ્યારે શ્રી જૈનદર્શન તો પુણ્યથી કે પુરૂષાર્થથી મેળવેલી સંપત્તિને ભોગવવામાં પણ પાપ છે એમ માને છે.

◆◆◆

દુનિયાની સિદ્ધિ તો પુણ્યાધીન છે. ઈંદ્રોને પણ અંતે શરણું વીરાગીનું જ !

◆◆◆

દુનિયાની સઘળી સામગ્રીઓ અમને કારમી લાગે છે. એમાં ફસાઈને તમારા સુખના મનોરથોના ભૂક્કા ન થઈ જાય, એટલા માટે બધું છોડીને બહાર આવવાનું અમે તમને આહ્‌વાન કરીએ છીએ.

◆◆◆

દુનિયામા શ્રીમંતો થોડા છે, એમાં પણ સુખી થોડા છે.

◆◆◆

દુનિયાની કોઈપણ વસ્તુ એવી ન હોય કે જેમાં ત્રણ ધર્મ ન હોય; ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ. આ ત્રણ ધર્મ ન ઘટે એ 'વસ્તુ' હોઈ શકે નહિ. ઉત્પત્તિ અને વિનાશ એ પર્યાય છે. સ્થીતિ એ મૂળ વસ્તુ છે એટલે એમાં પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક બે નય સમાઈ જાય છે. એ ઉભયની માન્યતા એનું જ નામ સ્યાદ્વાદદર્શન છે, એનું જ નામ વીતરાગ દર્શન છે અને એનું જ નામ અનંત જ્ઞાનીઓએ સ્થાપેલું શાસન છે.

◆◆◆

દુનિયાની કયી ક્રિયા આત્માને આહ્‌લાદ, પ્રમોદ કે ઉત્સવ આપે ? ભવિષ્યમાં નરકની પીડા ખરીદાતી હોય-ઉંચે આવેલો નીચે ગબડતો હોય ત્યારે આનંદ હોય ? વિષયની સામગ્રી જોઈને આનંદિત થવું અને એના ઉત્સવ ઉજવવા; એ કયાં લઈ જનાર છે ?

◆◆◆

દુનિયાના સુખમાં ત્રણ ભંયકર દુર્ગણો છે. '૧-દુઃખનો ભેળ, ૨-અધુરાપણું અને ૩-વિનાશિપણું' કારણ કે દુનિયાનાં બધાં જ સુખો સંયોગજન્ય છે અને સાંયોગીક સુખ અધુરાંજ હોય, દુખમિશ્રિત જ હોય, અને વિનાશી જ હોય.

◆◆◆

દુનિયામાં પૂજાવા અને પરલોકમાં પૌદ્ગલિક સંપત્તિ મેળવવા જ સંયમ પાળવું, એ વસ્તુતઃ અસંયમ છે.

◆◆◆

દુનિયામાં સારા તરીકેની નામના હોય તો જ ભવિષ્ય સારૂં નિવડે અને ખરાબ તરીકેની નામના હોય તો ભવિષ્ય ખરાબ જ નિવડે, એ માન્યતાનો ત્યાગ જ કરવો જોઈએ. સારા અને ખરાબ ભવિષ્યનો નિર્ણય શાસ્ત્રદૃષ્ટિએ જ કરવો જોઈએ.

◆◆◆

દુનિયામાં નહિ રહેવાની ઈચ્છાવાળા એનું નામ જૈનો !

◆◆◆

દુનિયામાં સ્વભાવ-ધર્મ દબાવનારી વસ્તુ ચાલે છે, જ્યારે શ્રી વીતરાગ શાસને સ્વભાવ-ધર્મને ખીલવનારી વસ્તુ બતાવી છે.

◆◆◆

દુનિયામાં રહેલો સમ્યગ્દૃષ્ટિ દુનિયાદારી માટે સામાન્ય ઉદ્યમ તો કરે, પણ રાચીમાચીને, પ્રેમ પૂર્વક કે એમાં લીન થઈને ન કરે.

◆◆◆

દુનિયામાં એવું કયું પાપ છે, કે જે પાપ ઈંદ્રિયોને આધીન થયેલો આત્મા ન કરે ? દુનિયામાં એવો કયો ખરાબ બનાવ છે કે-એ ઈંદ્રિયોને આધીન થયેલો ન કરી બેસે ? યુવાવસ્થામાં જે આત્મા ઈંદ્રિયોને આધીન ન થયો-ઈંદ્રિયોના વિષયોની લોલુપતાથી બચી ગયો. તે જ વાસ્તવિક રીતિએ બચ્યો ગણાય.

◆◆◆

દુનિયામાં જેટલાં પાપ એ બધાં પાપ અર્થકામના રસિયામાં અંશે અંશે આવે છે. અર્થકામનો રસિયો એટલે મિથ્યાત્વી તો ખરોજ. હેયમાં ઉપાદેય બુદ્ધિ આવે એટલે સમકીત જાય, પછી અર્થકામ માટે હિંસા કરવી પડે તો હિંસા કરે, જાહું બોલે, ચોરી કરે, બધાંજ પાપ સેવે.

◆◆◆

દુનિયામાં કેટલાક આત્માઓ એવા પણ હોય છે, કે જેઓ ગુણવાનના કોઈ ગુણ ગાય તો તેને સાંભળી શકે નહિ, કોઈ પણ ગુણવાનની પ્રશંસાને

એ સાંભળી શકે નહિ અને તક મેળવીને પણ ગુણવાનને ભાંડયા વિના રહી શકે નહિ. આવી દશા, એ ઘણી જ દયાપાત્ર દશા છે : કારણ કે-તેવાઓ પોતાનું કારમું અહિત સાધવા સાથે બીજા પણ અનેક ભદ્રિકજનોના હિતને હણનારા બને છે.

♦♦♦

દુનિયામાં પાપસ્થાનક સેવવામાં કોણ નબળા છે ? ત્રણપૈસાનો આદમી હજારોનું નિકંદન વાળવામાં નબળો નથી. હિંસા-જુઠું-અનાચાર આ બધામાં કોઇ નબળો નથી. એમાં નબળા તે હોય, કે જે આત્મકલ્યાણના અર્થિ હોય અને એ નબળાઈમાં જ સાચું કલ્યાણ સમાયેલું છે. શાસ્ત્ર કહે છે કે-ચેત, પાપ ન કર-હિંસા ન કર-જુઠું ન બોલ-પારકાની ચીજ ન લે-કોઈનું ભૂંડું ઈચ્છતો ના-વ્યભિચાર ન કર-પરિગ્રહમાં રાચતો ના.

♦♦♦

દુનિયામાં પણ ડાહ્યા તે ગણાય છે કે-જે પરિણામનો વિચાર કરીને પ્રવૃત્તિ કરે છે. તમે પરિણામનો વિચાર કરો છો ? આ સંસારમાં તમે જે જે પ્રવૃત્તિઓ કરી રહ્યા છો, તેનું કેવું પરિણામ આવશે એનો તમે વિચાર કર્યો છે ? ખરેખર, કોઈ પુણ્યાત્મા જ આવો વિચાર કરતા હશે.

♦♦♦

દુન્યવી અનુકૂળતાનું અર્થિપણું, એ જ સદાચારનું મોટામાં મોટું વૈરીપણું છે.

♦♦♦

દુન્યવી સુખ હિંસાદિ પાપો વિના ભોગવાય એ શકય જ નથી.

♦♦♦

'દુઃખ એ પાપનું પરિણામ છે'-એમ માનનાર, પોતાનાં કે પરનાં દુ:ખોને જોઈને મુંઝાઈને ભાનભૂલો ન બને.

♦♦♦

દુન્યવી પદાર્થોની પ્રાપ્તિ ખાતર કહેવાતા ત્યાગ માટે જે જમાનો ધસે છે, તે જમાનો આત્મિક લક્ષ્મીની પ્રાપ્તિ માટે ઉપદેશાતા ત્યાગની પરાડ્મુખ બની તેની ઘોર ખોદવા કેમ જ કમ્મર કસી શકે છે.

♦♦♦

દુન્યવી નફો-તોટો જોવાની આ વાત નથી. વિવેકપૂર્વક વિચાર કરવાની આ વાત છે.'જ્ઞાનિઓએ આ કાર્યને કરણીય કહ્યું છે કે અકરણીય કહ્યું છે ? અકરણીય હોય તો મારે કર્યા વિના ચાલે તેમ છે કે નહિ ? અને નથી ચાલતું, તો કમનસીબ છું કે મારે આ કરવું પડે છે; તેમ જ જ્ઞાનિઓએ આને કરણીય કહ્યું છે, તો એ કરવામાં હું પાછો ન પડું, બધી શક્તિ અને સામગ્રી એમાં ખર્ચું.'-એ જાતિના વિચારો કરવાની આ વાત છે. બે મીનીટનો એ વિચાર તો, અકરણીય પ્રવૃત્તિને લુખ્ખી બનાવી દે અને કરણીય પ્રવૃત્તિમાં આત્માને નવી પ્રેરણા આપે. ◆◆◆

દેવ કરતા મનુષ્યપણાની આ જ એક અધિકતા છે : ત્યાગના યોગે જ : મનુષ્યજીવન, એ કિંમતી અને દુર્લભ ગણાય છે.

◆◆◆

દેખાવના જ મનુષ્યપણા માત્રથી જો દુનિયાનું ભલું થઈ શકતું હોય, તો જ્ઞાનિઓએ માણસાઈની જે કિંમત આંકી છે, તે આંકત નહિ.

◆◆◆

દેવ-ગુરૂ-ધર્મ ઉપર આક્રમણ કરનારાઓનું પણ ભૂંડું ચિન્તવવું નહિ, 'તેવા પાપાત્માઓ પણ પાપ કરતા અટકી આત્મકલ્યાણ સાધો.'-એવું તેમનું ભલું ચિન્તવવું, એ જાુદી વાત છે અને તેઓને દેવ-ગુરૂ-ધર્મ ઉપર આક્રમણ કરતા રોકવા અને સમજાવવા આદિથી તેઓ તેમ કરતા ન રોકાય તો તેમનો પ્રતીકાર કરીને પણ દેવ-ગુરૂ-ધર્મ ઉપરના આક્રમણને ટાળવાનો પ્રયત્ન કરવા રૂપ દેવ-ગુરૂ-ધર્મની વૈયાવચ્ચ કરવી એ જાુદી વાત છે. એ બન્ને સાથે થવું જોઈએ. પહેલી વાત ભાવનાની છે અને બીજી વાત પ્રવૃત્તિની છે, એમ મુખ્યત્વે કહી શકાય. દેવ-ગુરૂ-ધર્મ ઉપર આવેલા આક્રમણને ટાળવાનો યથાશક્તિ પ્રયત્ન કરવા રૂપ જે વૈયાવચ્ચ કરવી, એનો અર્થ એ નથી જ થતો કે-દેવ, ગુરૂ અનેધર્મ ઉપર આક્રમણ લાવનારનું ભૂંડું ચિન્તવવું ! તેનું ભલું ચિન્તવતાં, તેના તરફ દ્વેષબુદ્ધિ રાખ્યા વિના એવો પ્રતીકાર કરવો જોઈએ, કે જેથી દેવ-ગુરૂ-ધર્મની રક્ષા થાય ! રક્ષાનું કાર્ય કરનારની નજર, માત્ર આક્રમણ ટાળવા તરફ જ રહેવી જોઈએ અને એમ રહે તો પણ દેવ-ગુરૂ-ધર્મ ઉપર આક્રમણ કરનારનું ભૂંડું ચિન્તવાઈ જ જાય, એમ માનતા નહિ. એવી માન્યતા તો તદ્દન ભૂલભરેલી જ છે.

◆◆◆

દેવ, ગુરૂ અને ધર્મથી આત્માને બેપરવા બનાવનાર, એના વચન પ્રત્યેના બહુમાનનો સંહાર કરનાર, 'એના કરતા હું સમજદાર છું'-એવી બુદ્ધિ પેદા કરાવનાર, દેવ-ગુરૂ અને એની આજ્ઞાની શ્રદ્ધાને સળગાવી મૂકનાર અતિ ક્રોધ, અતિ માન, અતિ માયા અને અતિ લોભ છે.

◆◆◆

દેવ, ગુરૂ અને આગમ એ ત્રણે વસ્તુઓ એવી છે કે એની આજ્ઞાનું અપમાન એ અનંતા તીર્થંકરોનું અપમાન છે. એ આજ્ઞા જેના ત્યાગમાં કલ્યાણ કહે તેના ત્યાગમાં કલ્યાણ માનો અને જેના સંગમાં કહે તેના સંગમાં માનો.

◆◆◆

દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે દુર્ભાવ, દર્શનની હયાતિવાળાને કદી પેદા થતો નથી.

◆◆◆

દેવાધિદેવ તેજ છે કે જે જગતથી વિલક્ષણ હોય, ગુરૂ તે છે કે જે મોહવશ જગતથી ઉલટે માર્ગે ચાલે અને ધર્મ તે છે કે જે મોહમગ્ન દુનિયા કરે છે તેથી ઉધી પ્રવૃત્તિ કરાવે. દેવ ગુરૂ ધર્મનું આ રીતનું સ્વરૂપ ન જાણે એજ કુગુરૂના ફંદમાં ફસે.

◆◆◆

દેખાવમાં મુનિ થઈ જવા માત્રથી આત્મકલ્યાણ સાધી શકાતું નથી, પણ મુનિપણાને દીપાવનારી નિર્મમતા અને નિષ્કષાયતા કેળવી, એવી રીતિએ વિહરવું જોઇએ કે-'જ્યાં જ્યાં પોતાનો વિહાર થાય, ત્યાં ત્યાં યોગ્ય આત્માઓ પવિત્ર થઈ સહેજે મોક્ષમાર્ગના રસિઆ બને.

◆◆◆

દ્રવ્યાનુયોગના ઝરણરૂપ ગ્રંથરત્નોની ઉપાસના સમ્યક્ત્વરત્નની નિર્મલતા આદિમાં સુંદરમાં સુંદર ફાળો સમર્પે છે.

◆◆◆

દ્રવ્યદાનમાં લાભની ભજના છે માટે દ્રવ્યદાન કરતી વખતે ભાવને ન ભૂલવો જોઈએ અને દ્રવ્યદાન લેનારે એ વસ્તુની મૂર્છાના અભાવને ન વિસરી જવી જોઇએ.

◆◆◆

દ્રવ્યસ્તવ સાચી રીતિએ કરવું હોય તો મન્દિર બાંધવામાં, જીર્ણ

મન્દિરનો ઉદ્ધાર કરવામાં, મૂર્તિ ભરાવવામાં, પ્રતિષ્ઠા કરાવવામાં, પૂજા કરાવવામાં અને સુપાત્રદાનાદિ દાનો કરાવવામાં આપણું જેટલું દ્રવ્ય વપરાય તે જ દ્રવ્ય લેખે લાગે છે અને બાકીનો બધો સંસાર હેતુલક્ષી દ્રવ્યવ્યય તથા દ્રવ્યસંગ્રહ એ મને સંસારમાં રખડાવનાર છે એમ લાગવું જોઇએ.

♦◆♦

દ્વેષમાં ભાન ભૂલેલાઓને અને સ્વચ્છન્દી કલ્પના કરી મહાપુરૂષોની પણ આશાતના કરવાનું ઘોર પાપ સેવનારાઓને કદાચ મૃષાભાષણનો ડર પણ ન હોય.

♦◆♦

દૃષ્ટાન્ત હંમેશા બાળ જીવોને પ્રિય હોય છે. વસ્તુ બાળ જીવોને સમજાવવી હોય, ત્યારે તો દૃષ્ટાન્ત બહુ ઉપયોગી થઈ પડે છે. દૃષ્ટાન્તોમાં તો પ્રમાદી પંડિતોમાં પણ ચેતના આણવાનો ગુણ છે. પ્રમાદી પંડિતોને દૃષ્ટાન્તો જાગૃત કરનારાં છે. જેઓ પાંડિત્ય દ્વારા પણ સંસારમાં પરિભ્રમણ કરવા જેવું કરી રહ્યા હોય, તેઓ માટે દૃષ્ટાન્તો જાદુઈ અસર કરનારા છે. પણ એવાએ દ્રષ્ટાન્તો પ્રત્યે પ્રાય : બેદરકાર રહેવામાં જ લાભ માને છે. દૃષ્ટાન્તો એવાઓની પોલ સારી રીતિએ ખોલી નાખે છે. પાંડિત્ય પ્રમાદનું નાશક હોવું જોઈએ અને ઉત્તમ વસ્તુ પ્રત્યે આત્માને અર્થી બનાવનારૂં પણ હોવું જોઈએ. જે પાંડીત્યમાં આ બે પરિણામોને નિપજાવવાનું સામાર્થ્ય ન હોય, તે પાંડિત્ય વાસ્તવિક રીતિએ પાંડિત્ય જ નથી. પાંડિત્ય જેમ પ્રમાદનું નાશક હોવું જોઈએ, તેમ તેને ધરનારા આત્માને તે સત્ય વસ્તુનો અર્થી બનાવનારૂં પણ હોવું જોઈએ. દૃષ્ટાન્તને સાંભળી, તેનાભાવને હૃદયમાં ઉતારવા મથનારા આત્માઓ, દૃષ્ટાન્તમાંથી 'ઘણું લઈ શકે છે. દૃષ્ટાન્ત કેવળ શ્રોતાઓને રાજી કરવામાટે નથી હોતું,પણ ગુણ પ્રાપ્ત કરાવવા માટે જ હોય છે. એય ખ્યાલમાં રાખવાનું છે.

♦◆♦

દરેક આરાધકે પોતાના આત્માના પરિણામ નિહાળતા થઈ જવું જોઈએ. આત્મનિરીક્ષણ કરવાનો ગુણ કેળવવો જોઈએ. અવિધિ થઈ જાય, એટલા માત્રથી એ ધર્મ ધર્મ રૂપ નથી, એમ તો કોઈ પણ શાસ્ત્રાનુસારી વિચક્ષણથી કહેવાય નહિ. અવિધિ દોષ રૂપ છે -એ ચોક્કસ; પરન્તુ અવિધિ

થઈ જાય એટલા માત્રથી આજ્ઞાસિદ્ધ ધર્મનું ધર્મત્વ ઉડી જાય, એમ નથી. જો એમ થાય, તો તો કોઈ ધર્મની આરાધના કરી શકે જ નહી.

◆◆◆

ઘણા શિષ્યોનો ગુરૂ એ તરી જાય અને શિષ્ય ન હોય તો સસારમાં ડુબી જાય, એવો કાયદો શ્રી જિનશાસનમાં નથી.

◆◆◆

ધન અને ભોગ ઉપરનો રાગ, સંસારના સુખ ઉપરનો રાગ, શરીર ઉપરનો રાગ, એ જો જોરદાર હોય, તો તે સારા ભાવમાં અન્તરાય કરે ને ? તમારા રાગાદિ તમને તમારી પેઢી, ઘર વગેરેને અનિત્ય માનવા દે ? પોતાને મળેલું બધું શાશ્વત છે, એવું માનતા હોય એવી રીતિએ ઘણા ચાલે છે ને ? એ અજ્ઞાન 'હું આ સંસારમાં અશરણ છું.'-એમ માનવા દે ? આપણે મરવાનું છે એમ કોઇ કહે, તોય રાગી જીવો શું કહે ? 'મરવાનું છે તેથી કાંઈ મસાણમાં જઈને પહેલેથી સૂવાય ?' એવું એવું એ વિચારે અને કહે ને ?

◆◆◆

ધનવાને પોતે વિચાર કરવો પડે, કેમ કે-એને દુર્ગતિમાં જવું નથી. જો એમ થઈ જાય કે-'આ બધો ધનનો પ્રતાપ છે, માટે ધન તો જોઈએ જ !' તો એને ડૂબી જતાં વાર લાગે નહિ. ધન તજવા જેવું છે, પરિગ્રહ એ પાપ છે, એમ જો સમજાઇ જાય, તો મહા પરિગ્રહી પણ એનો સારો ઉપયોગ કરવા માંડે ને ? અને જેમની પાસે થોડું ધન હોય તેઓય, થોડા દાન દ્વારા પણ ઘણો લાભ ઉઠાવી શકે.

◆◆◆

ધનની પ્રાપ્તિ વિના પુણ્યે સંભવિત નથી, એમ માનનારો ધનનો અર્થી, ધન માટે અનીતિ આદિ પાપોને રસપૂર્વક આચરવાનું દુઃસાહસ કેમ જ કરે ? અનીતિ આદિને આચરીનેધન કમાનારાઓને ડાહ્યા અને હોશિયાર કેમ જ માને ? અનીતિ આદિને આચરવા છતાં પણ ધનની પ્રાપ્તિ પુણ્ય વિના થાય જ નહિ, એ વાતને એ કેમ સમજે નહિ ? આજે જ નહિ, પરન્તુ ભૂતકાળમાં પણ જેઓ પુણ્ય-પાપની શ્રદ્ધાથી પરવારેલા હતા. તેઓ યથેચ્છ પણે અનીતિ આદિને આચરીને, મનુષ્યભવનો કારમી રીતિએ વિનાશ કરીને સંસારસાગરમાં ડૂબી ગયા છે. એજ રીતિએ, એવી જ વૃત્તિવાળાઓ આજે

પણ એવું જ કરી રહ્યા છે.

♦♦♦

ધર્મ અધિકારિએ કરવા યોગ્ય છે : અનધિકારી કરે તો શ્રી જિનની આજ્ઞાના ભંગનો દોષ લાગે : આજ્ઞાભંગ એ મહાદોષ છે : આજ્ઞાભંગના દોષમાં બીજા દોષોનો સમાવેશ થઈ જાય છેઃ કારણ કે-ધર્મ શ્રી જિનની આજ્ઞાથી પ્રતિબદ્ધ છે.

♦♦♦

ધર્માચાર્યને પદે ચઢી બેસવું અને ફરજ ચૂકીને મૌન રહેવું, કોઈ મ્હોંઢામાં આંગળાં નાખીને પૂછવા આવે ત્યારે પણ ઉડાઉ ઉત્તર આપવો, એ તો શાસનના નામે લીધેલી પૂજાનો દુરૂપયોગ કરવા બરાબર છે.

♦♦♦

ધર્માનુષ્ઠાનના ફલ તરીકે પૌદ્ગલિક સુખની માગણી-ઈચ્છા, એ ખરેખર અયોગ્ય ઈચ્છા છે : એનું પરિણામ સારૂં નથી હોતું.

♦♦♦

ધર્મઘાતક આજ્ઞાની સામે થવાનો પુત્રને જેમ અધિકાર છે, તેમ ધર્મનો ઘાત નહિ કરનારી જે આજ્ઞાઓ તે આજ્ઞાઓને આધીન થવાની પણ પુત્રની ફરજ છે.

♦♦♦

ધર્મ આત્મિક સુખ પ્રાપ્ત કરવાને માટે અનિવાર્યપણે જરૂરનો છે. આત્માના ઉદય માટે તેની જરૂર છે, એમ જ્યાં સુધી હૈયામાં વસ્યું નથી, ત્યાં સુધી જ મનુષ્ય તેની અવગણના કરે છે.

♦♦♦

ધર્મ એ નથી, કે જે પુણ્ય લાલસાને વધારી મૂકે ! ધર્મ તો એ છે, કે જે આત્માની સાથે અનાદિકાળથી ચાલ્યા આવતા પુદ્ગલના યોગના નાશને માર્ગે જ આત્માને દોરે છે.

♦♦♦

ધર્મ કરવાની જેને સામાગ્રી મળી નથી એ તો દુર્ભાગી છે જ પણ છતી સામગ્રીએ ધર્મ નહિ કરનારા અને મોક્ષસાધક સામગ્રીનો કેવળ ભોગમાં જ ઉપયોગ કરનારા કમ દુર્ભાગી નથી.

♦♦♦

ધનપાળ, એ બ્રાહ્મણમાંથી જૈન થયો હતો. ભોજની સભામાં ઉંચી કોટિનો પંડિત હતો. તિલકમંજરી ગ્રંથ એણે લખ્યો. ગ્રંથનું એ નામ પાછળથી પડયું પ્રથમનું નામ એ ન હતું. એ ગ્રંથમાં એણે શ્રી આદિનાથ ભગવાનનું જીવન લખેલું.

જ્યારે ગ્રંથ લખાતો હતો, ત્યારે રાજાએ રાજસભામાં ન આવવાનું કારણ પૂછતાં કહેલું-'રાજન્ ! હાલ હું એક ગ્રંથ લખું છું'

એક વખતે રાજાને એ બે ભેગા થયા રાજાએ પૂછયું 'ગ્રંથ પૂરો થયો?' ધનપાળે હા કહી.

ગ્રંથ મંગાવ્યો. જોયો. વાંચ્યો. રાજા કહે છે કે-'ધનપાળ ગ્રંથ મજેનો પણ એક વાત. જ્યાં જ્યાં અયોધ્યા લખ્યું છે ત્યાં ધારા લખો. જ્યાં ભરતનુંનામ છે ત્યાં ભોજનું નામ લખો. અને જ્યાં ઋષભદેવ છે ત્યાં મારા માનીતા દેવનું નામ લખો.'

ધનપાળ કહે છે કે-'મહારાજ ! કયાં એ અયોધ્યા ને કયાં આ ઝુંપડાવાલી ધારા ? કયાં ભરત ને કયાં ભોજ ? કયાં દયાની મૂર્તિ શ્રી ઋષભદેવસ્વામી અને કયાં તમે માન્યા તે. શું તમે એમ માનો છો કે-ઐરાવણની જગ્યાએ રાસભને, ચિંતામણિની જગ્યાએ કાચને અને સુવર્ણની જગ્યાએ કથિરને ગોઠવાય ?'

ભોજ-કોની આગળ બોલો છો ?

હું કોણ ?

ધનપાળ-અન્નદાતા.

ભોજ-કહું તેમ કરવું પડશે.

ધનપાળ-નહિ બને.

ભોજ-પરિણામ ભયંકર આવશે.

ધનપાળ-હું ભાટ નથી.

ભાટ હાજી હા કરે. પૈસા માટે ખોટું બી લખે. પંડિત તેમ ન કરે. પૈસાને લાત મારે. સત્યને સ્વીકારે. રાજાએ ગ્રંથ સળગતી સગડીમાં નાંખ્યો. પુસ્તક આખું ને આખું બળી ગયું. ધનપાળ કવિએ કહ્યું- 'राजन् ! विनाश काले विपरीत बुद्धिः'

આ ધર્માભિમાન કયાં છે ?

ધનપાળ ઘેર આવ્યો. ખાવું ભાવતું નથી. ગળે ઉતરતું નથી. છોકરી તિલકમંજરીએ પૂછયું-'બાપાજી શું છે ?'

ધનપાળ-વર્ષોની મહેનત અગ્નિમાં, રાજાએ ગ્રંથ બાળી નાખ્યો.

તિલકમંજરી-મારે મોંઢે છે.

ધનપાળે એ ગ્રંથનું નામ ફેરવી તિલકમંજરી રાખ્યું.

♦♦♦

ધર્મ, એ સુવર્ણની બેડીમાં બંધાવવાને માટે જ નથી, પણ ધર્મ તો કર્મની, સુવર્ણની હોય કે લોઢાની હોય એ બન્નેય બેડી તોડવા માટે છે.

♦♦♦

ધર્મક્રિયામાં કલાકો ગાળવા, નિરૂદ્યમી બની જવું, એના કરતાં ગમે તેવા ઉદ્યમી શું ખોટા ?'-આ વિચારણાને લઈને ધર્મ પ્રત્યે આસ્થાવાળાની સંખ્યા ઘટતી જ જાય છે : જ્યાં જાઓ ત્યાં એ વર્ગ ઘટતો જાય છે. જીવ શું ?, દયા શું ?,-એ પ્રશ્નો જતા રહ્યા. 'શું કરીએ તો સારી ગતિ થાય અને આત્માનું કલ્યાણ થાય ?'-એ જાતિનો વિચાર જતો રહ્યો અને એને બદલે આજે એ પ્રશ્નો ઉભા થયા કે-'સારી ગતિ થાય એની ખાત્રી શી ? પરલોક છે એમાં પ્રમાણ શું ?' એકલા જૈનોમાં નહિ પણ સર્વ જગ્યાએ આમ થયું છે. જે દેશમાં ધર્મ વિના ખરાબમાં ખરાબ જાતિ પણ રહી શકતી નથી, જાનવરોની કતલ કરનારો પણ કુતરાને રોટલો નાંખવામાં જે દેશ ધર્મ માને, જે આર્ય દેશના સંસ્કાર તે હતા કે ભાણા પર બેસતી વેળા એક ટુકડો બાજુ પર કાઢયા સિવાય ખાય નહિ, કસાઈઓ પણ પાપ કબૂલ કરે કે મારે પાપ કરવાં પડે છે, એ પણ બહાર નિકળે ત્યારે જાનવરને એક પૈસાની પણ ઘાસની પુળી નાંખવામાં ધર્મ માને, એ રીતે જે દેશમાં ધર્મની જડ કોઈના પણ હૈયામાંથી ગઈ નહોતી, તેજ દેશમાં આજે ગામે ગામ ફરોઃ એક જ પ્રશ્ન-'આ બધી ધર્મક્રિયાઓમાં શું પડયું છે ? આળસુ અને નિરૂદ્યમીઓ છો ? ધર્મ-ધર્મ શું કરો છો ? આમાં જીવ, આમાં અજીવ, એ પંચાતમાં શું પડયા છો ?'-આ સ્થિતિમાં ધર્મ સંભળાવવાનો રહ્યો કયાં ?

♦♦♦

ધર્મદેશના પણ પોતાની ખ્યાતિ માટે કરનારા એ પાપી આત્માઓ છે. કારણ કે-અનુગ્રહ-બુદ્ધિએ કરેલો ધર્મોપદેશ એજ એકાંતે લાભદાયી નીવડે

છે. અપકાર કરવા માટે કે બીજાને હલકા પાડવા માટે કરેલો ઉપદેશ એ ધર્મોપદેશ નથી.

◆◆◆

ધર્મદેશકે, શ્રોતાના અન્તરમાં વિષય વિરાગની ભાવના જન્મે, કષાયત્યાગ કરવાની વૃત્તિ પ્રગટ થવા પામે, આત્માના ગુણો પ્રત્યે અનુરાગ વધે અને આત્માના ગુણોને ખીલવનારી ક્રિયાઓમાં જ જોડાઈ રહેવાની અભિલાષા પ્રગટે એવી રીતિએ જ વાંચન કરવું જોઈએ. એ રીતિએ વાંચન કરવા છતાં પણ, શ્રોતાની અયોગ્યતાથી વિપરીત પણ પરિણામ આવે, તોય તે ધર્મદેશકને તો એકાન્તે લાભ જ થાય છે. આ જ રીતિએ, શ્રોતાઓએ પણ ધર્મકથાનું શ્રવણેય એ જ ઈરાદાથી કરવું જોઈએ કે-'મારામાં વિષયવિરાગ વધો, કષાયત્યાગની વૃત્તિ સુદૃઢ બનો, આત્માના ગુણો પ્રત્યે સાચો અનુરાગ પ્રગટો અને આત્માના ગુણોને ખીલવનારી ક્રિયાઓમાં મારો જેટલો પ્રમાદ છે તે દૂર થાઓ !' વક્તા-શ્રોતાનો આવો યોગ હોય અને પરમ ઉપકારી મહાપુરૂષોએ રચેલું ચરિત્ર હોય, તો એના વાંચનનું અને શ્રવણનું કેટલું સુન્દર પરિણામ આવે તે વિચારી તો જુઓ' !

◆◆◆

ધર્મ, ધર્મ તરીકે વિના કારણે નથી ઓળખાતો પણ દુર્ગતિમાં પડતા જંતુને ધરી રાખે છે એજ કારણે ધર્મ, ધર્મ કહેવાય છે અર્થાત ધર્મ તે કહેવાય કે-જે આત્માને દુર્ગતિમાં પડતાં બચાવે. જેનામાં એ તાકાત નથી તે ધર્મ તરીકે ઓળખાવાને લાયક નથી.

◆◆◆

ધર્મથી તો વિષયાસક્તિ ઘટે અને વિષયવિરાગ વધે ! ધર્મથી સંસારનો રાગ ઘટે અને મોક્ષનો રાગ વધે ! ધર્મથી તો કષાયો પણ ઘટે, આત્માના ગુણોને પ્રગટાવવાનું આકર્ષણ વધે અને સંસારથી છોડાવીને મોક્ષને પમાડનારી ક્રિયાઓની આડે જે પ્રમાદ આવતો હોય તે પ્રમાદ દુશ્મન જેવો લાગે.

◆◆◆

ધર્મ પામ્યા પછી આત્માને જરૂર લાગે કે પ્રભુનો માર્ગ મને સાચો લાગ્યો તો એનોજ નાશ કરનારી વસ્તુ મને કેમ સારી લાગવી જોઈએ ?

◆◆◆

ધર્મ પ્રત્યેની બેદરકારી ત્યારેજ જવાની કે સંસાર ખોટો છે અને સંયમ સારો છે એમ હૃદયથી મનાશે.

◆◆◆

ધર્મ બે પ્રકારના છે. સ્વભાવધર્મ અને સાધનધર્મ. સ્વભાવધર્મ એ આત્માના ગુણો છે અને સાધનધર્મ એ ગુણોને પ્રગટ કરવાને સાધનરૂપ છે.

◆◆◆

ધર્મ બે રીતે થાય છે : એક સ્વયંજ્ઞાન પ્રગટે તો અને બીજી રીતે જ્ઞાનીની નિશ્રા મળે તો.

◆◆◆

ધર્મ બે રીતે થાય છે. ' સંસારમાં સુખે રહેવા અને મુક્તિમાં જવા' પણ ધર્મી તેનેજ કહેવાય કે જે મુક્તિ જવા માટે ધર્મ કરે.

◆◆◆

ધર્મશાસ્ત્રકાર, એટલે બીજાએ પોતાના ઉપર ઉપકાર કર્યો છે કે નહિ- તેની અપેક્ષા વિનાના, નિઃસ્પૃહ, મોક્ષમાર્ગને જાણનારા અને એ માર્ગે જીવનારા. પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે સમવૃત્તિવાળા બનેલા, મોક્ષમાર્ગના મુસાફર અને શિવસુખમાં જ બદ્ધરાગ બનેલા ! એવો રાગ ન હોય તો સંસારસુખમાં લોભાયા વિના રહે ? અને, એવા રાગ વિના, એ બીજા આત્માઓના સંસારરાગને છોડાવી શકે ? કહેવું જ પડે કે-નહિ. આથી સ્પષ્ટ છે કે- ધર્મશાસ્ત્રકાર સંસારરાગના વૈરી ! વૈદ્યની દવા જેમ રોગને નાબૂદ કરે તેમ ધર્મશાસ્ત્રકારનું વચન પુણ્યાત્માઓના સંસારરાગ રૂપ રોગને નાબૂદ કરે અને શિવસુખના રાગ રૂપ ઔષધની બક્ષીસ કરે.

◆◆◆

ધર્મશીલ આત્માઓનો જોતેવો કોઈ કારમો પાપોદય ન હોય અને પુણ્યોદય જાગૃત હોય, તો કારમી પણ આપત્તિ સહજમાં નાશ પામી જાય એમ પણ બનેઃ પણ એવી આશા નહિ રાખતાં, ધર્મશીલ આત્માઓએ તો સત્વશીલ બનીને, ગમે તેવી આપત્તિઆને સહીને પણ ધર્મપાલન કરવાની ભાવનામાં જ રાચવું જોઈએ.

◆◆◆

ધર્મમાં વિઘ્ન, એ પુણ્યશાલી આત્માને પોતાના શિરચ્છેદ કરતાં પણ

અતિશય દુઃખરૂપ થાય છે : કારણ કે-તે આત્માને મન ધર્મ એજ સર્વસ્વ હોય છે.

◆◆◆

ધર્મ માટે લક્ષ્મી મેળવવાની ઈચ્છા થાય તે કરતાં લક્ષ્મી મેળવવાની ઈચ્છા જ ન થાય એ વધારે સારૂં છે.

◆◆◆

ધર્મ ઉપર વાસ્તવિક અનુરાગ થયા વિના ધર્મની વાસ્તવિક સેવા થઈ શકતી નથી.

◆◆◆

ધર્મ એ ઘણાના સહવાસમાં સુંદર રીતે થાય છે. એકાકીપણું શાસ્ત્રે કહ્યું છે તે અમૂક લાયકાત આવ્યા પછી છે.

◆◆◆

ધર્મ એ જ સાચા સુખનું વાસ્તવિક સાધન છે. આમ હોઈને, જે સાધનો ધર્મનાં છે, તે જ સાધનો સુખનાં છે !

◆◆◆

ધર્મ એ આત્મામાં ગુરૂની માફક ઉજ્જવલ ગુણોનું સંક્રમણ કરાવે છે અને ધર્મ એ આત્માને સ્વામિની માફક પ્રતિષ્ઠાને પમાડે છે.

◆◆◆

ધર્મ એ આત્માની મુક્તિ માટે છે પણ સંસારમાં રૂલવા માટે નથી. જે ધર્મથી આત્માની મુક્તિ ન થાય અને સંસારમાં રૂલવાનું કાયમ રહે, એને ધર્મ કહ્યો કોણે ?

◆◆◆

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે, ધર્મ એ સ્વર્ગ અને અપવર્ગને આપનાર છે અને ધર્મ એ સંસારરૂપી અટવીના ઉલ્લંઘનનો જે માર્ગ તેને દર્શાવનાર છે.

◆◆◆

ધર્મ એ આત્માનું માતાની માફક પોષણ કરનાર છે અને પિતાની માફક પાલન કરનાર છે, તથા ધર્મ એ આત્મા ઉપર મિત્રની માફક પ્રેમ કરનાર છે અને બંધુની માફક સ્નેહ ધરનાર છે.

◆◆◆

ધર્મ એનું જ નામ છે કે-યોગ્ય આત્માની સલાહ મુજબ ચાલવું. દરદીને નીરોગી થવાની ઇચ્છા છે, એમ ત્યારે જ મનાય, કે જ્યારે નીરોગી કરનાર વ્યક્તિના વચન ઉપર તેની પ્રતીતિ હોય. ડોકટરોની સલાહ મુજબ ચાલ્યા. એણે સુવાડયા તેમ સૂતા, બેસાડયા તેમ બેઠા, એના વચન ખાતર સારી પણ વસ્તુ ખાવાનો ત્યાગ કર્યો, છતી ભોગસામગ્રી ન ભોગવી, હજારો ને લાખો આપીને પણ વારંવાર આજ્ઞા માની, તે છતાં આ શરીરાદિ વસ્તુ રાખી રહેવાની નથી; એવી તમારી ખાતરી છે ? નથી રહેવાની, તો એને છોડીને કોઇ જગ્યાએ જવાનું છે, એ નક્કી છે, તો સારી જગ્યાએ જવાની સલાહ આપનારને મેળવવાની ચિંતા તમારા હૃદયમાં લાગી છે કે કેમ ?

◆◆◆

ધર્મક્રિયા કરનારને પરિણામ બગડવાનો સંભવ ઓછો છે, પણ એય મનથી અધર્મમાં ખૂંચે એ બને; પરન્તુ તમારે તો બેઠેલા હોવા છતાં પણ અધર્મના પરિણામથી બચવાનું છે ને ? અધર્મ તજવા જેવો અને એક ધર્મ જ કરવા જેવો-એવું લાગ્યા વિના, પરિણામ જળવાય શી રીતિએ ?

◆◆◆

ધર્મગુરૂઓ પણ ત્યાગજીવનથી વિરૂદ્ધ બોલે અને આચરે, એ પણ મોહનો જ ચાળો છે.

◆◆◆

ધર્મ કેમ કરો છો, એ વાત હાલ બાજૂએ રાખો. ધર્મ અનેક રીતિએ થાય છે. મોટા શ્રીમાનને સલામ ભરો છો, એ હૃદયના પ્રેમથી કે બીજું કાંઈ પણ હોઈ શકે છે ? હૃદયના પ્રેમ વિના પણ એ ક્રિયા કરવી પડે છે ને ? શરીરાદિકના રક્ષણ માટે, ધાર્યા કરતાં વધુ પ્રયત્ન કરીએ તો પણ એ બધું અમુક અમુક કાળથી વધુ રહેવાનું નથી. છતાં એની ચિંતા છે ! તમે આજ-કાલ કયી ચિંતામાં સડો છો ? જેમ વ્યવહારમાં તમે અમુક અમુકના વચનને આધીન થયા છો, તેમ તમે ધર્મની બાબતમાં નથી : તેથી તમને તેવા કરવા માટે જ્ઞાનિઓનો પ્રયત્ન છે.

◆◆◆

ધર્મ કરવા છતાં મોક્ષ સિવાયની બીજી બીજી સાંસારિક લાલસાઓ રહી જાય છે, એ બધાની જડ વિષય ધનાદિ પ્રત્યેનો તીવ્ર રાગ છે.

◆◆◆

ધર્મ કરનાર આપણે વિચાર કરવો જોઈએ કે-આપણે ધર્મ કરીએ છીએ, તે કેટલોક કરીએ છીએ અને તે કયી રીતિએ કરીએ છીએ ? ભગવાને જે ધર્મ બતાવ્યો છે, તે ધર્મદાન, શીલ, તપ અને ભાવ રૂપ છે. આ ધર્મમાં એવી શક્તિ છે કે-આને આરાધનારો જેમ જેમ આને આરાધતો જાય, તેમ તેમ કષ્ટ સહવાને અને કર્મ કાઢવાને એ સમર્થ બનતો જાય ! પણ, ભગવાને કહેલો આ ધર્મ આપણે શક્તિ મુજબ આરાધીએ છીએ ખરા ?

♦♦♦

ધર્મ કયારે દીપે ? પૈસા હોય ત્યારે ? ધર્મ એ પૈસા, બંગલા કે સાહ્યબીથી દીપતો નથી. ધર્મીથી જ ધર્મ દીપ્યા છે : શેઠીઆઓથીજ દીપ્યા નથી. ધર્મી બનવાની ચિંતા હરહંમેશ રહ્યા કરવી જોઈએ : અને ચિંતા રહે તો વિષયધનાદિનું મમત્વ ઘટયા શિવાય રહે નહિ.

♦♦♦

ધર્મ કે ધર્મિની ગ્લાનિને પ્રસન્ન હૃદયે જોઈ રહેનારો આત્મા ધર્મી જ નથી. ધર્મ અને ધર્મિની ગ્લાનિ થઈ રહી છે, એમ જાણવા છતાં પણ જે પ્રસન્નચિત્ત રહી શકે છે અને નિર્ઘૃણપણે હસ્યા કરે છે, તે ખરે જ એક ભયંકર રીતિએ ધર્મ અને ધર્મિના નાશની જ કાર્યવાહી કરનાર છે, એમાં શંકાના એક લેશને પણ અવકાશ નથી.

♦♦♦

ધર્મ તે જ, કે જે સંસારના દુ:ખનું મંથન કરનાર હોય : કારણ કે-જેનામાં સંસારનાં દુ:ખોનો નાશ કરવાની શક્તિ નથી, તે વસ્તુત ધર્મ જ નથી.

♦♦♦

ધર્મ જો આજ્ઞાસિદ્ધ હોય અને આરાધકની ઈચ્છા આજ્ઞા મુજબ જ આરાધવાની હોય, તેમજ વિરાધનાનો પૂરેપૂરો ડર હોય, તો એ ધર્મ કદાચ અવિધિએ કરાતો હોય તો પણ તે પરિણામે ફળ આપ્યા વિના ન રહે.

♦♦♦

ધર્મ તેજ છે કે-જે ક્રિયાઓ દુનિયાની આધિ-વ્યાધિ-ઉપાધિનો નાશ કરવા સમર્થ થાય-એ શિવાયની જેટલી ક્રિયા છે, તે ઘાંચીના બેલની ગતિ જેવી છે.

♦♦♦

ધર્મ જેવી વસ્તુ લોકેષણામાં પડેલા પામર આત્માઓ પાસે ટકી

શકતી જ નથી.

♦♦♦

ધર્મના નામે અધર્મ કદી ન કરશો. તમારી સહાયથી થતી કાર્યવાહીમાં શું થાય છે, એ જોતાં નહિ શીખો તો તમારી જ સહાયથી કઈ આત્માઓ ડૂબી જશે.

♦♦♦

ધર્મના રસિકો વધુ ધર્મરસિક બને, એ કાર્યવાહી કરવાને બદલે વિપરિત કાર્ય કરવાથી, આત્મા દુર્લભબોધિ યા બહુલસંસારી થાય, એમાં શું આશ્ચર્ય છે ?

♦♦♦

ધર્મનાં બે મહાન તત્ત્વો વિસરાઈ ગયાં છે. આજે તો ધર્મ કરીએ તો પુણ્ય થાય અને પુણ્યથાય તો સુખી થઈએ, એજ એક યાદ રહ્યું છે. એવા નથી તો મોક્ષને યાદ કરતા કે નથી નિર્જરાને યાદ કરતા !

♦♦♦

ધર્મના ઉદયમાં દુનિયાનો ઉદય છે, એની સામે એક પણ દલીલ ટકી શકે તેમ નથી. ધર્મનો ઉદય થયા વિના કદી દેશનો ઉદય થયો પણ નથી અને થવાનો પણ નથી.

♦♦♦

ધર્મીને અવિધિને પંપાળનારા આત્મહિતના ઘાતકો અને વિધિ દર્શાવનારા ઉપકારીઓ લાગે :

♦♦♦

ધર્મના દરેક આરાધકમાં વિધિપરતા હોવી, એ પણ અતિ જરૂરી છે : વિધિ મુજબ કરવાનો પ્રયત્ન ચાલુ હોવા છાતાં અવિધિ થઈ જતો હોય, તો એથી ઉત્તમ ક્રિયાનો ત્યાગ નહિ કરવો જોઈએ, પરન્તુ વિધિ મુજબ વર્તવાનો પ્રયત્ન કરવો જોઈએ. ધર્મ કરવો એટલું જ ધ્યેય નહિ રાખતાં, શ્રી જિનાજ્ઞા મુજબ ધર્મ કરવો, એ ધ્યેય રાખવું જોઈએ : અને જે. આત્માઓ શ્રી જિનાજ્ઞા મુજબ ધર્મ કરવાનું ધ્યેય રાખે છે, તે આત્માઓ વિધિ પ્રત્યે અબહુમાનવાળા હોય નહિ, વિધિની ઉપેક્ષા કરનાર હોય નહિ અને એવા આત્માઓને અવિધિને પંપાળનારાઓ આત્મહિતના ઘાતકો લાગે, જ્યારે અવિધિના નિષેધ

પૂર્વક વિધિ દર્શાવનારાઓ ઉપકારીઓ લાગે.

♦♦♦

ધર્મની ઉત્પત્તિ અધુરાની બુદ્ધિમાંથી નથી ધર્મની ઉત્પત્તિનું સ્થાન બુદ્ધિથી ભિન્ન છે. પોતાની બુદ્ધિથી ધર્મને કહેનારા, એ બધા મિથ્યા ધર્મને કહેનારા છે.

♦♦♦

ધર્મની સેવા નિષ્ફળ જતી નથી, કારણ કે-ધર્મ કરનારાની ચિંતા ધર્મ સ્વયમેવ કરે છે.

♦♦♦

ધર્મની અનુપમ આરાધના કરનારા આત્માઓને સંસાર કેમ સંઘરે ? અને એવા આત્માઓને વરવા માટે મુક્તિરમણી પણ કેમ ન તલસે ? મોક્ષલક્ષ્મી આવા આત્માઓના કરકમળમાં હોય, એમાં આશ્ચર્ય પણ શું ?

♦♦♦

ધર્મની આરાધના માત્ર વાતો જ કરનારા નથી કરી શકતા. ધર્મ, એ રોમરોમમાં પરિણત થઈ જવો જોઈએ. જ્ઞાનિના એક એક વચનની ખાતર, જીવનનું સર્વસ્વ સમર્પી દેવાની ઉત્કંઠા ઉલ્લસિત રહેવી જોઈએ.

♦♦♦

ધર્મની સામે આવતાં આક્રમણોને નિહાળીને જે ધર્મરાગી ગણાતો આત્મા ખળભળી ન ઉઠે, તેના આત્મામાં સમ્યક્ત્વની પણ શંકા જ છે.

♦♦♦

ધર્મની સામગ્રી નહિ પામનારા અને પામ્યા છતાં પણ નહિ આરાધનારા આત્માઓ, સુખના અર્થી છતાં, આ દુઃખમય સંસાર રૂપ અટવીમાં રવડયા જ કરે છે.

♦♦♦

ધર્મનીતિ પર મનુષ્યજીવનની સાર્થકતાનો પાયો રહેલો છે : નીતિમાં દૃઢ રહેવા પાપભીરૂતાની જરૂર અને પાપની ક્રિયામાંથી બચવા માટે ઈંદ્રિયો ઉપર કાબુ પ્રાપ્ત કરવો જોઈએ.

♦♦♦

ધર્મની આરાધનાનો આધાર પ્રશસ્ત કષાયો ઉપર છે. પ્રશસ્ત કષાય

એટલે મન ચોકખું અને આચાર અને ઉચ્ચારમાં જરૂર પડયે કડવાશ. સ્વ અને પરના હિતને માટે કરાતો કષાય એ મનને મલિન કરી શકતો નથી અને મન મલિન થાય ત્યાં પ્રશસ્ત કષાય ટકી શકતો પણ નથી.

♦♦♦

ધર્મની કિંમત હૈયે વસી નથી અને એથી જ એમ થાય છે કે-'ધર્મના વિષયમાં જ્ઞાન હોય તોય ઠીક અને ન હોય તોય વાંધો નહિ : ધર્મના કાર્યમાં વિધિય ચાલે અને અવિધિય ચાલે : જેવી જેની બુદ્ધિ.'જ્ઞાનના સંપાદનની ઉત્સુકતા અને વિધિબહુમાન હોય તો અજ્ઞાન અને અવિધિ એટલાં ખરાબ ન કહેવાય, પણ આ તો જ્ઞાનની કે વિધિની દરકાર નથી એની પંચાત છે. ધર્મના વિષયમાં સઘળું જ ચાલે, એમ કહેનારાઓ અજ્ઞાની એવા દીકરાને પણ પેઢી નહિ સોંપતાં, હુંશીયાર એવા બીજા માણસને મુનીમ બનાવે છે, તેનું કારણ ? ત્યાં જેવું અર્થિપણું છે તેવું અર્થિપણું જો ધર્મમાં આવે, તો કામ થઈ જાય. જીવનને કાંઠે ઉભેલો ૯૦ વર્ષનો બુઢ્ઢો પણ મનુષ્યભવની દુર્લભતાને આર્યદેશાદિની દુર્લભતાને, તત્ત્વોના વાસ્તવિક સ્વરૂપના લેશને ન જાણતો હોય, તો ય તેને એનું દુઃખ કેટલું ? એ વખતે ય એને એમ થાય ખરૂં કે-જીવતર એળે ગયું ? મરતાં મરતાં ય પશ્ચાતાપ થાય ખરો ? એવાને નિર્યામણા કરાવનારા સાધુ મળી જાય, તો ય સાધુ નિર્યામણા કરાવે શી રીતિએ ? નિર્યામણા કરાવનારા સાધુ જે કાંઈ કહે, તે રૂચવા જેટલી તો લાયકાત હોવી જોઈએ ને ? શ્રાવકોએ તો પોતાના જીવનને એવું ઘડવું જોઈએ, કે જેથી અન્ત સમયે નિર્યામણા કરાવનારનો યોગ કદાચ ન પણ પ્રાપ્ત થાય, તો ય સ્વયં નિર્યામણા કરી શકાય અને સમાધિમરણે મરી શકાય.

♦♦♦

ધર્મનું આચરણ કરવાને માટે સંસારના રાગ ઉપર કાપ મૂકવો જ પડે, કારણ કે-સંસારનો રાગ ધર્મના આચરણમાં વિઘ્ન કરનાર છે. તમને સંસારના રાગ ઉપર ગુસ્સો આવે છે ખરો ? મારો સંસારનો રાગ કેવો ભૂંડો છે કે-હું જેમ સુખનો અર્થી છું, તેમ સર્વ જીવો સુખના અર્થી છે, છતાં પણ મને સંસારનો રાગ બીજાના સુખ પ્રત્યે બેદરકાર બનાવે છે, એમ થાય છે ? સંસારનો રાગ ભૂંડો લાગ્યા વિના સાચો ત્યાગ આવી શકે જ નહિ.

♦♦♦

'ધર્મનું શું કામ ?'-એમ કહેનારને પૂછવું કે-'જન્મવાનું શું કામ ?' ઉધા પ્રશ્નો કરનારને માટે પ્રતિબંદી ઉત્તરો 'ધર્મ આ માટે છે'-એની ચર્ચા એવાઓની સાથે કરવી, એ ગળાનો શોષ કરવા જેવું છે.

◆◆◆

ધર્માર્થિએ લોકહેરીનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ લોક આપણી ભૂલથી, આપણા અસદ્ વિધાનથી અધર્મ ન પામી જાય, એની જરૂર કાળજી રાખવી જોઈએ : પરન્તુ યથાવિધિ આજ્ઞાસિદ્ધ ધર્મ કરતાં, આપણે માટે અજ્ઞાન લોક શું ધારશે અને શું બોલશે, એવી ચિન્તામાં પડીને ધર્મનો ત્યાગ નહિ કરવો જોઈએ.

◆◆◆

ધર્મલાભના જ અર્થી આત્માઓ શ્રી જિનેશ્વરદેવના મુનિવરો પાસેથી સાચો લાભ ઉઠાવી શકે છે.

◆◆◆

ધર્મવ્યવહાર એ સારા આશયથી જ તારનારો બની શકે છે. જેના હૈયામાં મોક્ષનો આશય પ્રગટયો અનેભગવાને કહેલ મોક્ષમાર્ગની આરાધના કરવાનો આશય પ્રગટયો, તે ધર્મ સિવાયનો વ્યવહાર ન જ કરે- એમ નહિ, પણ એને કરવો ગમે કયો વ્યવહાર ? ધર્મવ્યવહાર ! અધર્મનો વ્યવહાર કરવા છતાંય, એ છોડવા જેવો જ લાગે અને ધર્મનો વ્યવહાર ન થાય, તોય કરવા જેવો એ જ છે-એમ થયા કરે.

◆◆◆

ધર્મ વસ્તુતઃ રહે છે કયાં ? ધર્મ બહાર રહેતો નથી. આત્મામાં રહે છે. જે ધર્માનુષ્ઠાનો છે, તે આત્મામાં પ્રગટેલા ધર્મનાં પ્રતીક છે. ધર્મ આત્મામાં પ્રગટયો ન હોય છતાં ધર્માનુષ્ઠાન હોઈ શકે, પણ એ ધર્માનુષ્ઠાન જો આત્મામાં પ્રગટેલા ધર્મનાં પ્રતીક હોય, તો નાનામાં નાના પણ ધર્માનુષ્ઠાનથી આત્માને ઘણો મોટો લાભ થઇ જાય. તેજ ધર્માનુષ્ઠાનો વસ્તુત : સારાં છે, સફળ છે, કે જે ધર્માનુષ્ઠાનો કાં તો આત્મામાં પ્રગટેલા ધર્મનાં પ્રતીક હોય અથવા તો જે ધર્માનુષ્ઠાનો આત્મામાં ધર્મને પ્રગટ થવામાં સહાયક બને એવાં હોય. એટલે, લક્ષ્યતો આત્મામાં ધર્મ પ્રગટે એ જ હોવું જોઈએ.

◆◆◆

ધર્મબીજનું આરોપણ કરવા માટે ગુરૂની પરતંત્રતામાં રહેવા યોગ્ય હોય તે પણ લાયક ગણાય છે.

♦♦♦

ધર્મ સામે જેમ આવે તેમ બોલનાર એ સ્વતંત્ર નથી પણ એક રીતીએ પોતાની દુર્બુદ્ધિને પરતંત્ર છે.

♦♦♦

ધર્મસાધનના નામેશરીરના સેવક બની બેઠા, તો પરિણામ ઘણું જ ભયંકર આવશે : કારણ કે-શરીરનો મોહ અનેક અનર્થોનું મૂળ છે.

♦♦♦

ધર્મશાસ્ત્રકાર ધર્મના શ્રદ્ધાળુ જ્ઞાતા પણ જોઈએ અને ધર્મના કર્તા પણ જોઈએ. ધર્મશાસ્ત્રકાર નિઃસ્પૃહ પણ જોઈએ અને નિર્વેદને પામેલા પણ જોઈએ. એ બધી યોગ્યતાઓ વિના જે ધર્મશાસ્ત્રકાર બની બેસે, તે તરનાર અને તારનારા બનવાને બદલે, કદાચ ડૂબનાર અને ડૂબાડનાર બને. જરૂરી યોગ્યતા વિનાના આત્માઓ ધર્મશાસ્ત્રકાર બને અને દુનિયા પણ એવાઓનાં કથનોમાં મુંઝાય, તો સમજી લેવું કે-જગતનું ભાવિ ઉજળું લાગતું નથી, પણ કાળું લાગે છે.

♦♦♦

ધર્મસ્થાનોમાં ધર્મ કરવાનો અને બહાર અધર્મ કરવાથી વાંધો નહિ, આવી માન્યતા શ્રાવકની ન હોય. અધર્મ ત્યારેય, એ કરવા લાયક નથી અને કરવા લાયક તો ધર્મ છે-એમ એ માને; એમાં પરિણામની જાળવણી છે.

♦♦♦

ધર્મશાસ્ત્રકારોના સ્વરૂપને જે આત્માઓ બરાબર સમજી લે, તેઓ જરૂર કલ્પના કરી શકે કે-ધર્મશાસ્ત્રકારો શું ફરમાવે અને શું ન ફરમાવે. બુદ્ધિનો સદુપયોગ કરાય અને લઘુકર્મિતા હોય, તો થોડી વાતમાંથી પણ ઘણી વસ્તુનો ખ્યાલ મેળવી શકાય. પણ આજે તો ઘણાઓ કહે છે કે-ફુરસદ જ કયાં છે ? વ્યવહારનું જાણવા-સમજવાને માટે જેટલાં વર્ષો કાઢયાં, તેટલા મહિના પણ ધર્મને જાણવાને માટે કાઢવાનું આકરૂં લાગે છેઃ નહિ તો, ટૂંકી ટૂંકી વાતોમાં પણ જે ઉત્તમ ઉત્તમ ભાવો ભર્યા છે, તેનો ખ્યાલ જરૂર આવે.

♦♦♦

'ધર્મ સારો છે, પછી યોગ્યતાની જરૂર શી ?'-એવું બોલનારા અજ્ઞાન છે; ધર્મથી બેપરવાજેવા છે; અને વળી ધર્માચાર્ય તરીકે પોતાની જાતને ઓળખાવનારા પણ એવા જ ઉન્માર્ગને ઉપદેશી તેવાઓના અજ્ઞાનવાદને ઉત્તેજે છે. સાચા ઉપકારિઓ એવી ભૂલ કરતા નથી. સાચા ઉપકારિઓ તો પહેલાં લાયકાત અને પછી ધર્મદાન-એ સિદ્ધાન્તને જ જાળવે છે, પ્રરૂપે છે, અને લાયકાત પ્રગટાવવા પ્રયત્ન કરે છે.

♦♦♦

ધર્મશૂર બનવા માટે પ્રથમ કર્મશૂર બનવું જ જોઈએ,એવા નિયમ નથી : અને કર્મશૂર હોય તે બધા જ ધર્મશૂર બને, એ પણ નિશ્ચિત નથી.

♦♦♦

ધર્મશીલ આત્મા જો યશ અને કીર્તિનો સ્વામી હોય છે તો તે પ્રભાવના પણ સુન્દર પ્રકારે કરી શકે છે; પરન્તુ યશ અને કીર્તિ ખાતર સિદ્ધાન્તને છેહ દેનારા આત્માઓ તો આરાધનાથી પણ વંચિત રહી જાય છે અને વિરાધનાના ઘોર પાપને ઉપાર્જે છે.

♦♦♦

ધર્મશીલ આત્માઓ માટે ધર્માચાર્યનું આગમન, એ ઘણું જ આનંદદાયક હોય છે."ધર્માચાર્ય પધાર્યા છે."-એવા સમાચારથી પણ ધર્મશીલ આત્માઓ નાચી ઉઠે છે. જેને જેની જરૂર હોય, તેને તેની પ્રાપ્તિથી આનંદ થાય, એ કાંઈ નવીન નથી. ધર્માચાર્યો એટલે અધર્મના નાશક અને ધર્મના સ્થાપક. એવા પુણ્યપુરૂષોના પધારવાથી જેઓ આનંદ ન પામે પણ શોક પામે, તેઓ ભયંકર કોટિની કમનશિબીની જાળમાં ફસેલા છે એમ જ માનવું રહ્યું. પુણ્યાત્માઓ તો એવા મહાપુરૂષોના પધારવાથી રાચે અને માચે. ધર્માત્માઓને તો થાય કે-'એવા મહાપુરૂષના આગમનથી અમારાં દુ:ખો ગયાં અને સુખો આવ્યાં.' મહાપુરૂષના દર્શનથી, વન્દનથી અને શ્રવણથી પણ આત્માનું શ્રેય થાય છે,-આવું માનનારા આત્માઓ 'ધર્માચાર્ય પધાર્યા' એ સમાચારથી આનંદિત બની, સઘળાય વ્યાપારોને તજી, પ્રમાદાદિનો ત્યાગ કરવા દ્વારા અપ્રમત બનીને ગુરૂના દર્શન આદિને માટે નીકળી પડે, એ વાત સ્વભાવિક જ છે.

♦♦♦

ધર્મ ન પામ્યા હોય તેમને સન્મુખ બનાવવા હોય તો તે માટે અનુકંપા અવશ્ય જોઈએ અને તેટલા જ માટે દરેક સ્થળે અનુકંપા દાનને મુખ્ય સ્થાન આપેલું છે. અનુકંપા દાનને સ્થાન નહિ આપનાર ધર્મી ધર્મની પ્રભાવના કદી જ કરી શકતો નથી.

♦♦♦

ધર્મ ન પામ્યા હોય તે ધર્મની સન્મુખ થાય, પામીને શીથીલ બન્યા હોય તે મજબૂત થાય, અનેપામી ચૂકેલા અધિક પામે એજ જૈનશાસનના દરેકે દરેક ધર્મના મહોત્સવોનો હેતુ છે.

♦♦♦

ધર્મના સ્વીકાર શિવાય કોઈ શાંતિ પામ્યુંય નથી અને પામશે પણ નહિ.

♦♦♦

ધર્મનું લક્ષણ એ છે કે-દુર્ગતિમાં પડતા આત્માને પકડી રાખે. કુયોનિરૂપ ખાડામાં પડતાને હસ્તાવલંબન આપનારૂં દર્શન છે. એટલે ખરેખરો ધર્મ જ આ દર્શન છે. બીજા તો ધર્મના આચાર અને પ્રકાર છે. માટે સમકીતને પાયાની ઉપમા આપી છે. ધર્મને પ્રસાદની ઉપમા ખરી, પણ એ મહેલ હોય કયારે ? દર્શન એ ધર્મરૂપી નગર માટે દરવાજો છે, એટલે ખરેખર ધર્મનું વાસ્તવિક સ્વરૂપ એમાં સમાયેલું છે.

♦♦♦

ધર્મનો વિચાર માત્ર ધર્મસ્થાનોમાં જ કરવાનો છે એમ નથી. ઘરમાં, પેઢીમાં અને બીજે પણ સર્વત્ર ધર્મનો વિચાર કરવો જોઈએ. આને બદલે આજે ઘરમાં, પેઢીમાં અને બીજા તેવાં સ્થલોએ તો ધર્મનો વિચાર ભાગ્યેજ થાય છે, પણ ધર્મસ્થાનોમાંય ધર્મના વિચારને બદલે પૌદ્‌ગલિક ભાવનાઓ આવે છે. કેવળ મુક્તિની કામનાથી ધર્મનો જ વિચાર કરનારાઓ તો ધર્મસ્થાનોમાં પણ થોડા જ હોય છે.

♦♦♦

ધર્મને નહિ પામેલા જ અર્થકામમાં સુખ માને છે, એટલું જ નહિ પણ પોતાની પ્રવૃત્તિઓથી બીજાઓને પણ તેવી માન્યતાવાળા કરે છે. આજે તમારા વર્તનથી અન્ય આત્માઓ શું પામે છે એ તપાસો.

♦♦♦

ધર્મને પામેલા આત્માને જિનાજ્ઞાથી વિરૂદ્ધ વર્તન કરવાની ઈચ્છા થઈ શકતી જ નથી.

♦♦♦

ધર્મને પામેલો પણ મા બાપને ઉપકારી માને, પણ ધર્મને જે સમજ્યો હોય, તે જાય કોને શરણે ? શ્રી અરિહન્તને શરણે, શ્રી સિદ્ધભગવન્તોને શરણે અને તે પછી આચાર્યાદિક મુનિઓના શરણે ! મુનિઓ પણ કેવા ? શ્રી અરિહન્તની આજ્ઞા મુજબ ત્યાગી બનેલા અને એક માત્ર શ્રી અરિહન્તની આજ્ઞાની આરાધનામાં જ રત ! કેવળ સાધુપણાનાં કપડાંવાળા નહિ ! ફેરફુદડીની જેમ સાચા-ખોટામાં જેમ-તેમ ફર્યા કરનારા નહિ ?

♦♦♦

ધર્મને સમર્પિત થઈ ગયેલા આત્માઓને માતા પિતા આદિને તુષ્ટ કરવાના પ્રયત્ન નથી કરવા પડતા પણ સ્વયમેવ સૌ કોઈ એના ઉપર તુષ્ટમાન રહે છે, એટલું જ નહિ પણ સૌ કોઇ એના આનંદમાં આનંદિત અને એના શોકમાં શોકાન્વિત બને છે.

♦♦♦

ધર્મપદેશ રૂપી કડવી કવીનાઈનને, સાત્ત્વિક હાસ્યવિનોદના સુગર કોટીંગ વિના, સંસાર રૂપી રોગના દર્દીઓને ગળે ઉતારવી મુશ્કેલ છે.

આપણી નાડ જોઈને આપણો આ રોગ આચાર્યશ્રીએ પારખ્યો છે; તેની દવા તથા અનુપાનના નુસ્ખાઓ પણ તેઓશ્રીએ અનોખી ઢબે તૈયાર કર્યા છે; અને તેમાં તેઓશ્રીએ સંપૂર્ણ સફળતા મેળવી છે.

♦♦♦

ધર્મીને પોતાનામાં દૂષણ ન હોય તો પણ, એ દૂષણ આવી જવાની સંભાવના કલ્પીને પણ, જો કોઈ કહે તો તેને આનંદ જ થાય, પણ ગુસ્સો આવે નહિ.

♦♦♦

## આવેશવાળાનું કેટલું સાચું ?

ધર્મનો પ્રતાપ છે, પણ આજે જેઓની આંખે પડળ આવી ગયાં છે, તેઓનાથી તે જોઈ શકાતો નથી. ધર્મનો પ્રભાવ સાંભળવાથી વિરોધીઓની છાતીમાં ધડાકા થાય છે. એના જ યોગે જેમ તેમ બોલવાનો અને લખવાનો

તેઓને મેનીઆ થયો છે. માણસ માણસાઈ મૂકીને લખે, એનું કારણ હૃદયના ખોટા ઉકળાટ સિવાય બીજું શું હોય ? વ્યવહારમાં પણ કહે છે કે-આવેશવાળો આદમી જે કાંઈ બોલે તે પોણીસો ટકા ખોટું હોય. પોણોસો નહિ પણ પોણીસો. અર્થાત્-સરાસર જાૂઠું. આવેશ એ ભાન ભૂલાવે, નહિ બોલવાનું બોલાવે, નહિ લખવાનું લખાવે, એના ઉપર વિચાર ન હોય. એક સીધી વાત યાદ રાખો કે-તમને કોઈ સારો આદમી કહે કે-તું નાલાયક, તો ચોંકવું, ચેતવું ને વિચાર કરવો. કારણ કે-એમાં જરૂર કાંઈક હેતુ હશે ! પણ પાગલ કહે તો કહેવું કે-બીચારો, અક્કલ વગરનો, એની ચિંતા શી ? જેનામાં સારાસારનો વિવેક કરવાની તાકાત નથી, એના કથનમાં વિચાર શો ? એક તદ્દન નાગો આદમી, શાહુકારને ગાળો દેતો દેતો રસ્તે ચાલ્યો જાય, ત્યારે બધા ભેગા થયેલા ને પોલીસ પણ કહે કે-જવા દો એને. છેડશો નહિ. પાગલ છે. તેમ ક્રોધીઓ, માનીઓ, માયાવીઓ અને લોભીઓ આવેશમાં આવી જાૂઠું બોલે, એની કિંમત શી ? એ બીચારા પોતાના પાપમાં પોતે જ પાયમાલ થવાના છે, માટે ખરેખર દયાપાત્ર છે. આજે વિષયકષાયાદિમાં લીન થયેલાઓની દશા ઘણી જ ભયંકર છે. તેઓ શાસ્ત્રોની વાતોનો પણ મનગમતો જ ઉપયોગ કરે. તેઓ એક વાત યાદ રાખે કે-'પુત્રે માબાપની એટલે વડિલની આજ્ઞા માનવી.' પણ, એ વાત યાદ ન રાખે કે-'વડિલે આજ્ઞા કેવી કરવી જોઈએ !' પુત્રે આજ્ઞા માનવી એ યાદ રહે, પણ એ યાદ ન રહે કે-પુત્રની માગણી સારી એટલે શાસ્ત્રાનુસારિણી હોય, તો માતા-પિતાદિએ આજ્ઞા આપવી જોઈએ.

◆◆◆

ધર્મી કહેવડાવવું એ સહેલું છે પણ ધર્મી બનવું એ ઘણું જ મુશ્કેલ છે.

◆◆◆

ધર્મી કહેવડાવવાની લાલચ ગુમાવી દઈ ધર્મી થવાની લાલચ કેળવો.

◆◆◆

ધર્મી માણસથી એમ બોલાય જ નહિ કે-ઈંદ્રિયોના વિષયોની સેવામાં સુખ છે.

◆◆◆

ધીરતા વિનાના હોય એ ધર્મવીરો નથી. ધીરતા વિનાની વીરતા મોટેભાગે હાનિ કરે છે.

◆◆◆

ધર્મી ધીર ન રહે તો આ પાપથી ભરેલી દુનિયામાં ધર્મને આરાધી શકે જ નહિ. અખુટ ધૈર્ય વિના ભયંકર દુનિયામાં ધર્મ શી રીતે આરાધી શકાય ? મોહનું સામ્રાજ્ય જ્યાં વર્તી રહ્યું છે, દરેક આત્મા જ્યાં પોતાના સ્વાર્થમાંજ તત્પર છે એવા સંસારમાં રહીને ધર્મ સાધવો એ ધૈર્ય વિના શી રીતે સંભવી શકે ? માટે જ ધર્મીએ ધીર બનવાની જરૂર છે.

◆◆◆

ધર્મીનું ધૈર્ય બળવાનમાં બળવાન અધર્મી કરતાં કંઇ ગુણ અધિક હોય છે, કારણ કે-અધર્મીને અધર્મ પ્રત્યે વિશ્વાસ નથી અને ધર્મીને ધર્મ પ્રત્યે વિશ્વાસ હોય છે અધર્મીને પ્રથમ તો એને એનો અધર્મજ કરડે છે. બળવાન પણ ચોરને પોલીસથી ડરવું પડે છે જ્યારે નબળો પણ શાહુકાર પોલીસની પાસે થઇ નિર્ભયપણે જઇ શકે છે.

◆◆◆

## ધર્મ અને ધર્મી

ધર્મની આરાધના માટે વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણનો અનુરાગ અને ક્રિયામાં અપ્રમાદ, એ બરાબર ખીલવવાના છે. ગમે ત્યાં પણ આચારને વળગી રહેવાનું છે. વિષયસેવા, એ મનુષ્યપણાનો ધર્મ નથી. ધર્મ કયો ? રત્નયત્રી-સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર અનેએ ત્રણની સાધના માટે દાન, શીલ, તપ અને ભાવાલક્ષ્મી મેળવવી. વિષયભોગ કરવો અને ખાવું-પીવું એ કંઇ ધર્મ નથી. ધર્મતો દાન, શીલ, તપ અને ભાવ એટલે દાન, શીલ ને તપની વૃદ્ધિ કરનાર ઉત્તમ વિચારો. વિષયવાસનાને કે દુનિયાદારીની કારવાઇને ધર્મ નહિ માનો. ભગવાને ધર્મ બે પ્રકારનો કહ્યો. સાધુધર્મ અને ગૃહસ્થધર્મ, સાધુ ધર્મ એટલે પંચ મહાવ્રત અને એની રક્ષા માટે ભિક્ષા માત્રથી જ આજીવિકા ચલાવવી, સામાયિકમાં જ રહેવું ને ધર્મનો જ ઉપદેશ દેવો. શ્રાવક ધર્મ, એટલે સમ્યકૃત્વ મૂલ બાર વ્રત. સમકિત અને વ્રતો ભગવાન્ શ્રી મહાવીરદેવે કહ્યાં. વિરતિ શ્રી જિનેશ્વરદેવના ઘરની અને અવિરતિ મોહના ઘરની. વેપારમાં નીતિ અહીંની એટલે શ્રી જિનેશ્વરદેવના

ઘરની અને અનીતિ મોહની. સારૂં અહીંનું. ખોટું તહીંનું સારૂંએ કરવું ને ખોટું એ કરવું, એ કોણ કહે ? ઉપકારી તો એ પ્રમાણે કદી જ ન કહે.

♦♦♦

ધર્મી થવું એટલે સદાના સાવચેત બનવું. ધર્મનો હૈયામાં વાસ, એટલે આત્માના પરિણામ ઉપર સુંદર ચોકી. આપણા પરિણામ ઉપર આપણે સદાને માટે ચોકી રાખી શકીએ એવું આ સ્થાન છે કે નહિ ? હા, તમારૂં અને અમારૂં, બન્નેનું સ્થાન એવું છે કે-આપણે જો પોતાના ચોથા ગુણઠાણા અગર તો પાંચમા ગુણઠાણાના પરિણામોને બરાબર જાળવી રાખી શકીએ અને સાધુ જો પોતાના સર્વવિરતિ ગુક્ષઠાણના પરિણામોને બરાબર જાળવી રાખી શકે, અને આ પરિણામો આવતા પહેલા જો આયુષ્યનો બંધ પડી ગયો ન હોય, તો એ શ્રાવક ને એ સાધુ કદી પણ દુર્ગતિના આયુષ્યને ઉપાર્જે નહિ; અને દેવગતિમાં પણ વૈમાનિકથી નીચેના સ્થાનના આયુષ્યને ઉપાર્જે નહિ. સાધુ અને શ્રાવક-બન્નેએ પરિણામો ઉપર ચોકી તો રાખવી જ જોઈએ, કેમ કે-બેમાંથી એકનાય આન્તર શત્રુઓનો અભાવ જ થઈ ગયો છે એવું નથી. પ્રગટેલો ગુણ ક્ષાયિકન હોય ત્યાં સુધી એ ગુણ પુનઃ આવરાઈ જવાનો સંભવ તો ખરો જ. તમારા કરતાં સાધુને પરિણામોમાં પલટો આવવાના સંયોગો ઓછા છે-એમ કહી શકાય; કારણ કે-પાપના સાધનોનો એણે ત્યાગ કર્યો છે અને યોગોને એણે એક માત્ર ભગવાનની આજ્ઞાની આરાધનામાં જ યોજી દીધા છે; પરંતુ બાહ્ય સાધનોનો ત્યાગ કરવા છતાં પણ, સાધુએ જો એને હૈયે રાખ્યાં હોય, તો એની દશા કદાચ તમારા કરતાં પણ બૂરી થાય.

♦♦♦

ધર્મીએ રાગદ્વેષ નહિ કરવાના કે કરવાના ?-'ભગવાન કયાં રાગદ્વેષ કરતા હતા ? વીતરાગને તો કોઈના પ્રત્યે રાગ કે દ્વેષ નથી !' પણ એમ કહેનાર મૂર્ખને ખબર નથી કે-વીતરાગમાં તો રાગદ્વેષ છે નહિ, પણ તારામાં રાગદ્વેષ નથી એવું છે ? વીતરાગના વાદ, જેનામાં રાગ છે એ કયી રીતે લે છે ? વીતરાગ બનેલા આત્માઓએ કીધું કે-વીતરાગ અમે તો થયા અને તારે જો વીતરાગ થવું હોય તો અમે કહીએ છીએ તે તે વસ્તુ ઉપર દ્વેષ અને રાગ કર તો તું વીતરાગ થશે : અમે પણ એવા રાગ અને દ્વેષ કરી કરીને વીતરાગ થયા.

♦♦♦

ધીરતાપૂર્વક જો મુનિચર્યાનું પાલન કરવામાં આવે તો તો જેમ જેમ પર્યાય વધતો જાય તેમ તેમ ગુણસમૃદ્ધિ વધતી જાય; એટલે કે-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર-એ રત્નત્રયીની આરધનામાં નિર્મલતા આવી જાય.

◆◆◆

ધ્યાન એ ચિત્તની સ્થિરતા છે, પ્રગટ અને સુંદર આલંબનોમાં જેનું ચિત્ત ચોંટતુ નથી, તેને ધ્યાનમાં રસ પડશે અગર પડે છે, એ માનવું જ ખોટું છે.

◆◆◆

શ્રી ધર્મરાજાનું શરણ, આત્માને ગમે તેવી આપત્તિમાં કે સંપત્તિમાં અનુપમ ધીરતાનો ઉપાસક બનાવે છે : એ ધીરતાના પ્રતાપે આત્મા, સંપત્તિના ભોગવટામાં રસિક કે અભિમાનયુક્ત નથી બનતો અને આપત્તિના ભોગવટાનો સમય આવે ત્યારે મુંઝવણમાં નથી પડતો કે બહાવરો નથી બનતો.

◆◆◆

**ધર્મી કહેવડાવવાની જ દરકાર છોડીને ધર્મી બનવાનો પ્રયત્ન કરો :**

તમારો ચિત્તનો નિવેશ કયાં છે ? આટલાં વર્ષ થયાં કદી વિચાર્યું છે કે-હું આ બધું કરૂં તો છું, પણ મારા ચિત્તનો નિવેશ કયાં છે ? શ્રી જિનમન્દિરમાં જાવ છો અને ઉપાશ્રયમાં આવો છો, ત્યારે પણ ચિત્તનો નિવેશ શ્રી જિનમન્દિર અને ઉપાશ્રયમાં હોય છે કે બીજે ? આ બધું આત્માને પૂછી જોજો. આત્મા કબૂલ કરે કે-ચિત્તનો નિવેશ તો ધર્મમાં જ છે, તો તો તમે પરમ ભાગ્યશાલી છો એમ માનજો : પણ જોજો, એમાં દંભ ન સેવાઈ જાય ! ધર્મ કોઈને માટે કરવાનો નથી, પરન્તુ આત્માને માટે કરવાનો છે : લોકો તમને ધર્મી કહેશે એથી કાંઈ ધર્મનું ફળ નહિ મળી જાય : લોકની વાહવાહ ખાતર ધર્મ કરતા હો તો વાત જુદી છે, પણ આત્મકલ્યાણને માટે ધર્મ કરતા હો તો લોકો ધર્મી કહે એની દરકાર રાખવાનું છોડીને ધર્મી બનવાનો પ્રયત્ન આદરો. ધર્મી કહેવડાવવું અને ધર્મી બનવું, એમાં ઘણો ફેર છે, એ તો સમજો છો ને ?

◆◆◆

નજરમાં તો ઘણી તાકાત રહેલી છે. લીલાછમ વૃક્ષોને ઠુંઠા જેવું બનાવી દેવાની તાકાત પણ નજરમાં હોઈ શકે છે. નજરના પણ બે પ્રકારો

હોય છે. જેમ બહુ ખરાબ નજર લાગી જાય છે, તેમ કોઈ કોઈ વાર બહુ મીઠી નજર પણ લાગી જાય છે. નજર સ્નેહભરી પણ હોઈ શકે અને દ્વેષભરી પણ હોઈ શકે.

◆◆◆

નટડીને આધીન થયેલા અને વેશ્યાના મકાનમાં બેઠેલા આત્માને દેવ, ગુરૂ અને એની આજ્ઞા પ્રત્યે અખંડ સદ્ભાવ રહે, એ શેનો પ્રભાવ છે ? કહેવું જ પડશે કે-એક દર્શનનો. એમનું દર્શન એમને પોતાની જાત પર તિરસ્કાર લાવતું અને પોતાની ભયંકર દુર્દશાનો ખ્યાલ લાવી આપતું.

◆◆◆

'નથી તો આપણામાં કેવળજ્ઞાન કે નથી તો આપણ ને કેવળજ્ઞાનીનાં વચન પર શ્રદ્ધા, તો આપણો આત્મા ધર્મસાધના માટે નાલાયક છે.'-એમ એવા સૌએ માનવું જ જોઈએ.

◆◆◆

નબળા ઉપર હથિયાર ચલાવનાર અને બળીયા આગળ માથું નમાવનાર એ અહિંસક છે ? કહેવું જ પડશે કે-એ અહિંસક નથી પણ કોઈ સામાન્યથી ન કળી શકાય તેવો આત્મા છે.

◆◆◆

નબળાનું રક્ષણ અને બળવાનનો સામનો એ ગુણ ભૂલી જઈ બળવાન આગળ નમ્રતા અને નબળા ઉપર આક્રમણને પણ અહિંસકવૃત્તિનું ઉપનામ આપવું એ કેવળ નિર્બળતાનો બચાવ માત્ર છે.

◆◆◆

શ્રી નમીરાજર્ષિને સ્વભાવનું ભાન થયું હતું, તેથી જ કહ્યું કે-જે બળે છે તે મારૂં નથી અને મારૂં છે તે કદી નાશ પામતું નથી.

◆◆◆

નમતા આવેલા શત્રુ પ્રત્યે પણ સજ્જનો વાત્સલ્યને જ દર્શાવે છે. જેઓ નમતાને ટપલી મારનારા હોય છે, તેઓ વસ્તુતઃ સજ્જનની કોટિમાં આવી શકતા નથી.

◆◆◆

નરકના વર્ણનથી ગભરાય કોણ કે-

જેને પાપ ન છોડયાં હોય અને સ્વર્ગમાં જવું હોય તે, કારણ કે-વગર પુણ્યે સ્વર્ગે જવાની ઈચ્છાવાળા આજે પેદા થયા છે અને આ વીસમી સદીમાં એવાઓનું જ ભયંકર ધાંધલ છે.

◆◆◆

નરક ગમે તેવી ભયંકર હોય પણ પાપ કરનારાઓ માટે છે એથી પુણ્યાત્માઓને તેનો ભય હોતો નથી.

◆◆◆

શ્રી નવપદાદિની આરાધના, ઉન્નત ભાવનાને જન્મ આપવા સાથે તેનામાં વર્ધમાન દશા અથવા તો સ્થિરતા જન્માવ્યા વિના નથી જ રહેતી, એ એક નિર્વિવાદ વાત છે.

◆◆◆

નવ પૂર્વ સુધી ભણનારમાં જેમને મોક્ષ ન રૂચે એવા થોડા, પણ જ્ઞાની કહે છે કે-'નવ પૂર્વ સુધી ભણી જાય તો પણ જે જીવ અયોગ્ય જ હોય અથવા તો જે જીવમાં યોગ્યતા હમણાં પ્રગટી શકે તેમ ન હોય, તેને મોક્ષ રૂચે જ નહિ.' જે લોકો કેવળ વાતડાહ્યા હોય છે, તે લોકોને કદી પણ સારી વાત રૂચતી નથી.

◆◆◆

નવ પૂર્વના જ્ઞાનનો ધણી પણ જો શ્રદ્ધાહીન હોય તો એને પણ ગધેડાની જ ઉપમા આપી છે. કદાચ એ નવ પૂર્વના જ્ઞાનનો ધણી દેખીતી રીતિએ મહા ચારિત્રસંપન્ન હોય તોય ! કેમ કે-સમ્યગ્ શ્રદ્ધાનના અભાવમાં જેમ જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન નથી, તેમ ચારિત્ર એ સમ્યક્ ચારિત્ર નથી.

◆◆◆

"શ્રી નવકાર મંત્ર ગણો એય પુરૂષાર્થ તો છે જ, પણ એ પુરૂષાર્થનું લક્ષ્ય કયું. છે અને આની આપણે મન કિંમત કેટલી છે, એ જ આપણે પોતે તપાસવાનું છે. પુરૂષાર્થ કોણ કરાવે ? પુરૂષાર્થ કરાવે શ્રદ્ધા અને શ્રદ્ધા હોય એટલે સ્વરૂપ જાણવાની ઈચ્છા થાય જ. જેની શ્રદ્ધા, તેના સ્વરૂપને વધુ ને વધુ જાણવાનું મન ન થાય એ બને ?

◆◆◆

નવકાર ગણવા માત્રથી જૈન નથી પણ એ ગણનારો નવકારને માનતો

હોય તોજ તે જૈન છેઃ અને માનનારો તેજ છે કે જેને નવકારમાં આવતાં પદો પ્રત્યે બહુમાન હોય અને એનું અપમાન પોતે સહન કરી શકતો ન હોય. જે વસ્તુ પોતાના આત્માનો ઉદ્ધાર કરનારી છે એમ જે માને છે તેનું અપમાન કદીજ સહન નહિ કરી શકે.

♦♦♦

નેત્ર કયાં નાચે છે, રસના કયાં કૂદકા મારે છે, શ્રોત્ર અને નાસિકા કયાં આતુર થાય છે અને સ્પર્શ ઈંદ્રિયની આસક્તિ, પાંચે ઈંદ્રિયોની ગુલામી અને પાંચે ઈંદ્રિયોની પરાધીનતાએ આજે મનુષ્યોને ધર્મ કર્મરહિત બનાવી દીધાં છે.

♦♦♦

નાથ તે કહેવાય છે, કે જે યોગ અનેક્ષેમના કરનાર હોય. અપ્રાપ્તની પ્રાપ્તિ કરાવી આપવી એને યોગ કહેવાય છે અને પ્રાપ્તનું રક્ષણ કરાય એને ક્ષેમ કહેવાય છે. જેઓના નાથપણાને સ્વીકાર્યું, તેઓને નિર્વાહ અને ઉન્નતિસાધના આદિ માટે જે જે આવશ્યક હોય તેની પ્રાપ્તિ ન થઈ હોય તો પ્રાપ્તિ કરાવી દેવી અને પ્રાપ્તિ થઈ હોય તો તેના સરક્ષણની કાળજી રાખવી, એ નાથપણાને પામેલા આત્માઓની ફરજ છે. આ રીતિએ યોગ અને ક્ષેમને નહિ કરનારાઓ સાચા રૂપમાં નાથ બની શકતા નથી. યોગ અને ક્ષેમ ને નહિ કરનારાઓ નાથ હોય અગર પોતાને નાથ કહેવડાવતા હોય, તો પણ તેઓ નામના જ નાથ છે અને નાથપણાને કલંકિત કરનારા છે.

♦♦♦

નાનામાં નાની ધર્મવાસના પણ મૂળ વસ્તુની રૂચિ વિના નહિ આવે. જેને સંસારના સારાપણાની અરૂચિ નહિ, તેને શ્રી મહાવીરદેવના શાસન પ્રત્યે સાચો પ્રેમ નહિ. આ માન્યતા શાસ્ત્રાનુસારિણી છે. ભસવું ને લોટ ફાકવો, એ બે નહિ બને. સંસારને ને મોક્ષને બેયને સારા માનવા, એ નહિ બને.

♦♦♦

નાનામાં નાના પણ સારા ગુણને જોઈ, પછી તે મિત્રમાં કે દુશ્મનમાં, ગમે તેનામાં હોય, પ્રેમભાવ ઉત્પન્ન થવો જોઈએ.

♦♦♦

નાટક જોવામાં જેને રસ પડે છે એ અજ્ઞાન કોટીના છે. હૈયામાં

ચાલી રહેલું નાટક જે જોઇ શકતો નથી તે બનાવટી નાટકમાંથી રૂપ રંગ શિવાય બીજુ શું જોઈ શકવાનો છે ?

◆◆◆

નારકીના દુઃખની અપેક્ષાએ સંયમનું, કહેવુંજ પડશે કે સંસારમાં દુઃખ જો આવી પડે તો એનાથી અનંતગણું હીન છે. એવું જાણનાર મુનિ મહારંભ અને મહા પરિગ્રહની ભયંકરતા બતાવે કે સંયમની ભયંકરતા બતાવે ? કહેવુંજ પડશે કે-મોટા આરંભની અને મહા પરિગ્રહની.

◆◆◆

નિકાચીત કર્મનો ઉદય આવી જાય ત્યારે સમજદાર પણ એની પૂંઠે પૂંઠે ઘસડાઈ જાય, પણ તેના પરિણામમાં ભેદ ન પડે. પુણ્ય ને પાપની ક્રિયા વખતનો રાગ અને મનોદશાને માપવી. સારૂં ન થાય એ નભે, પણ મનોદશા ન પલટાવી જોઈએ. મનોદશા પલટાય, એ દર્શનનો અભાવ સૂચવે છે.

◆◆◆

નિંદા સહન કરવી એ સહેલી છે. પ્રશંસા સહન કરવી કઠણ. ચાર ગાળ કોઈ દે એ સહન કરવામાં કઠિનતા નથી, પણ ચાર વાર ઝુકે એની અસર ન થાય એવો કોઈક જ હોય. પામરો માટે તો નિંદા સહન કરવી પણ કઠીન છે. એમાંએ એક વાત સમજવા જેવી છે. ખોટી વસ્તુ પ્રચારનારને નિંદા સહેવાનો ગુણ સહેલાઈથી આવે છે, એ પણ શાસ્ત્રે કહી દીધું છે. એ સહન ન કરે તો પોતે ધારે છે એનો પ્રચાર કરી શકે જ નહિ. વેપારીને પૂછો, ગ્રાહક ગમે તેટલો ગરમ થાય, તું કેમ ગરમ થતો નથી ? એ ગ્રાહક સાથે કદીયે બગાડે ? દુકાન વેપારીની છે કંઇ ગ્રાહકની નથી. દુકાને ગાદી ઉપર બેઠેલા વેપારીને ગ્રાહક કંઇ બોલી પણ જાય તો એ વાણીયો મુછમાં હસે પણ આકરો ન થાય. એ સમજે છે કે ગરમ થયો તો ગ્રાહક ઉઠયો ને મારૂં તો ગયું. જેને સ્વાર્થ સાધવો છે એમાં નિંદા સહન કરવાનો ગુણ સહેજે આવી જાય છે. એમાં મુશીબત નહિ. અનાદિકાલનો એ અભ્યાસ છે.

◆◆◆

નિહ્નવ બને છે એ અજ્ઞાનનો પ્રભાવ નહિ, પણ દર્શનના અભાવનો પ્રભાવ છે. અજ્ઞાની તો એમ કહે કે-'બેસતું નથી.' અને પેલો તો કહે કે-'એમ હોય જ શાનું ?' ભણેલો હોય, પ્રકરણો જાણે, બીજું જાણે, એને પણ

એમ બોલતાં આંચકો ન આવે કે-'ભલે શાસ્ત્રે એમ કહ્યું, પણ મારો અભિપ્રાય આવો છે.'-એને અજ્ઞાની ન કહેવો તો કેવો કહેવો ? આજે કેટલાક સાધુઓ પણ એમ બોલતા થઈ ગયા, એનું કારણ એજ છે કે-દર્શન આજે પાંગળું થઈ ગયું છે. ધર્મનાશકો સ્હામે જોસથી બોલવાની હામ આજે નથી, તેનું કારણ શું છે એ કલ્પો ! મુનિને સત્ય વસ્તુનું નિરૂપણ કરતાં કયી જાતિનો વ્યવહાર રોકે છે ?

♦♦♦

નિરારંભપણું અને નિષ્પરિગ્રહત્વ એ ધર્મ છે એવું જો શ્રી વીતરાગશાસનના પ્રતાપે સમજાયું હોય, તો એ સિદ્ધાંતિક બાબતમાં તકરાર ઉભી કરવી જોઈએ નહિ: એજ કારણે શ્રી વીતરાગપરમાત્માનું શાસન નિર્ગ્રંથ બનવાનો અને નિર્ગ્રંથતાના માર્ગે ચઢવાનો ઉપદેશ આપતું હોય તો એમાં આશ્ચર્ય જેવું શું છે ?

♦♦♦

નીતિ એ ધર્મ પણ છે અને પોલીસી પણ છે. આત્માને નિર્મળ કરવા પળાતી નીતિ એ ધર્મ છે અને ખ્યાતિ તથા નામના માટે પળાતી નીતિ એ ધર્મ રૂપ નથી.

♦♦♦

નીતિશાસ્ત્રે એ વાત ભારપૂર્વક કહી છે કે-'વ્યય આયાનુસારી હોવો જોઈએ., આજે આ માન્યતા ઘણા અંશે નષ્ટ થઈ જવા પામી છે. મનુષ્ય મનુષ્ય તરીકેના જન્મને પામ્યો, તે પોતાના આધાર ઉપર જીવવાને માટે કે બીજાના આધાર ઉપર જીવવાને માટે ? મનુષ્યે જીવવાને માટે બીજાના ઉપર આધાર રાખવાનો હોય કે પોતાના કર્મ ઉપર આધાર રાખવાનો હોય ? ડાહ્યો મનુષ્ય જે ખર્ચો રાખે, તે પોતાની આવક મુજબ રાખે કે ખર્ચો નક્કી કરીને આવક કરવાને મથે ? પોતે પ્રમાણિકપણે પ્રયત્ન કરે અને એથી જે આવક થાય-તે મુજબ ડાહ્યો માણસ ખર્ચો રાખે કે ખર્ચો નક્કી કરીને પછી કમાવાને માટે બજારમાં નીકળે ? જ્યારથી ખર્ચો નક્કી કરીને આવક કરવાને માટે નીકળનારો વર્ગ વધ્યો, ત્યારથી અનીતિ, અન્યાય, અપ્રમાણિકતા, બેવચનીપણું, પ્રપંચ, છેતરપીંડી-એ વગેરે વધી જવા પામ્યું છે. આજે ઘણી બધી જે અણગમતી સ્થિતિ સર્જાઈ જવા પામી છે, તે સ્થિતિને સર્જી કોણે ?

પહેલાં જેણે એ નક્કી કર્યું કે ૧૦૦, ૨૦૦ અગર ૫૦૦, ૧૦૦૦ તો જોઈએ જ. આટલું તો જોઈએ જ-એમ નક્કી કર્યું અનેતે પછી નિર્ણય કયો કર્યો ? જે જોઈએ છે, તે જે રીતિએ મળે તે રીતિએ મેળવવા, એવો જ નિર્ણય ને ? આવી મનોવૃત્તિ આવે, પછી થાય શું ? ગમે ત્યાંથી પણ આટલા તો જોઈએ જ, તે કંઈ કયાંયથી દાટી મૂકેલા લઈ આવવાના છે ? નહિ; જ્યાં જતો હોય ત્યાંથી લાવવાના છે ! પછી, એની પાસેથી નીતિની આશા' રાખવામાં આવે, તો તે ફળે ખરી ?

◆◆◆

નીતિથી પ્રયત્ન કરવો અને એ પ્રયત્નના યોગે જે કાંઈ મળે-તેમાં સુખે જીવવું, આ આચાર પણ આ આર્ય દેશમાં એક કાળે બહુ જીવંત હતો. આ દેશનો દરિદ્રીમાં દરિદ્રી માણસ પણ એક કાળે માગીને જીવવામાં કે અનીતિથી મેળવીને જીવવામાં નાનમ માનતો હતો. દુ:ખ વેઠવું પડે તો દુ:ખ વેઠવાનું પસંદ કરતો અને થોડું ખાઈને જીવવું પડે તો એમ જીવવાનું પસંદ કરતો, પણ અનીતિ કરવાનુંય પસંદ કરતો નહિ અને હાથ ધરવાનુંય પસંદ કરતો નહિ. આ નીતિનો નિયમ આ કાળમાં જીવંત થાય તેમ છે ? આજે તો કેટલાકો કહે છે કે-' આપણે કાંઈ નીતિથી જીવીને દુ:ખ વેઠવાને માટે જન્મ્યા છીએ ?''આપણે જન્મ્યા છીએ, તે સુખ ભોગવવાને માટે જન્મ્યા છીએ; મરજી મુજબ જીવવાને માટે જન્મ્યા છીએ !'-એવો વાયરો પણ આજે વાઈ રહ્યો છે ! આમ જે માણસ ગમે તે રીતિએ સુખ મેળવવાને અને સુખ ભોગવવાને ઈચ્છે, તે જો તેવી કોઈ તક આવી લાગે તો, ડાકુ કરતાંય ભૂંડો નીવડે, તો તેમાં નવાઈ છે ? પેલા ડાકુઓ ડાકુ તરીકે જીવે છે અને આ ડાકુ ડાકુ કરતાંય ભયંકર હોય તોય શાહ તરીકે જીવે છે. એને શાહ તો કહેવો પડે ને ? સારાં કપડાં પહેરતો હોય, બજારમાં સારે ઠેકાણે બેસતો-ઉઠતો હોય અને ગમે તે રીતિએ પણ આબરૂ જમાવેલી હોય, તેને શાહ કહ્યા વિના છૂટકો નહિ ને ?

◆◆◆

નીતિથી મેળવેલા ભોગ એ પણ ઝેર છે એટલે એનો ભોગ પણ આત્માને મારે છે એટલે કે, એને રોગની પેરે ચીંતવીને ભોગવે તો બચે છે નહિ તો અવશ્ય મરે છે.

◆◆◆

નિવૃત્તિ પામવાને માટે સત્પ્રવૃત્તિ આચરવી જરૂરી છે. નીવૃત્તિના

નામે સત્પ્રવૃત્તિને નિષેધનારા અજ્ઞાન છે.

♦♦♦

નિરંતર ઉત્સવ આપનારા ચારિત્રની શુદ્ધિ કરનાર તપ છે : તપ, એ અનાદિકાળથી કર્મરૂપ મલથી મલીન થયેલા જીવને ધોવા માટે પાણીની ગરજ સારે છે : જેમ જેમ મળ ધોવાય તેમ તેમ આત્મા નિઃસંગ બનતો જાય ! જગતના સંગ વળગ્યા છે, એ બધો પ્રતાપ કર્મમળનો છે : એ ખસી જાય તો સંગ તો ખસ્યાજ છે. છેલ્લામાં છેલ્લો સંગ શરીરનો છે અને જે આત્મામાં તપ પરિણામ પામ્યો, તેનામાંથી શરીરની મૂર્ચ્છા પણ ઘટી જાય છે.

♦♦♦

નીસરણીથી બાલ, બુઢ્ઢા અને જુવાનોય બધા જ પડે છે : જેના પગ ખસે એ પડે : જેની દૃષ્ટિ સીધી ન રહે-એ પછી નાનો હોય કે ઘરડો હોય, જુવાન હોય કે પ્રૌઢ હોય, ભાયડો હોય કે બાયડી હોય, ગમે તે હોય તે પડે. એવી જ રીતિએ પાપોદય જાગે તે પડે.

♦♦♦

પકાવેલી રસોઇ, તૈયાર થયેલી રસોઇ ખાવી એ ધર્મ નહિ, પરન્તુ રસોઇ વિગેરે જે કોઇ વસ્તુઓ પોતાને માટે તૈયાર કરી હોય, તેમાંથી સુપાત્રે દેવી, અતિથિને દેવી એ ધર્મ. બે-પાંચ દિવસને માટે કે બને તેટલા વધુ વખતને માટે ખાવાનો ત્યાગ કરવો, એ ધર્મ. રસના ઉપર કાબુ મેળવીને અમુક અમુક વસ્તુઓનો ત્યાગ કરવો, એ ધર્મ.

♦♦♦

પગ નીચેનો તાપ અને માથા ઉપરનો તાપ નજરે દેખાય છે, પણ હૈયામાં સળગતો તાપ નથી દેખાતો એથીજ મુનિપણું કઠિન લાગે છે.

♦♦♦

'પડવાનો ભય હોય તો ચઢાય જ કેમ ?'-આમ જ કહેતા હો, તો જેમાં જવાનો ભય છે તેવી વસ્તુ લેવી નહિ, એવો કાયદો કરો ! શું એ કાયદો દુનિયા સ્વીકારશે ? દેવાળાં કોણે કાઢયાં ? કહેવું જ પડશે કે-શ્રીમાનોએ ! આથી સ્પષ્ટ છે કે-પૈસા હશે તો જવાનો ભય છે, માટે હોય તો મૂકી દો અને નવા નહિ મેળવવાનો નિયમ કરો. પરણે એ રાંડે અને જન્મે એ મરે, એમ

નિશ્ચિત છતાંય આ બે ક્રિયાઓ બંધ કરવાનો પ્રયત્ન કદી થયો છે ? ત્યાં તો પતન નિશ્ચિત છે, છતાં ન પરણવાનો કે ન જન્માવવાનો પ્રયત્ન તેમાંના કોઈએ આજ સુધી કર્યો સાંભળ્યો ? અને દીક્ષામાં પતન તો અનિશ્ચિત અને કવચિત્ તથા કોઈ કોઈને છે, છતાંય પડવાની બીકે ચઢવું નહિ, આવી યુક્તિનો તેઓ ઉપયોગ કરે છે.

◆◆◆

પંચેન્દ્રિયપ્રાણિવધ, મહારંભ, મહાપરિગ્રહ આદિ નરકના કારણોને સેવનારાઓ પણ, નરકમાં નથી ગયા અને સદ્‌ગતિને પામ્યા છે, એવા દાખલાઓ પણ છે;પણ તે શાથી ? જેવી ક્રિયા તેવા પરિણામ હોત, તો તેઓ નિયમા નરકમાં જાત, પણ પરિણામને બગાડેલા નહિ ! કોઈની ભવિતવ્યતા સારી માટે પરિણામ બગડેલા નહિ અને કોઈએ પ્રયત્નથી પોતાના પરિણામો બગડવા દીધેલા નહિ.

◆◆◆

પત્નિના મોહમાં ફસેલાઓએ, મોહના સ્વરૂપને સમજવા જેવું છે ! મોહવશ આત્મા, મોહવિવશતાથી કેવી કેવી મનોદશા સેવે, એ અવશ્ય વિચારણીય છે !

◆◆◆

પતિત થયેલા આત્માની પાસે સારી વસ્તુ ઉપર પણ આક્ષેપ કરાવવા, એમાં મોટી વાત શું છે ? વ્યવહારમાં નાદાન અને જાતહીન દેવાળીઆ શું કહે છે ? એજ કે-'બધા એવા જ છે. મારાથી તો ઓછા રોયા છે, પણ આ બધા શાહુકારી બતાવે છે તેઓનાથી તો બધા જ રોશે !' આથી પડેલાઓના વચન દ્વારા માર્ગસ્થ ધર્મગુરૂઓને અને પવિત્ર દીક્ષાને હલકી પાડવાના પ્રયત્નો કરવા, એ તો કેવળ દુરાગ્રહ જ છે.

◆◆◆

પત્નીની આજ્ઞા જ ન હોય, એટલું જ નહિ પણ પિતાની આજ્ઞાના પાલનમાં તો પત્નીની અનુમતિ પણ લેવાની ન હોય : તેમજ ગુરૂની આજ્ઞાના પાલનમાં અવરોધ કરતી માતાપિતાની આજ્ઞાનું પાલન પણ જરૂરી નથી : કારણ કે-એકાંત કલ્યાણકારી ગુરૂની આજ્ઞાનું પાલન કરવામાં માતાપિતાની

એવી આજ્ઞા માનવાને આત્મા બંધાયેલો નથી : એ જ રીતિએ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરૂદ્ધ જતી ગુરૂની આજ્ઞા હોય, તો તે માનવાને પણ કોઈ બંધાયેલા નથી : કેવી સુંદર મર્યાદા !

♦♦♦

પતિવ્રતા સ્ત્રીઓ જ્યાંસુધી પત્નીપણું ભોગવે, ત્યાં સુધી તેણીઓએ પતિ તરીકે હૃદયમાં અન્યને સ્થાન ન આપવું : પતિની સઘળી જ શુભ પ્રવૃત્તિઓમાં મન, વચન અને કાયાથી સહાયક થવું : પતિની સઘળી જ આપત્તિઓને પોતાની માની તે આપત્તિઓને પોતે શાન્તિથી સહી લેવી : અને અસ્વસ્થ બનતા કે ઉન્માર્ગે જતા પતિને સ્વસ્થ બનાવવાના અને સન્માર્ગે સ્થાપવાના ઉપાયો આચરવા : આ બધું પતિવ્રતા સ્ત્રીઓ માટે ધર્મરૂપ મનાય તે ઈષ્ટ છે, પણ પતિની સેવાને જ ધર્મ માની, પતિવ્રતા સ્ત્રીઓએ પરમતારક શ્રી વીતરાગ પરમાત્માની, તે પરમાત્માએ ઉપદેશેલા સંયમ સ્વરૂપ મોક્ષમાર્ગે ચાલી અન્ય જીવોને પણ મોક્ષમાર્ગે ચઢાવવાનો જ પ્રયત્ન કરતા ગુરૂદેવોની અને તે તારકોએ ફરમાવેલા ધર્મની સેવાને ગૌણ બનાવવી તથા પતિની પાછળ મરી જ ફીટવું, એ કોઇ પણ રીતિએ ધર્મરૂપ નથીઃ એટલું જ નહિ પણ એ તો અજ્ઞાનનો અવધિ જ છે !

♦♦♦

પતિભક્તા સ્ત્રીઓ પતિના વડિલો પ્રત્યે સન્માનબુદ્ધિ ન ધરી શકે, એ વસ્તુ શકય જ નથી.

♦♦♦

પથારીમાં પડયો પડયો પણ દુઃખી માણસ ઘણી વાર ઘણી ઘણી લવરી કરતો હોય છે. એ વખતે એ જે લવે છે, ઉદ્‌ગાર કાઢે છે, તે જો નોંધી લીધા હોય અને સાજા થયે એને સંભળાવ્યા હોય, તો એય કદાચ શરમીંદો પડી જાય. પણ મોક્ષ જેને હૈયે વસ્યો હોય, તે તો પથારીમાં પડયે પડયે પણ એવા ઉદ્‌ગાર કાઢે કે-એ ઉદ્‌ગાર સાંભળવા સૌને ગમે.

♦♦♦

## બે રીતે સંસ્કાર :

પથરા બે રીતિએ ગોળ થાય. નદીના પથરા અથડાતાં ઘસાતાં કદાચ ગોળ બની જાય અથવા કારીગર ઘડે તો ગોળ બને. તેમ સંસ્કારનું ઘડતર બેય રીતિએ થાય. કોઈક પૂર્વના સંસ્કારી હોય, તો કોઈક સંસ્કાર નાખ્યે

સારા બને. ગામડાના અને શહેરના છોકરામાં ફેર હોય છેને ? ગામડાના છોકરા પણ સામગ્રી મળે તો હુંશીયાર થાય છે, તેમ કોઈક પૂર્વના સંસ્કારથી તો કોઈક આ ભવમાં સંસ્કાર નાખવાથી સન્માર્ગે ચઢી જાય.

♦♦♦

પરભવ સુધારવો એટલે આના કરતાં વધુ સાહ્યબી મળે એમ નહી, પણ આના કરતાં વધુ ત્યાગ કરવાની શક્તિ મળે એ ! સમકીતી આત્મા જે કાંઇ ત્યાગ-તપ-જપ કરે છે એ ભવિષ્યના આત્મિક સુખ માટે, પણ પૌદ્ગલિક સુખ માટે નહિ.

♦♦♦

પણ જે જીવોમાં માર્ગને પામવાની યોગ્યતા પ્રગટવા માંડી હોય છે, તે જીવોને એમ થાય છે કે શ્રી જિને કહેલી વાત ખરેખર રૂચાવવા જેવી છે. મને કેમ હજુ રૂચતી નથી ? મને આ વાચ રૂચે એ માટે હું સમજવાનો પ્રયત્ન કરૂં ! આવું મનમાં ઉગે, તો જીવ આગળ વધે. પણ સંસારના સુખ ઉપરના રાગમાં મન્દતા આવ્યા વિના આવું મનમાં ઉગે નહિ.

♦♦♦

પણ જરા શીખો; નહિ તો તમેય રવડી મરશો !' આમ કેવળ પૈસાનો જ જેને લોભ છે, તે કાયદાના જ્ઞાનનો ઉપયોગ ગુનો નહિ કરવામાં કરે નહિ, પણ ગુનો સારી રીતિએ કરવા છતાં એવી સીફતથી એ કરે કે-એ એનું ચાલે ત્યાં સુધી પકડાય નહિ

♦♦♦

પરન્તુ મિથ્યાત્વના પ્રતાપે, યુક્તિગમ્ય એવી પણ વાસ્તવિક વાતોને માનવાને, પંડિત ગણાતાઓ પણ તૈયાર થઈ શકતા નથી. આ જ કારણે, સર્વ પાપોમાં શિરોમણિ પાપ તરીકે 'મિથ્યાત્વ' નામના પાપને ઓળખાવ્યું છે. મિથ્યાત્વથી ગ્રસ્ત બનેલા આત્માઓ, વસ્તુને યથાસ્થિત સ્વરૂપે માનવાને તૈયાર થઈ શકતા જ નથી. તેઓ વસ્તુસ્વરૂપની માન્યતામાં, બુદ્ધિમાન છતાં નિર્બુદ્ધિ જેવા બની જાય છે. કોઇ પણ વસ્તુનો યથાર્થ વિચાર તેઓ કરી શકતા નથી. આવાઓએ ઉપજાવી કાઢેલાં કલ્પિત મંતવ્યોનું હિતબુદ્ધિથી ખંડન કરવું, એનેય, ઉપકારી મહાપુરૂષો પોતાની ફરજ સમજે છે.

♦♦♦

પરિષહો અને ઉપસર્ગોને તો પુરૂષસિંહો મોક્ષમાર્ગની આરાધનામાં પરમ સહાય રૂપ બનાવે છે.

♦♦♦

પરના દુઃખે સુખી થવાની ઈચ્છા, એ કારમી અધમતા છે.

♦♦♦

પશુજીવન કરતાં માનવજીવનને ઉચ્ચ ગણી, તેના વખાણ કરવામાં આવે છે, તેનો હેતુ શો ? પશુઓ પણ ખાય છે, પીએ છે, તડકો લાગતાં છાંયે જાય છે અને પોતાનાં બાળ-બચ્ચાંનુ પાલન કરે છે. એ જ કાર્યોમાં માનવજીવનની સફળતા ગણાતી હોત, તો આપણે પશુ કરતાં ઉત્તમ કોટિમાં ન મૂકી શકાત. આથી સિદ્ધ થાય છે કે-માણસને ઉચ્ચ કોટિનો બનવા માટે કોઈ બીજી જ કાર્યવાહીની જરૂર છે.

♦♦♦

'પરલોકને ભૂલાવનારૂં અને આ લોકને જ ઉપયોગી એવું સઘળુંય જ્ઞાન મિથ્યાજ્ઞાન છે'-માટે એ જ્ઞાનનો પ્રચાર કરનારા સમ્યગ્જ્ઞાનના પ્રચારકો નથી, પણ મિથ્યાજ્ઞાનના જ પ્રચારકો છે.

♦♦♦

પરલોકની સાધના માટે શાસ્ત્ર 'સિવાય બીજું એક પણ આલંબન નથી. શાસ્ત્ર એટલે આપ્તનું વચન આપ્ત એટલે જેના રાગદ્વેષ અને મોહ સર્વથા ગયા છે તે.

♦♦♦

પરલોકના માર્ગનો નિશ્ચય કરવા માટે, પરલોકની લાભ હાનિ નક્કી કરવા માટે જ્ઞાનીઓ કહે છે કે સર્વજ્ઞનાં શાસ્ત્રો સિવાય બીજો આધાર નથી.

♦♦♦

પરલોકની સાધનાના ભોગે પણ આ લોકની સાધનાને જ આગળ કરનારા આત્માઓ-નથી આસન્નભવ્ય, નથી અલ્પસંસારી, નથી કલ્યાણકારી શાસ્ત્રશુદ્ધ મતિને ધરનાર કે નથી શુદ્ધ શ્રદ્ધાસંપન્ન !

♦♦♦

## દેવ-ગુરૂને ઓળખો !

પરમ ઉપકારી સૂત્રકાર મહારાજાએ આ મનુષ્યપણાની સાર્થકતા માટે, ત્રણ વસ્તુઓ બતાવી છે. એક તો શ્રી જિનેશ્વરદેવનાં કહેલા શાસ્ત્રોનું શ્રવણ, બીજું સાંભળીને તેની ઉપર શ્રદ્ધા અને ત્રીજું શ્રદ્ધાને અનુસરતું વર્તન કરવામાં પોતાની જેટલી શક્તિ હોય તેનો વ્યય કરવો. આ મનુષ્યપણાની શક્તિઓ જો આ ત્રણમાં કામ ન આવે, ત્રણ શિવાય બીજાં કાર્યોમાં ખરચાઈ જાય, તો મળેલું ઉત્તમમાં ઉત્તમ જીવન આપણે ગુમાવી નાખ્યું, એમ કહેવાય. હવે જ્યાં સુધી એ શાસ્ત્રના પ્રણેતા શ્રી જિનેશ્વરદેવને આપણે ઓળખીયે નહિ, ત્યાં સુધી એના પ્રત્યે આપણી શ્રદ્ધા જાગે નહિ. એ તારકની વાસ્તવિક પિછાણ ન થાય, ત્યાં સુધી એ તારકનું શાસ્ત્ર સાંભળવામાં જેવો જોઈયે તેવો અનુરાગ થાય નહિ. એ માટે શાસ્ત્રકારે સમ્યક્ત્વ પ્રાપ્તિ મૂખ્ય ગણી છે. જ્યાં સુધી દેવને ઓળખીયે નહિ, ગુરૂને ઓળખીયે નહિ; ત્યાં સુધી ધર્મના તત્વો સમજાય નહિ અને ત્યાં સુધી આત્મા આ કાર્યવાહીમાં ઉદ્યુક્ત થાય નહિ.

◆◆◆

પરમ કલ્યાણકારી અને એકાંતે પ્રાણીમાત્રના હિતનો જ ઉપદેશ કરનાર શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરૂદ્ધ જતી આજ્ઞા માતાની, પિતાની કે બીજા ગમે તેની હોય, તો પણ તે ન જ માનવી જોઈએ.

◆◆◆

પરમ ઉપકારી એવા ધર્મશાસ્ત્રકારોએ, ધર્મની ઉપાદેયતાને જણાવવાને માટે અને ભવ્ય જીવોને ધર્મ પ્રતિ આકર્ષવાને માટે, ધર્મનો મહિમા પણ ખૂબ ખૂબ ગાયો છે. ધર્મમાં જે તાકાત છે, તે તાકાત બીજા કોઈમાં પણ નથી, એનું જગતના જીવોને ધર્મશાસ્ત્રકાર મહાપુરૂષોએ ભાન કરાવ્યું છે. જે આત્મા ધર્મના શરણને ગ્રહણ કરે છે, તે આત્માએ કલ્યાણને વિષે નિશ્ચિન્ત થઈ જવા જેવું છે, એમ ધર્મશાસ્ત્રકાર મહાપુરૂષો ફરમાવે છે. આત્મા ધર્મનું શરણ પામ્યો એટલે સમજી લો કે-એ કલ્યાણના આગારમાં પેઠો. જેમ જેમ આત્મા ધર્મને સમર્પિત થતો જાય છે, તેમ તેમ આત્મા દુઃખથી મૂકાતો જાય છે અને સુખને પામતો જાય છે. જ્ઞાનિઓ ફરમાવે છે કે-જ્યાં ધર્મ નહિ, ત્યાં સુખ નહિ; અને, જ્યાં ધર્મ, ત્યાં દુઃખનું નામનિશાન નહિ. પૂર્વના અધર્મના યોગે

દુ:ખના સંયોગો આવે એ બને, તે છતાં પણ ધર્મના શરણને પામેલો આત્મા એ સંયોગોથી મુંઝાય નહિ : ઊલટું, દુ:ખના સંયોગોને પણ ધર્મના શરણને પામેલો આત્મા, સુખના કારણ રૂપ બનાવી દે ! માટે, જગતમાં જો કોઈ શરણ લેવા લાયક વસ્તુ હોય, તો તે એક ધર્મ જ છે : પણ બીજી કોઈ પણ વસ્તુ શરણ લેવા લાયક નથી.

♦♦♦

પરમ ત્યાગી અનન્તજ્ઞાનિની વાણી પણ તે જ આત્માઓ ઉપર અસર કરે છે, કે જે આત્માઓ તેવી યોગ્યતાને પામ્યા હોય છે.

♦♦♦

પરમ તારક ધર્મનો શુદ્ધ હૃદયથી સ્વીકાર, ભવ્ય આત્માઓ શિવાય અન્ય માટે શકય જ નથી.

♦♦♦

પરમ વીતરાગ શ્રી જિનેશ્વરદેવોના વચનને પામેલા આત્માઓએ, શ્રી જિનવચન રૂપ અમૃતના યોગનો પોતાના આત્મામાં અનાદિકાળથી ભરાઇ ગયેલા રાગ-દ્વેષ રૂપ રોગનો નાશ કરી વૈરાગ્ય રૂપ આરોગ્યને મેળવવા સતત્ પ્રયત્નો કરવા જોઇએ.

♦♦♦

પરમાત્મા કાંઈ એમ ને એમ બનાય ? નહિ જ. પરમાત્મા બનવાને માટે તો, સંસ્કૃતિને જીવનમાં જીવવી પડે. આપણે જે આદર્શને કલ્પ્યો છે, તે આદર્શને સિદ્ધ કરવાને માટે જેવા જીવનને જીવવાની જરૂર હોય, તેવા જીવનને જીવવાની જે કળા, એનું જ નામ સાચી સંસ્કૃતિ છે.

♦♦♦

પરમાત્મા બનેલો આત્મા માત્ર પોતે જ પરમ સુખને ભોગવનારો બને છે એવું નથી. એ આત્મા કોઈ પણ જીવના દુ:ખમાં નિમિત્ત માત્ર બનતાં પણ બચી જાય છે. એ સુખી ખરો પણ એના કારણે કોઈ પણ જીવને દુ:ખનો સંભવ સરખોય નહિ; અનેએ આત્મા દ્વારા જે કોઈ જીવો પ્રેરણા મેળવી શકે, એ આત્માને પ્રાપ્ત થયેલી અવસ્થાનું જે કોઈ જીવો ચિન્તન કરી

શકે, તે જીવોને પણ એ આત્માની એ અવસ્થા, પરમ સુખની એ પરમ અવસ્થાને પામવાની પ્રેરણા આપ્યા વિના રહે નહિ.

◆◆◆

પરમાત્મા બનવાનો આદર્શ, એ સર્વોત્તમ કોટિનો આદર્શ છે. એ સર્વોત્તમ કોટિના આદર્શને સિદ્ધ કરવાને માટે, સર્વોત્તમ કોટિના જીવનને જીવવું જોઈએ. એ સર્વોત્તમ કોટિના જીવનને જીવવાની જે કળા, તે જ ઉંચામાં ઉંચી કોટીની સંસ્કૃતિ છે, કે જે સંસ્કૃતિને મહાપુરૂષોએ શ્રમણસંસ્કૃતિ તરીકે ઓળખાવેલ છે.

◆◆◆

પરમાત્માએ એવો માર્ગ ઉપદેશ્યો છે કે, તે માર્ગને જે કોઈ અનુસરે તે મોક્ષને પામી શકે; એથી મોક્ષની સાધના કરનારને એમ થાય કે-'પરમાત્મા જ મોક્ષના દાતા છે, કેમ કે-એ તારકોએ આવો માર્ગ દર્શાવ્યો ન હોત, તો આપણું થાત શું ?' જેમ કોઈ માણસ વહેપારની રીતિ બતાવે અને એથી તમે કમાણી કરો, તો તમે એનો ઉપકાર માનો ને? વહેપાર તમે કર્યો, નાણું તમે રોકયું, જોખમ તમે લીધું, છતાં પેલાનો ઉપકાર કેમ માનો ? એ માટે કે-એણે વહેપારની રીતિ બતાવી ન હોત, તો તમે મહેનત કરવા છતાંય તમારૂં નાણું ગુમાવી બેસત, એમ તમને લાગે છે. કે કૃતજ્ઞતા છે. દુનિયામાં જે સુખસામગ્રી મળે છે, તે પ્રતાપ કોનો ? એમ પણ કહેવાય કે-'પરમાત્માનો !' કેમ ? પરમાત્માએ બતાવેલ ધર્મનું સેવન કરવાથી પુણ્ય બંધાય છે અને એ પુણ્યના ઉદયથી સુખસામગ્રી મળે છે માટે !

◆◆◆

પરિવાર કે ભક્તમંડળ વધારવાની ઈચ્છાએ, ખ્યાતિ અને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવાને માટે ખંડખ-મંડન કરે તો જરૂર પાપ લાગે : પરંતુ ખોટાની સલાહથી યોગ્ય પણ આત્માઓ ઉન્માર્ગે ન ચાલ્યા જાય, એ ઉપકારની દૃષ્ટિથી એવું જોરશોરથી ખંડન કરે અને સામાની ખોટી દલીલો તોડી પાંડે કે જેથી સામાનાં કાળજાં ચીરાઈ જાય, તો પણ એ અહિંસક છે : કારણ કે-તેનામાં સામાને મારવાની કે દુઃખી કરવાની બુદ્ધિ જ નથી. શાસ્ત્રે વિહિત કહેલી ક્રિયા શાસ્ત્રવિહિત રીતિએ કરવામાં આવે અને એથી અયોગ્યતાને કારણે

કોઈન દુઃખ પણ થાય, તોય એનું પાપ એ ક્રિયા કરનારને શિર છે જ નહિ.

♦♦♦

પરિણામે નાસ્તિક્તાને પોષનારી આજની પ્રવૃત્તિ છે. મૂળમાં સુધારો નહિ થાય ત્યાં સુધી સુખ તો છેટે, છેટે ને છેટે જ છે; પશ્ચિમ તરફ લક્ષ્મી અને એનો ઉદ્યમ વધવામાં કાંઈ બાકી રહી નથી : વધ્યે જ જાય છે : પણ તમે જોયું કે-એ દેશ સાચી રીતે સુખી છે ? સુખી કેમ નહિ ? મૂળ વસ્તુના અભાવની પુષ્ટિ થયા કરે, ત્યાં ઉત્તમ કોટિની ભાવના ટકે કયાં સુધી ?

♦♦♦

પરિગ્રહ વિના હાલ તમારે ચાલે તેમ નથી. અત્યારે તમે જે જીવનને જીવો છો, તે જીવન જ એવું છે કે-જેણે આ જીવનને જીવવું હોય, તેને પૈસા રાખવાનું ને પૈસો મેળવવાનું પાપ કર્યા વિના ન ચાલે, એમ સામાન્યપણે કહી શકાય. પણ જે ડાહ્યો હોય, તે પૈસા આવે ત્યારે વિચાર કરે કે-'આ પૈસા કેવી રીતિએ આવ્યા છે ?' પાપ વિના આ પૈસા આવ્યા નથી, પછી ભલે ને તે પ્રમાણિકપણે મેળવેલ હોય. તેમાંય જોએ પૈસા અનીતિથી આવ્યા હોય, તો તો એને હાથમાં લેતાં હાથ ને હૈયું બન્નેય કંપે. એ વિચારથી પણ કંપારી આવે કે-' આવા અનીતિના દ્રવ્યને ખાઈને મારે જીવવાનું ?' એટલે જ્યારે જ્યારે તમારા હાથમાં પૈસો આવે, ત્યારે ત્યારે તમે એ પૈસો જે રીતિએ આવ્યો હોય, તેનો વિચાર કરો. વિચાર કરો કે-' આ પૈસો મારી પાસે આવ્યો, તેમાં કેટલાયને દુઃખ થયું હશે. મારી રળવાની ક્રિયાથી ઓછેવધતે અંશે પણ ઘણાની હિંસા થવા પામી હશે. હું જાણી જોઈને અસત્ય નથી બોલ્યો, પણ ખ્યાલ ફેરથીય અસત્ય બોલવું અથવા ફેરફાર બોલાવું, એ વગેરે પાપો થયાં હશે ! આ રીતિએ આ પૈસો આવ્યો છે !' આવો વિચાર કરો, તો શું થાય ? એમ થાય કે-'આનો ઉપયોગ જરૂર વિના કરવો અને સ્થાને ન કરવો, તે મારી માણસાઈ ગણાય નહિ.' એ વિચારમાંથી, પોતાની જરૂરિયાતો ઉપર કાપ મૂકવાનું મન પણ થાય, કેમ કે-જેમ જેમ જરૂરિયાત ઘટે, તેમ તેમ પાપ કરવાની જરૂરિયાત પણ ઘટે એમ લાગે. એમ કરતાં કરતાં કેટલો બધો સંયમ આવી જાય ? 'જેની જીવવાને માટે જરૂર નહિ, તેમાં ખર્ચ કરવો નહિ.'-આવો નિર્ણય કરો અને તેનો યથાશકય અમલ કરો,

તોય ઈન્દ્રિયાદિ ઉપર સંયમ ઘણો આવી જાય ને ? તમે બધા જો આવા સંયમી બની જાવ, તો તમારા ઘર કેવાં ચાલે ?

◆◆◆

પરીક્ષા કોઈ આત્માને પાડવા માટે ન થવી જોઈએ, પણ ચઢાવવા માટે જ થવી જોઈએ, પરીક્ષાના નામે આત્માઓને ચઢતા અટકાવવાનું કાર્ય કરનારાઓ વૈરિનું કાર્ય કરનાર છે.

◆◆◆

પરીક્ષા વિના કુલ રૂઢિની અનુસારે જે ધર્મક્રિયા કરનાર છે તે બધાને જ પ્રાયઃ મિથ્યાદષ્ટિ માનેલા છે. આ દેવ જ કેમ ?, આ ગુરૂજ કેમ ?, એ વિચાર કરીને શુદ્ધ દેવાદિને અંગીકાર કરનાર સમ્યગ્દષ્ટિ છે.

◆◆◆

પહેલાં તો તમારે તમારી ઈચ્છાને સમજી લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. સઘળાય પુરુષાર્થના પરિણામે, તમારે, તમારી પોતાની કેવી અવસ્થાને સિદ્ધ કરવી છે, એ વિષે વિચાર કરીને, એ વિષેનો કોઈ નિર્ણય તમે કર્યો છે ખરો ?

◆◆◆

પહેલાં સમ્યક્ત્વ પામી ગયા હોય પણ પછી સમ્યક્ત્વને વમીને જેમણે એવું ઘોર પાપકર્મ ઉપાર્જ્યું હોય કે જેથી દુર્લભબોધિ બની ગયા હોય, એવા જીવો પણ નવ પૂર્વના જ્ઞાન દ્વારાય મોક્ષની ઈચ્છાવાળા ન બને.

◆◆◆

પરોપકાર એટલો જ કરવાનો છે કે-જેમાં પોતાનો ઉપકાર ન હણાય.

◆◆◆

પરિણામની ચંચળતા, અલ્પસત્ત્વતા અને વ્રતમાં પ્રમાદઆ ત્રણનો યોગ, એ ઘણી જ ભયંકર વસ્તુ છે. એ ત્રણના યોગે જેટલું અનિષ્ટ ન થાય તેટલું ઓછું ! પરિણામની ચંચળતાવાળા અને વ્રતમાં પ્રમાદી બનેલા, એવા જે આચાર્ય આદિ મુનિઓ હશે, તે ધંધો શું કરશે ? ધર્મમાં રહેલા બીજાઓના

વિપર્યાસનો ! પોતે તો ઉન્માર્ગે ચઢશે, પણ ધર્મમાં રહેલા બીજાઓને પણ ઉંધે માર્ગે ચઢાવશે. માત્ર વિરલ આચાર્યાદિ મુનિવરો એવા થશે, કે જેઓ ધર્મની સાધનામાં તત્પર બન્યા રહેશે. આ ઉપરાન્ત, ભગવાને ફરમાવ્યું છે કે-ધર્મમાં શિથિલ એવા આત્માઓને જે કોઈ અપ્રમાદી ધર્માત્મા શિક્ષા દેવાનેજશે, તે ધર્માત્માનો પેલા ધર્મમાં શિથિલ બનેલા આત્માઓ ઉપહાસ કરશે. ગામડિયો જેમ ગ્રામસ્થ શહેરીનો ઉપહાસ કરે, તેમ ધર્મમાં પ્રમાદી બનેલાઓ પણ, શિક્ષા દેનાર ધર્માત્માઓનો ઉપકાર તો નહિ માને, પણ તેમનો ઉપહાસ કરશે ! 'વાહ રે, ધર્મના ઢીંગલા !'-'જોયા મોટા શાસનપ્રેમી થઈ ગયા છે તે !''-ઓહો, જાણે આ જ એક ધર્મના ઠેકેદાર !'-'આમના હાથમાં જ જાણે સ્વર્ગ-નરકની કુંચીઓ છે ને શું ?'-આવું આવું આજે તો ઘણું કહેવાય છે અને એ દ્વારા ધર્માત્માઓનો ઉપહાસ કરાય છે. કેટલાક સાધુવેષમાં રહેલાઓ પણ, આજે, પોતાની ધર્મહીનતાને છૂપાવવાને માટે, ધર્મમાં દઢ એવા આત્માઓનો ઉપહાસ કરવાને ચૂકતા નથી. 'ભાઈ રે ! આપણે સાધુ કહેવાઈએ. આપણાથી આમ ન વર્તાય.'-આવી હિતશિક્ષા દેનારનો પણ ઉપહાસ કરનાર છે ! 'અરે, આ જોયા કે ? કોણ જાણે ભૂલથી ચોથા આરાને બદલે પાંચમા આરામાં ભટકાઈ પડયા છે ! આજ કોઈ સાચા સાધુ હોય તો તે આ જ ભાઈ છે ને ? કેવા સુધરી ગયા છે ? બિચારા પોતાને કાંઈ સુધારવાનું બાકી ન રહ્યું, તે આપણને સુધારવા નીકળી પઢયા છે !'-આવી આવી રીતિએ પણ હિતશિક્ષા દેનારાનો ઉપહાસ કરાય છે. એમાં વળી કેટલાક એવા પણ હોય કે-હિતશિક્ષા દેનારને માથે ખોટું પણ કલંક ઓઢાડે, ત્યારે જ એમને જંપ વળે, જ્યાં સુધી હિતશિક્ષા દેવાની ભૂલ (?) કરનાર ધર્માત્માને માથે કાંઈકેય તહોમત ન મૂકે, ત્યાં સુધી તો એ બિચારાઓને ચેન પડે નહિ. 'ધર્મમાં શિથિલ એવા આત્માઓને જે અપ્રમાદી હિતશિક્ષા દેશે, તે અપ્રમાદીનો ધર્મમાં શિથિલ એવા આત્માઓ ઉપહાસ કરશે.'-એમ ફરમાવ્યા બાદ, ભગવાને ફરમાવ્યું છે કે-' આવી રીતિએ હવેથી શ્રી પ્રવચનની અવજ્ઞા થશે !' અર્થાત્-શ્રી પ્રવચનની અવજ્ઞા આચાર્ય આદિ મુનિઓથી જ થશે, છતાં પણ તેઓ ધર્મસ્થ એવા આચાર્ય આદિનો ઉપહાસ કરવાને અવસરે ચૂકશે નહિ ! પરિણામે બચારા અજ્ઞાન આત્માઓ મુંઝાય અને વિપર્યાસપણાને

પામે, તે સ્વાભાવિક જ છે.

♦♦♦

પહેલી ટેવ તો એ પાડવી કે-મને જે પ્રતિકૂળ લાગે છે, તે મારે બીજા પ્રત્યે આચરવું નહિ. મારૂં અપમાન મને નથી ગમતું, તો મારે કોઈનુંય કદી પણ અપમાન કરવું નહિ. મારા સુખમાં કોઈ વિઘ્ન કરે તો તે મને ગમતું નથી, માટે મારે કોઈનાય સુખમાં વિઘ્ન કરવું નહિ. આ વિચાર કરશો અને એ મુજબ વર્તવાનો પ્રયત્ન કરવા માંડશો, એટલે ખબર પડશે કે-ઈચ્છા નહિ છતાંય મારાથી ભૂલો થઈ જાય છે. શાથી એ ભૂલો થઈ જાય છે તેનો વિચાર કરશો, તો લાગશે કે-સંસારનો રાગ મારી પાસે આવી ભૂલો કરાવી દે છે; એટલે, સંસારનો રાગ જ નહિ જોઈએ એમ થશે.

♦♦♦

પાંચેય ઈંદ્રિયોને પામેલા જીવો પણ યોગ્યતામાં હેતુભૂત એવી જે ગુણસામગ્રી, તેનાથી જોરહિત હોય છે, તો તેઓને માટે ધર્મરત્નની પ્રાપ્તિ સુલભ નથી. આ વસ્તુને સમજીને, ધર્મના અર્થી જનોએ અક્ષુદ્રતા આદિ ગુણોને કેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ અને ધર્મના દાતાઓએ પણ; ધર્મદાનની ખોટી ઉતાવળ નહિ કરતાં, જીવોને ધર્મના અર્થી અને ધર્મગ્રહણને લાયક બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

♦♦♦

પુણ્ય વિના ધનાદિક મળે નહિ અને પાપથી દુઃખ આવ્યા વિના રહે નહિ-આટલી પણ વાત જોઆજની દુનિયાને બરાબર રૂચેલી હોય, તો તમે માનો છો કે-જે અનીતિ આદિનો કારમો પ્રચાર આજે કારમી રીતિએ થયો છે અને થયે જાય છે, તે શકય બનત ? પુણ્ય-પાપને બોલવામાં માનનારા, એટલું જ નહિ પણ પોતે પુણ્ય-પાપને ખૂબ જ શ્રદ્ધાપૂર્વકમાને છે, એવી વાતો કરનારો પણ માણસ, ધન ન મળતાં તરફડે છે અને ધન મેળવવાને માટે અત્યન્ત પાપમય અને નિન્દ્ય એવાં પણ કર્મોને કરતાં અરેરાટી અનુભવતો નથી, એ શું તમારા અનુભવ બહારની વાત છે ?

♦♦♦

પુણ્યાત્માઓ સિંહની માફક નીકળતા અને સિંહની માફક મુનિપણાનું

પાલન કરતા.

♦♦♦

પુણ્યવાનો મન્દિરો પાછળ અઢળક લક્ષ્મીનો સદ્‌વ્યય શાથી કરી શકયા હશે ? ભાવના એ કે-'મારી લક્ષ્મીની ખરી સફળતા આ છે. સંસારસાગરથી તરવાના બંદર જેવું મેં આ જિનમન્દિર બંધાવ્યું. આમાં પધારાવેલી શ્રી વીતરાગ પરમાત્માની પ્રતિમાનાં દર્શન કરીને, અનેક આત્માઓ બોધિ પામશે. દર્શનનું પાન કરીને અનેક આત્માઓ વૈરાગ્ય પામશે, ત્યાગવૃત્તિ પામશે, પૌદ્‌ગલિક પદાર્થોની મમતા તજી ત્યાગવૃત્તિ આદરશે અને સંયમ આરાધી મુક્તિ પામશે, એ લાભ મને.'-એવી પુણ્યભાવનાના યોગે જ એ આત્માઓ શ્રી જિનમન્દિર બંધાવવા માટે, એની પ્રતિષ્ઠા માટે અને એ પ્રતિષ્ઠાની ઉજવણી માટે એટલી લક્ષ્મી ખર્ચી શકયા.

♦♦♦

પુણ્યાત્માની તો સલાહ એ જ હોય કે-કર્મના ઉદયના યોગે આફત આવી છે, તો તે સમભાવથી વેઠી લો અને આવી સામગ્રી મળી છે તો ધર્મ એવી રીતિએ કરી લો, કે જેથી થોડા જ કાળમાં દુન્યવી સઘળીય આફતોનો અન્ત આવી જાય અને અનન્ત સુખમાં ઝીલાય. વાત એ છે કે-આ દૃષ્ટિએ સાધુઓને દુનિયાની સાથે કટ્ટી છે; દુનિયાદારીની સાથે વિગ્રહ છે : એટલે, શ્રી જિનશાસનને પામેલા મહાપુરૂષ જે કોઈ વાતો લખે તેમાં શ્રી જિનાજ્ઞાની આરાધનાનો જ ઉદ્દેશ હોય, પણ એથી વિપરીત બીજો કોઈ પણ ઉદ્દેશ હોય, નહિ; અને જો તેવો વિપરીત ઉદ્દેશ હોય તો તે સાધુ નહિ.

♦♦♦

પૂજા કરતી વેળાએ પણ, શ્રી જિનની આજ્ઞાને અનુસરવાના રસ સિવાયનો કોઈ રસ હોતો નથી ને ? 'આ પૂજાના ફલ તરીકે હું માત્ર એટલું જ ઈચ્છું છું કે-એવો અવસર મને ઝટ પ્રાપ્ત થાય, કે જે અવસરે મારા મન-વચન-કાયાના યોગો એક માત્ર શ્રી જિનાજ્ઞાને જ સમર્પી દઈને, હું એક માત્ર શ્રી જિનની આજ્ઞાનેજ અનુસારે મારા મન-વચન-કાયાના યોગોને પ્રવર્તાવનારો બનું !'-આવી ઈચ્છા જ શ્રી જિનપૂજા કરતાં રહ્યા કરે છે ને ?

♦♦♦

'પૂજા-સામાયિક કરવાથી શું લાભ ? પ્રતિમાની શી જરૂર ? આટલા સાધુઓની શી જરૂર ? મંદિરનું સાધુઓનું શું કામ ? રોજ વ્યાખ્યાનનું શું કામ?'-એ પ્રશ્નો આજે શું છે. વસ્તુનું જ શું કામ ? -એની જે આજે પંચાત છે એને એ પૂછો કે-'ખાવું શું કામ ? પીવું શું કામ ? ઘર, બંગલા, બગીચા, હરવું, ફરવું, નાહવું, ધોવું શું કામ ? ઓફિસ, નોકર ચાકર શં કામ ?'

♦♦♦

## પહેલો બોલાવે અને પ્રિય બોલે :

પૂર્વાલાપ એટલે બીજો આપણને બોલાવે તે પહેલાં જ આપણે એને બોલાવીએ. સામાન્ય રીતિએ સ્નેહી અગર જાણીતો માણસ સામે આવતો હોય અથવા અજાણ્યો માણસ પણ પોતાને ત્યાં આવ્યો હોય, તો એ બોલાવે તે પહેલાં આપણે તેને બોલાવીએ, એ પૂર્વાલાપ કહેવાય. મોટો માણસ જ નાના માણસને પહેલો બોલાવે, એમાં નાના માણસનું હૈયું કેટલું ઠરે છે, એ જાણો છો ? તમેબોલાવો, એમાં એને લોહી ચઢે; કેમ કે-મોટાએ મને બોલાવ્યો એ પણ એનું એક સુખ છે. તમારે ત્યાં તો પહેલો બોલે તે નાનો ગણાય ને ? પણ અહીં કહે છે કે-પહેલો બોલે તે સદ્‌ગતિ પામે, તેવો સારો હોય છે કોઇ પણ મળી જાય અનેપૂછાય કે-'કેમ છો ? 'તો એ કાંઇ ખોટું નથી. એમાં તો મોટાની શોભા છે.પોતે પહેલો બોલાવે એટલું જ નહિ, પણ જે કાંઈ બોલે તે પ્રિય બોલે. આ બે ગુણોમાં, હેયાની સાકર બહાર આવે છે. જેના હેયામાં મીઠાશ હોય નહિ, તે પહેલો બોલી શકે નહિ અને જ્યારે બોલે ત્યારે પણ એવું બોલે કે-આ બોલ્યો તેને બદલે ન બોલ્યો હોત તો સારૂં થાત, એમ સાંભળનારને લાગે. જેમ કે-કોઈને પહેલો બોલાવે, પણ-'અલ્યા, કયાં રખડે છે?'-એવું પૂછે, તે શું કહેવાય ? કેટલાકો એવા કે-પોતે બોલાવે નહિ અને સામો બોલાવે ત્યારે કર્કશ વચનો બોલે. કેટલાકોના મોંઢામાં શબ્દો જ કડવા હોય છે. પહેલાં પોતે બોલે અને પોતે જે કાંઈ બોલે તે પ્રિય બોલે, એમાં કાંઈ નુકસાન ખરૂં ? પ્રિય બોલવું, એટલે માયાથી મીઠું બોલવું-એમેય નહિ અને નુકસાનની દરકાર કર્યા વિના મીઠું બોલવું-એમેય નહિ. જે કહેવું હોય, તે મીઠાશથી કહેવાનો સ્વભાવ. સારી ગતિમાં જવાવાળા જીવોમાં, આ પૂર્વાલાપ અને પ્રિયાલાપ સ્વાભાવિક રીતિએ હોય છે. આજે કેટલાક સારા ગણાતા માણસો પણ કહે છે કે-કોઈ દુઃખી આપણી પાસે આવે તો આશ્વાસન

આપવુ; જ્યારે, પહેલાં એવું હતું કે-કોઈને દુઃખી જાણ્યો, તો એને આશ્વાસન આપવાને માટે આપણે જવું ! થોડા વખત પહેલાં, અમદાવાદમાં એક સુખી ગૃહસ્થ હતા. એ ગૃહસ્થે કેટલીયે પેઢીઓને ડૂબતાં બચાવી લીધેલી. જે કોઈ પેઢી ડૂબતી સંભળાય, તેની પોતે તપાસ કરવા જાય. પેઢીના ધણીને ખાનગીમાં મળે અને કહે કે-મુંઝાય છે શાનો ? કેટલાક ખૂટે છે ? પછી પેલો વિગત કહે, એટલે આ રસ્તો કાઢી આપે. આવો શેઠ સામે જઈને પૂછે અને મીઠાશથી વાત કરીને મદદ કરે, તો પેઢીવાળા અને બીજાઓ, એનું કેટલું માન જાળવે ? મોટો માણસ પહેલો બોલાવે, એમાં નાના માણસનું હૈયું પહોળું થાય; અને એમાં શેઠ જો સામાના ચ્હેરા ઉપર ખિન્નતા જુએ, તો પૂછે કે-'કેમ આમ દેખાય છે ?' તો ગરીબને તો ભગવાનનો માણસ મળ્યો, એમ લાગે. એ પોતાનું દુઃખ કહે અને આ આશ્વાસન આપે. શકય હોય તો એને ત્યાં ને ત્યાં હસતો કરી દે. મોંઢાની સાકર બહુ કામ કરે છે, પણ હૈયામાં મીઠાશ હોય તો મોંઢાની સાકર કામની. સુખી પણ માણસ, કોરી ડાહી ડાહી વાતો કરે-તે ન ચાલે. આગળના શેઠિયાઓ એવા હતા કે-આખું ગામ એમને માન આપે. કેમ ? મોંઢામાં પણ મીઠાશ અને હૈયામાં પણ મીઠાશ ! એવા સારા માણસો સન્માનાય, તેમાં પણ લાભ. ગામમાં બદી પેસતી એ સહેલાઈથી અટકાવી શકે. પહેલાંના કેટલાક શેઠિયાઓ આજુબાજુનાં પચાસ ગામોમાં ધાર્યું કરાવી શકતા, કેમ કે-એમનામાં પૂર્વાલાપ, પ્રિયાલાપ અને સાથે સંવિભાગવિધાયિત્વ વગેરે ગુણો હતા. જ્યારે નીકળે ત્યારે ગામે ગામ કાંઈક ને કાંઈક એવું કરતા આવે કે-એ શેઠ કયારે પધારશે, તેની ગામ રાહ જુએ.

◆◆◆

પૂજા માગી નથી મળતી શ્રી અરિહંત પૂજા માગે છે કે પૂજા માટે યોગ્ય છે ? કહેવું જ પડશે કે પૂજા માગતા નથી પણ પૂજા માટે યોગ્ય છે.

◆◆◆

પૂર્વકાળમાં આર્ય પ્રજામાં મહાપુરૂષો પ્રત્યે જે સ્વાભાવિક આદરભાવ હતો, તેય લુપ્ત પ્રાયઃ થતો જાય છે.

◆◆◆

પૂર્વના મહાપુરૂષોની કથા, એ રીતિએ ઉપકારક થાય છે કે-તેઓ જે રીતિએ જીવ્યા તે રીતિએ જીવવાનું આપણને મન થાય અને એથી એ

મહાપુરૂષો જે રીતિએ દોષોને તજનારા અને ગુણોને પ્રગટાવનારા બન્યા હતા, તે રીતિએ આપણે પણ દોષોને તજવાનો અને ગુણોને પ્રગટાવવાનો પ્રયત્ન કરી શકીએ. આપણે એ મહાપુરૂષોને રૂબરૂ જોયા પણ નથી અને એ મહાપુરૂષો આપણને રૂબરૂ જોવાને મળે તેમ પણ નથી, પણ એ મહાપુરૂષોને જો તમે બરાબર ઓળખી શકશો, તો તમને લાગશે કે-આપણને આપણાં મા-બાપે પણ જે નથી આપ્યું અને મા-બાપ જેવાં મા-બાપ પણ જે આપી શકે તેમ નથી, તે આપણને આ મહાપુરૂષોની કથા આપી શકે તેમ છે.

◆◆◆

પુદ્ગલની લાલસામાં સડતા આત્માઓ સાચી ભક્તિ કરી શકતાજ નથી : કારણ કે-એ આત્માઓને ભક્તિનો ઉત્કર્ષ શામાં છે અને અપકર્ષ શામાં છે, એની સાચી સમજ જ હોતી નથી.

◆◆◆

પુદ્ગલના ગુલામ આત્માઓ કોઈપણ કાળે મુક્તિ સાધી શકયા નથી, સાધી શકતા નથી અને સાધી શકશે નહિ. કારણ કે જડને મૂકયા શિવાય ચેતનની મુક્તિ થવી જ નથી.

◆◆◆

પૂર્વની આરાધના, સુકુલના સંસ્કારો અને હિતૈષી માતાપિતાદિની હિતકર પ્રેરણા આદિના પ્રતાપે બાળકો જેમ સંસારના પ્રેમથી રહિત બની સંયમના રંગથી રંગાઈ ને સાધુધર્મને બાલ્યકાળમાં જ પામી શકે છે, તેમ પરમ શ્રાવકો, સંસારની જાળમાં ફસેલા હોવા છતાં અહર્નિશ અંતઃકરણમાં ઉઠયા કરતી ઉત્તમ ઉત્તમ ઉર્મિઓના પ્રતાપે એકદમ શ્રમણ ધર્મને પામી શકે છે.

◆◆◆

પુત્ર, એ તો પિતાનો એક અદનો સેવક છે. એ સેવકપણાના યોગે પિતાની કોઈ પણ આજ્ઞામાત્ર તે ધર્મનો ઘાત કરનારી ન હોવી જોઈએ-તે માનવાને દરેક પુત્ર બંધાયેલો છે.

◆◆◆

પૈસાવાળાને જૈનશાસને સાચા શ્રીમાન કહ્યા નથી પણ જે શ્રીમાન પૈસાનો સદુપયોગ કરે એને સાચા શ્રીમાન કહ્યા છે.

◆◆◆

પુત્ર જો પોતે સંસારનો પરિત્યાગ કરવા જેવી દશા ન પામ્યો હોય, તો તેણે એવા સંસારરસિક ન જ બનવું જોઈએ, કે જે રસિકતાના યોગે પિતા-માતાને અનેક પ્રકારની આફતો કચવાતે મને પણ ભોગવવી જ પડે.

♦♦♦

પૂર્વકાળમાં અનેક પુણ્યાત્માઓ પોતાની લક્ષ્મીનો મોટા પ્રમાણમાં સન્માર્ગે વ્યય કરી શકયા, એ પ્રતાપ તે પુણ્યાત્માઓમાં પ્રગટેલી સાચી ઉદારવૃત્તિનો જ છે. આત્મકલ્યાણની અભિલાષામાંથી પ્રગટેલી પરકલ્યાણની સાચી ભાવનાનો જ એ પ્રતાપ છે.

♦♦♦

પુરુષોની માફક સ્ત્રીઓ પણ પોતાની મર્યાદામાં સ્વતંત્ર હોઈ શકે છે : પરન્તુ શીલસંપન્ન સ્ત્રીઓ મર્યાદાહીન સ્વતંત્રતાની, કે જે સ્વચ્છન્દતા જ છે, તેની ઉપાસક બનતી જ નથી. સ્વતંત્રતાના નામે આજે જેમ પુરૂષો સ્વચ્છંદી બન્યા છે, તેમ સ્ત્રીઓ પણ સ્વચ્છન્દી જ બની રહી છે. સ્વચ્છંદતા, એ સ્ત્રી-પુરૂષ ઉભય માટે શ્રાપ રૂપ છે. આજના સ્વચ્છન્દી સમાજે શીલગુણનો કારમો વિધ્વંસ કર્યો છે.

♦♦♦

પુરૂષોને બજારમાં વેપારી કરડી ખાય અને ઘેર આવે ત્યાં સ્ત્રી-'આ જોઈએ ને તે જોઈએ'-એમ માગણી કરી કરીને કરડી ખાય આ સંયોગોમાં શાંતિ કયાં છે ? તમને શાંતિ લાગે છે ?

♦♦♦

પેટની વિદ્યા એ સમ્યગ્જ્ઞાન નથી અને એનો જેટલો પ્રચાર એટલો આત્મગુણનો નાશ છે.

♦♦♦

પેટ માટે વિદ્યા ભણનારા એ જગતમાં ઉપકારી થાય એમ માનવું, એ એક જાતિની ભયંકરમાં ભયંકર મૂર્ખાઈ છે.

♦♦♦

પૈસા જોઈએ તો પણ પારકાનું ઘર તોડી પાડવાની મહેનત કદી નહિ કરતા, કારણ કે-એ દુઃખ ટાળવાનો ઉપાય નથી પણ દુઃખને લાવવાનો મોટામાં મોટો જંગી ઉપાય છે. આથી જ જ્ઞાનિઓને દુઃખ ટાળવાની ઈચ્છા હતી,

છતાં પણ થંભ્યા : કેમ કે-એ સાચા ચિકિત્સક હતા. આપણે એવાને જ શરણે રહેવું જોઇએ કે-સદા કાળ નિર્ભય રહીએ. દાહજવરમાં ઠંડું પાણી લાગે મજેનું, પણ પડે એટલી જ વાર ! મહીં પડતાંની સાથે જ દાહ વધે. આથી ત્યાં મા-બાપ કરતાં ચિકિત્સકની સલાહ માનવી, એ જ યોગ્ય છે : કારણ કે -વૈદ્ય જાણકાર છે અને મા-બાપ મોહાંધ છે. મોહાંધોની સલાહ કામ ન લાગે. મા કહે છે કે-ગળું ઠરશે, ત્યારે વૈદ્ય કહે છે -ઠરશે નહિ પણ વધારે બળશે.

◆◆◆

પૈસાના પૂજારીઓએ જૈનશાસનમાં પ્રભાવના કરી છે એવું ન માનતા. પૈસા ખોટા છે, ત્યજવા યોગ્ય છે, એનો સંગ તજવામાં જ આત્માનું કલ્યાણ રહેલું છે એમ માનનારાઓ જ પોતાના પૈસા વડે શાસનની પ્રભાવના કરી શકયા છે.

◆◆◆

પાપના માર્ગે જઈ રહેલા આત્માઓને પાપમાર્ગમાંથી બચાવવાને ઉત્તમ આત્માઓ ઈચ્છે અને સત્ય વસ્તુનું ભાન કરાવવાનો પ્રયત્ન કરે, તે પણ પાપાત્માઓથી સહી શકાતું નથી.

◆◆◆

પાપપ્રવૃત્તિના પરિણામનો આદમીને જો વાસ્તવિક ખ્યાલ આવી જાય, તો તે કંપી ઉઠયા વિના રહે નહિ.

◆◆◆

પાપનો ભય જાય ત્યાં ધર્મનો પ્રેમ શી રીતે થાય ? સન્માર્ગને આરાધવા તૈયાર થયેલા પુરૂષોનાં જીવનો જૂઓ ! તેઓને પાપનો ભય કેટલો હતો ?

◆◆◆

પાપ રૂપી-ખોટી માન્યતા રૂપી મળ નાશ ન પામે ત્યાં સુધી માનવીજીવનની પરિપૂર્ણ સફળતા સાધી શકાય એ શકય જ નથી.

◆◆◆

પાપરક્ત આત્માઓ, આપત્તિ આવે ત્યારે-'આપત્તિનું કારણ પાપ છે'-એમ માનવાને બદલે આપત્તિના કારણ તરીકે અન્ય અન્ય વસ્તુઓની જ કલ્પના કરે છે અને એ રીતિએ કલ્પનાવાદના પ્રતાપે પરિણામે તેઓ એવા

નાસ્તિક બની જાય છે કે-જેની કશીએ મર્યાદા જ નહિ.

◆◆◆

પાપરસિકને જે સત્ત્વશીલતા કેળવવાની જરૂર પડતી નથી, તે સત્ત્વશીલતા પાપભીરૂને કેળવવી પડે છે.

◆◆◆

પાપી અને વિરાધકમાં ભેદ છે. પાપી હજી બચી જાય, પણ વિરાધક બનનાર આત્મા સંસારમાં રૂલી જાય છે.

◆◆◆

પાપી આત્માને કહેવું નહિ કે-અમારા મુનિ વૈરાગી-ધર્મી છે : ઉલટા પ્રાણ લેવડાવે. પાપી આત્માઓ આગળ કોઈ ગુરૂનાં વખાણ કરવાં, એ બે ગાળો વધારે ખવડાવવા જેવું છે. જેમ જેમ ક્ષમાધારી કહીએ તેમ બાયલા કહે, પરિગ્રહરહિત કહીએ તો ભીખારી કહે, બ્રહ્મચારી કહીએ તો નપુંસક કહે અને શાસ્ત્ર વાંચે છે એમ કહીએ તો વેદીઆ કહે ! જેમ ચોટ્ટાઓની આગળ મિલ્કત છૂપાવી દેવી પડે, તેમ ઉન્મત્ત આત્માઓની આગળ દેવ, ગુરૂ અને ધર્મનું વર્ણન પણ કરવું નહિ ગાંડા પાસે ડાહી વાતો ન થાય.

◆◆◆

પિતાદિ વડિલો સમક્ષ જેઓ કામની વાતો કરતા પણ ન શરમાય, તેવા આત્માઓમાં અનાચારો આવતા વાર જ કેટલી ?

◆◆◆

પાપાચારના ત્યાગની અને સદાચારના પાલનની પ્રતિજ્ઞા ગુરૂ સમક્ષ જ કરવી જોઈએ, એવી મર્યાદા ઈતર શાસનોમાંય કેટલેક અંશે વિદ્યમાન છે. શ્રી જૈન શાસનમાં તો પ્રતિજ્ઞાના સ્વીકાર માટે પણ સુન્દર મર્યાદા છે. પ્રતિજ્ઞા કરવાને ઈચ્છનારે, પોતાને જે કોઈ પ્રતિજ્ઞા સ્વીકારવી હોય તે પ્રતિજ્ઞા તેમાં રાખેલા અપવાદો આદિ સહિત યથાર્થપણે ગીતાર્થ ગુરૂને કહેવી જોઈએ. એવા પ્રકારની પ્રતિજ્ઞા થઈ શકે કે નહિ એવા પ્રકારની પ્રતિજ્ઞા થઈ શકતી હોય તો પણ એવા પ્રકારની પ્રતિજ્ઞાને ગ્રહણ કરવાની જેની ઈચ્છા હોય તે, એવા પ્રકારની પ્રતિજ્ઞાને ગ્રહણ કરવાને યોગ્ય છે કે નહિ એ વગેરેનો વિચાર ગીતાર્થ ગુરૂ પણ કરે. એ પછીથી જ, ગીતાર્થ ગુરૂ જે રીતિએ યોગ્ય લાગે તેવી રીતિએ પ્રતિજ્ઞા કરાવે. ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનું, તે જેવા પ્રકારે ગ્રહણ

કરી હોય તેવા અગર તો તેથી વિશેષ પ્રકારે પાલન કરવું જોઈએ, પણ ગ્રહણ કરેલી પ્રતિજ્ઞા દૂષિત બને નહિ અગર ભાંગે નહિ તેની ખાસ કાળજી રાખવી જોઈએ. પ્રતિજ્ઞાને ગ્રહણ કરીને તેનાથી વિપરીત પ્રકારે વર્તવાથી, મહા દોષના ભાગી બનાય છે. પ્રભુશાસને ફરમાવ્યા મુજબની પ્રતિજ્ઞા, પ્રભુશાસને ફરમાવેલા વિધિથી ગ્રહણ કરાય અને તેનું યથાર્થ સ્વરૂપે પાલન કરાય, તો એક નાનામાં નાની ગણાય તેવી પણ પ્રતિજ્ઞા, મહા લાભને માટે થાય છે. કલ્યાણના કામી આત્માઓએ, સ્વચ્છન્દપણે પ્રતિજ્ઞા નહિ કરતાં, ગીતાર્થ ગુરૂની નિશ્રાએ જ પ્રતિજ્ઞા સ્વીકારવી જોઈએ. એથી, પ્રતિજ્ઞા સુયોગ્ય પ્રકારે થાય છે તેમ જ તેના પાલનમાં પણ ઘણી પ્રેરણા મળે છે. એ પ્રતિજ્ઞા ગુણપ્રાપક અને ગુણવૃદ્ધિકર નીવડે છે. સ્વચ્છન્દપણે પ્રતિજ્ઞા કરનારાઓ, પ્રતિજ્ઞાના વાસ્તવિક કોટિના લાભને પામી શકતા નથી.

◆◆◆

પિતાના વચનની ખાતર જ્યારે શ્રી રામચંદ્રજી વનવાસ ગયા, ત્યારે કંઈ શ્રીમતી સીતાજીને પૂછવા નહોતા ગયા કે-'હું વનવાસ જાઉં કે નહિ ?' કારણ કે-સીતાજી ના પાડે તો પણ કંઈ શ્રી રામચંદ્રજી પિતાજીના વચનની પાલનામાં પાછ પડે તેમ ન હતા : કેમ કે-શ્રી રામચંદ્રજી જેવા પિતાજીના હતા, તેવા પત્નીના ન હતા. જોકે-આ વાત આજના જમાનાવાદિઓને ખટકશે ખરી, પણ એથી કાંઈ એ સત્ય છૂપાવાય તેમ નથી જ.

◆◆◆

પુસ્તક જે પરિણામનો પલટો નહિ કરાવે, અને ક્રિયાઓ જે પલટો નહિ કરાવે, તે દર્શન-શ્રદ્ધા કરાવશે જ્ઞાન અને ચારિત્ર કરતાં દર્શનની જે ઘણી કીંમત અંકાય છે, તેનું આજ કારણ છે.

◆◆◆

પૂજ્યોનું અપમાન અને યોગ્યનો તિરસ્કાર, એ સજ્જન આત્માને પણ તપાવ્યા વિના નથી જ રહેતો. ફરજનું પણ ભાન નહિ ધરાવનારા આત્માઓ સજ્જનોની કક્ષામાં નથી આવી શકતા.

◆◆◆

પૂરેપૂરા સ્વતંત્ર વીતરાગઆત્માઓને કોઈપણ જાતિની ઈચ્છા રહેતી જ નથી.

◆◆◆

પુરની શોભા પંડિતોથી છે, પણ મૂર્ખાઓથી નથી; એ જ રીતિએ, પુરની ક્ષેમંકરતારક્ષક રાજાથી છે, પણ ભક્ષક રાજાથી નથી; અને, સુકાળ એ પુરનો રક્ષક છે, જ્યારે દુષ્કાળ એ પુરનો ભક્ષક છે. દુષ્કાળથી રીબાતું નગર હજી પણ સુંદર મનાય, પણ મૂર્ખાઓથી મંડિત અનેરાજાથી ભક્ષિત નગર તો કોઈ પણ રીતિએ સુંદર ન જ મનાય. દુષ્કાળથી રીબાતા પણ નગરને, સુરક્ષિત રાખવાને માટે, તેનો રક્ષક રાજા બનતું બધું જ કરી છૂટે અને નગરમાં વસતા પંડિતો નગરના સામાન્ય જનોને પણ સુપ્રસન્ન રાખી શકે છે; જ્યારે સુકાળથી કલ્લોલ કરતું નગર પણ જો મૂર્ખાઓથી ઉભરાતું હોય અને ભક્ષક રાજાનું ભક્ષ્ય બનતું હોય, તો એ નગરની ખાનાખરાબી જ થાય છે .ભક્ષક રાજાથી શાસિત થતું અને મૂર્ખાઓથી ભરચક બનેલું નગર, પરિણામે સ્મશાન થવાને જ સરજાયેલું છે.

◆◆◆

પુણ્યોદય વિના આ વિશ્વની માની લીધેલી એક પણ ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતી નથી.

◆◆◆

પુણ્યશાલી આત્માઓને અચાનક પણ હિતકર વસ્તુનો યોગ થઈ જાય છે.

◆◆◆

પુણ્યવાન આત્માઓનો નાશ કરવા ઈચ્છનારાઓ, વિના કારણ પોતાના નાશની જ તૈયારી કરનારા છે : કારણ કે-તેઓની ઈચ્છા ફળતી નથી અને પાપનો બંધ અવશ્ય થાય છે.

◆◆◆

પુણ્યાનુબંધી પુણ્ય જે રીતિએ ઉપાદેય ગણાય છે, તે રીતિએ પ્રશસ્ત રાગ પણ ઉપાદેય ગણાય છે.

◆◆◆

પુણ્યોદયના પ્રતાપે ઈષ્ટ વસ્તુઓને પામેલાઓની ઈર્ષ્યા કરવી, એ પણ એક જાતિની મૂર્ખતા જ છે.

◆◆◆

પુણ્યયોગે મળેલી સામગ્રીથી જે આત્મા સંતોષ પામતો નથી, તે

આત્માની દશા એવી થાય છે કે જેથી તેને અનેક પાપો આચરવાની વૃત્તિ થયા વિના રહે નહિ.

◆◆◆

પુણ્ય-પાપની સાચી શ્રદ્ધા આત્મામાં કેટલું સુંદર પરિવર્તન આણે છે, એનો અનુભવ તો તેઓને જ થાય, કે જેઓએ એ શ્રદ્ધાનો સાચો : આસ્વાદ જાણ્યો હોય. જેઓ પુણ્ય-પાપની સાચી શ્રદ્ધાના સ્વામી બન્યા છે, તેઓ પુણ્યના પ્રતાપે મળેલા વિભવથી ઉન્મત્ત પણ નથી બનતા અને પાપના યોગે આવતી દરિદ્રતા આદિમાં દીન પણ નથી બનતા !

◆◆◆

પુણ્યોદય જ્યાં સુધી જાગૃત નહિ થાય, ત્યાં સુધી જોઈતી વસ્તુ કદી જ નહિ મળે, એ યાદ રાખજો.

◆◆◆

પુણ્ય અને પાપની શ્રદ્ધાથી સમલંકૃત બનેલા આત્માઓ, જ્યારે સુખ-દુઃખ ઉભયમાં માનસિક સ્વાસ્થ્યને સુન્દર પ્રકારે જાળવી શકે છે, ત્યારે તે તત્ત્વોની શ્રદ્ધાથી શૂન્ય બનેલા આત્માઓ ઉભયના યોગમાં અસ્વસ્થ જ રહે છે.

◆◆◆

પુણ્ય-પાપની સાચી શ્રદ્ધા આત્મામાં કેટલું સુન્દર પરિવર્તન આણે છે. એનો અનુભવ તો તેઓને જ થાય, કે જેઓએ એ શ્રદ્ધાનો સાચો આસ્વાદ માણ્યો હોય. જેઓ પુણ્ય-પાપની સાચી શ્રદ્ધાના સ્વામી બન્યા છે, તેઓ પુણ્યના પ્રતાપે મળેલા વિભવથી ઉન્મત્ત પણ નથી બનતા અને પાપના યોગે આવતી દરિદ્રતા આદિમાં દીન પણ નથી બનતા !

◆◆◆

પ્રશસ્ત કષાય કરવા નથી પડતા પણ થઈ જાય છે જ્યાં સુધી કરવા પડે છે ત્યાં સુધી ખામી છે, પણ તેવી દશા લાવવા માટે એ ખામીને પણ ચલાવી લીધે જ છુટકો છે.

◆◆◆

પુણ્યપુરૂષો છતી સામગ્રીએ સાધનાને કદી ચૂકતા જ નથી. જીવનસાધનાના ઉપાયને અવસરે આરાધી લેવો, એ તો કલ્યાણના કામી

આત્માની અનિવાર્ય ફરજ છે. એવી ફરજને સામગ્રીના સદ્‌ભાવમાં પણ અદા તેઓ જ ન કરે, કે જેઓ મનુષ્યભવની મહત્તાને સમજ્યા ન હોય.

◆◆◆

પુણ્યાનુબંધી પુણ્યનો એ પ્રભાવ છે કે ભોગ સામગ્રી મળે તેમ તેમ એના ત્યાગ તરફ એનું મન દોડે.

◆◆◆

પુણ્યાનુબંધી પુણ્યને સહાયક માન્યું છે અને ઉપાદેય તરીકે સ્વીકાર્યું છે એનું કારણ એજ છે કે એ ભોગની સામગ્રી આપે પણ આત્માને એથી પ્રાયઃનિર્લેપ રાખે કારણ કે નિરાશંસભાવે થયેલી ધર્મક્રિયા એજ પુણ્યનુબંધી પુણ્યનું કારણ છે.

◆◆◆

પુણ્ય પુરૂષો કંઈ ગુણી ધર્મની સેવા કરતાં છતાં એ એમને ઓછી ને ઓછી લાગતી. દાન, શીલ, તપ આદિ ધર્મક્રિયાઓ એટલી બધી દુર્લભ છે કે-એનો જેટલો અમલ થાય એટલો ઓછો છે. શ્રી સંપ્રતિરાજાએ સવા ક્રોડ જિનબિંબ, સવા લાખ જિનમંદિર, છત્રી હજાર જીર્ણ મંદિરોના ઉદ્ધાર કરાવ્યા, છતાં મેં કાંઈ કર્યું નહિ એજ ભાવનામાં એ રમતા હતા.

◆◆◆

પુણ્યશાલિઓના જીવન વિષે વિવેક પૂર્વક વિચાર કરવો, એ પણ કલ્યાણકારી છે.

◆◆◆

પુણ્ય અને પાપ બેના ક્ષયથી મુક્તિ છે. પણ જ્ઞાનીઓ કહે છે કે પાપને પાંગળું બનાવવા માટે પહેલાં પુણ્યાનુબંધી પુણ્યનું અર્જન કરો.

◆◆◆

પહેલાં રિવાજ હતો કે-જમવા બેસે ત્યારે રોટલાની પોપડી બહાર મૂકે, એમ કે-આટલુંય કાઢયા વિના ખવાય નહિ. કેટલાકો વળી બધીય ચીજો થોડી થોડી બહાર કાઢતા. એ રિવાજમાં સૂચન છે કે-આપણી ચીજ થોડી પણ બીજાને આપ્યા વિના ખાવી નહિ. પહેલાં, બહુ સામાન્ય સ્થિતિવાળાને ત્યાંથી પણ કુતરાં ભિખારી વગેરે ખાલી જતા નહિ. દરેકને ત્યાંથી કાંઈક ને કાંઈક કુતરાં, ભિખારી વગેરેને માટે નીકળે. આ ગુણવાળાને વાત વાતમાં ખ્યાલ

આવે કે-આ બધું મારૂં જ છે એમ નથી. મોટા પોતાને ઘેર બોલાવીને બીજાને જમાડે અને નાનો વાડકી મોકલાવે. ઘરમાં કોઈ ખાવાની નવી ચીજ આવી અગર બનાવી હોય, એટલે આજુબાજુનાને મોકલાવવાનો રિવાજ ! આર્ય દેશના કેટલાક રિવાજોમાં પણ બહુ ગુણ હતો. માંદાને જોવા જવાનો રિવાજ શા માટે હતો ? એને અને એનાં સંબંધિઓને એકલવાયાપણું લાગે નહિ. થાય કે-આપણા દુ:ખમાં ભાગ લેનારા ઘણા છે અને એથી આશ્વાસન મળે. જે જાય તે માંદાની અને માંદાના કુટુંબની સમાધિની કાળજી કરે. 'માંદગીની સાથે સાધનની ઉણપની રીબામણી તો નથી ને ?'-એય જોઇલે. એવું કાંઈ દેખાય, તો આડા હાથે જરૂર પૂરતા જાય. આજે તો માંદાને જોવા જાય, તે પ્રાયઃ સામાને રડાવ્યા વિના આવે નહિ. ગમે તે એકાદ-બે નવા ડોકટરનું નામ દીધા વિના રહે નહિ. દર્દીને પણ પ્રાયઃ એમ જ કહે કે-પહેલાં કરતાં ચ્હેરો બહુ બગડયો છે, એટલે એનામાં માનસિક દર્દ પેદા કરે. આમ વાતો ઘણી કરે, પણ મદદ કેટલી કરે ?'

◆◆◆

પરોપકારના નામે પાપની રૂચિ અને પાપમાં પ્રવૃત્ત થવાની હોંશ, એજ એક જાતની કરપીણ અકુલીનતા છે. એવી જાતિની અકુલીનતામાં પડેલા આત્માઓ તરફથી થતી પરોપકારની વાતોમાં એજ ભયંકર અજ્ઞાનતા છે અને એવી અજ્ઞાનતાથી બચાવી લેવા માટે જ, શ્રી જૈનશાસને વચનવિશ્વાસ કરતાં પુરૂષવિશ્વાસની વધુ મહત્તા આંકી છે. એણે તેવા પુરૂષ તરીકે એક શ્રી અરિહંતદેવને જ સ્વીકાર્યા છે, તથા વધુમાં એ સ્પષ્ટ કર્યું છે કે-ઉપકાર એ શ્રી અરિહંતદેવની આજ્ઞામાં જ છે. માટે સાચા ઉપકારી તરીકે તેઓને જ માનવા અને સ્વીકારવા, કે જેઓએ શ્રી અરિહંતદેવની આજ્ઞા સ્વીકારી છે અને જેઓ જગતને એક તેમની જ આજ્ઞાના પાલનમાં રક્ત બનાવવા ઈચ્છે છે.

◆◆◆

પાંચે ઈંદ્રિયો કે જે વિષયોની વાસનામાં લીન થઈ ગઈ છે, તેને અંકુશમાં લેવી જોઇએ : એને અંગે જે પાપ થઇ રહ્યું છે, તેનાથી બચી આ જીવનને સુંદર બનાવવું જોઇએ : તેમ કરવાથી જૂઠ, ચોરી, અનાચાર અને લોભને વશ પડી કોઈ પણ પ્રાણિને દુઃખી કરવામાંથી બચી શકાય.

◆◆◆

પાઠકની ઉત્તમતા પણ યોગ્ય વિદ્યાર્થીના જીવન ઉપર અજબ અસર કરે છે.

♦♦♦

પારકી નિન્દા અને પોતાની પ્રશંસા તો આજે અનેક પ્રકારે થઇ રહી છે.

♦♦♦

પોતાની ફરજ સમજનારા ફરજ અદા કરવાના સમયે શરીરઆદિના મોહને આધીન ન જ થાય.

♦♦♦

પાપ કરવામાં પાછી પાની નહિ કરનારાઓ પણ, 'તમે પાપી છો'- એમ કહીએ, તો તે સાંભળી લે એવા છે ? તેમને આપણે સમજાવવાનો પ્રયત્ન કરીએ, તો સમજવાની તાકાતવાળા છે ? સૌ પોતાની સ્થિતિને વિચારે. વર્તમાનમાં જે જે પાપ કરવાની વાસના થાય છે, પાપ કરવાનું મન થાય છે અથવા તો તમે જે પાપ કરી લો છો, તેમાં તમારા ભૂતકાળના પાપનું પરિણામ પણ સંડોવાએલું છે, એની તમને ખબર છે ? નહિ તો, માણસ જેવી જાતને પોતાના હક્કમાં ન હોય તેવો પૈસો લેવાનું મન થાય ? કોઇએ વ્યવસ્થા કરવાને માટે નાણાં વગેરે સોંપેલ હોય, તો તેનો દુરૂપયોગ કરવાનું મન થાય ? જેણે વિશ્વાસ મૂકયો હોય, તેના વિશ્વાસનો ભંગ કરે ? કહો તો ખરા કે- માણસમાં જો માણસાઈ હોય, તો એનેજેના ઉપર પોતાનો હક્ક પહોંચતો નથી, તેવો એક પૈસો પણ લેવાનું મન થાય ? નહિ ને ? ત્યારે વ્યવસ્થા કરવાને માટે કોઇએ સોંપેલાં નાણાં વગેરેનો દુરૂપયોગ કરવાનું મન થાય ? એય નહિ ને ? તો કોઇએ મૂકેલા વિશ્વાસનો ભંગ કરવાનું મન થાય ? એ પણ નહિ ! આ બધું તમારાથી થાય છે કોઈ દિ'? જ્યારે આવું કાંઇક તમારાથી થઇ જાય, ત્યારે તમને એમ થાય છે કે-મારૂં ભૂતકાળનું પાપ એવું જોરદાર છે કે-મારી પાસે આવું કરાવે છે ? એવું ભૂતકાળનું પાપ નાશ પામે તથા વર્તમાન કાળનું પાપ પણ ધોવાઈ જાય, એ માટે તપ કરવાનું મન થાય છે ? જ્યારથી એ વાત મરી ગઇ, ત્યારથી આ આર્યદેશમાં તપનું જે વ્યાપક સ્થાન હતું તે ગયું. પાપનો ડર પણ નહિ અને પાપનો ડંખ પણ નહિ. ત્યાં વળી પાપનિવારણના ઉપાયનો વિચાર પણ હોય શાનો ? પુર્વકાળમાં તો આ આર્ય દેશમાં પાપના નિવારણને માટે સ્ત્રી-પુરૂષો બન્નેયમાં તપ ચાલુ રહેતો.

આજે તો એની વાનગી રહી ગઇ છે, એમ કહીએ તોય ચાલે. પહેલાં તપ જે ઘરે ઘરે ચાલુ દેખાતો હતો, તેમાં મોટી ઓટ આવી જવા પામી છે તેમાંય, કેવળ પોતાનાં પાપોના નિવારણની જ બુદ્ધિએ તપ કરનારાઓ તો ઘણા ઓછા થઈ ગયા છે ને ? ઘણો તપ તો, દેખાદેખી આદિથી થતો દેખાય છે ને ?

◆◆◆

પાપ કરતાં થાબડનારા બહુ મળશે, પણ એ પાપનો અનુભવ કરવો પડશે તે વખતે સામું જોનારા કોઈ જ નહિ મળે.

◆◆◆

પાપ કરવાની ભાવના થાય, પ્રવૃત્તિ આરંભે કે કરવાની અણી પર આવે ત્યાં સુધી વ્રતનો ભંગ કહ્યો નથી પણ એ પાપ પ્રવૃત્તિનો અમલ કરે તોજ ભંગ કહ્યો છે. માટે ભાવના નથી રહેતી એમ માનીને નિયમ કરવા બંધ નહિ કરતા; પણ ભાવના જે રીતિએ ટકી રહે તે રીતિના પ્રયત્ન ચાલુ રાખજો.

◆◆◆

પાપ કરે અને ન ડરે, એ મહા પાપી. પણ પાપ ન કરે એ ડરે શું કરવા ? સોનું અગ્નિમાં પડવાથી બળી ગયું એમ કદી સાંભળ્યું ? અજ્ઞાની અધર્મ પામે, એ માટે જ્ઞાનીએ પોતાની સદ્‌વસ્તુને કોઈપણ કાળે બાજુએ મૂકવાની ન હોય. હાં, સાથે સાથે એ વાત પણ સાચી જ છે કે-અજ્ઞાનીને અધર્મ પમાડવાની પણ તેની ભાવના ન હોય. એ તો-'સૌ કોઈ ધર્મ પામી કલ્યાણ કરો'-એજ ઇચ્છે.

◆◆◆

પાપ કરવું પડતું હોય ત્યાંએ પસ્તાજો, પણ પાપનો બચાવ તો ન જ કરતા.

◆◆◆

પાપ જાય અને પાપનું મૂળ એવું કાર્મણ શરીર પણ જ્યારે છૂટી જાય, ત્યારે જ પરમપદ સ્વરૂપ પરમાદર્શે પહોંચાય. એટલે પાપનો ડર, એ તો બહુ જ જરૂરનો ગુણ છે ને ? છે તમારામાં ? આ આર્ય દેશમાં જન્મેલા પણ આજના ઘણાઓના હૈયામાં પાપનો ડર નથી. એવાઓય બીજાઓને પાપી કહેવા હોય તો તે કહેવાને તૈયાર થઈ જાય, પણ પોતે કેવો પાપી છે-એનો વિચાર કરે નહિ ! 'બીજાઓને ખોટા કહેવાનો મને પૂરતો હક્ક છે, પણ કોઈ મને ખોટો કહી શકે નહિ.' આવી દુષ્ટ માન્યતા આજે ઘણે ભાગે

પ્રવર્તી રહી છે. તમે જો પ્રમાણિકપણે અને સમજપૂર્વક એમ કહો કે-'અમે એવા નથી.' તો એમાં હું બહુ રાજી, પણ તમે તમારા અન્તઃકરણને બરાબર તપાસી લેજો. તમે ગુસ્સામાં આવી જઇને બીજાઓને એવું કાંઈ કહો છો ખરા કે-'તને તારૂં પાપ નહિ છોડે !'? પણ એજ વિચાર, તમે જ્યારે પાપ કરતા હો ત્યારે આવે છે ખરો ? પાપ કરવાનો વિચાર આવતાંથી સાથે જ, એ વિચાર આવે તો ? કદાચ પાપ કરાય એમ પણ બને, પણ તે વખતના માનસિક પરિણામમાં કેટલો બધો તફાવત પડી જાય ? અનેપાપ કર્યા પછીથી પણ પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત કરવાનું મન થાય, એવું બને ને? પણ બીજાઓને તમે જેમ કહો છો કે-'તને તારૂં પાપ નહિ છોડે' તેમ તમે તમારા પોતાને માટે પ્રાયઃ એવું વિચારતા નથી કે-' મને મારૂં પાપ નહિ છોડે !'

◆◆◆

પરમ કક્ષાએ પહોંચવાની ઈચ્છા તો સૌને હોય, એટલે પોતાને આત્મા માનનારો પોતે પરમાત્મા બનવાને ઈચ્છે તે સ્વાભાવિક જ ગણાય.

◆◆◆

પાત્રદાનમાં, દાનરૂચિની સાથે પાત્રની પણ રૂચિ છે. સારૂં પાત્ર દેખાય, ત્યાં દાન કરવાની વૃત્તિ અધિક થાય. એકાન્તે મોક્ષમાર્ગની આરાધના કરનાર અને જે કોઇ મળે તેને મોક્ષમાર્ગમાં જ પ્રવર્તાવવાની વૃત્તિવાળાઓના જેવું ઉત્તમ પાત્ર એક પણ નથી. પાત્રદાનની વૃત્તિવાળામાં સારો ભાવ સ્હેજે હોય, કેમ કે-એની નજર પાત્રતા તરફ પણ છે. મહાત્માને જોતા, એને થાય કે-'મારૂં કાંઈ પણ આવા મહાત્માના ઉપયોગમાં આવે તો સફલ થાય !' પાત્રતા તરફ નજર, એ ધર્મ તરફ નજર છે. ધર્મના સાધકોને ધર્મની સાધનામાં સહાયક બનવાની વૃત્તિ, એ ધર્મની અભિરૂચિની સૂચક છે. સુપાત્રે કરેલું થોડું પણ દાન, મહા લાભનું કારણ બને છે; કારણ કે-દાનની વસ્તુનો એના જેવો કોઇ સદુપયોગ નથી.

◆◆◆

પાપથી બચી શકાય, એવો લોકભય જરૂર રાખવો. લોકભયનો ત્યાગ કરવો, એનો અર્થ એ નથી કે-સ્વચ્છન્દી બની જવું.

◆◆◆

પાપ થકી પાછા ફરવું અને શુભ ચારિત્રના યોગમાં પ્રવૃત્તિ કરવી,

એનું નામ પ્રવ્રજ્યા છે.

◆◆◆

પાપથી બચવાને માટે, નિષ્પાપ અને ધર્મમય જીવન જીવવાને માટે, મન, વચન અને કાયા ઉપર જે સંયમ કેળવવો પડે છે, તે સંયમ પાપરસિકને કેળવવો પડતો નથી.

◆◆◆

પાપથી બચવાની ભાવનાવાળાને માટે દહેરાસર કે ઉપાશ્રય એ વિશ્રામસ્થાનો છે.

◆◆◆

પાપથી અભીરૂતા જેવી જગતમાં બીજી કોઇ નાલાયકતા જ નથી. જે આત્માને પાપનો ભય નથી, તે આત્મા ગમે તેવો હોય, તે છતાં પણ નાલાયક જ છે.

◆◆◆

પાપ નહિ કરવાની ખાતર દુઃખને વેઠવાનું મન થાય. અને સુખ માટેય એમ થાય કે-' સુખ જો પાપ કરવાથી જ મળી શકતું હોય કે પાપ વિના જો સુખને ભોગવી શકાતું ન હોય, તો એ સુખ પણ નહિ જોઈએ.' સુખ મળે તો તે પાપથી મળે કે પુણ્યથી ? પુણ્યથી. તો તમે સુખ માટે પુણ્ય કરવાનો વિચાર કરો છો કે પાપ કરવાનો વિચાર કરો છો ? પાપનો ડર આવે, તો પાપ કરાવે એવા સુખનો લોભ ઘટે અને દુઃખને સહન કરી લેવાનું મન થાય. એટલે તપ સુલભ બને.

◆◆◆

પાપના ઉદયે, પ્રાપ્ત વસ્તુ જેમ ચાલી જાય છે તેમ પુણ્યના પ્રતાપે પુણ્યશાલી આત્માને અતર્કિત રીતિએ પણ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થઇ જાય છે.

◆◆◆

પાપના ઉદયને પુણ્ય પલટાવી શકતો નથી એમ ન માનતા : પણ તેવો પુરૂષાર્થ જોઈએ. પ્રયત્ન હોય તો અશુભ પણ શુભમાં પરિણમે : જો કે- નિયાણાના યોગે મળેલી સ્થિતિમાં પરિવર્તન આવતુ નથી આથી જ ધર્મના ફલ તરીકે પૌદ્‌ગલિક સુખનું નિદાન આત્માને માટે ઘણું જ ભયંકર છે.

◆◆◆

પાપના પરિણામનો જેને વાસ્તવિક ખ્યાલ છે તે પાપભીરૂ ન હોય એ બને નહિ.

◆◆◆

પૈસાદાર માણસ, વિષયોનો અતિશય રાગી બનીને, કુલટા સ્ત્રીમાં એવા આસક્ત મનવાળો થઈ જાય કે-બધાને છોડે પણ એને છોડે નહિ અને ગમે તેવા ડાહ્યા માણસો સમજાવે કે-એ કુલટા સ્ત્રી છે અને તને એણે ભરમાવી દીધો છે, તો પણ એના રાગમાં એ એવો આંધળો બનેલો હોય કે-એવું કહેનાર ડાહ્યાઓને એ ગાંડા માને અને કુલટાને જ સતી માનીને એના માટે ફના થઈ જાય; એના જેવું કામ આભિનિવેશિક મિથ્યાત્વનું છે. ભણેલા-ગણેલા, સમજી શકે ને સમજાવી શકે એવા, સૂક્ષ્મ બુદ્ધિથી સમજાય તેવી વાતોને પણ સહેલાઈથી સમજીને બીજાઓને સમજાવવામાં દક્ષ અને સમ્યગ્દષ્ટિ તો ખરા જ; આવાઓને પણ, શ્રી જૈન શાસ્ત્રની કોઈ પણ બાબતમાં શ્રી જૈન શાસ્ત્રના અર્થથી ઊલ્ટા અર્થનો પોતાના ચડસથી જો આગ્રહ થઈ જાય, તો તે આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય છે.

◆◆◆

પોતાના સુખ માટે બીજાને દુઃખ ઉત્પન્ન કરવાનું ઈચ્છે, તે મનુષ્ય માનકોટિમાં રહી શકતો નથી.

◆◆◆

પોતાના જીવને અજીવના યોગથી મુક્ત બનાવવાની જેનામાં ઈચ્છા નથી, જીવ સાથેના અજીવના યોગને વધારનારા માર્ગોમાં જેને રસ છે અને અજીવના યોગથી જીવને મુક્ત બનાવવાનાં સાધનો તથા તે સાધનોને સેવનારા પુણ્યાત્માઓ પ્રત્યેજેનામાં પૂજ્યભાવ નથી, તેનામાં સમ્યગ્જ્ઞાન નથી જ. આવો સમ્યગ્જ્ઞાનથી રહિત આત્મા દુનિયામાં ગમે તેવો જ્ઞાની ગણાતો હોય છતાં પણ સાચો જૈન તેને કર્મના રોગથી ઘેરાએલો જ માને.

◆◆◆

પોતાના પરમ તારકની સેવા કર્યા વિના અન્ન કે પાણી સેવકના આત્માને કેમ જ રૂચે ?

◆◆◆

પોતાના કર્તવ્યનું યથાસ્થિતપણે પાલન કરવું, એ જ સાચી નામના

છે. કર્તવ્યના પાલન તરફ લક્ષ્ય રાખનારને નામના મળતી જ રહે છે, છતાં કર્તવ્ય અદા કરવા તરફ જ દષ્ટિ હોવાથી, એ નામના એની બુદ્ધિને ચક્રાવામાં નાખી શકતી નથી.

♦♦♦

પોતાની અપાત્રતાનો પણ દોષ ગુરૂને શિરે ઓઢાડી, પોતાની અપાત્રતાને ઢાંકવાનો દંભ કરનારાઓ તો પોતાની અપાત્રતાને જ વધારી રહ્યા છે.

♦♦♦

પોતાની અનુકૂળતા મુજબ પતિની ભક્તિ કરનારી સ્ત્રીઓની કિંમત કેટલી ? તેવી રીતે અનુકૂળતા મુજબ ધર્મને માનનારાની કિંમત કેટલી ? જેમ સ્વાર્થની સાધના માટે પતિની ભક્તિ કરનારી સતીઓ સતીઓ નહિ, તેમ દુનિયાની સાધના માટે ધર્મ કરનાર આસ્તિક નહિ.

♦♦♦

પોતાના મેરૂ જેવડા સુકૃતને અણુ જેવડું બનાવી દેનાર જીવોનો, આ સંસારમાં તોટો  હોતો નથી. એવા જીવો તો ઘણા હોય છે. આ વાતને સમજવાને માટે, પહેલાં તો અભવ્યોનો જ વિચાર કરો. પૌદ્‌ગલિક ઋદ્ધિ-સિદ્ધિઓની પ્રાપ્તિને માટે અભવ્ય જીવો પણ, ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા સંયમને સ્વીકારે છે અને તેમાં કેટલીક વાર તો એ જીવો એવું સંયમપાલન કરે છે કે-જો એવા ઉત્કટ કોટિના સંયમપાલનની સાથે એક માત્ર મોક્ષનો જ આશય હોય અને એથી વિપરીત પ્રકારનો કોઈ આશય હોય નહિ, તો એ ઉત્કટ કોટિનું સંયમપાલન,  એ જીવોને મોક્ષ રૂપ પરમ ફલને આપ્યા વિના રહે જ નહિ; પરન્તુ આવા ઉત્કટ કોટિના સંયમપાલનથી, એ જીવો, વધુમાં વધુ નવમા ગ્રૈવેયક સુધીની સ્થિતિને જ પામી શકે છે. આ શું બન્યું કહેવાય ? પોતાના મેરૂ જેવડા સુકૃતને અણું જેવડું બનાવી દીધું, એમ કહેવાય ને ? એમ, મોટું પણ સુકૃત સામાન્ય બની ગયું; અને એવા પણ સુકૃતના ફલ રૂપે દુષ્કૃતો જન્મે, એવા સુકૃતના ફલ રૂપે જે ઋદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થાય, તેમાં જીવની ગૃદ્ધિ વધી પડે અને એ જીવ ભોગસુખોમાં ભાનભૂલો બન્યો થકો અનેક દુષ્કૃતોને આચરે.

♦♦♦

પોતાની ઉત્તમતા અને મહત્તાનું પ્રદર્શન કરતાં યોગ્ય આત્માઓનો

નાશ થઈ જાય તેની પણ કાળજી ન કરવી, એનું નામ નથી તો વડિલપણું કે નથી તો હિતૈષિપણું !

◆◆◆

પોતાની જાત ઉપર કલંક આવે ત્યારે સુસાધુ તેને ધર્મક્ષયનું કારણ માને, પણ જ્યારે કુસાધુતા પોષાય અને સુસાધુતા શોષાય, ત્યારે તો કોઈ પણ શક્તિસંપન્ન સુસાધુ મૌન રહી શકે જ નહિ.

◆◆◆

પોતાની જાતનું અપમાન જેને ખૂંચે છે અને જો તેને શાસનનું અપમાન નથી ખૂંચતું તેને સાચો સાધુ કે સાચો શ્રાવક શાસ્ત્રે માન્યો જ નથી.

◆◆◆

પોતાની ખામી જોવાને બદલે ગુણ જોનારો અને બીજાના ગુણ જોવાને બદલે દોષ જૂએ છે તે કદી પોતાના આત્માનો નિસ્તાર કરી શકતો નથી, કારણ કે-તેનામાં યોગ્યતા કે લાયકાત નથી.

◆◆◆

પોતાની ફરજનું જેને સાચું ભાન થઈ જાય છે, તેને સત્ત્વ સહેલાઈથી પ્રાપ્ત થાય છે. ફરજના ભાનનો પ્રતાપ એવો છે કે-એના યોગે નિર્બલ આત્મા પણ પ્રમાદત્યાગના યોગે સબલ જેવો બની જાય છે.

◆◆◆

પોતાની ફરજને યથાસ્થિતપણે બજાવનારા આત્માઓ, વિશ્વના યોગ્ય આત્માઓ ઉપર પોતાના જીવનની અસર પાડયા વિના રહેતા જ નથી.

◆◆◆

પોતાનું બહિરાત્મ-જીવન ખટકશે, અન્તરાત્મ-જીવનને કેમ જીવવું એ જાણવાની ઈચ્છા થશે અને પરમાત્મ-જીવનને પામવાનો અભિલાષ માત્ર પણ પ્રગટશે, તો પણ એ આ જીવનને પામ્યાની ઘણી મોટી સફળતા ગણાશે.

◆◆◆

સ્વતંત્ર ક્યારે ?

પોતાની જાતને સ્વતંત્ર માનનારા એમ કહેતા આવે કે-સાધુ કહે તે ઠીક પણ કરવા બંધાયેલા નથી, પણ ઘર કહે તે કરવા બંધાયેલા છીએ જ. બહાર નીકળ્યા કે એમ થાય કે ટાઈમ થઈ ગયો. શેઠ વઢશે. બાઈ સાહેબ

વઢશે. સમજે કે-મારૂં જીવન બધાના હાથ નીચે દબાયલું છે. મોડું થશે તો શેઠ દુકાનપર નહિ  ચઢવા દે, અને પછી તો રાતી પાઈ પણ નહિ ધીરે. ઉંચે માથે, છાતી બહાર રાખીને આવે,પણ તેને ગમ નથી કે-મંદિરમાં ને અહીં તો છાતી નમાવવી જોઈએ, માથું ઢળે, હાથ જોડીને અવાય, અક્કડપણે નહિ. આવતી વખત ભાવના એ હોવી જોઈએ કે-કાં'ક આપે અને લઈયે,-ન લેવાય તો હીનભાગી. જ્ઞાની સારામાં સારી ચીજ બતાવતા હોય ને ન લેવાય તો હૃદયમાં પીડા થવી જોઈયે. જે ભાવનાના યોગે તીર્થંકરનામકર્મ નિકાચીત કર્યું તે ભાવના એ કે-'સવિ જીવ કરૂં શાસનરસી અર્થાત્-બધા જીવો શાસન રસીયા બને અને મોક્ષે પહોંચે. એમનો એ ઈરાદો હતો. એમના સેવક તરીકે અમારો પણ ઈરાદો એ છે કે-તમે બધા સંસારથી છૂટો, અને મોક્ષ જેવા સ્વતંત્ર સ્થાનમાં પહોંચો. તમે તમારી જાતને ગમે તેટલી સ્વતંત્ર માનો પણ એ ભ્રમણા છે. મૂર્ખાઓએ એ વળગાડેલ ભૂત છે. શાસ્ત્ર કહે છે કે સંસારમાં રહેવું ને સ્વતંત્રતાની વાતો કરવી એના જેવી મૂર્ખાઈ બીજી કોઈ નથી. વારૂં તમે કયાં સ્વતંત્ર ? ઘરમાં, બજારમાં, દુકાનમાં, શરીરથી, ઈન્દ્રિયોથી, વિષયથી કે કષાયથી ? ના. એનાથી તો બીલકુલ સ્વતંત્ર નથી જ. પણ દેવથી, ગુરૂથી અને તેમની આજ્ઞારૂપ આગમોથી તો પૂરા છો, કેમ ? દેવ આ દુનિયાની બહાર નીકળી ગયેલા. આપણી સામે એ શું કરે ? પકડવાની તાકાત નહિ, અધિકાર નહિ, એટલે એમનો ભય નહિ, અને એમના સાધુ અડધા બહાર નીકળી ગયેલા એટલે એમનાથી પણ કંઈ થાય નહિ, તથા આગમ તો એમણે એટલે કે દુનિયાના બહારનાએ કહેલું ને? તેની કિંમત શી ? આ ત્રણમા સ્વતંત્ર. ભગવાન ગમે તે કહી ગયા, એમના સાધુ ગમે તે કહી ગયા અને ગમે તેમ કહે, શાસ્ત્રે ગમે તે લખ્યું, પણ અમારે ફાવે તે માનીએ અને કરીએ,'-આ રીતે માની એ ત્રણથી સ્વતંત્ર બનશો એટલે આત્માનો ઉદ્ધાર થવાનો, કેમ ? વીસમી સદીની શીખામણ એવી છે કે-આ ત્રણથી સ્વતંત્ર બનવાથી આત્માનો ઉદ્ધાર થશે ! વીસમી સદીની સ્વતંત્રતાનો અર્થ આ કે બીજો ? જો એ જ હોય તો ખરેખર કંપારીજનક છે. એના જેવો અધોગતિનો માર્ગ એક પણ નથી. દેવ, ગુરૂ અને આગમને આધીન થઈ, આજ્ઞાધીન બની જે જાતિની પરતંત્રતા આત્મા પર લદાયલી છે તે ન કાઢો તો તમે કદી પણ પરતંત્ર મટવાના નથી.

◆◆◆

પોતાનું મોટામાં મોટું દુષ્કૃત, ભૂલે-ચૂકે પણ જીભે આવી જાય નહિ-એની પ્રાયઃ પૂરતી તકેદારી રહે છે અને પોતાના નાનામાં નાના સુકૃતને પણ, વારંવાર જીભે લાવ્યા વિના પ્રાયઃ ચેન પડતું નથી. પોતાના મોટા પણ દુષ્કૃતની પોતાને મન જાણે કોઈ ગણના નહિ અને પોતાના નાના પણ સુકૃતને મોટા મેરૂની નજરે જોવાની ટેવ.

◆◆◆

પોતપોતાના કર્મના યોગે પ્રાણિઓ આ સંસાર રૂપ ભયંકર અટવીમાં અથડાયા કરે છે. એમાંથી બચાવવા માટે અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મ સિવાય બીજું કોઈ પણ સમર્થ નથી.

◆◆◆

પોતાનું સુકૃત અલ્પ ફળવાળું બની જવા પામે નહિ, એની કાળજી રાખવાની સાથે, તમારે તમારા સુકૃતને પરમ ફલવાળું બનાવી દેવાની કાળજી રાખવી જોઈએ. સુકૃતને જો સુકૃતના રસથી જ આચરવામાં આવે અને એથી વિપરિત પ્રકારના રસને જો મનમાં પેદા થતો અટકાવી દેવામાં આવે; તેમ જ, સુકૃતને આચરતી વેળાએ જીવ સુકૃતને આચર્યાનો જ આનન્દ અનુભવ્યા કરે અને તે પછીથી વારંવાર પોતાના સુકૃતના આચરણનું અનુમોદન કર્યા કરે, તો જીવ પોતાના સુકૃતને પરમ ફલવાળું બનાવી દઈ શકે.

◆◆◆

પોતાનું સૌભાગ્ય અને શીલ જેના આધારે છે, તેની પોતાના પ્રત્યે ચાહે તેવી દશા હોવા છતાં-'પતિવ્રતા સ્ત્રીઓ પતિ પ્રત્યે કેવું વર્તન રાખતી હતી'-એ આજના સ્ત્રીસમાજે જરૂર વિચારવા જેવું છે.

◆◆◆

પૌદ્‌ગલિક પદાર્થોની કે સુખની ઈચ્છા ગમે તેટલી કરવામાં આવે પણ ભાગ્ય વિના ઈચ્છેલું નથી મળી શકતું, એ નિશ્ચિત જ છે.

◆◆◆

પોતાને જ એક મહાન તરીકે માનનાર આત્મા, અન્યની સાચી પણ ખ્યાતિ સાંભળી શકતો નથી.

◆◆◆

પોતાને અશુભનો ઉદય આવે ત્યારે પારકાનો દોષ કાઢવો એ મિથ્યાત્વ છે.

◆◆◆

પોતાને પીછાને તે દેહની શુદ્ધિ ને સુખશીલ પાછળ ઘેલા ન બને : પોતાને પીછાને તે બાહ્ય પદાર્થોમાં ન રાચે, ન માચે : પોતાને પીછાને તે બીજાના ભોગે સુખ ભોગવવા કરતાં, પોતાના ભોગે જગતને સુખી કરવા ઈચ્છે : આ પણ સૂર્ય-ચન્દ્ર જેટલી જ સત્ય ઘટના છે, માટે પોતાને પીછાનો !

◆◆◆

પોતાનો બાલપુત્ર, કે જેને પોતે પરણવા મોકલેલ અને પરણીને પાછો કયારે આવે તેની રાહ જોઈને બેઠેલ પિતા-'પરણવા ગયેલ પુત્રે પરણીને પાછા આવતાં રસ્તામાં જ મુનિવરનો યોગ પામીને દીક્ષા લીધી'-આવા પ્રકારની વાત સાંભળે અને સાંભળીને-"આ બાલ પણ સારો પણ હું સારો નહિ."-આ પ્રમાણે વિચારે તથા એ પ્રમાણે વિચારીને વૈરાગ્ય પામે, એ શું ઓછી વિચારણીય વસ્તુ છે ?

◆◆◆

પ્રભુશાસનને પામેલા આત્માઓએ, પોતાના વડિલો પણ ધર્મ પામે અથવા તો ધર્મની સામે ન થાય એ માટે કરવા જોઈતા સઘળા જ ઉચિત પ્રયત્નો નિર્ભીકપણે કરવા જોઈએ.

◆◆◆

પ્રભુશાસનની આરાધનામાં જ મનુષ્યજન્મની સફળતા અને સાર્થકતા સમજતા પિતાના પુત્રો, ગમે તેવા મોહક પ્રસંગોને લાત મારીને પણ પરમ વીતરાગ શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા પરમ ત્યાગના પુનિત પંથે વિચરે,-એમાં નવાઈ પામવા જેવું શુ છે ?

◆◆◆

પ્રભુશાસનની પ્રાપ્તિ, પૌદ્‌ગલિક પદાર્થોના સંબંધમાં આત્માને નિરર્થક હક્કના હડકવાથી બચાવે છે અને ભયંકર પ્રકારની પૌદ્‌ગલિક લાલસાથી અલીપ્ત રાખે છે.

◆◆◆

પુણ્યવાનોને નામના માગવા જવી પડતી નથી કે નામના મેળવવા માટે તરફડીયાં મારવાં પડતાં નથી.

◆◆◆

પ્રભુશાસનની ત્યાગપ્રધાનતા ગોપાવનારાઓ, અર્થી આત્માઓને પણ

પ્રભુમાર્ગથી વંચિત રાખે છે અને અન્ય આત્માઓને પ્રભુશાસન તરફ જે જાતિનો સદ્ભાવ પેદા કરવો જોઇએ તે નથી કરી શકતા : એટલું જ નહિ, પણ ઈતર શાસનોના જેવું જ આ પણ એક શાસન છે, આવી ખોટી છાપ એવા આત્માઓના અંતરપટ ઉપર પાડે છે.

♦♦♦

પ્રભુશાસનમાં એવો કાયદો છે જ નહિ કે-કાલનો પાપી આજે ધર્માત્મા ન જ થઈ શકે.

♦♦♦

પ્રભુશાસનમાં એવા સંખ્યાબંધ પુત્રો થઈ ગયા છે, કે જેમણે પિતાને કલ્યાણની પ્રવૃત્તિમાં પરિપૂર્ણ સહાય કરી છે અને પિતાની સાથે અગર તો પાછળ પોતે પણ કલ્યાણની પ્રવૃત્તિની સાધના કરી છે.

♦♦♦

પ્રભુ-શાસનમાં રક્ત બનેલા આત્માઓને તો દેવોની ભક્તિની ઈચ્છા સરખી પણ નથી હોતી. તેઓ તો એક જ ઈચ્છામાં રક્ત હોય છે કે-કયારે આત્મા આ કર્મબંધનોથી છૂટે અને મુક્તિપદને પામે.

♦♦♦

પ્રશંસામાં ત્રણ વસ્તુ બને. ગુણની અનુમોદના, ઈતરોને ગુણિનો પરિચય અને એથી ઈતરોમાં ગુણોની રૂચિ ઉત્પન્ન થવી તે. જેમાં વાસ્તવિક કોટિના ગુણની અનુમોદના હોય નહિ અને જે પ્રશંસા ઈતરોમાં ગુણી તથા ગુણ પ્રત્યે બહુમાન ઉત્પન્ન કરનારી હોય નહિ, તે પ્રશંસા સ્વપરહિતની સાધક થવાને બદલે સ્વપરહિતની ઘાતક પણ બને, એ સ્વાભાવિક છે. ગુણ કયા, એ ભૂલશો નહિ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, એ ત્રણ ગુણ છે. એ ત્રણ ગુણોને પમાડનારી, ખીલવનારી અને એ ત્રણે ગુણો પ્રત્યે અભિરૂચિ ઉત્પન્ન કરનારી પ્રશંસા હોવી જોઇએ. એ સિવાયની પ્રશંસા, એટલે કે-એથી વિપરીત પ્રકારના પરિણામ ઉત્પન્ન કરે તેવી પ્રશંસા, ઉન્માર્ગને પુષ્ટ બનાવનારી છે ! આથી, સમજવું જોઇએ કે-શ્રી વીતરાગના શાસનને પામેલા આત્માની પ્રશંસા, એ પણ એક સ્વપરના અવગુણોને ટાળવાનું અને વાસ્તવિક કોટિના ગુણોને પેદા કરવાનું ઉત્તમ પ્રકારનું સાધન છે. એનો વિવેકહીનપણે યથેચ્છ ઉપયોગ થાય નહિ.

♦♦♦

પ્રશસ્ત કષાય કરવા નથી પડતા પણ થઇ જાય છે જ્યાં સુધી કરવા પડે છે ત્યાં સુધી ખામી છે, પણ તેવી દશા લાવવા માટે એ ખામીને પણ ચલાવી લીધેજ  છુટકો છે.

◆◆◆

પ્રશસ્ત  કષાયના સ્વરૂપને સમજો, તો આજે થાય છે તેવી મુંઝવણ નહિ થાય. તમારે પણ મોક્ષની સાધના કરવી હોય અને આત્માની અનંત શક્તિને પ્રગટાવવી હોય, તો અપ્રશસ્ત રાગ-દ્વેષાદિના ત્યાગી અને પ્રશસ્ત રાગ-દ્વેષાદિના સંગાથી બનવું પડશે : કારણ કે-કર્મસત્તાને નાબૂદ કરવી છે ! કર્મસત્તા દુનિયામાંથી તો નષ્ટ થવાની જ નથી : શ્રી તીર્થંકરદેવ જેવા પણ કર્મસત્તાને દુનિયામાંથી નાબૂદ કરી શકયા નથી : એટલે આપણે તો આપણા આત્મા ઉપરની કર્મસત્તાને નાબૂદ કરવાનો પ્રયત્ન કરવાનો અને એ પ્રયત્નની પૂર્તિ રૂપે અથવા એ પ્રયત્નના એક પ્રકાર રૂપે જ, જ્ઞાનિઓની આજ્ઞાને આધીન રહીને, બીજા પણ આત્માઓ પોતાના આત્મા ઉપરની કર્મસત્તાને નાબૂદ કરવાને ઉદ્યમશીલ બને એવો પણ પ્રયત્ન યથાશક્તિ કરવાનો. એ માટે ઈન્દ્રિયોને પ્રશસ્ત બનાવવાની, કષાયોને પ્રશસ્ત બનાવવાના અને યોગોને પણ પ્રશસ્ત બનાવવાના ! જેમ જેમ મોક્ષના ઈરાદે ઈન્દ્રિયો આદિ પ્રશસ્ત બને, તેમ તેમ મોક્ષ નિકટ આવે અને કર્મસત્તામાં પોલાણ પડતું જાય. કર્મસત્તામાં પોલાણ પાડવાનો આ ઉપાય છે. આ દશા આવે એટલે કર્મસત્તા પાંગળી બનવા માંડે ! મોક્ષને સાધવાના હેતુથી અપ્રશસ્ત ઈન્દ્રિયાદિના ત્યાગને માટે અને પ્રશસ્ત ઈન્દ્રિયાદિના સ્વીકારને માટે ઉદ્યમશીલ બનેલો આત્મા, આખરે કર્મસત્તાને પોતાના આત્મા ઉપરથી નાબૂદ કરી શકે છે અને સ્વસંપત્તિનો ભોકતા બની શકે છે. તમારે સ્વસંપત્તિના ભોક્તા બનવું હોય, તો આ દશાને કેળવવાને માટે ઉદ્યમશીલ બનો, એ જ હિતકર છે.

◆◆◆

પ્રવચન, વંદન, દર્શન, મુક્તિ, ત્યાગવૃત્તિ, નિર્મળતા, અહિંસા, સંયમ, તપ, એ બધી મુક્તિ માટેની વસ્તુઓ સંસાર સાધનામાં દાખલ કરી દેવાથી પરિણામ એ આવ્યુ કે -નિર્મમતા શબ્દના નામે મમતા વધી, ત્યાગવૃત્તિના નામે ભોગવૃત્તિ વધી અને કોરી મુક્તિના નામે ધર્મથી જ મૂકાઇ ગયા.

◆◆◆

પ્રશસ્ત કષાયો ઉપર જ શાસન નિર્ભર છે. એ કષાયોથી હીન બનેલા ભગવાનના શાસનને નહિ જ ઉપાડી શકે-નહિ જ ઝીલી શકે.

♦♦♦

પૌદ્ગલિક ઇચ્છા એજ પરતંત્રતાનું ચિન્હ છે. એ ઇચ્છાઓનો નાશ થાય એવી જ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા હોય છે.

♦♦♦

પૌદ્ગલિક ઋદ્ધિ પુણ્યના યોગે બીજાની પાસે અધિક જોઇને ઇર્ષ્યા કરવી, એ ડહાપણ નથી પણ ભયંકર મૂર્ખતા છે.

♦♦♦

પૌદ્ગલિક દૃષ્ટિએ મને શું મળ્યું નથી એનો વિચાર કરો નહિ, પણ જે મળ્યું છે તેનો વધુમાં વધુ સદુપયોગ કરવાનો વિચાર કરો.

♦♦♦

પૌદ્ગલિક પદાર્થોની તૃષ્ણા ધર્મ રૂપ નથી : આત્માનું એ પતન છે. જેટલી તૃષ્ણા છૂટે તેટલો ઉદય અને તેને જ વાસ્તવિક પ્રગતિ માની શકાય.

♦♦♦

પૌદ્ગલિક પદાર્થોના કારણે થતો અતિક્રોધ, અતિમાન, અતિમાયા અને અતિલોભ, એ મિથ્યાત્વને પણ લાવે છે.

♦♦♦

પૌદ્ગલિક લાલસાને પૂર્ણ કરવાને માટે મન, વચન અને કર્મ ઉપર જેટલો કાબુ રખાય છે, તેટલો કાબુ જો મોક્ષમાર્ગની આરાધના કરવામાં રખાય, તો આત્માનો નિસ્તાર દૂર નથી.

♦♦♦

પ્રત્યનીકોને પરાસ્ત કરવાની બુદ્ધિ કેવળ ભવ્યાત્માઓ તરફની ભાવદયામાંથી જ જન્મવી જોઇએ.

♦♦♦

પૌદ્ગલિક વસ્તુઓને પર માનનારા આત્માઓ તીવ્ર કર્મના ઉદયથી પૌદગલિક વસ્તુઓનો પરિત્યાગ ન કરી શકે એ બને, પણ એની ખાતર મનુષ્યપણાને ન છાજે એવા વિગ્રહો તો કેમ જ કરે ?

♦♦♦

પૌદ્‌ગલિક વસ્તુનો રસ, પૌદ્‌ગલિક વસ્તુનો લોભ અને પૌદ્‌ગલિક વસ્તુઓની લાલસા જ આત્માને દરેક પ્રકારની ઉત્તમ મર્યાદાથી ભ્રષ્ટ કરે છે !

◆◆◆

પૌદ્‌ગલિક સ્વાર્થ માટે નીતિનો ઉપયોગ કરનાર નીતિમાંથી કયારે લપસી પડે તે કહી શકાય નહિ

◆◆◆

પ્રકરણ જ્ઞાન  ભણનારા પણ પેટને માટે ભણે છે, તો એનું જ્ઞાન એને પોતાને માટે પ્રાયઃ ઉપાયોગમાં આવતું નથી.

◆◆◆

પ્રતિકૂળ વિષયોનો અને તેની આધારભૂત વસ્તુઓનો વિયોગ થઈ જાય, એટલે 'આવો ખરાબ યોગ મને કદી પણ થાઓ નહિ.'-એવી વિચારણા આવવાને અને તેમાં મનની એકાગ્રતા થવાને પણ અવકાશ છે. વળી, ભૂતકાળમાં જ્યારે જ્યારે તેવા પ્રતિકૂળ વિષયાને તેની આધારભૂત વસ્તુઓનો યોગ નહોતો, તે તે સયમને અવલંબીને, તે તે સમયે સારૂં હતું-એવી વિચારણા આવે અને એ વિચારણામાં પણ મનની એકાગ્રતા થઈ જાય, તો એ પણ શકય છે. આવી જ રીતિએ-રોગાદિકની જે વેદના, તેના વિયોગથી દઢ એવો જે અધ્યવસાય, તે જોઈએ તો વર્તમાન કાળ સંબંધી હોય, જોઈએ તો ભવિષ્યકાળ સંબંધી હોય કે જોઈએ તો ભૂતકાળ  સંબંધી હોય, પણ તેવો મનની એકાગ્રતાવાળો અધ્યવસાય, એ આર્તધ્યાનનો બીજો ભેદ છે. રોગની વેદનાના પ્રતીકારની ચિન્તાના યોગે ચિકિત્સા કરવાને માટે અન્તઃકરણ વ્યાકૂળ બની જાય. તેમાંથી આર્ત્તધ્યાનનો આ બીજો ભેદ આવે. કેવળ ધર્મની સાધનાના જ હેતુથી આજ્ઞાવિહિતપણે રોગાદિકના પ્રતીકારની ચિંતા થાય અને તેમાં મનની એકાગ્રકતા પણ થઈ જાય, તોય તે અર્ત્તધ્યાન નથી જ, કેમ કે એમાં તો આશયશુદ્ધિ છે. જેમ અનિષ્ટ એવા વિષયો અને તેની આધારભૂત વસ્તુઓના  વિયોગની ચિન્તામાંથી આર્ત્તધ્યાનનો પહેલો ભેદ ઉત્પન્ન થવા પામે છે, તેમ ઈષ્ટ એવા જે વિષયો તેના તથા તે ઈષ્ટ વિષયોની આધારભૂત વસ્તુઓના સંયોગથી ચિન્તામાંથી આર્ત્તધ્યાનનો ત્રીજો ભેદ ઉત્પન્ન થવા પામે છે. પહેલા ભેદમાં અનિષ્ટ વિષયોનો તથા તેની આધારભૂત વસ્તુઓનો દ્વેષ કારણ રૂપ હતો, તો આ ત્રીજા ભેદમાં ઈષ્ટ વિષયોનો તથા તેની આધારભૂત વસ્તુઓનો રાગ કારણ રૂપ હોય છે. આ પ્રકારનું આર્ત્તધ્યાન પણ વર્તમાનકાળ, ભવિષ્યકાળ અને ભૂતકાળ સંબંધી હોઈ શકે છે. દેવેન્દ્રો અને ચક્રવર્તી આદિ

નરેન્દ્રોના રૂપ અને ઋદ્ધિ આદિની પ્રાર્થના રૂપે જે નિદાન, તેમાંથી આર્ત્તધ્યાનનો ચોથો ભેદ ઉત્પન્ન થવા પામે છે. પોતાના તપ અને ત્યાગ આદિના બદલામાં દેવેન્દ્રો અને નરેન્દ્રોના રૂપ અને ઋદ્ધિ આદિની યાચના કરવામાં ગુલતાન બની જનારા જીવો પણ, આર્ત્તધ્યાનના ઉપાસક બન્યા ગણાય છે. આવું નિદાન કરવું, એ ઘણું જ અધર્મકાર્ય છે. અજ્ઞાનિઓ સિવાય કોઈને પણ, સાંસારિક સુખોના જ આગ્રહવાળો સાંસારિક સુખનો અભિલાષ થાય નહિ. ત્યાગી અને તપસ્વી એવો પણ આત્મા, જ્યાં સુધી તેવા પ્રકારનો અજ્ઞાની બનતો નથી, ત્યાં સુધી તે સાંસારિક સુખોનો તેવા પ્રકારનો અભિલાષી બની શકતો નથી.

♦♦♦

પ્રતિકૂળતાના વૈરી બનેલા અને અનુકૂળતાના અર્થિપણામાં જ રાચનારા જે કોઇ હોય, તેઓ નામથી અને વેષ આદિથી ભલે સાધુ-સાધ્વી ગણાય પણ વાસ્તવિક રીતિએ તેઓ સાધુ-સાધ્વીપણામાં રહી શકે નહિ. એમની મુનિચર્યાને ચિંથરેહાલ થઇ જતાં વાર લાગે નહિ. એમની ઈરિયાવહી પડિક્કમવાની ક્રિયામાં, આહાર-પાણીની આલોચનામાં, ચૈત્યવન્દનમાં અને સ્વાધ્યાયમાં કાંઈ કસ જેવું રહે નહિ; પછી, શુભ ધ્યાનની તો વાત જ શી કરવી ? એના યોગે, ખાન-પાન વાપરતી વખતે સાચાં સાધુ-સાધ્વીમાં જે ભાવ રહેવો જોઈએ તે ભાવ પણ તેમનાથી ભાગતો ફરતો હોય. પછી જીવન નીરસ, નિન્દાકુથલીભર્યું, આરામપ્રિય અને પાપપ્રવૃત્તિઓથી ભરેલું બની જાય તો તે પણ સ્વાભાવિક છે.

♦♦♦

પોતાના સુખ માટે બીજાને દુઃખ ઉત્પન્ન કરવાનું ઈચ્છે, તે મનુષ્ય માનવકોટિમાં રહી શકતો નથી.

♦♦♦

પ્રત્યક્ષ વસ્તુની મહત્તા ત્યારે મનાવાય, કે જ્યારે તે વસ્તુમાં સુખ આપવાનો સ્વભાવ છે, એમ પૂરેપૂરી રીતે સાબીત થાય.

♦♦♦

પ્રત્યક્ષને છોડી પરોક્ષને ઇચ્છવું એ જ મૂર્ખાઇ છે, એવું નાસ્તિકોનું મંતવ્ય છે, પણ આવું કહે એણે પૂરવાર કરવું જોઇએ કે અમે નથી મરવાના અને મળેલું નથી મૂકવાના, પણ એ કદી પૂરવાર થઈ શકયું નથી અને થઇ શકે તેમ પણ નથી.

♦♦♦

પ્રતિષ્ઠા સાચવવા જ અને એને લઈને વેપાર વધારવા જ સાચું બોલવું, તે વસ્તુત : ખોટું છે.

◆◆◆

પ્રશ્ન પૂછવાની છુટ તેનેજ હોય છે કે જેનામાં જિજ્ઞાસાવૃત્તિ હોય અને સાચું જાણવાની બુદ્ધિ હોય : પણ બીજાઓને નહિ.

◆◆◆

પ્રમાદ, એ આત્માનો મોટામાં મોટો શત્રુ છે.

◆◆◆

પ્રમાદને આધીન થયા વિના, અનંતજ્ઞાનિઓની આજ્ઞા મુજબ ચાલી, સ્વપરના ઉપકાર ખાતર દીક્ષા આપે અને લે એથી કોઈને દુ:ખ થાય, તો પણ એ સંબંધી પાપનો અંશ પણ દીક્ષા દેનાર મુનિને કે દીક્ષા લેનાર મુમુક્ષુ આત્માને લાગતો નથી.

◆◆◆

પ્રમાદની પરવશતાથી ચિંતામણિ રત્નને ગુમાવી દેનારા આત્માઓ કરતાં વિષયકષાયાદિ પ્રમાદને આધીન થઈને, ચિંતામણિથી પણ કેઈગુણા કિંમતી મનુષ્યભવને ગુમાવી દેનારા આત્માઓ ઘણા જ દુર્ભાગી છે : કારણ કે-ચિંતામણિ રત્નના નાશથી નુકશાન મનાતું હોય તો પણ તે નુકશાન કેવલ આ લોક સંબંધી જ હોય છે, જ્યારે મનુષ્યભવને હારી જવાથી તો આ લોક અને પરલોક એમ ઉભય લોક સંબંધી પારાવાર નુકશાન થાય છે.

◆◆◆

પ્રધાનપદ દર્શનને છે માટે જ દુનિયાના કહેવાતા જ્ઞાનીઓને આપણે અજ્ઞાનીઓ કહી શકીએ છીએ અને દુનિયાના ત્યાગીઓ કે જેઓ સ્વ યા પરની સંસાર લાલસાઓને પોષે છે, તેઓને ભયંકર રાગી પુતળાં તરિકે કહેવાની હામ ભીડી શકીએ છીએ.

◆◆◆

પ્રભુનું શાસન એટલે કલ્યાણના અર્થી આત્માઓને માટે આજ્ઞાપાલનની અનુપમ સામગ્રી. પ્રભુએ સૌ સૌની ભૂમિકાને ઉચિત જ આજ્ઞા ફરમાવી છે.

◆◆◆

પ્રભુ પણ કોઈને માગવાથી મોક્ષ આપી શકે નહિ. પરમાત્માની આજ્ઞાઓને જે યથાસ્થિતપણે પાળે, તેનો મોક્ષ થાય.

♦♦♦

પ્રમાણિકપણે પ્રયત્ન કરતાં જેને જે મળ્યું હોય, તેનો પણ તેણે અસદ્ વ્યય નહિ કરવાનો. જેને જે મળે તેણે તેના અસદ્વ્યયને તો તજવો જ જોઈએ. અસદ્વ્યયમાં તો તમે સમજો છો ને ? કયા વ્યયને અસદ્વ્યય કહેવાય, એ તો તમને સમજાવવું પડે તેમ નથી ને ? એમાં પણ પંચાત છે ? જે વસ્તુ વિના જીવનને જીવી શકાય નહિ, જેના વિના ઔચિત્યપૂર્વકનું જીવન જીવી શકાય નહિ, તેવી વસ્તુને માટે કરાતો જે વ્યય, તેને મહાપુરૂષ અસદ્ વ્યય કહેતા નથી. જો કે-એ વ્યયનેય મહાપુરૂષો સદ્વ્યય નથી કહેતા, એ વાતેય ધ્યાનમાં રાખવાની છે. જેના વિના જીવાય નહિ, તેને માટે ધનને પામેલો પોતાના ધનનો વ્યય કરે તો તે અસદ્વ્યય નહિ; પણ જેની જીવવાને માટે જરૂર નહિ, તેમાં ખર્ચ તે અસદ્વ્યય છે. 'પૈસો હું કમાયો છું અને મારો કમાયેલો પૈસો હું ગમે તેમ ખર્ચું તો તેમાં મને રોકનાર કોણ છે ?'-આમ માનવું અને કહેવું અને એ રીતિએ અસદ્વ્યય કરવો, તે પણ એક મોટો અનાચાર છે.

♦♦♦

પ્રભુની કે પ્રભુભાર્ગની આશાતના કરનારને રોકવાના કાર્યમાં છતી શક્તિએ ઉદ્યમ નહિ કરનારા અને પોતાની જાત સંભાળવામાં જ આનંદ માનનારા, એ પ્રભુશાસનના સાચા રાગી જ નથી. શાસનનો સાચો રાગી એવા સમયે ઝળકી ઉઠયા વિના રહે જ નહિ.

♦♦♦

પ્રભુમાર્ગને પામેલા આત્માઓમાં પૂજ્યો પ્રત્યેની ભક્તિ, સમાનધર્મી આત્માઓ પ્રત્યેના સદ્ભાવ સંસારની અસારતાનો ખ્યાલ અને સંયમી બનવા પ્રત્યેની લગની  ન હોય એ બને જ નહિ !

♦♦♦

પ્રભુમાર્ગના પ્રેમી આત્માઓએ ખરે જ પોતાના જીવનને પરમ તારક શ્રી જિનેશ્વરદેવો અને તે તારક દેવાધિદેવોની આજ્ઞાનુસાર પોતાના જીવનને જીવતા નિર્ગ્રન્થ ગુરૂદેવોને ચરણે સમર્પી," આજ્ઞા એજ ધર્મ"-આ શાશ્વત

સિદ્ધાન્તનો વિશ્વને સાક્ષાત્કાર કરાવવો જ જોઈએ : કારણ કે-તેમ કરવામાં જ સ્વ અને પરનું શ્રેય સમાયેલું છે.

◆◆◆

પ્રભુશાસન જેઓના હૃદયમાં વસેલું હોય છે તેઓના હૃદયમાં આવશ્યક વાત્સલ્ય જેમ સદાસ્થાયી રહે છે, તેમ વિવેક પણ સાથે જ રહે છે.

◆◆◆

પ્રભુશાસનના મર્મને અમે જાણનારા છીએ, એવો દાવો કરવા છતાં ઉઘાડી રીતિએ સાચા અને ખોટા તરીકે ઓળખાઈ શકે તેવા પક્ષોની વચ્ચે પણ મધ્યસ્થ કે તટસ્થ હોવાનો દમ્ભ કે આડંબર કરવો, એ ભદ્રિક જનતાના ધર્મધનને લુંટાવી દેવાનો નીચમાં નીચ ધંધો છે.

◆◆◆

પ્રાયઃ તે જ જ્ઞાની જ્ઞાનના યોગે ઉદ્ધત અને ઘમંડી બને છે, કે જે પેટ ભરવાને માટે કે નામના્દિને માટે વિદ્યા ભણ્યો છે, પણ આત્માને માટે ભણ્યો નથી.

◆◆◆

પ્રાયશ્ચિત, એ વસ્તુતઃ દંડ નથી પણ એ એક એવું જલ છે, કે જે જલથી અનાચારના યોગે મલિન બનેલો આત્મા નિર્મલ બને છે,

◆◆◆

પ્રાયઃ બાલદીક્ષિતો જ શાસ્ત્રરહસ્યના સુજ્ઞાતા બનીને શાસનની પ્રભાવના કરવા સાથે, ધર્મના વિરોધિઓને હંફાવનારા નિવડયા છે. આજના વિરોધિઓને પણ બાલદીક્ષિતો જ હંફાવી રહ્યા છે.

◆◆◆

પરમ ઉપકારી શ્રી ઉપાધ્યાયજી મહારાજ જેવાએ શાસ્ત્રનું જ્ઞાન પામીને અને એ જ્ઞાનના પરમાર્થ સુધી પહોંચવાનો પુરૂષાર્થ કરીને નીચોડ કાઢયો. એમાં કહી દીધું કે-જ્ઞાન ઉત્કૃષ્ટ તે જ, કે જે જ્ઞાનના યોગે મોક્ષ સિવાયનું કશું જ હૈયામાં ઉઠે નહિ.

◆◆◆

'ફલાણા માણસ અમને કલેશ કરાવે છે'-આવાં વચનો ઉચ્ચારવાં, એ વિવેકિને છાજે નહિ. કલેશ થવામાં નિમિત્ત ગમે તે હોય, પણ વિવેકિએ

તો પોતાના રાગાદિ શત્રુની આધીનતાથી પોતાને કલેશ થયો એમ માનવું જોઈએ.

♦♦♦

'બહુ ઋણીયાને ઋણ શું ને બહુ દુઃખીયાને દુઃખ શું ?'-એ કહેતી સંસારીઓને આબેહુબ લાગુ પડે છે.

♦♦♦

બગાડવા મથનાર ઉપર પણ રોષ નહિ, એનું ય ભૂંડું કરવાની ભાવના નહિ, એટલું જ નહિ પણ એના ય ભલાની ભાવના, એ સાચી ઉદારતા છે.

♦♦♦

બધી સામગ્રીથી અલગ થઈને વાસ્તવિક નિસીહીથી જેવી ભક્તિ મનુષ્ય કરી શકે છે, તેવી દેવતા કરી શકતા નથી, માટે દેવતા ધર્મી એવા મનુષ્યને નમસ્કાર કરે છે.

♦♦♦

બધા પ્રકારની સામગ્રીએ સહિત મેળવેલ જીવન દ્વારા જોધારે તો દુશ્મનનું પણ ભલુ કરે.

♦♦♦

બધા મહાપુરૂષોએ ઠામ ઠામ મોક્ષની ને મોક્ષના ઉપાયની વાત લખી છે; પણ, એ વાત બેસે કોના હૈયામાં.સંસાર ભૂંડો લાગે તો એ વાત હૈયે બેસે કે સંસાર સારો લાગતો હોય તોય એ વાત હૈયે બેસે ? ગમે તેટલું ભણે અને ગમે તેટલું જાણે, પણ સંસાર ભૂંડો લાગે નહિ તો કહેવું પડે કે-એનું ભણતર એ સાચું ભણતર નથી. એ વાતડાહ્યો થાય, પણ તત્ત્વજ્ઞ થાય નહિ.

♦♦♦

બધાને આયુષ્યનો બંધ જીંદગીના બે ભાગ જાય અને ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પડે જ, એવો એકાન્ત નિયમ નથી. કેટલાકને જીંદગીનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે આયુષ્યનો બંધ જો પડતો નથી, તો એ ત્રીજા ભાગની જીંદગીનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે અને છેવટ અન્ત વખતે એટલે છેલ્લા અન્તર્મુહૂર્તમાં પણ આયુષ્યનો બંધ પડે, એ સંભવિત છે.

♦♦♦

બની શકે તો પરમાત્માની આજ્ઞા મુજબના ફકીર થાઓ : ન થવાય તો અડધા ફકીર બનો અને તે પણ ન બને તો જેઓ ફકીર થાય, તેઓને

સારા તો માનો જ !

◆◆◆

બરબાદ કરનારને પણ સહી લેવાની તાકાત જોઈએ. અમૂક મને બરબાદ કરે છે, એમ ચોક્કસપણે જાણવા છતાં પણ, એની હૃદયમાં અસર ન જોઈએ. એ તાકાત કેળવી હોય, તો એના ભૂંડાની ભાવના ન આવે. એ તાકાત હૃદયની સાચી ઉદારતા વિના ન આવે. હૃદયની સાચી ઉદારતા હોય, તો જ અપકારિનું પણ ભૂંડું નહિ ઈચ્છતાં ભલું ઈચ્છાય.

◆◆◆

બહુલસંસારી આત્માઓની મનોદશા અને અલ્પસંસારી આત્માઓની મનોદશામાં કેટલો ફરક હોય છે ? ખરેખર, બહુલસંસારી આત્માઓની મનોદશા જ્યારે ભયંકર હોય છે, ત્યારે અલ્પસંસારી આત્માઓની મનોદશા ઘણી જ સુંદર હોય છે.

◆◆◆

બહુ ઋણીયાને ઋણ નહિ, એનો અર્થ એ નથી કે-એ ઋણ નથી ચૂકવતો છતાં શાહુકાર છે, તેમ શાસ્ત્રે સંસારીઓના દુઃખની ગણના નથી લખી તેથી એ દુઃખીજ નથી, એવો અર્થ કાઢવાનો નથી.

◆◆◆

બહુ લક્ષ્મીવાળો સુખી એ બાહ્ય દૃષ્ટિ અને લક્ષ્મી વગરનો પણ દર્શન-જ્ઞાન-ચારિત્રથી સહિત જ સાચો સુખી એ આત્મદૃષ્ટિ છે.

◆◆◆

બળનો ઉપયોગ પુણ્યશાળી આત્માઓએ પૌદ્ગલિક સુખોની સાધનામાં કરવા કરતા, આત્મિક સુખની સાધનામાં કરવો એજ સ્વપર માટે શ્રેયસ્કર છે.

◆◆◆

બહુ દુઃખીયાને દુઃખ નહિ, એનો અર્થ એ નથી કે-એને દુઃખ નથી, પણ એ એટલું બધું છે કે-જો એને એ યાદ કર્યા કરે તો એનો અંત આવે એમ નથી.

◆◆◆

બાલ્યાવસ્થા હજુ વિષયજોગી થઈ નથી : વૃદ્ધાવસ્થા શિથીલ છે :

જીવનની સફળતાનો અને નિષ્ફળતાનો આધાર, એ યુવાવસ્થામાં તેજ થયેલી ઈંદ્રિયોના સદુપયોગ અગર દુરૂપયોગ ઉપર રહે છે.

♦♦♦

બાહ્યાડંબર, દંભ, કૃત્રિમતા, કર્ણકઠોરતા અને કષ્ટસાધ્યપણું એવા ધર્મના ડંખો કાઢી નાખવા; નરી શુષ્કતાને સળગાવી દઈ ધર્મમાં પણ એક સમર્થ વિચારક તરીકે મૂળ મુદ્દાને વળગી રહી સંસ્કારી સુવિનોદ અને નિર્દોષ હાસ્યને પ્રાધાન્ય આપવું; સત્ય અને પ્રિય, જીવંત અને નૈસર્ગિક બોધવાણી વડે પરમ આનંદમાં સભાને તરબોળ કરવી, છતાં ધર્મની તત્ત્વભાવના પ્રેરવામાં કોઈ પ્રસંગે બેધ્યાન નહી રહેવું-આ સર્વ પૂજ્ય આચાર્યશ્રીની રીતે બીજા ધર્મોપદેશકોએ કરવાનો સમય પાકી ગયો છે.

♦♦♦

બીજાઓના ભયથી અંગીકાર કરેલા ધર્મને જે તજે નહિ તે સમર્થ કહેવાય. આજે તો કેટલાકો કલ્પિત લોકભયથી મુંઝાઈ જતા હોય એવું જોવાય છે. આજના કેટલાકોને તો અશિષ્ટ અને અજ્ઞાન લોકોની ટીકાનો ભય ધર્મ કરવામાં વિઘ્ન રૂપ બને છે. આત્મતારક આત્મજ્ઞાનને ઉદ્દેશીને થતી ધર્મક્રિયાને પણ અશિષ્ટ અને અજ્ઞાન લોકોની ખોટી નિન્દાના ભયે તજવી, એ સમર્થ ધર્માર્થિનું લક્ષણ નથી. એવાઓ કલ્યાણમાર્ગમાં ટકવા મુશ્કેલ છે.

♦♦♦

બીજાને માટે પાપનું ફળ અવશ્ય મળશે એમ બોલનારાઓ, શા માટે પોતાને પણ પોતાના પાપનું ફળ અવશ્ય મળશે એવો વિચાર નથી કરતા ? જો બધા જ એવો વિચાર કરે તો પાપ ભાગતું જ ફરે ને ?

♦♦♦

બીજાને સુખી બનાવવાની ઉદારતા તો નથી, પણ કોઈ એના પુણ્યે-એના ભાગ્યના યોગે સુખી બને તો નારાજ નહિ થવા જેટલી, આનંદ પામવા જેટલી પણ ઉદારતા છે ?

♦♦♦

બીજાના સ્વપર-હિતકારી ગુણને જોઈ આનંદ પામવો, અનુમોદના કરવી, પ્રશંસા કરવી, એ પણ ઉદારતાનો જ એક પ્રકાર છે. જે આત્માઓમાં ઉદારતા ન હોય, તે પરના સારા પણ ગુણની પ્રશંસા ન કરી શકે.

♦♦♦

બીજો પોતાના ભાગ્યથી પામ્યો, તમે એને મદદ કરી નથી, કાંઈ લાગતું-વળગતું નથી, છતાં એની ઈર્ષ્યા થાય, એ હીન દશા છે.

◆◆◆

બીજાનું દુઃખ ટળે અને બીજાને સુખ મળે-એની ચિન્તામાં જેઓ રમે છે, તેઓનું દુઃખ અવશ્ય ટળે છે અને તેમને સુખ પણ અવશ્ય મળે છે.ઔદાર્યનું આ જેવું-તેવું ફળ નથી, પણ એ ઔદાર્ય સહેલું નથી.

◆◆◆

બુદ્ધિ એ જ ચમત્કાર છે. બુદ્ધિ આત્માની ખીલવટ છે. જેટલી તાકાત, બુદ્ધિ હોય એનો ઉપયોગ આગમાનુસારે થાય, તેમાં જ કલ્યાણ છે.

◆◆◆

બેમાંથી એક પણ જો પોતાની ફરજ ન ચૂકે, તો છેવટ બન્નેનું કલ્યાણ થાય : પણ જ્યાં મોટો નાનાના અને નાનો મોટાના દોષ શોધતો બને, ત્યાં પ્રાયઃ બન્નેનું અકલ્યાણ થતાં વાર લાગે નહિ

◆◆◆

બે પ્રકારનાં જ તત્ત્વો આ જગતમાં વિદ્યમાન છે. કોઇ પણ વસ્તુનો સ્વતન્ત્રપણે વિચાર કરો, તો લાગે કે-કાં તો એ જીવ છે, કાં તો એ અજીવ છે. આ બન્ને તત્ત્વો કોઈનાં બનાવેલાં છે કે બનેલાં જ હતાં ? જીવને કે અજીવને કોઇએ પેદા કરેલ છે ? નહિ જ. જો જીવનેય કોઇએ પેદા કર્યો હોય અને અજીવનેય કોઇએ પેદા કર્યું હોય, તો એ પેદા કરનાર જીવ હતો જ-એમ નક્કી થઈ જાય છે અને અજીવ તત્ત્વ હતું-એમ પણ નક્કી થઈ જાય છે; કારણ કે-એકલો જીવ અજીવને પેદા કરે, એ બને શી રીતિએ ?

◆◆◆

બે વ્યાપારી હિસાબ કરવાને બેસે અને 'મારૂં એ જ સાચું.'-એમ પકડી રાખે, તો પતાવટ થાય નહિ. જો કોઇ એમ કહે કે-'મારો ચોપડો બતાવું નહિ, તારા ચોપડામાં ભલે જમે હોય નહિ, ખાતું પડાવેલું નથી, સાક્ષીય નથી, પણ હું તારી પાસે માગું છું.' તો એમ કહેવાથી કોઈ કાંઇ આપી દે નહિ. તેમ જો સંપ કરવો હોય, તો 'મારૂં એ સાચું.' છોડી દઇને, જેની વાત સિદ્ધાંતાનુસારિણી હોય તેની વાતને ગ્રહણ કરવી, એવું નક્કી કરી લેવું જોઇએ. 'મારૂં એજ સારૂં અને સાચું, પછી ભલે સિદ્ધાંતથી તે વિરૂદ્ધ

હોય.'-આમ કહેનારની સાથે સંપ થાય નહિ, થાય તો તે ટકે નહિ અને ટકે તો સત્યાનાશ વળે. એવી રીતિએ કોઇ સંપ કરવાનું કહે, તો સ્પષ્ટ ઈન્કાર કરવો પડે. સંપ, એકતા, શાંતિ, એ બધુંય સારૂં છે; પણ એ બધું ટકે તો ત્યાં જ, કે જ્યાં સિદ્ધાંત મુજબ ચાલવાની વૃત્તિ હોય.

◆◆◆

બંગલા, બગીચા, સાહ્યબી, કુટુંબપરિવાર, ઋદ્ધિ-સિદ્ધિ, ગાડીઘોડા, મોટર વિગેરે વસ્તુઓ મળી હોય પણ જો માણસાઈ ન હોય તો તે બધી વસ્તુઓ એક ભયંકર છે-એ જરાય ભૂલવા જેવું નથી.

◆◆◆

બ્રહ્મચર્યનાં જીંદગીભરનાં પચ્ચખ્ખાણ થાય, મહાવ્રતો જીંદગીભર માટે લેવાય, પણ ચારે પ્રકારના આહારના ત્યાગનું પચ્ચખ્ખાણ વધારેમાં વધારે કાળ માટે અપાય તો કેટલું ? ફક્ત ૩૪ ભકતનું ! આથી સ્પષ્ટ છે કે-શ્રી જિનેશ્વરોની આજ્ઞા ભૂમિકાને યોગ્ય જોઈને જ કરવામાં આવી છે, તેથી જ એ માનવા લાયક છે.

◆◆◆

બ્રહ્મચર્યના રસિક આત્માઓ બ્રહ્મચર્યની રક્ષા માટે કેવું જીવન જીવતા હતા, એ જાણવા માટે શ્રી અનંતજ્ઞાનિઓનાં આગમોનો, સદ્‌ગુરૂઓની નિશ્રામાં રહીને, શુદ્ધ શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કરવો પડશે.

◆◆◆

બોલવાને જીભ છે અને લખવાની સામગ્રી છે માટે બોલવું અને લખવું જોઇએ, એવા માણસો જગતનું હિત કરી શકયા હોય એવો દાખલો આજ સુધીમાં એક પણ મળી આવશે નહિ.

◆◆◆

બ્રહ્મચર્યનું પાલન મન, વચન અને કાયાથી કરાવું જોઇએ : એને બદલે આજે મન તો પ્રાયઃ ભટકતું રહે, વચનની મર્યાદા નહિ અને કાયા તો સંયોગો ન મળે ત્યાં સુધી. એવી દશા મોટે ભાગે પ્રવર્તે છે.

◆◆◆

બ્રહ્મચર્યના પ્રભાવે પણ સ્વર્ગ મળે છે, એની ના નથી : છતાં દેવલોકની દેવાંગનાઓના મોહથી બ્રહ્મચર્ય સેવવામાં આવે-દુશ્મનોનો સંહાર થાય

તેવું બળ મેળવવા માટે બ્રહ્મચર્ય સ્વીકારવામાં આવે તો ? એ સાધક કે બાધક ?

◆◆◆

બધા જ દેવ, બધા જ ગુરૂ અને બધા જ ધર્મ, એ માન્યતા ખસે નહિં ત્યાં સુધી દેવની ભક્તિમાં ભાવ આવવાનો નથી. ગુરૂની સેવામાં સદ્‌ભાવ આવવાનો નથી અને ધર્મના પાલનમાં રસ પડવાનો નથી.

◆◆◆

બીજાઓનો મારે માટેનો જે કોઈ વિચાર, બીજાઓનું મારા માટેનું જે કોઈ વચન અને બીજાઓનું મારે માટેનું જે કોઈ વર્તન મને પ્રતિકૂળ લાગે, તેવો વિચાર મારે કરવો નહિ, તેવું કથન મારે ઉચ્ચારવું નહિ અને તેવું વર્તન મારે આચરવુ નહિ -આવા લક્ષ્યવાળા આત્માઓને માટે તો મોક્ષમાર્ગની સાધના કરવી એ પણ બહુ સુલભ બની જાય છે.

◆◆◆

ભગવાનના અભિષેક કરવાના કળશનું નાળચું કાંઈ શોભા માટે નથી. કળશ ઊંધા વાળવા, એમાં અવગણનાનો ભાવ છે અને નાળચેથી ધારાબદ્ધ અભિષેક કરવો, એમાં બહુમાનનો ભાવ છે. આજે તો કળશ ભરેલો હોય તો પહેલાં જરા ધારાબદ્ધ અભિષેક કરીને પછી એકદમ ઊંધો વાળી ઠલવવા જેવું પણ કરે છે ને ? ભક્તિની જે ક્રિયા કરો, તે બધી બહુમાન જળવાય એવી રીતિએ કરો તો લાભ થાય. અભિષેકની ધારા ચાલે તેમ જો ભાવની ધારાની વૃદ્ધિ થતી જાય, તો એથી આત્માને કેટલો બધો લાભ થાય ?

◆◆◆

'ભણશે નહિ તો ખાશે શું ? '-એ સદાચારની સલાહ નથી પણ અનાચારની સલાહ છે. 'ભણશે નહિ તો ખાશે શું ?' એમ કહેવાને બદલે, એમ કહો કે-'ભણશે નહિ તો સમજશે શું ? ભણ્યા વિના આત્માને અને પાપ-પુણ્ય આદિને જાણશે શી રીતિએ ? નહિ ભણે તો આ મનુષ્યભવ જેવો ઉત્તમ ભવ મળવા છતાં પણ સાધશે શું ? ભણ્યા વિના હિતકર-હાનિકરનો અને સારા-ખોટાનો વિવેક શી રીતિએ કરી શકશે ?'

◆◆◆

ભણેલામાં તો એવા પણ હોય છે કે-પાપ કરવામાં મૂર્ખને તો ટપી જાય પણ દુનિયામાં ભારે હોશિયાર ગણાતાઓને પણ ટપી જાય. માટે તો

જ્ઞાનિઓને કહેવું પડયું કે-જેનું જ્ઞાન ચારિત્રને પમાડનારૂં બને નહિ, એનું જ્ઞાન એ એને માટે બોજો જ છે. એ જ્ઞાનના ફલાસ્વાદને એ પામી શકતો જ નથી.

♦♦♦

ભણતાં ભણતાં જો એ ભાવના આવે કે-હું ભણીશ તો તેજસ્વી ઉપદેશક બની શકીશ અને એથી મને દુનિયા સારી રીતે પૂજશે તો એટલી નાલાયકતા છે એમ સમજવું જોઈએ.

♦♦♦

ભક્તિનું કાર્ય કરવામાં ભક્તિથી ભરેલા હૃદયના માલીકને કદી જ કંટાળો નથી આવતો પણ ઉલ્ટો ઉત્સાહ આવે છે.

♦♦♦

ભક્તિથી ભરેલા હૃદયનો એ સ્વભાવ જ છે કે-ભક્તિનું દરેક કાર્ય તે પોતાના માલીકની પાસે જ કરાવે.

♦♦♦

ભક્તિવાન આત્મા આશાતના પ્રત્યે બેદરકાર ન જ હોઈ શકે અને જે આત્મા આશાતના પ્રત્યે બેદરકાર હોય છે, તે આત્મામાં સાચી ભક્તિના આવિર્ભાવની પણ સંભાવના કેમ થઈ શકે ?

♦♦♦

ભક્તિપાત્ર ક્ષેત્રોમાં દઈ, 'એના ઉપર ઉપકાર કર્યો'-એમ માનવું, એ આત્માનો ઉપકાર કે નાશ ? નાશ. સાધર્મિકને જમાડો એમાં-'સાધર્મિક ઉપર ઉપકાર કર્યો'-એમ ન માનો, પણ 'મારા આત્માનો એટલો નિસ્તાર થયો'-એમ માનો.

♦♦♦

ભગવાન્ શ્રી મહાવીરદેવે પહેલી દેશના ક્ષણવાર કેમ આપી ? અયોગ્ય આદમીઓના યોગે ભગવાનને દેશના બંધ કરવી પડી, તો સાધુઓને શું વાંધો ?

♦♦♦

ભણેલો ગણેલો તે રોટલો રળવા માટે કોઈકની મહેરબાનની ભીખ માગવાને નીકળે ? નોકરીની જગ્યા મેળવવાને માટે પડાપડી કરે ? ખીસ્સામાં

સર્ટીફીકેટ લઈને નીકળી પડે ? ભણ્યા-ગણ્યા પછી પેટ ભરવાને એને ફાં-ફાં મારવાં પડે ? પણ બધાને ખુરશી-ટેબલ જોઈએ. સફાઈદાર કોટને પાટલુન જોઈએ. મજૂરી જેવું કામ તો એનાથી થાય નહિ. ગુલામી કરે, ભીખ માગે, સલામો ભરે, પણ થોડી પણ મજૂરી કરવાનું મન કરે નહિ, એ ભણેલો કહેવાય ? આ તે કાંઈ ભણતર છે ? શિક્ષણ તો એ કહેવાય કે-જીવવું કેમ એ એનાથી સહેલાઈથી આવડી જાય.

◆◆◆

ભગવાનને સેવીને અને ભગવાને કહેલા માર્ગને સેવીને જેઓ ભગવાનની સેવાને અને ભગવાને કહેલા માર્ગની સેવાને અત્યાર સુધી સંસારનું કારણ બનાવવાની ભૂલ કરતા હશે, તેઓ પણ હવે તો ભગવાનને સેવશે પણ સંસારથી તરવાને માટે અને ભગવાને કહેલા માર્ગને સેવશે પણ સંસારથી તરવાને માટે એમ માની લઉં ને ?

◆◆◆

ભગવાને સંયમ અને અસંયમ એ ઉભયના સ્વરૂપનું વર્ણન તો કર્યું જ છે, પણ એથી એમ ન કહેવાય કે-ભગવાને સંયમની જેમ અસંયમને પણ ઉપાદેય તરીકે ફરમાવેલ છે.

◆◆◆

ભગવાન એટલે સંસારથી તારનારા, એમ બોલવું છે અને એ જ ભગવાનને અને એભગવાને કહેલા માર્ગને સંસારનું કારણ બનાવાય, તો એ મેળ ખાય એવી વસ્તુ છે ? ભગવાનને સંગમે એટલાં બધાં કષ્ટ આપ્યાં, તે છતાં પણ ભગવાને એણે આપેલા કષ્ટોનો વિચાર કર્યો નહિ અને ભગવાને એવાં વિચાર કર્યો કે-'આ બિચારાને માટે અમે સંસારનું કારણ થયા.' ત્યારે કોઈનાય સંસારનું કારણ બનવું, એ કેટલી બધી ભૂંડી વસ્તુ છે, એનો વિચાર તો કરો !

◆◆◆

ભગવાન પણ જ્યાં સુધી વીતરાગ નહોતા બન્યા, ત્યાં સુધી જ ભગવાનને સારાય વિશ્વને તારવાની ભાવના હતી. વીતરાગ બન્યા પછી તો કોઈ ઈચ્છા હોય જ નહિ; એટલે, કોઈને તારવાની ઈચ્છા પણ હોયનહિ ! પણ ભગવાને પોતાની સારાય વિશ્વના જીવોને સંસારથી તારવાની ભાવના

એવી સુદૃઢ બનાવી દીધી હતી કે-એ ભાવનાને પરિણામે નિકાચિત થયેલા તીર્થંકર-નામકર્મના ઉદયના પ્રતાપે ભગવાન જે ધર્મતીર્થની સ્થાપના કરે છે અને ભગવાન જે દેશના દે છે, તે જ ભવ્ય જીવોને સંસારથી તારનાર હોય છે.

◆◆◆

ભવાભિનંદી આત્મા ધર્મને ભયંકર માને છે, જ્યારે આત્માનંદી આત્મા ભવને ભયંકર માને છે.

◆◆◆

ભવ્યાત્માઓને વસ્તુતત્ત્વનું યથાવસ્થિત જ્ઞાન સરલતાથી પ્રાપ્ત થાય અને એ દ્વારાએ સ્વ-પર-ઉપકારક પ્રવૃત્તિમાં અલ્પ-સંસારી ભવ્યાત્માઓ જોડાય, એજ શ્રી જિનાગમસારગર્ભિત પ્રકરણો રચવાનો એક માત્ર પ્રધાન હેતુ હોય છે.

◆◆◆

ભવ્ય જીવોને આખા જીવનમાં જીવવા માટે તીર્થંકરની વાણી એ સુંદર આલંબન છે. જ્ઞાનીની આજ્ઞા મુજબ સંસાર જીવતાં આવડે તો સંસારમાં જીવાય અને સંસાર ઘટે.

◆◆◆

ભવિષ્યને સુધારવાની ઈચ્છા કોને નથી હોતી ? પણ ભવિષ્યકાલ અન્ત વિનાનો છે, માટે આપણે તો અન્ત વિનાનું સુખ મળે એવો જ પ્રયત્ન કરવો-આ પ્રકારે ભવિષ્યને સુધારવાની ઇચ્છા વિરલ આત્માઓમાં જ હોય છે.

◆◆◆

ભવિષ્યમાં સુખી થવું હોય તો વર્તમાનના કષ્ટની ચિંતા ન કરો ! કેવળ વર્તમાનની દૃષ્ટિએ તો સારા સારનો વિવેક આપોઆપ નષ્ટ થઈ જાય છે.

◆◆◆

ભવિષ્યની પ્રજા પોતાને મહાપુરૂષ તરીકે પીછાને અને વર્તમાન પ્રજા નિન્દા ન કરે, એટલા જ ખાતર જે આત્માઓ કર્તવ્યને ભૂલી જાય છે, તેઓ આ માનવજીવનની અને એમાં પણ પ્રાપ્ત થયેલી ઉત્તમ સામગ્રીની કોડીની કિંમત કરી નાખે છે.

◆◆◆

ભવિષ્યવેત્તાની માફક આગળથી જાણી બેઠા હોય કે આપણે શું સાવલ પૂછવાના છીએ !

આપણા ધર્મવક્તાઓ આવો પુણ્ય પરિશ્રમ કયારે લેશે ? પોતાના

શ્રોતાઓને સંતોષ કરાવવો જ, એવો આગ્રહ સેવતા કયારે થશે ? વળી એ સંતોષ પણ કેવા પ્રકારનો ? શ્રોતાને હલકો પાડીને નહીં ! જ્ઞાનના અભિમાનથી નહિ. પણ જ્ઞાનની નમ્રતાથી, શ્રોતાની કક્ષાએ નીચા ઉતરીને, ધીરજપૂર્વક તેને સાંભળી, પૃથક્કરણ કરી ફરી ફરી સમજાવી, ખાત્રી કરીને કરાવવામાં આવેલો સંતોષ.

◆◆◆

ભવ્ય સ્વભાવના જીવો, જ્યાં સુધી ચરમાવર્ત કાલને પામતા નથી, ત્યાં સુધી એ જીવો સ્વભાવે ભવ્ય હોવા છતાં પણ, દુર્ભવ્ય કહેવાય છે; કારણ કે-એ જીવોના હૈયે મોક્ષનો આશય પ્રગટે એવા પ્રકારની એ જીવોમાં સ્વભાવસિદ્ધ લાયકાત જરૂર છે, પરન્તુ એ લાયકાતને સફલતા મળે એવા કાળને એ જીવો પામેલા નથી.

◆◆◆

ભયંકરમાં ભયંકર પાપ આચરનાર પણ જ્યાં પાપથી કંપતો બને અને પાપ માત્રના પરિહારની તીવ્ર ભાવનાવાળો બને, ત્યાં એ પાપનાશના પવિત્ર માર્ગને ન અનુસરી શકે, એમ કેમ કહેવાય ? પાપી આત્મામાંથી પણ જ્યાં પાપબુદ્ધિ જાય અને પવિત્ર ધર્મબુદ્ધિ પ્રગટે, ત્યાં નાલાયકતા પણ ટકી શકતી નથી.

◆◆◆

ભલે તમારાથી આજ્ઞાનું આરાધન ન થાય પણ વિરાધનાથી તો તમારે જરૂરજ બચવું જોઈએ. આરાધન નહિ કરનારને કદાચ મુક્તિ થોડી ઘણી મોડી મળશે પણ વિરાધના કરનારને તો મુક્તિ દુર્લભ બને છે.

◆◆◆

કોઈ પણ પ્રાણી, તે ચાહે સ્વજન હોય કે પરજન હોય, ચાહે મિત્ર હોય કે શત્રુ હોય, ચાહે એણે એનું ભલું કર્યું હોય કે એનું ભૂંડું કર્યું હોય, ચાહે મનુષ્ય હોય કે પશુ હોય, ચાહે મોટો હોય કે નાનો હોય, ચાહે સુખી હોય કે દુઃખી હોય, કોઈ પણ એમાંથી બાતલ નહિ, એ સર્વનું-દુનિયાના સઘળા પ્રાણિઓનું ભલુ કરવાની સાચી ભાવના જેનામાં હોય, તે મહાપુરૂષ બનવાને કે મહાપુરૂષ તરીકે પૂજાવાને લાયક છે.

◆◆◆

ભાગ્યશાળી ! જૈનશાસનસાં ફસી જવાય એ દુર્બુદ્ધિ કોણે જગાડી ? શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના અમલને ફસી જવાનું ઉપનામ કોણે આપ્યું ?

જૈનકુલમાં જન્મેલા, જૈન સાધુના આચાર, વિચાર, ક્રિયા જાણવા છતાં, ફસી જવાય, એવું શાથી લાગે છે ? એમ કેમ કહો છો, કે-અહીં ભોળાઓ હોય તે ફસે ? શોચો કે ભોળો એ ફસે કયાં ? લાડુ, પૈસા, મોજશોખ હોય ત્યાંને? અહીં ફસવાની સામગ્રી કઇ ? જ્યાં શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના મૂળમાં જ ત્યાગ ત્યાં ફસવાની વાત શી રીતે માની ?

♦♦♦

ભલે સદાચાર અને અનાચારના વાસ્તવિક અર્થને ન સમજે, સદાચાર અને અનાચારનો જોઈએ તેવો ખ્યાલ ન હોય, છતાં કોઈ પણ માણસને પૂછો, તો તે સદાચારને સારો કહેશે પણ ભૂંડો નહિ કહે !

♦♦♦

ભાવદયાથી રહિત આત્માઓ અનન્તઉપકારી શ્રી જિનેશ્વરદેવોની અનન્તઉપકારકતાને સમજી અને પીછાની શકતા નથી.

♦♦♦

ભાવદયામાંથી સર્જાતા શ્રી તીર્થંકરપણાની મહત્તાને પીછાનવા માટે ભાવદયાળુ બનવાની જરૂર પડે છે.

♦♦♦

ભૂંડું કરનારને પણ ઉપકારી માનતા બનો અને કહો કે-'મારા અશુભને ખપાવવામાં તેં મદદ કરી !'

♦♦♦

ભૂખ્યાની દયા આવે તે દ્રવ્ય દયા છે. પાપીની દયા આવે તે ભાવદયા છે. ભૂખ્યા અને બધા જ પાપી દયાપાત્ર જોઈએ. દ્રવ્યદયાવાળામાં ન હોય એ બને, પણ ભાવદયાવાળો અધિકાર મુજબની દયાથી પર હોય, એ ન બને.

♦♦♦

ભૂખ લાગે અને ખાવા દોડવું એ પરતંત્રતા છે પણ સ્વાધીનતા નથી. ખાવાની ઈચ્છા એ પરાધીનતામાંથી પ્રગટે છે. એમાં સ્વતંત્રતા માનવી એ નરી મૂર્ખતા છે.

♦♦♦

ભગવાનને સેવવા છતાં અને ભગવાને કહેલા માર્ગને સેવવા છતાં પણ તમે સંસારમાં ડૂબી રહ્યા છો, એમ અમારે કહેવું પડે તો એ અમે

દુ:ખથી અને દયાથી કહીએ ? કે, એ કહેવું અમને ગમે છે માટે અમે એવું કહીએ ? તમે અમને સાંભળતા હો અને તે છતાં પણ, અમે તમને જો એમ સમજાવીએ નહિ કે-'ભગવાનને સેવો અને ભગવાને કહેલા માર્ગને સેવો, તે એમાટે સેવો કે એ સેવાથી તમે સંસારને તરી જાઓ !' તો અમે તમને એમ નહિ સમજાવવામાં, તમારી દયા કરીએ છીએ ? સંસારનો આશય તો તમારે હૈયે બેઠેલો જ છે. એ આશય જો ભગવાનને સેવવામાં પણ આવે અને ભગવાને કહેલા માર્ગને સેવવામાં પણ આવે, તો તમો ભગવાનની સેવાથી અને ભગવાને કહેલા માર્ગની સેવાથી તરો શી રીતિએ ?

◆◆◆

ભગવાનને હૈયે જેવો કૃપાનો ભાવ ભક્તિ કરનારાઓ પ્રત્યે હતો, તેવો જ કૃપાનો ભાવ અપરાધ કરનારાઓ પ્રત્યે પણ હતો. ભગવાનને હૈયે ભક્તિ નહિ કરનારા ઉપરેય કૃપાનો ભાવ હતો અને અપરાધ નહિ કરનારા ઉપરેય કૃપાનો ભાવ હતો. એ જ રીતિએ, ભગવાનને હૈયે સુખી જીવો ઉપરેય કૃપાનો ભાવ હતો અને દુ:ખી જીવો ઉપરેય કૃપાનો ભાવ હતો. જગતનો કોઈ પણ જીવ, એ તારકના કૃપાના ભાવમાંથી બાકાત નહિ હતો. આ વાત ભગવાન વીતરાગ બન્યા તે પહેલાંની છે. વીતરાગ બન્યા પછી આપણે જે એ તારકની કૃપાનો ભાવ કહીએ તે ઉપચારથી કહીએ.

◆◆◆

ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલાને માટે, આત્મકલ્યાણના અર્થી બનેલા આત્માને માટે, પ્રશંસાપાત્ર શું છે ? પંડિત જનોને માટે શ્રી સર્વજ્ઞ પરમાત્માએ પ્રરૂપેલાં વચનો જ પ્રશંસનીય છે. તેવી જ રીતિએ, શ્રી સર્વજ્ઞ પરમાત્માએ પ્રરૂપેલાં વચનોએ જ કહેલ સમ્યક્ત્વ, જ્ઞાન આદિ પ્રશંસનીય છે.

◆◆◆

ભગવાનની આજ્ઞાથી સ્વતંત્રપણે કરવામાં આવતી ઈચ્છા એ પાપ છે પણ ભગવાનની આજ્ઞાને અનુસરતી ઈચ્છા એ પાપ નથી.

◆◆◆

ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનની આરાધના, રક્ષા અને પ્રભાવનામાં જ પોતાની સઘળી શક્તિ અને સામગ્રીનો સદ્વ્યય કરનારા

પુણ્યાત્માઓ, વિરલ હોવા છતાં પણ, ભવ્યાત્માઓને માટે એ જ આદર્શ રૂપ છે.

♦♦♦

ભગવાને કહેલા ધર્મની આરાધનામાં ભગવાને કહેલા હેતુ સિવાયનો કોઈ હેતુ નહિ અને શક્તિનું ગોપન નહિ, આટલું જો આપણામાં આવી જાય, તો આપણે એવા સમર્થ બની જઈએ કે-કર્મ આપણા સંગમાં લાંબો કાળ રહી શકે નહિ ! ભગવાને કહેલો ધર્મ કરવાને, એ જ નક્કી કરવું જોઈએ કે-'મારે આ ધર્મ કરીને, કર્મના સંગ માત્રથી છૂટા થવું છે !' આટલું નક્કી થઈ જાય, તો કર્મના સંગથી છૂટવાનું સામર્થ્ય આત્મામાં પડેલું જ છે. એ ખીલી જાય અને આત્મા મંડયો રહે, તો કોઈપણ કષ્ટ આત્માને પાછો પાડી શકે નહિ ! પણ, ભગવાને કહેલા ધર્મ ઉપર આટલી આસ્થા પેદા થવી જોઈએ ને ?

♦♦♦

ભવાભિનંદી આત્માઓને તો ત્યાગની સાથે વૈર જ છે : કારણ કે-ત્યાગ એ એમની ભવાભિનંદિતાનો સમૂલ નાશ કરનારો છે.

♦♦♦

ભગવાને કહેલા ધર્મ ઉપર જો એટલી શ્રદ્ધા જામી જાય કે-'આ ધર્મની આરાધના મને મુક્તિ આપશે અને જ્યાં સુધી મુક્તિ આપી શકે એટલી હદ સુધીનો ધર્મ હું નહિ કરી શકું, ત્યાં સુધી મારાથી કરાતો ધર્મ મને સંસારમાં પણ સુખ પમાડશે અનેધર્મની આરાધનામાં અનુકૂળતા કરાવી આપશે.' તો એમ સમજવું કે-'આપણા સુખના દહાડા શરૂ થયા.' શરત એટલી કે-ધર્મથી બંધાયેલા પુણ્યના યોગે મને ગમે તેટલી અને ગમે તેવી સારી લાગે તેવી સામગ્રી મળે તોપણ સંસારના સાધન રૂપ કોઈ ચીજ મને ઉપાદેય નહિ લાગવી જોઈએ; તેમજ, એના સંયોગે અનુભવાતું સુખ એ વાસ્તવિક કોટિનું સુખ છે એમ મને નહિ લાગવું જોઈએ; પણ સુરલોકનાં અને નરલોકનાં ભારેમાં ભારે સુખ પણ, મને મોક્ષનું સુખ ગમતું હોઈને, દુઃખરૂપ લાગવાં જોઈએ.

♦♦♦

ભગવાનને અને ભગવાને કહેલા માર્ગને સેવનારાઓમાં પણ સંસારથી

તરવાનો જ એક માત્ર આશય હોય અને એના સિવાયનો કોઈ આશય એમાં હોય જ નહિ, એવા જીવો થોડા છે. ભગવાનને અને ભગવાને કહેલા માર્ગને સેવનારાઓમાં પણ, સંસારથી તરવાનો આશય ન હોય, પણ સંસારનો આશય હોય, એવા જીવો ઘણા છે; અને એવા જીવોમાં પણ કેટલાક જીવો એવા છે, કે જેઓ એમ કહે છે કે-ભગવાનને અને ભગવાને કહેલા માર્ગને સંસારથી તરવાના આશયથી ન સેવીએ અને સંસારના જ આશયથી સેવીએ, તો તેમાં વાંધો નહિ ! આવી રીતિએ ભગવાનને સેવવામાં અને ભગવાને કહેલા માર્ગને સેવવામાં, સંસારના આશયનો જેમને આગ્રહ હોય, તેવા વિપરિત આશયના આગ્રહવાળા જીવો, ભગવાનને અને ભગવાને કહેલા માર્ગને સેવવા છતાં પણ, સંસારમાં ભટકયા કરે તો એમાં નવાઈ છે ?

◆◆◆

ભગવાન્ શ્રી મહાવીરદેવની સાચામાં સાચી ભક્તિ હોય, તો એની આજ્ઞાને આરાધવા માટે મન, વચન અને કાયાની સઘળી શક્તિ ખર્ચી નાંખવી, એ છે. જેને આજ્ઞા ઉપર પ્રેમ નથી તેને માટે તે વસ્તુ મંગળ રૂપ થાય શી રીતે ? જેના વચનની કીંમત નથી, એ વ્યક્તિ પ્રત્યે પૂજ્યભાવ છે. એમ કેમ મનાય ? એ ખામીને લીધે એની ઉપાસના કરવા છતાં દુઃખ દૂર થતું નથી.

◆◆◆

ભવની પ્રીતિ આત્મા માટે ઝેર સમાન છે. કારણ કે સંસાર ઉપરનો પ્રેમ એ આત્માનો નાશ કરવા માટે ભયંકરમાં ભયંકર વિષ છે.

◆◆◆

ભલભલા ઘમંડી અને સત્કાર મળ્યા વિના ડગલું પણ નહિ ભરનારા આત્માઓ, જ્યારે તીવ્રપણે વિષયને આધીન બની જાય છે, ત્યારે સલામ ભરાવનારા તે સલામ પણ ભરે છે અને બીજાનો તિરસ્કાર કરનારા તે તુચ્છ પણ આત્માઓના તિરસ્કારને પણ વેઠે છે.

◆◆◆

ભવ્ય વૈરાગ્ય, જે ધર્મોપદેશના યોગે પ્રાદુર્ભૂત થવા પામ્યો, તે ધર્મોપદેશ કેવો હશે ? જૈન મુનિના ધર્મોપદેશથી પેદા થવા પામે, તો વૈરાગ્ય અને ત્યાગ જ પેદા થવા પામે, એવા સ્વરૂપનો જ જૈન મુનિનો ધર્મોપદેશ

હોય ને ? જે ઉપદેશમાં વૈરાગ્યને પમાડવાની યોગ્યતા ન હોય, તે ઉપદેશ, એ વસ્તુતઃ ધર્મોપદેશ જ નથી. ધર્મોપદેશને સાંભળવા છતાં પણ એના હૈયામાં વૈરાગ્ય ન પ્રગટે, તો એ વાત જુદી છે; પરન્તુ, ધર્મોપદેશ પોતે તો એવા સ્વરૂપવાળો જ હોય કે-એના શ્રવણથી યોગ્ય શ્રોતાના હૈયામાં વૈરાગ્યનો ભાવ પ્રગટયા વિના રહે નહિ. આ ઉપરથી, તમારે તમારો વિચાર પણ કરવા જેવો છે. ધર્મોપદેશના શ્રવણથી, તમારા હૈયામાં વૈરાગ્ય પ્રગટતો હોય નહિ અગર તો વૈરાગ્યનો ભાવ વૃદ્ધિ પામતો હોય નહિ, તો તમારે એ શોધવું જોઈએ કે-'ખામી ધર્મોપદેશમાં છે કે મારામાં છે ?' જો તમને, તમારામાં ખામી છે માટે તમને ધર્મોપદેશના શ્રવણના યોગે વૈરાગ્ય થતો નથી-એવું લાગતું ન હોય, તો તમારે ધર્મોપદેશનું શ્રવણ કરવાને માટે એવા સ્થાનને શોધી કાઢવું જોઈએ, કે જે સ્થાને જઈને ધર્મોપદેશનું શ્રવણ કરવાના યોગે, તમારા હૈયામાં વૈરાગ્યભાવ પ્રગટવા પામે તથા તમારો એ વૈરાગ્યભાવ વૃદ્ધિ પામે. હવે જો તમને એમ લાગતું હોય કે-'ના, ના; મારામાં ખામી છે, માટે જ મને આવા ધર્મોપદેશનું શ્રવણ કરવા છતાં પણ વૈરાગ્ય થતો નથી.'તો તમારે તમારી એ ખામીને શોધી કાઢવાનો અને એ ખામીને શોધીને એ ખામીને ટાળવાનો પ્રયત્ન કરવામાં કમીના રાખવી જોઈએ નહિ પણ, આ બને કયારે ? ધર્મોપદેશનું શ્રવણ કરવાના યોગે વૈરાગ્ય જ પેદા થવો જોઈએ, આવું તમારા મનમાં જચી ગયેલું હોય, ત્યારે ને ?

♦♦♦

ભયંકર એવા પણ પાપોથી તપ દ્વારા પ્રાયઃ છૂટી શકાય છે, પણ તે તપ વિવેકપૂર્વક અને વિધિ મુજબ થવો જોઈએ. યોગને પામવાની લાયકાત મેળવી હોય, તો આ ગુણને પણ તમારે મેળવવો પડશે અને આ ગુણ આવે એ માટે પહેલાં તો પાપભીરૂ બનવું પડશે. પાપથી છૂટવાની ઈચ્છા થયા વિના, તપની સાચી ભાવના પ્રગટે નહિ અને પાપથી છૂટવાની ઈચ્છા તો જ પ્રગટે, કે જો પાપભીરૂતા રૂપ ગુણ આવે. યોગને માટેની લાયકાતમાં યથાશક્તિ કરાતા તપને પણ એક જરૂરી ગુણ તરીકે ગણાવ્યો છે, તેનું કારણ શું ? એ જ કે-તપ ગુણ જરૂરી ગુણ તરીકે ગણાવ્યો છે, તેનું કારણ શું ? એજ કે - તપ ગુણ એમ સૂચવે છે કે-આ માણસ પાપથી ડરનારો છે અને પાપથી છૂટવાનો પ્રયત્ન પણ કરનારો છે. આવો માણસ, કે જે પાપથી ડરતો હોય

અને પાપથી છૂટવાના ઉપાયને આદરવામાં તત્પર હોય, એને જો સદ્ગુરૂ આદિનો યોગ થઈ જાય અને એથી યોગના સાચા સ્વરૂપને એ જાણી શકે, તો એને માટે યોગનું આરાધન, એ પણ ઘણું સુલભ ગણાય.

◆◆◆

ભાગ્યશાલી આત્માઓ તો શ્રી જિનમંદિરમાં જાય ત્યારે ત્યાં પણ ભગવાનના એક એક અંગને જોઈને, તે તે અંગે તેની વિશિષ્ટતા વિચારે ! આ તે ચરણકમળો છે, કે જેના દ્વારા પ્રભુએ જ્યાં જ્યાં વિહાર કર્યો છે, તે તે ભૂમિ પાવન થઈ છે; આ તે હાથ છે, કે જેણે છૂટે હાથે ક્રોડો સોનૈયાનાં દાના દીધાં છે; આ તે મુખ છે, કે જેમાંથી ધારાબંધ ઉપદેશામૃતનો ધોધ વહેતો હતો અને જે ધોધથી જગત પાવન થતું હતું; અને, આ તે આંખો છે, કે જેમાંથી ઝરતી કરૂણાથી અનેક આત્માઓ મુક્તિએ ગયા છે. ભગવાનની મૂર્તિને જોઈને, ભાગ્યશાળી આત્માના અંતરમાં તો વૈરાગ્યના ફૂવારા-જ છૂટે. આજે તો ચાર, પાંચ કે નવ ચાંલ્લા કરી 'ટાઈમ ટુ ટાઈમ' બહાર નીકળી જવાની જ કેટલાકોની ભાવના ! મંદિરમાં નહિ જેવો અમુક સમય ગાળે, એમાં નહાવાનો, ચાંલ્લો કરવાનો સમય કેટલો તથા પૂજાનો સમય કેટલો એ તપાસો. ભાવપૂજામાં તો ધમાધમ જ. સાથિયો કરતો જાય અને ગણ-ગણ ચૈત્યવંદન કરતો જાય ! જાણે કે-પંજાબમેલ ચાલ્યો. 'જય વીયરાય'માં પણ જોહાથ જોડવાનો વિધિ જે ચાલુ રહ્યો છે તે ચાલુ ન રહ્યો હોત તો તે વખતે પણ હાથ ન જોડત કે ન ઊંચા થાત ! અંગપૂજા અને અગ્રપૂજા વિધિ મુજબ કર્યા બાદ , ચૈત્યવંદન વિશેષ શાંતિથી કરવાનું છે. ઉલ્લાસથી પ્રભુગુણની સ્તુતિ આદિ રૂપ ભાવપૂજા કરવાની છે. સાથિયો કરતાં, ચાર ગતિમાંની એક પણ ગતિ ન જોઈએ-એમ કહો છો અને તે પછી માગો છો શું ? રત્નત્રયી અને રત્નત્રયીની આરાધનાના પરિણામે મોક્ષ ! રત્નત્રયીને માગનારને વૈરાગ્ય, ત્યાગ, સંયમ ન ગમે, વૈરાગ્ય આદિને પમાડનારી ઉપકારી મહાપુરૂષોએ ફરમાવેલી વાતો નહિ ગમતાં ખટકે, સાંભળવાથી ગુસ્સો આવે, એ બને જ નહિ. આ રીતિએ મુક્તિના ઈરાદે, ચાર ગતિનો છેદ અને રત્નયત્રીની પ્રાપ્તિની માગણી સાથિયા દ્વારા કરીને અને ફળ નૈવેદ્ય આદિ ધરીને, વિધિપૂર્વક ચૈત્યવંદન કરવું. ચૈત્યવંદન કરતાં, શ્રી જિનેશ્વરદેવના ગુણોને દર્શાવનારાં તથા પોતાના દોષોને પ્રકાશિત કરનારાં- એ વગેરે ભાવવાળાં સ્તવનો, કે

જે મધુર અને ગંભીર અર્થોથી ભરેલાં હોય, તે ગાવાં. ભાવપૂજામાં તો આત્માએ તન્મય બની જવું જોઇએ.

♦♦♦

ભગવાનની પૂજા કરી લીધા પછીથી, મંદિરમાંથી બહાર નીકળીને પાછું કયાં જવાનું ? સદ્ગુરૂ શું આપે ? ભગવાનની પાસે જે માંગી આવ્યા તે જ. શ્રી જિનશાસનની યોજના અજબ છે. તમારા માટેની યોજના પણ એવી કે-પ્રાતઃકાળે પૂજન એ પહેલાં પ્રતિક્રમણ વગેરે યથાશકય ખરૂં જ. યથાશક્તિ પચ્ચકૃખ્ખાણ પણ ખરૂં. પછી પ્રાતઃકાળનું પૂજન. પછી ગુરૂવંદન. ત્યાં શ્રી જિનેશ્વરદેવની વાણી સાંભળવાની. પછી મધ્યાહ્ન સમયનું શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરવાનું. એ પૂજા યથાશક્તિ ઉત્તમ દ્રવ્યો વડે કરે. ત્યાર બાદ ભોજનાદિક કરવાનાં હોય તો તે કરી, પછી ધર્મને બાધ ન આવે એનો ખ્યાલ રાખીને પાપને પાપ તરીકે સમજીને, ન ચાલે તેમ હોય તો અલ્પ સમય અર્થની ચિંતા કરે. આવી રીતિએ ક્રિયા-પરાયણ રહેનારો, વેપારમાં અનીતિ કે પ્રપંચાદિક કરે ? પ્રાયઃ ન જ કરે અને ન કરે તો જ એની સામા ઉપર પણ સુંદર છાયા પડે. યોગ્ય ગ્રાહક પણ તેમને ત્યાંથી માલની સાથે ધર્મ લઈ જાય. શ્રાવકના રોટલોનો ટુકડો જેના પેટમાં જાય, તે પણ ધર્મ પામે. સાચા ધર્મીને ત્યાં આવતા ભિખારી પણ જો તે યોગ્ય હોય તો સારા બની જાય આવી દશા સુશ્રાવકોની હોવી જોઈએ.

♦♦♦

ભિન્ન ભિન્ન મતો એટલે શાબ્દિક મતભેદો અને તાત્ત્વિક સામ્યતા એ સ્થિતિ નથી. તાત્ત્વિક સામ્ય હોય તો શબ્દફેરને બુદ્ધિમાન માણસો કદી પણ વધારે પડતું વજન આપતા નથી. તત્ત્વભેદ એજ વધુમાં વધુ અગત્યની વસ્તુ છે અને ધર્મના નામે ઓળખાતા મતોમાં પરસ્પર તાત્ત્વિક મતભિન્નતા ઘણા જ મોટા પ્રમાણમાં છે.

♦♦♦

ભીખારી તો તે છે કે-'જે રોટલા માટે રૂએ : મોટાઓની મ્હોબત માટે આજીજી કરે.' પણ જે પોતાના સ્વરૂપમાં ઉભો રહે, તે ભીખારી નથી.

♦♦♦

ભોગાવલી કર્મના ઉદયથી સંયમી બનવા માટે અશક્ત એવા પણ

સુન્દર વિવેકને ધરનાર આત્માઓની દશા સંસારમાં પણ ઘણી બાબતોમાં અનુકરણીય હોય છે.

♦♦♦

ભોળી દુનિયાને કોઈ પણ એક પ્રવૃત્તિમાં અર્થની અને કામની લાલચ આપવામાં આવે અને વળી પાછું એ પ્રવૃત્તિને ધર્મનું ઉપનામ આપવામાં આવે, એટલે પછી તો તે ભોળી દુનિયાની હાલત ઘણી જ કરૂણાજનક થઈ પડે છે.

♦♦♦

## વિરતિ ને અવિરતિ

ભરત મહારાજા વિચારે છે કે-'હું છ ખંડનો ધણી ને મારાથી ગુણોત્તર કોણ ?' પણ તરત જ ખ્યાલ આવ્યો કે-વિરતિને ધરનારા શ્રાવકો મારાથી ગુણોત્તર છે, માટે તેઓની મારે ભક્તિ કરવી જોઇએ. વિરતિ શ્રી તીર્થંકરદેવના ઘરની, અને અવિરતિ મોહના ઘરની, દેશવિરતિ, એટલે કે-સમ્યક્ત્વમૂલ બારવ્રત તો શ્રી જિનેશ્વરદેવે કહ્યાં, પરંતુ બાકી રહેલી અવિરતિ કોના કહેવાથી ? ભગવાન્‌ના કહેવાથી કે મોહરાજાની આજ્ઞાથી ? કરણીય ભાવનાથી અવિરતિ સેવો તો દેશવિરતિ પણ નકામી થાય. પરણવું, ઘર ચલાવવાં, એ સર્વ મોહની આજ્ઞાથી થાય છે, પરંતુ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી નહિ જ. વિરતિ શ્રી જિનેશ્વરદેવની, અવિરતિ મોહની. ચોથું ગુણઠાણું શાથી ? અવિરતિને લઈને, કે સમ્યગ્‌દર્શનને લઈને ? જો અવિરતિ તો પહેલે ગુણઠાણે પણ છે, માટે ત્યાં પણ સમ્યક્ત્વ લાગુ પડવું જોઇએ, પણ તેમ તો છે નહિ. આથી સમ્યક્ત્વ શ્રી જિનેશ્વરદેદના ઘરનું અને અવિરતિ મોહના ઘરની છે, એ નક્કી થાય છે. એ અવિ-રતિ સાથે ભગવાનને, સાધુને કે આગમને કંઇપણ લાગે વળગે નહિ. શ્રી શ્રેણિકમહારાજા અવિરતિ સેવતા તે ભગવાન્ શ્રી મહારાવીરદેવના કહેવાથી કે મોહના ઉદયથી ? અવિરતિમાં ભગવાન શ્રી મહાવીરદેવની છાપ મારો તો તો સમ્યક્ત્વ પણ જાય. ચોથું અને પાંચમું ગુણઠાણું મટી પહેલું આવે. એ પણ અધમ કોટિનું, સારૂં નહિ. પાંચમા ગુણઠાણે રહેલ આત્માને અવિરતિની ક્રિયા કરવી પડે છે; અવિરતિની ક્રિયા એટલે છ કાય જીવની વિરાધના, મૃષા ભાષણ, ચોરી, સ્ત્રીસંગ, પૈસો ટકો વિગેરે પરિગ્રહ રાખે તે. હવે સમજો કે-અવિરતિ ભગવાનના કહેવાથી રાખો

છો ? ના કહેવા છતાં રાખો, એ વસ્તુ સારી હોય ? એમાં સાધુના ઉપદેશની જરૂર ખરી ? સાધુથી એની પ્રશંસા કે ઉપદેશ થાય ? -એ ખૂબ વિચારજો.

♦♦♦

## પાપસ્થાનકોના વિરોધી બનો.

ભરત બાહુબલિ કોના દીકરા ? શ્રી ઋષભદેવ ભગવાનના દીકરા. ભરત ને બાહુબલિનું યુદ્ધ બહુ મોટું અને ભયંકર થયું છે. એમાં બાહુબલિ જીતમાં છે. અંતે છેલ્લી મુટ્ઠીના પ્રયોગ વખતે બાહુબલિ ચોંકે છે : 'હું કોણ ? ઋષભદેવનો પુત્ર. જે બાપે રાજ્યલક્ષ્મીને તરણાની જેમ તજી, તે રાજ્યલક્ષ્મી સેવવા યોગ્ય માની, જેના પરિણામે આ દુર્દશામાં આવ્યો મોટાભાઈ, પૂજાનું પાત્ર, એને મારી નાખવાની દુષ્ટમાં દુષ્ટ હદે પહોંચ્યો.' શ્રી ઋષભદેવ ભગવાનની હયાતિનો જ આ કાળ છે કે જુદો ? બાહુબલિ આગળ વિચારે છે. 'આ રાજ્ય ત્યાજ્ય ન હોય તો ત્રણ જ્ઞાનના ધણી પિતા કેમ ત્યજત ? એને મેં રાખવા યોગ્ય માન્યું ત્યારે મોટા બંધુનો ઘાત કરવાની હદે પહોંચ્યો.' પણ એ મૂઠીયે ખાલી ન જાય. મૂઠી નકામી ન જાય, ન તો ભાઈ ઉપર ચલાવાય, એટલે એજ મુષ્ઠિથી યુદ્ધ-ભૂમિમાં લોચ કર્યો. આ જોઈ ભરતજી નીતરતી આંખે બાહુબલિના પગમાં પડે છે. બાહુબલિજીની પ્રશંસા અને પોતાની નિંદા કરતાં ભરત મહારાજા બોલે છે કે-'રાજ્ય એ ભવતરૂનું, સંસારરૂપી વૃક્ષનું બીજ છે. એમ જેઓ નથી જાણતા તેઓ અધમ છે. ને જાણતા છતાંએ તેનો ત્યાગ નહિ કરનારો હું તે અધમો કરતાંએ અધમ છું. તું જ તાતનો પુત્ર છો કે જેથી તાતના માર્ગે ગમન કરે છે. હું પણ તારા જેવો થાઉં તો જ તે પિતાનો પુત્ર કહેવાઉં.' ભગવાન શ્રી હરિભદ્રસુરિશ્વરજી મહારાજ પણ ફરમાવે છે કે-સમ્યગ્દષ્ટિ આત્મા ભવસાગરમા ન રમે (આનંદ ન પામે.) કદાચ પાપોદયે, આસકિતના યોગે રહેવું પડે તો રહે, પણ રમે તો નહિ જ. દુ:ખ એ થયું છે કે-કીચ્ચડમાં પડેલા કીચ્ચડનાગુણગાન ગાય છે. પાપની, વિષયની, પ્રશંસા કરે છે. પાપને પાપ માનતાંએ શું થાય છે ? બીમારી વખતે ખાટલે સુવું પડે પણ તેથી કાંઈ ખાટલો સારો મનાય ? લોકો જોવા આવે તેથી ખાટલામાં પડેલાને સુખ કે દુ:ખ ? ભરત મહારાજા વિચારે છે કે-હું પ્રભુ શ્રી ઋષભદેવનો પુત્ર, મારા નવાણું ભાઈઓએ, સંખ્યાબંધ પુત્રો અને પુત્રોના પુત્રોએ સંયમ સ્વીકાર્યો

અને હું જાણવા છતાં મૂકતો નથી, તેથી અધમમાંએ હું અધમ છું.' આરીસાભુવનમાં કેવલજ્ઞાન થાય તે આવી ભાવનાઓના યોગે. આ ભરત મહારાજના જીવનમાંથી શું લીધું ? ભરત મહારાજ પ્રભુની આજ્ઞામાં લીન હતા, પ્રભુને તરણ તારણ માનતા, ને જે રાજસિંહાસન પર બેસતા તેને સંસારતરૂનું બીજ માનતા. એવાઓનું પાપ પણ પતલું ને પોલું હોય. એવાના પાપના પરિણામ એટલા મંદ હોય છે કે છોડતાં વાર લાગે નહિ. એ ભરત મહારાજા સાધર્મિઓને શું કહે છે ? 'કૃષિ આદિ કામો તમે ન કરો : અર્થાત્ તમે જે આરાધના કરો છો એમાં હું સહાયક થાઉં, વધુ સમયની સહાય કરી આપું, વધુ રીતે તમે આરાધી શકો એવી અનુકૂલતા કરી આપું.' સાધર્મિને કયે માર્ગે જોડીયે તો તે ધર્મમાં મજબૂત થાય ? ભરત મહારાજા કહે છે કે- 'આરંભ સમારંભના વેપાર બંધ કરો અને સ્વાધ્યાયમાં લીન બનો ' એ એદીપણું કે ઉદ્યમીપણું ? આગળ ભરત મહારાજા કહે છે -'જ્યારે જ્યારે હું આવું, તમે મને જૂઓ ત્યારે ત્યારે જો તમે મારા ઉપકારી, સાચા સાધર્મિ, અને હિતચિંતક હો, તો મને પાપથી ચેતતો રાખજો' ભરત મહારાજા પોતાનાં પાપ, દોષો કહેવાની વિનંતિ કરે છે. સાધર્મિને વિનંતિ કરે છે. સાધર્મિ એટલે અઢાર પાપસ્થાનકનો વિરોધી. શ્રી જિનેશ્વરદેવનો અનુરાગી અઢારે પાપસ્થાનકનો વિરોધી હોય કે રાગી ? શ્રાવકને અઢારે પાપસ્થાનક ગમે તો તે શ્રી જિનેશ્વરદેવનાં માર્ગનો પ્રેમી ખરો ? ૧-હિંસા, ૨-અસત્ય, ૩-અદત્તાદાન એટલે ચોરી, ૪-અબ્રહ્મ, ૫-પરિગ્રહ, ૬-ક્રોધ, ૭-માન, ૮-માયા, ૯-લોભ, ૧૦-રાગ, ૧૧-દ્વેષ, ૧૨-કલહ આ બધું શ્રાવકને ન ગમવું જોઇએ. હજી આગળ. ૧૩-અભ્યાખ્યાન એટલે ખોટું આળ, ન બનેલી વાતનો કોઇના નામે પ્રચાર કરવો તે. ૧૪-પૈશૂન્ય એટલે ચાડી. ૧૫-રતિ અરતિ એટલે ઈષ્ટ સંયોગોની પ્રાપ્તિમાં રતિ અને અનિષ્ટ સંયોગોની પ્રાપ્તિમાં અરતિ. ૧૬-પરપરિવાદ પારકાની નિંદા. ૧૭-માયા મૃષાવાદને ૧૮-મિથ્યાત્વશલ્ય. આ અઢારે પાપસ્થાનક શ્રાવકને ગમવાં ન જોંઇએ. શ્રી જિનેશ્વર દેવનો રાગી, જે અઢાર પાપસ્થાનક કરવાની સલાહ આપે, ને માબાપને માબાપ, વડીલને વડીલ અને વાલીને વાલી ન માને. જે વિદ્યા અઢાર પાપસ્થાનકને સેવવા જેવું સમજાવે તેને વિદ્યા ન માને. અઢાર પાપસ્થાનકને સેવવાં જેવાં છે, એવું કહે તેને હિતૈષી ન માને. 'એની સેવનામાં વાંધો નથી.'-એવું કહેનારને ગુરૂ પણ

ન માને. એટલું જ નહિ પણ તેવા આત્માને સમ્યગ્દૃષ્ટિ પણ ન માને. પ્રથમ ગુણસ્થાનકે વર્તતા માર્ગાનુસારિની કોટિમાં પણ તેને માન્ય ન રાખે. અઢાર પાપસ્થાનકના પક્ષકારમાં માર્ગાનુસારિના જેટલી યોગ્યતા પણ વાસ્તવિક રીતિએ નથી.

◆◆◆

ભગવાને ફરમાવ્યું છે કે-મુનિલિંગને ધરનારાઓમાં કેટલાક વંચના એટલે છેતરપીંડી કરવામાં તત્પર બનશે. વંચન કરવામાં તત્પર એવા તે મુનિલિંગને ધરનારાઓ, તે શ્રાવકોને ઘેરી લેશે, કે જે શ્રાવકો સુક્ષેત્રમાં ક્ષીરવૃક્ષ જેવા દાતાર હશે અને શાસન પ્રત્યે પૂજ્યભાવ ધરનારા હશે. સુક્ષેત્રે ક્ષીરવૃક્ષની જેમ દેનારા અને શાસનના પૂજક એવા શ્રાવકોને, વંચના કરવામાં તત્પર એવા મુનિલિંગને ધરનારાઓ, પોતાની જાળમાં ફસાવશે. પોતે જ જાણે શાસનના સાચા ઉદ્ધારક છે, દેશ-કાલાદિને જાણનારા છે, સાચા મુત્સદ્દી છે, એવું શ્રાવકોના હૃદયમાં ઠસાવશે. અને જે સુસાધુઓ હશે તેમના પ્રત્યે દુર્ભાવ પેદા કરી દેશે. વંચન કરવામાં તત્પર એવા મુનિલિંગધારિઓની જાળમાં સપડાવાથી, શાસન પ્રત્યે પૂજ્યભાવવાળા પણ શ્રાવકોને, તેઓ અસાર મતિને સ્પર્શેલા હોવાથી, સાચા મહાપુરૂષો સિંહસત્ત્વવાળા હોવા છતાં પણ, કુતરા જેવાં લાગશે. આમ થવાથી, સાચા મહાપુરૂષોનો તેવા શ્રાવકો તિરસ્કાર કરે તે સ્વાભાવિક છે ! અને એ તકનો લાભ લઈને, બબ્બુલ સમા લિંગીઓ સુવિહિતોને વિહાર કરવા યોગ્ય જે ક્ષેત્રો છે, તેને પચાવીને બેસી જશે. વાત એ છે કે-વેષધારી વંચકો પોતાની વંચકકળાના યોગે શ્રાવકોને પોતાને આધીન બનાવી લેશે : એમના હૃદયમાં એવું ઝેર રેડશે, કે જેથી તેમને સિંહસત્ત્વવાળા પણ મહર્ષિઓ કુતરા જેવા ભાસે અને પોતે વિહારયોગ્ય ભૂમિઓને કબજે કરી લેશે, કે જેથી સુવિહિત મુનિવરોને તે તે ક્ષેત્રોમાં વિહાર કરવામાં પણ ઘણી ઘણી મુશ્કેલીઓ પડે. વેષધારી વંચકો શાસનમાં કેવી વિડંબનાને પેદા કરનારા હોય છે, તેનો પણ આ કથન દ્વારા ખ્યાલ મળી શકે તેમ છે.

◆◆◆

ભોગના ભોગવટામાં અર્થ અને ધર્મને બાધ નહિ લગાડવા રૂપ મર્યાદાશીલતા, એ ધર્મના અધિકારિપણાના ગુણો પૈકીનો એક ગુણ છે.

◆◆◆

મજૂરોને પણ મજૂરી કરવામાં શ્રદ્ધા હોય છે. એમને ખાતરી હોય કે-કરેલી મજૂરી ફોગટ જાય નહિ ! એ માને છે કે-મારે જે ખાવા-પીવા જોઈએ, પહેરવા-ઓઢવા જોઈએ, તે મને આનાથી મળવાનું છે. મજુરી એવી ચીજ છે કે-જે વખતે મને જેનું મન થાય તે આનાથી મળી શકે ! આ શ્રદ્ધા છે ને ? માણસ જેવો માણસ પણ મણ-બે મણ -પાંચ મણનો બોજો ઉપાડીને દોડે છે, તે શ્રદ્ધાથી કે અશ્રદ્ધાથી ? તેમ શ્રી નવકાર મંત્ર ઉપર જેને શ્રદ્ધા થઈ જાય, તે શું કહે ? 'મને હવે બીજું કાંઈ જોઈતું નથી.'-એમ કહે ને ? અને આવી શ્રધ્ધા જેનામાં પ્રગટે તેને આ શ્રી નવકાર મંત્રમાં શું છે તે જાણવાનું મન થાયને ? પછી તો એને શ્રી અરિહંત અને શ્રી અરિહન્તની આજ્ઞા સિવાયનું કાંઈ જ જોવા જેવું ને જાણવા જેવું લાગે નહિ અને કર્તવ્ય કોટિમાં શ્રી અરિહન્તની પૂજા સિવાય કરવા જેવું કાંઈ લાગે નહિ. આટલું થઈ જાય, તો શ્રી નવકાર મંત્રથી શું ના મળે ? જગતમાં એવી કયી ચીજ છે, કે જે શ્રી નવકાર મંત્ર દ્વારા ન જ મળી શકે ? પણ શ્રી નવકાર મંત્ર ઉપર જેને શ્રદ્ધા થઇ, તેને જોઇએ શું ? શ્રી અરિહન્તની આજ્ઞાનું પાલન જ જોઇએ ને ?

◆◆◆

મનુષ્ય તરીકે તમારામાં અધિકતા કયી, એ કહો ! મનુષ્ય તરીકે તમારામાં જે અધિકતા હોવી જોઇએ, તે મેળવવાને માટે, જ્ઞાની પુરૂષોની હિતશિક્ષા મુજબ જગતના પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રીભાવ ભજો. મૈત્રી એટલે પરહિતચિંતા, એ ન ભૂલો.

◆◆◆

મનુષ્ય માત્રે શાસન માનવું હોય તો શ્રી વીતરાગનું જ માનવા યોગ્ય છે, કેમ કે-એમાં અસત્ય આવવાનો સંભવ નથી.

◆◆◆

મનુષ્યભવેય મળેલો, આર્ય દેશાદિ સારી સામગ્રીય મળેલી ધર્મને અને ધર્મના ફળને પમાડે એવી ઉંચામાં ઉંચી સામગ્રીય મળેલી. અરે સાધુપણુંય મળેલું આ બધું પ્રાયઃ મળેલું, છતાં દુરિત ઉભું ને ઉભું રહ્યું ને સંસારમાં રઝળવાનું ચાલુ છે, તે શાથી ? શ્રી વીતરાગને, એમના સાધુને, એમના કહેલા ધર્મને નહિ ઓળખેલ માટે ને ? શ્રી વીતરાગની પિછાન બરાબર થઈ

જાય, પછી ગુરૂની અને ધર્મની પિછાન થવામાં વાર નહિ. દેવની સાચી પિછાન ન થાય, તો ગુરૂની ને ધર્મની સાચી પિછાન થાય શી રીતિએ ?

◆◆◆

મળેલું સાચવી જ રાખનારાઓની અને મળેલું ભોગવનારાઓની સંખ્યા આ વિશ્વમાં મળવી સહજ છે, પણ મળેલાનો ત્યાગ કરનારાઓની સંખ્યા મળવી એ દુર્લભ છે.

◆◆◆

મળ્યું હોય અગર મળે તેનો સદ્વ્યય કરો, પણ સદ્વ્યય કરવા માટે મેળવવાનો ઈરાદો તજો : મળ્યા પછી એ ઈરાદો ટકશે કે કેમ એય નક્કી નથી અને વિરાગભાવે ન મેળવાય તો એનો લાભ પાર વિનાનો છે.

◆◆◆

'મળેલી વસ્તુને મારી માનું, જાનના જોખમે પણ સાચવું, તે છતાં બધી વસ્તુ મને-કમને મૂકવાની છે : પછી જેમ કોઈ સ્થાનેથી આવ્યો તેમ જવાનું છે : એ ગયા પછી કયાં જઈશ ?'-આવી ચિંતા કેટલો વખત થાય છે ?

◆◆◆

મનુષ્યજીવનની સફળતા માટે, શ્રી જિનેશ્વરદેવના શાસ્ત્રને અપૂર્વ પ્રેમથી સાંભળો, સાંભળીને એક એક વચન ઉપર તન્મય બનો અને પછી આત્માને સંયમમાં ઝૂલતો કરો. તમે જૈન છો ને ? કહો, તમે સફળતા શામાં માની ? આની સાથે વિરોધ હોય તો વ્યક્ત કરો. આ વસ્તુ મનાય, જચી જાય, હૈયામાં ઓતપ્રોત થાય તો કોઈની તાકાત નથી કે પરિવર્તન કરી શકે. 'હાજીયા'ના બનો, વિચારો, એકાંતમાં આત્માની સાથે ધર્મચર્ચા કરો. તો જ જૈનશાસનનો લાભ ઉઠાવી શકશો. 'મારાં ઘર અને મારાં બાર' એમાં ને એમાં રોકાઈ રહ્યે આ લાભ નહિ મળે. શ્રી મહાવીરદેવના શાસનનો લાભ લ્યો. મહામુશીબતે પામ્યા છો તે સાર્થક કરો, નહિ તો પામેલ તે નહિ પામ્યા જેવું બનશે. શ્રી જિનેશ્વરદેવને તમારૂં જીવન બગાડવાની ભાવના નથી. એ તો તમારી દયા માટે કહે છે. સંયમ કહેનારને નિર્દયતા નહોતી. સંયમ એ નિર્દયનો ઉપદેશેલો ધર્મ કે દયાળુનો ?

◆◆◆

મર્યાદાહીન ભોગીઓ પ્રભુશાસનમાં નિર્વિવેકી ગણાય છે અને એવા

નિર્વિવેકી આત્માઓ પ્રાયઃ ધર્મને પામવા માટે પણ અનધિકારી ગણાય છે.

◆◆◆

મનથી વિચાર કરતાં, વચનનો ઉચ્ચાર કરતાં અને કાયાનું ચલન કરતાં પહેલાં, માત્ર એટલો જ વિચાર કરવાનો કે-આવો વિચાર કોઈ મારા પ્રત્યે કરે તો તે મને ગમે ? આવું કોઈ મને કહે તો તે મને ગમે ? અને, આવી વર્તણુંક મારા પ્રત્યે કરે તો તે મને ગમે ?' અંદરથી જો જવાબ મળે કે-ના, તો તરત એવો વિચાર આદિને કરવાનું મૂકી દેવું !

◆◆◆

મનમાં એટલી અસર તો થવી જ જોઈએ કે-સંસારનો રાગ ભૂંડો છે; સંસારના રાગમાં આળોટવું એ ખરાબ છે; મને રાગમાં આળોટવાની કુટેવ પડી ગઈ છે, પણ મારે એ કુટેવ છોડવી જોઈએ. રાગમાં આળોટવું એ કુટેવ છે-એમ જેને લાગે, તે એ કુટેવને છોડવાને માટે પ્રયત્નશીલ બને. એવાને કોઈ સદ્દુપદેશકનો યોગ થઈ જાય, તો એને સાચા ત્યાગનો ઉપદેશક અમૃત જેવો લાગે એનું મન એ ઉપદેશના શ્રવણથી સુવિચારમાં સ્નાન કરે અને સ્વચ્છ બને.

◆◆◆

મન, વચન અને કાયાના યોગો સંપૂર્ણપણે અક્રિય બને, એ તો મોક્ષ પામતાં પહેલાં પાંચ હસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલા સમયમાં જ બનવાનું છે, માટે અયોગી બનવાનો માર્ગ એ જ છે કે-યોગોને ઉન્માર્ગમાં વપરાતા અટકાવી દઈ સન્માર્ગમાં જ વાપરવા.

◆◆◆

મરણના ભયથી પ્રિયમાં પ્રિય વસ્તુનો પણ ત્યાગ જીવનમોહીઓને ભારે નથી પડતો.

◆◆◆

મને પણ માનો તો આ આગમનો હું હઉં તો માનજો. કેવળ મારા જ પૂજારી હો તો તમે ભગવાનના પૂજારી નથી. ભગવાનના પૂજારી હો તો તમે મારા પૂજારી છો. હું કોણ ? જો ભગવાન શ્રી મહાવીરદેવના શાસનને ન સ્વીકાર્યું હોત તો હું કીડો કયાંઇ સબડતો હોત ! આ આગમના યોગે, આ ઓઘાના યોગે. દુનિયામાં મનાતા, પૂજાતાં, જો આગમને આઘાં મૂકે, અને

તેમને જો સંયમ ઉપર પ્રેમ ન હોય, તો એવાઓની આ શાસનમાં જરાએ કિંમત નથી.

◆◆◆

મને કોઈ એમ કહે કે-'બોલ ! તારે ચક્રવર્તિતા જોઈએ છે કે શ્રી જિનેશ્વરદેવનો ધર્મ જોઈએ છે ? જો શ્રી જિનેશ્વરદેવનો ધર્મ જોઈતો હોય તો આ ચક્રવર્તિતાને બદલે તને દાસપણું અને દરિદ્રપણું મળશે માટે વિચાર કરીને ઉત્તર આપજે.'આ કથનના ઉત્તરમાં આનંદપૂર્વક હું એમ કહી શકું કે-'જો એક શ્રી જિનેશ્વરદેવનો ધર્મ મારી પાસે રહી શકતો હોય તો મારે એ ચક્રવર્તિતા સ્વપ્રે પણ ન જોઈએ : કારણ કે ચક્રવર્તિતા એ મારે મન કશી જ કિંમતની નથી અને શ્રી જિનેશ્વરદેવનો ધર્મ એ મારે મન સર્વસ્વ છે. એનું કારણ એ છે કે-ચક્રવર્તિતા એ આત્માને સંસારમાં રૂલાવનાર છે, ત્યારે ધર્મ એ સંસારના બંધનથી છોડાવીને મુક્તિને પમાડનાર છે : માટે મને તો ચક્રવર્તિતાના ભોગે પણ એક શ્રી જિનેશ્વરદેવનો ધર્મ જ યાવત્ મારા આત્માની મુક્તિ ન થાય ત્યાં સુધી મળો : એ શિવાય મારે પોતાને કશુ જ ન જોઈએ.'- આવી ભાવનામાં રમો.

◆◆◆

મરીને જો કુટુંબને રોવડાવવું હોય તો દીક્ષા લઈને રોવડાવ, જેથી તું ધર્મલાભ દઈ શકશે અને કદાચ રોતા બંધ કરી મુક્તિમાર્ગે પણ ચઢાવી શકશે, એવી આ શાસનની સલાહ છે.

◆◆◆

મદીરા જેમ માણસની વિવેક બુદ્ધિ અને વિચારશક્તિને હણે છે, તેમ અથવા તેથી ય વધારે ખરાબ રીતે વિષયાધીનતા, વિવેકબુદ્ધિ અને વિચારશક્તિને હણે છે.

◆◆◆

મદારીના કરંડીયામાં રહેલો સર્પ જેમ નિર્વિષ હોય છે, તેમ શ્રી જૈનશાસનને પામેલો શ્રીમંત પણ મહાઅભિમાનરૂપી ઝેરથી રહિત હોય છે.

◆◆◆

'મધુર' રસોના સ્વાદની ઈચ્છા, એ પણ પ્રમાદ જ છે.

◆◆◆

મનની શુદ્ધિ-મનની શાંતિ ત્યારે જ આવે કે જ્યારે ભવિષ્યની ચિંતા આત્મામાં જાગૃત થાય અને વિવેકપૂર્વક આગળ પાછળનો વિચાર કરતાં શીખે.

◆◆◆

મનુષ્ય જન્મને પામ્યા છતાં પણ અંતર્મુખ નહિ થતાં બાળભાવમાં માતાની સામે જોયા કરવું, તરૂણપણામાં યુવાન સ્ત્રીનું મુખ જોયા કરવું અને વૃદ્ધ અવસ્થામાં પુત્રનું મુખ જોયા કરવું, -એ ડહાપણનથી પણ મૂર્ખતા છે.

◆◆◆

મનને વિષયો પ્રત્યે આકર્ષણ કરનારી બધી વસ્તુ ભીતિજનક છે. સારૂં રૂપ, ઘણી લક્ષ્મી, એ વિગેરે ભવનાં સ્થાન છે.

◆◆◆

મનુષ્યે ઉદ્યમ કરવો હોય તો દુનિયાદારીના પદાર્થ માટે નહિ કરવો. કદી નજ ચાલે તો ન છુટકે કરવો, પણ તેને સારો ન માનવો.

◆◆◆

મનુષ્ય જ્યાં સુધી ઈન્દ્રિયસુખની લોલુપતાને કાબૂમાં લે નહિ અને પોતાની જરૂરિયાતો ઉપર કાપ મૂકે નહિ, ત્યાં સુધી તેનામાં ધર્મની ભૂમિકા પણ આવી શકે નહિ.

◆◆◆

## મુનિ અને ગૃહસ્થ

મનુષ્યને જોઈને મુનિને શો વિચાર થાય ? મુનિ એટલે ષડ્જીવનિકાયના પાલક. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય તથા વનસ્પતિકાયને પણ ન હણે. ત્રસને હણવાના તો હોય જ શાના ? શ્રાવક જેમ પૃથ્વીકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયને હણે તેમ ત્રસને હણે ? નહિ ! અધ્યાપક-શિક્ષક જ્યારે જ્યારે વિદ્યાર્થીને જૂએ ત્યારે ત્યારે એને શું વિચાર આવે ? રમતીયાળ, મોજીલા, શોખીલા થાય એમ, કે ભણવામાં હુશીયાર થાય એમ ? ષડજીવનિકાયપાલક મુનિ જ્યારે જ્યારે ગૃહસ્થને જૂએ ત્યારે ત્યારે એને કયી ભાવના જાગે ? અને તેમાંએ કોઈ યોગ્ય આત્માને જુએ ત્યારે એ ભાવના કેઈ ગુણી જાગે ? મુનિની દૃષ્ટિ અને દુનિયાના ગૃહસ્થોની દૃષ્ટિ જૂદી. જો દુનિયાના ગૃહસ્થોમાં જૈનપણું આવી જાય તો બેય દૃષ્ટિ એક થઈ જાય. જૈનપણું એટલે શ્રી જિનેશ્વરદેવનું અનુયાયીપણું. જિનેશ્વર એટલે ? રાગદ્વેષાદિ દોષોને જીતનાર તે જિન અને તેમાં એ અધિપતિ એ જિનેશ્વર. દુનિયાના ગૃહસ્થોની પ્રવૃત્તિ ભલે જુદી

હોય, કારવાઈમાં ભલે ફરક હોય, કારણ કે-કારવાઈનો આધાર તો કૌવત પર છે, પણ ભાવના, ઈચ્છા ને દૃષ્ટિ તો એક જ જોઈએ.

♦♦♦

મનુષ્ય તો બહુ કરી શકે, પણ શું કરવું અને શું નહિ કરવું તેનો વિવેક કરવાનો છે.

♦♦♦

મનુષ્યભવમાં પણ ભોગની સેવા, એ સોનાના ભાજનમાં મદિરા ભરવા જેવું મૂર્ખતાપૂર્ણ કાર્ય છે.

♦♦♦

'મનુષ્યે ભોગવયમાં ભોગોને ભોગવવા જ જોઈએ'-એમ શ્રી વીતરાગ પરમાત્માનુ શાસન નથી કહેતું.

♦♦♦

મનુષ્ય દેહની જે ઉત્તમતા ગવાય છે તે દેહને અંગે નથી પણ એ દેહ મુક્તિની સાધનામાં ઉપયોગી નીવડે છે તેટલા માટે જ મનુષ્ય દેહને ઉત્તમ કહ્યો છે.

♦♦♦

મનની શુદ્ધિ-મનની શાંતિ ત્યારે જ આવે કે જ્યારે ભવિષ્યની ચિંતા આત્મામાં જાગૃત થાય અને વિવેકપૂર્વક આગળ પાછળનો વિચાર કરતાં શીખે.

♦♦♦

મનુષ્યો પણ કેવળ બાહ્ય પદાર્થોમાં લીન થઈ અને તેમાં જ જીવનને યથેચ્છપણે ગુમાવી દે, તે બહુ જ ભયંકર છે.

♦♦♦

મનુષ્ય બન્યા એથી જ મલકાવાનું નથી : પશુ કરતાં મનુષ્ય થયા એટલા માત્રથી જ રાજી થવાનું નથી રાજી તો મનુષ્યને ઉચિત વર્તનથી થવાનું છે.

♦♦♦

મુનિ તરફ કુદ્રષ્ટિ, એ પોતાના કુલને કલંકિત કરનારી દ્રષ્ટિ છે અને મુનિઓ માટે યદ્વાતદ્વા ઉદ્‌ગારો એ પોતાની જાતને લજવવા બરાબર છે.

♦♦♦

મુનિવરો મુમુક્ષ આત્માઓને શુદ્ધ માર્ગ ઉપર આરૂઢ કરવાના અને અમુમુક્ષુ આત્માઓને મુમુક્ષુ બનાવવાના જ પ્રયત્નો કરે, પણ આ શિવાયની

કોઈ પણ પ્રવૃત્તિ, કે જે મોક્ષમાર્ગની આરાધનામાં કે મુમુક્ષુપણાની પ્રાપ્તિમાં વિઘ્નકર હોય, તેવી પ્રવૃત્તિને પોતાના આચાર, વિચાર કે ઉચ્ચારમાં કદી જ સ્થાન ન આપે.

♦♦♦

શ્રી મેઘકુમારે આજ્ઞા માગી એ યાદ રહે છે પણ શ્રી શ્રેણિક મહારાજાએ આજ્ઞા આપી એ યાદ ન રહે, એ સંસારરસિકતા શિવાય બીજું શું સૂચવે છે ?

♦♦♦

મુનિઓ ક્ષમાશીલ કહેવાય છે, તે કયારે ? પોતાની જાત પર આફત આવે ત્યારે, પણ મુનિમાર્ગ ઉપર આફત આવે ત્યારે ક્ષમાશીલ મુનિ પણ ઉગ્ર ક્રોધી બને છે.

♦♦♦

મોટરની હયાતિમાં પણ મોટરનું ભાડું ભરી નહિ શકવાની શક્તિવાળા હયાત છે, માટે જ ગાડાનું જીવન હસ્તી ધરાવે છે. તેવી જ રીતે સર્વવિરતિ સ્વીકારવાની અશક્તિવાળા આત્માઓ દુનિયામાં હયાત છે, માટે જ ગૃહસ્થધર્મનું અસ્તિત્વ જ્ઞાનીઓએ સ્વીકાર્યું છે.

♦♦♦

મોજ ને શોખ વગેરેને માટે કરાતી ક્રિયાઓ, એ શું જીવનને જીવવાને માટે જરૂરી ચીજ છે ? આજના મધ્યમ વર્ગની ભયંકર બેકારીની વાત શામાંથી જન્મી છે ? એકલા રોટલાની ઈચ્છા પૂરી થતી નથી, તેમાંથી જન્મી છે ? આ દેશની નીતિ-રીતિથી જીવાય, તો આ દેશ તો એવો છે કે-જેમાં માણસને એકલા રોટલાની બેકારી વેઠવી પડે, એવો કાળ હજુ સુધી આવ્યો નથી. આ દેશમાં હજુ પણ એ માનવતા ઠીક ઠીક પ્રમાણમાં જીવતી છે કે-ભૂખ્યો જો ખરેખર ભૂખ્યો છે -એવી ખબર પડે, તો આ દેશના હિંસકોમાંય એ ભાવ બેઠો છે કે-ભૂખ્યાની ભૂખને ભાંગવાને માટે કાંઈ ને કાંઇ દેવું ! પણ, આજની બેકારીના મૂળમાં મુખ્યત્વે એ વાત છે કે-હમણાં હમણાંમાં બીજો વ્યય ખૂબ ખૂબ વધી ગયો છે. જરૂરી ખાવા-પીવા અને જરૂરી પહેરવા-ઓઢવાના વ્યય કરતાં પણ, બીજા બીજા વ્યયો વધી જવા પામ્યા છે.

♦♦♦

મોહના 'अहं-मम' 'હું અને મારૂં'-આ મંત્રમાં રંગાયેલી દુનિયા ખરે

અવસરે પીછેહઠ કર્યા વિના રહેતી જ નથી

♦♦♦

મુનિ એ ભાવાનુકંપાનો અધિકારી છે. દુનિયાનો સુખી આત્મા દુઃખી તરિકે દેખાય, તો મુનિઓને ભાવાનુકંપા આવે ને ? તમને સુખી માને, એ તમારી શી રીતે અનુકંપા કરે ?

♦♦♦

મેરૂ જેવડા પણ સુકૃતને અગર તો મેરૂ જેવડા દુષ્કૃતને, જે કોઇ જીવ અણુ જેવડું બનાવી દઈ શકે, તે જીવ, પોતાના અણુ જેવડા સુકૃતને અગર તો પોતાના અણુ જેવડા દુષ્કૃતને, કયા પ્રકારે મેરૂ જેવડું બનાવી દઇ શકે ? તમારે આ પણ જાણી લેવાની જરૂર તો છે જ ને ?

♦♦♦

મુનિઓએ તો પોતાના આત્માને હરકોઈ અવસ્થામાં સમાધિમય રાખીને પોતાની કક્ષાએ ઉચિત એવી ક્રિયાઓમાં ખૂબ ખૂબ અપ્રમત્ત બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

♦♦♦

મુનિપણું લેવા માત્રથી જ આત્માનું શ્રેય નથી, પણ લીધા પછી તેની સુંદર પ્રકારે આરાધના કરવામાં જ કલ્યાણ છે, એ વાત કલ્યાણના અર્થી આત્માઓએ કદી જ વિસરવા જેવી નથી.

♦♦♦

મોટા ડીગ્રીધર બન્યા, પદવી મેળવી, પણ ધાર્મિક શિક્ષણ ન મેળવ્યું, પુણ્ય-પાપને ન જાણ્યું, હેય ઉપાદેયને ન સમજ્યા, તો ઉદય થઇ શકવાનો નથી.

♦♦♦

મોટા વર્ગને સંપની ઇચ્છા છે અને જો પહેલાં કહેવાયું એ રીતિએ સિદ્ધાંત મુજબ જે સાચું હોય તે ગ્રહણ કરવાને અને ખોટું હોય તે તજવાને સામો પક્ષ તૈયાર હોય, આગેવાનો જો એ શરતે સામાધાન કરવાને તત્પર હોય, તો આ પક્ષ સમાધાનને માટે આતુર છે. આ પક્ષે કજિયામાં કલ્યાણ માન્યું નથી. જે કજિયામાં કલ્યાણ માને, તે શ્રી વીતરાગદેવનો સેવક નથી. શ્રી વીતરાગદેવનો સેવક કદી કજિયાને ઇચ્છે નહિ પણ સાથે એય નિશ્ચિત જ છે કે-કજિયાથી ડરી જઇને શ્રી વીતરાગદેવનો સેવક ધર્મને મૂકે પણ નહિ !

♦♦♦

મોહના અંધકારથી વ્યાપ્ત થયેલ લોકમાં પ્રકાશ કરવા માટે શાસ્ત્ર જ એક આલોક છે : એટલું જ નહિ પણ, પાપ રૂપી રોગનું વાસ્તવિક ઔષધ પણ શાસ્ત્ર છે.

♦♦♦

મોહઘેલા બનેલાઓ પોતે માનેલા પ્રિયની પ્રભાવના કરવા માટે, પોતાની જાતને અનેક પાપોની ભાગીદાર બનાવતાં કે જનતાને ઘોર પાપની ખાઈમાં ધકેલતાં જરા પણ આંચકો ન ખાય, એ સહજ છે !

♦♦♦

મોહના સામ્રાજ્યમાં પડેલા આત્માઓ સમજવા છતાં પણ માર્ગભ્રષ્ટ થઈને લોકોની વાહવાહમાં પડી ઉત્સૂત્રભાષણ આદિ પાપકર્મ કરનારાઓના સહાયક થાય, ગુરૂદ્રોહિઓની પીઠ થાબડનારા થાય અને ગુરૂદ્રોહિ અને ઉત્સૂત્રભાષી આત્માઓને સ્થિર રાખવા માટે સઘળા કુપ્રયત્નો કરે, એ કાંઈ આ વિશ્વમાં નવીન નથી.

♦♦♦

મોહની ઘોર નિદ્રામાં સુતેલા આત્માઓને જાગૃત કરવાને માટે, સાધુઓ, એ શ્રી જિનેશ્વરદેવ તરફથી નીમાએલા રોણીયાઓ છે એ આજ્ઞાનું છતી શક્તિએ ઈરાદાપૂર્વક પાલન નહિ કરનારા સાધુઓ નિમકહરામ નોકરો જેવા છે, જ્યારે એ આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા વેષધારી સાધુઓ જેનું ખાય તેનું જ ખોદે એના જેવા ભયંકર કોટિના અધમ આત્માઓ છે.

♦♦♦

મોહવશ વડિલોની અહિતકર આજ્ઞાઓને મોહના કારણે આધીન થઈ જવું, એ વડિલોનું પણ અહિત કરવા બરાબર છે.

♦♦♦

મોહરાજાની આજ્ઞામાં રહેવું તે પરતંત્રતાનો રાજમાર્ગ છે અને મોહરાજા પર જય મેળવનારની આજ્ઞામાં રહેવું એ સ્વતંત્રતાનો રાજમાર્ગ છે.

♦♦♦

મોહમગ્ન આત્માઓની વિચારણા કરતાં વિરક્ત આત્માઓની વિચારણા જૂદી જ હોય છે અને હોવી જ જોઈએ.

♦♦♦

મોહનો પ્રતાપ કોઈ અજબ જ હોય છે. એ મોહના જ પ્રતાપે આખું જગત મુંઝાઈ ગયેલું છે.

◆◆◆

મોક્ષ એ કોઇ લેવડ-દેવડ થઇ શકે એવી વસ્તુ જ નથી. પોતાના આત્માને સકલ કર્મોના યોગથી રહિત બનાવવો, તેનું નામ મોક્ષ છે. આત્મા રાગ અને દ્વેષનો ત્યાગ ન કરે, તો પરમાત્મા શું કરે ?

◆◆◆

મોક્ષ કાંઈ માગવાથી મળી જતો નથી. દરેક માણસે મોક્ષ પોતાના સામર્થ્યથી જ મેળવવો પડે છે. મોક્ષની ઇચ્છાવાળાએ, મોક્ષનો માર્ગ કયો અનેકેવો હોઇ શકે, એ બાબતમાં ડહાપણપૂર્વક પણ સુનિશ્ચિત બની જવું જોઇએ અને તે મોક્ષમાર્ગની આરાધનામાં એકતાન બની જવું જોઇએ.

◆◆◆

મોહવશ આત્માઓ જેવી અને જેટલી આજ્ઞાઓ મોહની પાળે છે, તેટલી જ જો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાઓને કલ્યાણના અર્થિઓ પાળે, તો મુક્તિનું સુખ તેમની હથેલીમાં જ રમે છે, -એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ જેવું નથી.

◆◆◆

મોહવશ બનેલા આત્માઓ કોઈના થયા પણ નથી અને થવાના પણ નથી !

◆◆◆

મોક્ષના અર્થિને ગામ, નગર, કુટુંબી વિગેરેનું અર્થિપણું હોતું નથી. આમ છતાં જો ગામ વિગેરે મળવાનું જ હોય, તો એવી જ ઇચ્છા રહેવી જોઇએ કે-મળો તો ધર્મીજ મળો દુર્ભાગ્યના યોગે ધર્મી ન મળે તો તેનાથી કળે કળે ખસવાનો પ્રયત્ન કરવો જોઇએ અને કળથી ન બને તો બળથી પણ છૂટી જવું જોઇએ.

◆◆◆

મોક્ષના અર્થીપણા સિવાય વાસ્તવિક ધર્મની ગરજ આવતી નથી.

◆◆◆

મોહાંધોનું જીવન એક રીતિએ ક્રૂર હોય છે. એવા ક્રૂર જીવનની સાધનામાં પડેલા તે આત્માઓ, વિવેકવિકલ વિચારોથી જ નથી વિરમતા, પણ એ વિચારોનો અમલ કરવામાંય સઘળી શક્તિ ખર્ચે છે !

◆◆◆

મોક્ષનું અર્થિપણું ન આવે ત્યાં સુધી ધર્મ ઉપર જોઈતો અનુરાગ પ્રગટી શકતો નથી.

◆◆◆

મોક્ષમાર્ગની ઉપાસના માટે તત્ત્વબોધ પરમ આવશ્યક છે અને તત્ત્વબોધની પ્રાપ્તિ માટે સાચી વિનયશીલતા અનિવાર્ય છે. શ્રી ઉપાધ્યાય ભગવાનો તત્ત્વબોધ કરાવનારા અને વિનયની સાક્ષાત્મૂર્તિ સમા હોય છે : એટલે એ તારકો પણ પરમ ઉપકારી ગણાય છે.

◆◆◆

મોક્ષને સાધવાનો સાચો ઉપાય પરમ ઉપકારી, વાચક શેખર શ્રી ઉમાસ્વાતિજી મહારજાએ શ્રી તત્ત્વાર્થ સૂત્રમાંના પહેલા જ સૂત્ર દ્વારા લખ્યો છે. શ્રી તત્ત્વાર્થ સૂત્ર લખતાં એ મહાપુરુષને સૌથી પહેલા સૂત્ર તરીકે મોક્ષનો ઉપાય લખવાનું મન થયું. હું આ આખુંય તત્ત્વાર્થ સૂત્ર આ માટે જ લખું છું-એમ એ મહાપુરુષે પહેલા સૂત્ર દ્વારા જ જણાવી દીધું. તત્ત્વાર્થકર મહાપુરુષ કહે છે કે-હું જે કહું છું તે ભગવાન કહી ગયા છે એમાંનું કહું છું !

◆◆◆

મોક્ષ એવી ચીજ છે કે જ્યાં દુઃખ નામ માત્રનુંય હોય નહિ. ખાવા-પીવાની ઝંઝટ ત્યાં હોય નહિ. દૂધ ગળ્યું-મોળું કરવાની વાત જ ત્યાં નહિ ! ત્યાં દૂધેય જોઈએ નહિ અને બીજું કશુંય જોઈએ નહિ. આ બધું તો આ શરીરને લીધે જ જોઈએ છે. મોક્ષ પામીએ એટલે શરીરનું બન્ધન હોય નહિ અને શરીરનું બન્ધન હોય નહિ, એટલે જીવવાને માટે અને સુખ ભોગવવાને માટે કોઈ પણ ચીજની જરૂર હોય નહિ. મોક્ષની વાત તો બહુ અનુપમ.

◆◆◆

મોક્ષ એટલે શું ? આત્મા કર્મના યોગથી સર્વથા મુક્ત બને તે ! જો કર્મનો યોગ જ ન હોય, તો મોક્ષને પામવાની વાત જ રહે નહિ, એટલે મોક્ષ તત્ત્વને માનવાની જરૂર પડે નહિ. જેઓ આત્માના મોક્ષપર્યાયને માને છે, તેઓને આત્માની સાથેના કર્મના યોગને પણ માનવો પડે અને એ કર્મનો યોગ જ આત્માનો મોક્ષપર્યાય પ્રગટ થવામાં અન્તરાય કરનારો છે -એમ પણ માનવું પડે.

◆◆◆

મોક્ષના ધ્યેયથી અહિંસક બન્યા વિના, સત્યવાદી બન્યા વિના, સંયમ બ્રહ્મચર્ય, સહિષ્ણુતા વિગેરે સદ્‌ગુણો કેળવ્યા વિના, કોઈ પણ કાળે દેશનો સાચો ઉદય થવાનો જ નથી અને કદાચ ધાંધલથી અભાસ રૂપ ઉદય થઈ પણ જાય, તો પણ શાંતિ તો ટકે જ નહિ.

♦♦♦

મોક્ષમાર્ગ પ્રત્યેની અવિહડ રૂચિ એ સમ્યક્ત્વ અને મોક્ષને છોડીને દુનિયાની ચક્રવર્તિતાની પણ એને ઈચ્છા નથી રહેતી.

♦♦♦

મોક્ષ પામવો એનો અર્થ એ છે કે-આત્માએ પોતાની સ્વાભાવિક એવી અશરીરાવસ્થા પ્રાપ્ત કરવી.

♦♦♦

મોક્ષમાર્ગ પ્રત્યેની શ્રદ્ધા જે જે આત્માઓને મળે, તે તે આત્માઓ માટે તો એક વાત નિશ્ચિત જ થઇ જાય છે કે-તે આત્માઓ, વહેલા યા મોડા, છેવટ અર્ધપુદ્‌ગલપરાવર્તમા તો જરૂર, સંસારથી મૂકવાના અને મોક્ષે જવાના. માત્ર શ્રદ્ધાથી જ મોક્ષે જવાના એમ નહી, પરન્તુ શ્રદ્ધા એ એવી વસ્તુ છે કે-શકય આચરણાને ઘસડી લાવ્યા વિના રહે નહિ. કર્મોના આવરણાદિના યોગે થોડીય વિરતિ અશકય હોય એ બને, પણ આરાધનાની શકય વસ્તુમાં, માર્ગ પ્રત્યેની સાચી શ્રદ્ધા હોય તો, કોરી બેદરકારી ન હોય એ નિશ્ચિત વાત છે. સાચી શ્રદ્ધા ક્રમે કરીને શકયમા પ્રવૃત્તિ કરાવ્યા વિના રહે જ નહિ.

♦♦♦

મંત્ર, તંત્ર વિદ્યાને સિદ્ધ કરનારા ભયંકર કાળી ચૌદશની રાત્રિમાં સ્મશાનભૂમિમાં બેસી જાય

♦♦♦

મોક્ષ યાદ આવે, એટલે જીવ ક્રમે કરીને એવી સ્થિતિને પામે કે-એને કર્મના એવા પ્રકારના ઉદય યોગે આવેલું ભારેમાં ભારે દુઃખ પણ દુઃખ રૂપ લાગે નહિ અને સંસારનું ગમે તેવું સારૂં ગણાતું સુખ પણ ખરેખર સુખ રૂપ લાગે નહિ.

♦♦♦

મોક્ષને પરમાદર્શ તરીકે સ્વીકારનારા અને શુદ્ધ એવા મોક્ષમાર્ગમાં

સુનિશ્ચિત મતિને ધરનારા જે કોઈ હોય, તે પોતાનાં સંતાનો અને આશ્રિતોને કોઈ કળા ન શીખવે એમ નહિ; સંયોગ મુજબ બધીય કળાઓ એ શીખવે; પણ સાથે સાથે ધર્મકળા એવી શીખવે કે-બીજી કળાઓ બેફામ બનાવી શકે નહિ. કળા માત્રનું શિક્ષણ ધર્મભાવથી મિશ્રિત હોય. સ્ત્રીઓની ચોસઠ કળા અને પુરૂષની બોંતેર કળા કહેવાય છે ને ? સ્ત્રીનેય કળા શીખવાનો નિષેધ નહિ અને પુરૂષનેય કળા શીખવાનો નિષેધ નહિ, પણ સ્ત્રી અને પુરુષ બન્નેએ ધર્મકળા તો અવશ્ય શીખવાની !

♦♦♦

મોક્ષ માટે નિર્માયેલી વસ્તુઓને પણ પૌદ્‌ગલિક સ્વાર્થની સાધનામાં ઉપયોગ કરતાં પાપાત્માઓને આંચકો આવતો નથી.

♦♦♦

મોક્ષશ્રી જોઈએ તો મોહની મમતાની કતલ કરવી પડશે : અને એની કતલ તલવારથી નહિ થાય પણ અહિંસા, સંયમ અને તપ ધર્મથી થશે.

♦♦♦

મોક્ષમાર્ગની સાધનામાં સહાયકતા, એજ સુસાધુઓનું પરમ પરોપકાર કાર્ય છે.

♦♦♦

મોક્ષનો આશય, એક પુદ્‌ગલપરાવર્ત્તથી અધિક સંસારકાલ બાકી હોય, તો પ્રગટી શકે જ નહિ અને સમ્યગદર્શન ગુણ, અર્ધ પુદ્‌ગલપરાવર્ત્ત કાલ કે તેથી અધિક સંસારકાલ બાકી હોય, તો પ્રગટી શકે જ નહિ-આવું અવશ્ય કહી શકાય; પરન્તુ ચરમાવર્ત્તને પામતાંની સાથે જ જીવ મોક્ષના આશયને પામી જાય અને અર્ધ પુદ્‌ગલપરાર્ત્તથી કાંઈક ન્યૂન સંસારકાલ શેષ રહેતાંની સાથે જ જીવનો સમ્યગ્દર્શન ગુણ પ્રગટી જ જાય, આવું નિશ્ચયાત્મક રીતિએ કહી શકાય નહિ ! ત્યારે શું કહી શકાય ? એમ કહેવાય કે-મોક્ષનો આશય જો પ્રગટે, તો તે ચરમાવર્ત્ત કાલમાં જ પ્રગટે; અને સમ્યગ્દર્શન ગુણ જો પ્રગટે, તો તે અર્ધ પુદ્‌ગલપરાવર્ત્ત કાલથી કાંઈક ન્યૂન સંસારકાલ જ્યારે બાકી રહ્યો હોય, ત્યારે જ પ્રગટે.

♦♦♦

'મોક્ષમાં બાયડીઓ હોય કે નહિ ? બંગલા-બગીચા હોય કે નહિ ?

સારૂં સારૂં ખાવા-પીવાનું ને પહેરવા-ઓઢવાનું હોય કે નહિ ?'-આવા પ્રકારનું પૂછવું, એ પણ એક કાળે આ આર્યદેશમાં વ્યાજબી ગણાતું નહોતું, પણ સંસારસુખનો જે બહુ ભૂખ્યો, તેને તો મોક્ષમાં પણ એવું જ જોઈએ ને ? સંસારનો રસ ગાઢ હોય, તો એવું એવું જ શોધવાનું મન થાય અને એટલે જ્યારે જ્યારે મોક્ષની વાત આવે, ત્યારે ત્યારે સંસારની વાતને વેગળી મૂકી દેજો. 'ઈન્દ્રિયો અને મનને શું જોઈએ છે ?'-એ વાતને યાદ જ કરતા નહિ. ભોગે તો આપણને ભટકાવ્યા છે. મોક્ષ, એ આત્માનું શાશ્વત સ્થાન છે. એને સાંભળવું જોઈએ, સમજવું જોઈએ, એના ઉપર રાગ કેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ, પણ તેના પ્રત્યે દ્વેષતો કદી પણ નહિ આવવો જોઈએ.

♦♦♦

મોક્ષને સાધવાનો જે સાચો ઉપાય, તેનેઆપણે વિશ્વધર્મ કહીએ છીએ. રાગથી સર્વથા રહિત બનીને અનન્તજ્ઞાની બનેલા પુણ્યપુરૂષોએ મોક્ષનો સાચો ઉપાય દર્શાવ્યો છે. એ તારકોની આજ્ઞાના રહસ્યને પામેલા મહર્ષિઓએ એ ઉપાયને વિસ્તારથી સમજાવ્યો છે. એ ઉપાયને સેવવાને માટે, એ ઉપાયમાં સાચી શ્રદ્ધા કેળવવી જોઈએ. જીવનું સ્વરૂપ શું, અજીવનું સ્વરૂપ શું, જીવ સાથે કર્મનો યોગ હોય છે કયારથી, જીવ સાથે કર્મનો યોગ થાય છે કેવા પ્રકારે, કર્મો હોય છે કેવા પ્રકારનાં , કર્મોનો યોગ થતો અટકે કેમ, કર્મોનો યોગ સર્વથા દૂર કેમ થાય અને મોક્ષ કોને કહેવાય,-એ વગેરે બાબતોનો મોક્ષના અર્થી જીવોએ અભ્યાસ કરવો જોઈએ. દેવ, ગુરૂ અને ધર્મના વિષયમાં સમ્યક્ કોણને મિથ્યા કોણ ! - એનો વિવેકપૂર્વક નિર્ણય કરીને, તેમાં સુનિશ્ચિત મતિવાળા બની જવું જોઈએ.

♦♦♦

મોક્ષ પ્રત્યે રાગ ન પ્રગટયો હોય, તો પણ મોક્ષ પ્રત્યે દ્વેષ તો નહિ જ હોવો જોઈએ. કોઈ કહેશે કે-'મોક્ષ જેવી વસ્તુ ઉપર દ્વેષ તો કોણ કરે ?' પણ એમ નથી. મોક્ષ પ્રત્યે જેમને દ્વેષ હોય, એવા પણ આત્માઓ આ સંસારમાં હોય છે. વિષયસુખના અતિ રાગી અને વિષયસુખમાં જ સર્વસ્વને માની બેઠેલાઓના હૈયામાં મોક્ષનો દ્વેષ સંભવી શકે. કારમા અજ્ઞાનનું જ એ પરિણામ છે, પણ એ અસંભવિત નથી. મુક્તાવસ્થામાં ભોગના સંકલેશનું નામ પણ નથી હોતું, એટલે ભોગના જે અતિ રાગી હોય છે, તેમને એ

વાતને સાંભળીને થાય છે કે-'એવી મુક્તિને તે કરવી છે શું ? નહિ જોઈએ એ મુક્તિ. જ્યાં ભોગ નહિ, ત્યાં સુખ હોય જ નહિ !' એવા પણ કેટલાક હોય છે, કે જેઓ પૂછે છે કે-'ત્યાં બાયડી મળે કે નહિ ? ખાવ-પીવાનું હોય કેનહિ ? હરવા-ફરવાનું હોય કે નહિ ? મોજમજાહનાં સાધનો હોય કે નહિ ? સીનેમા-નાટક વગેરે હોય કે નહિ ? જો આવું કાંઈ મોક્ષમાં ન હોય, તો નથી જાવું અમારે મોક્ષમાં ! ઘેર ગયો એ મોક્ષ !' આવી વૃત્તિવાળાઓને, મોક્ષની વાત સાંભળતાં મોક્ષનો દ્વેષ જાગે ને ? જેના હૈયામાં મોક્ષના સ્વરૂપની વાતને સાંભળતાં દ્વેષ જાગે નહિ અને એ વાતનો જે વિચાર કરે, તે પણ એક ગુણ રૂપ છે. આપણે કહીએ કે-મોક્ષમાં ભોગનો સંકલેશ નામ માત્રનોય નહિ અને સુખ અનન્તું, તો જેને એમ ન થાય કે-ભોગ નહિ ને સુખ ખરૂં એ તો બને જ નહિ, એ પણ ગુણ છે. દ્વેષ તો એ કહેવાય કે-'જે મોક્ષમાં વિષયસુખ નથી, તો મોક્ષ તો કોઈ પણ ભોગે જોઈએ નહિ.'-એ પ્રકારનો ભાવ જાગે.

◆◆◆

મોક્ષનો આદર્શ અને હૈયે સુદેવાદિ, એટલે ગમે તેવા શબ્દાદિના યોગની પણ એમને બહુ અસર થતી નહિ. એમણે, સંસારમાં રહેવું પડેલું માટે વિષયોના ભોગાદિ કરેલા, પણ કમળ માફક નિર્લેપ રહીને કરવાની કાળજી રાખેલી. સંયોગવશાત્ રહેલા, એટલે એના રાગમાં નહિ રગદોળાએલા અને એથી એમણે ક્રોધાદિની પરાધીનતાને લગભગ દૂરની દૂર રાખેલી. હવે તો તમારૂં મન પણ શબ્દાદિ વિષયોના રાગમાં રગદોળાએલું નહિ હોય ને ? એટલે, ક્રોધાદિને પણ તમે પરવશ નહિ હો ને ? એ રાગને તમે ખંખેરી નાંખવાના ને ? ક્રોધાદિને પણ નોકર તરીકે રાખીને જીવવાનો પ્રયત્ન કરવાના ને ? ક્રોધાદિ તમારા નોકર અને તમે એના માલિક, એમ ? તમને કરવાની જરૂર લાગે ને તમે ક્રોધાદિ કરો તે વાત જુદી છે, પણ તમે એને આધીન નહિ ને ? ક્રોધાદિ કરો તો તમે કરો, પણ તમે એને આધીન નહિ ને ? ક્રોધાદિ કરો તો તમે કરો, પણ એ તમારી ઉપર જોર કરી જાય, એમ તો ન બને ને ? તમે શબ્દાદિ વિષયોના રાગની નુકસાની અનુભવી છે કાંઈ ? શબ્દાદિ વિષયોના રાગને સુખનું કારણ માનવાથી, તમે કેટકેટલું દુઃખ ભોગવ્યું છે, તે જાણો છો ?

◆◆◆

મોક્ષ કાંઈ એક જ ભવની આરાધનામાં મળી જતો નથી. એક જ ભવની આરાધનામાં મોક્ષ તો કોઈકને કવચિત્ત જ મળે મોક્ષની ઈચ્છાથી મોક્ષમાર્ગની આરાધના આરંભ્યા પછી એક સરખી રીતિએ આરાધના ચાલ્યા કરે અને તેમાં ચૂકી જવાય જ નહિ, એવું પણ થોડાઓને માટે બને. સામાન્ય રીતિએ એમતો થઈ જાય. આમ છતાં પણ મોક્ષની ઈચ્છાથી મોક્ષની આરાધના એક ભવમાં પણ સમ્યક્ પ્રકારે થઈ જાય,તો સામાન્ય ભૂલોને ટળી જતાં બહુ વાર ન લાગે અને મોટી ભૂલ ન થાય તો ગણતરીના ભવોમાં મોક્ષ મળે.

♦♦♦

મોક્ષનો રાગ અને સસારનો દ્વેષ, એમોક્ષને દૂર કરનાર અને સંસારને વધારનાર નથી જ : પરંતુ મોક્ષનો રાગ અને સંસારનો દ્વેષ તો સંસારની જડને ઉખેડનાર અને મોક્ષને નિકટમાં લાવી મૂકનાર છે. જ્ઞાનિઓએ સંસારથી વિરક્ત બનવાનો અને મોક્ષના રાગી બનવાનો ઉપદેશ આપ્યો છે. એ ઉપદેશ પ્રશસ્ત રાગ-દ્વેષમાં નહિ માનનારાથી નહિ દેવાય. એણે મોક્ષનોય રાગ કાઢો, દેવ-ગુરૂ-ધર્મ ઉપરનોય રાગ છોડો, એવી જ દોંડી પીટવી પડશે. આજે લોકો લઈ બેઠા છે કે 'સાધુને રાગ-દ્વેષ હોય ? સાધુને કષાય હોય ? સાધુ થયા એટલે રાગ-દ્વેષ-કષાય જવા જ જોઈએ !' આવું આવું આજે ઘણાઓ અણસમજથી પણ બોલે છે. તેવાઓએ સમજવું જોઈએ કે-પ્રશસ્ત રાગ-દ્વેષ અને પ્રશસ્ત કષાયો છટ્ઠા ગુણસ્થાનકે વર્તતા સાધુઓમાં ન હોય, એવું કોઈ કાળે બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિ.

♦♦♦

મરણ કયારે મટે ? જન્મ મટે ત્યારે કે એમ ને એમ ? જન્મ ઉભો રહે અને મરણ મટે, એવું બને ખરૂં ? નહિ જ ને ? જો જન્મવાનું મટે, તો મરણ મટયા વિના રહે નહિ અને જો જન્મ થયો, તો સમજી લેવું કે-મરણ થયા વિના રહેવાનું નથી. એટલે તમને જન્મ નહિ ગમતો હોય ને ? મરણ ખરાબ કે જન્મ ખરાબ ? તમને ભય મરણનો વધારે છે કે જન્મનો વધારે છે ? જેટલા જન્મે એટલા મરે ખરા કે નહિ ? જેણે મરણથી બચવું હોય, તેણે શાનાથી બચવું જોઈએ ? જન્મથી. આ વાતને તમે બરાબર સમજો છો ને ? જે જન્મે તે મર્યા વિના રહે નહિ અને જે જન્મે નહિ તેનું મરણ થાય નહિ આ વાતમાં તમને શંકા નથી ને ? આવું સમજનારા માણસોએ, 'કોઈના

પણ જન્મમાં આપણાથી નિમિત્ત ન બનાય તો સારૂં'-એ વિચાર પણ કરવો પડશે ને ? તમે કેટલાકના જન્મમાં નિમિત્ત બન્યા છો ? હવે કોઈના પણ જન્મમાં નિમિત્ત નહિ બનવાની કાળજી રાખવાના ખરા ? જે કહેવાય છે, તે સમજાય છે ? હું બોલું તેટલા માત્રથી કાર્યસિદ્ધિ થાય નહિ. તમે સમજો તો કાંઈક કામ થાય. સમજ્યા પણ ત્યારે કહેવાય, કે જ્યારે હૈયું હાલે. તમને એમ તો થાય છે ને કે-કોઈના પણ જન્મમાં નિમિત્ત બનાય, એવી રીતિએ આપણાથી જો ન વર્તાય, તો તે સારૂં થાય ? વાત એ છે કે-મરણ મટે એવું કરવું હોય, તો જન્મ મટે-એવું કરવું જોઈએ અને જન્મ મટે એવું બને કયારે ? પરમ પદ સ્વરૂપ પરમાદર્શે આપણે પહોંચીએ ત્યારે !

♦♦♦

## કયો ધર્મ મોક્ષનો ઉપાય ?

મોક્ષના અર્થિએ કયો ધર્મ સેવવો જોઈએ ? તે ધર્મ શિવસુખનો ઉપાય છે, કે જે ધર્મની સેવામાં પ્રથમ તો વિષયનો વિરાગ થાય, આત્મા વિષયથી પાછો હઠે, આત્મા વિષયથી કંપે, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, આ પાંચ વિષય : પ્રકાર ઘણા, પણ આ પાંચ મુખ્ય. રૂપની પાછળ આજે કેટલા આદમી દીવાના બન્યા છે ? શ્રી જિનેશ્વરદેવના માર્ગને અંગીકાર કરે એ એવા બને ? એ તો રૂપને અગ્નિની જ્વાળા માને. પતંગીયાં રૂપના મોહમાં ફસીને જાન ગુમાવે છે, પણ એ બીચારા સંજ્ઞી નથી. એક વિષયને આધીન થનારાની ભયંકર દુર્દશા થાય છે, તો પાંચે ઈન્દ્રિયોને આધીન બનનારાની કેવી દશા થાય ? જે ધર્મની સેવામાં આત્મા આ પાંચે વિષયોથી પાછો ન ખસે, ચેતે નહિ, ચોંકે નહિ, એ ધર્મ છે ? વિષયનો વિરાગ, એ ધર્મરૂપ પ્રસાદનો પાયો છે. વિષય-વિરાગ વિના ધર્મરૂપ મહેલ ટકતો નથી. દાન પણ તોજ દેવાય, શીલ પણ તોજ પળે, તપ પણ તોજ થાય, અને ઉત્તમ ભાવના પણ તોજ આવે. વીતરાગના ભક્તથી વૈરાગ્યના વૈરી બનાય ? વીતરાગના ભકત રાગી બને કે વિરાગી ? વિરાગીને વીતરાગ ઉપર પ્રેમ થાય કે રાગીને ? જે વિષયનો વિરાગી, તે જ વીતરાગનો રાગી થાય. જે આત્મામાં વિષયના ત્યાગની ભાવના નથી, વિષય પ્રત્યે અરૂચિ નથી, તે આત્મામાં ધર્મ ટકે કયાંથી ? પહેલાં તો ધર્મ આવે નહિ ને આવે તો ટકે તો નહિ જ. આત્માને પૂછજો કે-તું વિષયનો પૂજારી છે કે પરમાત્માનો ? વૈરાગ્ય, જે જીવનનો

સાથી જોઇયે, જે જૈનજીવનનો મંત્ર છે, જે જૈનજીવનને ટકાવનારા અને પોષનાર છે, તેના પ્રત્યે આટલી બધી અરૂચિ કેમ ? કારણ-વિષયવાસના સળગ્યા કરે છે માટે ! આથી જ જ્ઞાનીપુરૂષોએ કહ્યું કે-જેમાં વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણાનુરાગ અને ઉત્તમ ક્રિયામાં અપ્રમાદ હોય, તેજ ધર્મ શિવસુખનો ઉપાય છે.

♦♦♦

મરિચી સમ્યગ્દષ્ટિ હતા એટલે એ સમજતા હતા કે સંયમીથી અસંયમીની સેવા થાય નહિ ! મારાથી પ્રતિબોધ પામેલા પણ સંયમી બન્યા એટલે એમનાથી ઉપકારી એવા પણ મારી અસંયમીની સેવા કરવા રૂપ અસંયમ આચરી શકાય નહિ. પણ પોતાને અગવડ વેઠવાની ટેવ રહી નથી ને ? અગવડ વેઠાઈ નથી, એટલે મનમાં એવો વિચાર આવી જાય છે કે-'મારે પણ એકાદ શિષ્ય હોય તો સારૂં !' આટલો શિષ્યમોહ અંદર પ્રગટયો, તે છતાં પણ એ પોતાના સમ્યક્ત્વને બરાબર જાળવ્યા કરે છે. બસ, એક વાર તેવી જ કોઈ ભવિતવ્યતાના યોગે એમને કપિલ ભેટી ગયો. કપિલને શિષ્ય બનવું હતું, પણ મરિચીના જ શિષ્ય બનવું હતું. ધર્મેય થાય અને આટલી સગવડેય ભોગવાય, એવું જ કાંઇક એના દિલમાં હશે ને ? નહિતર, મરીચીએ એને ભગવાનની પાસે જઇને સાધુપણું સ્વીકારવાનું કહ્યું, તે છતાં પણ એ ત્યાંથી ખસ્યો કેમ નહિ ? આટલી સગવડ તો જોઇએ જ, એમ એને થયું હશે માટે ને ? એટલે જ એ એવું પૂછે છે કે જેનો જવાબ દેતાં મરિચીને મુંઝવણ થાય છે. એ પૂછે છે કે-'ભગવાન શ્રી ઋષભદેવસ્વામિજીની પાસે તો ધર્મ ખરો, પણ અહીં તમારી પાસેય ધર્મ ખરો કે નહિ ?' મરિચીમાં સમ્યક્ત્વ છે એટલે એ સમજે છે કે-ધર્મ તો ભગવાન શ્રી ઋષભદેવસ્વામિજીની પાસે જ, ધર્મ મારી પાસે નહિ ! પણ પેલો જે શિષ્યમોહ અંદર : પેસી ગયો હતો, તે આ વેળાએ સાબદો થઈ જાય છે. એ મોહ મરિચીના સમ્યક્ત્વને લૂંટી લે છે. મરીચીના સમ્યક્ત્વને લૂંટવા માટે મરિચીની પાસે એ મોહ કપિલને એવો જવાબ દેવડાવે છે કે-કપિલ ! ધર્મ ભગવાન શ્રી ઋષભદેવસ્વામિજીની પાસે પણ છે અને અહીં પણ છે ! એક શિષ્ય કરવાના મોહમાં સમ્યક્ત્વ સચવાણું નહિ અને એ મોહને આધીન થઈ જવાથી ભગવાનના આત્માથી પણ એવું બોલાઇ ગયું, કે જે બોલવાને કારણે ભગવાનના આત્માનો કોટાકોટિ સાગર

પ્રમાણ સંસાર વધી ગયો. આવું બન્યું એથી જ એ આત્માને એક વાર સમ્યક્ત્વ પામ્યા પછી પણ અસંખ્યાતા કાળ સુધી સંસારમાં ભટકવું પડયું !

♦♦♦

## વગર ક્રિયાએ જૈનપણું ટકશે ?

મુનિપણાની વાતો તમને કાંક ભયરૂપ દેખાય છે, એ શાથી ? આ દશામાં તમને કોઈ જૈન કહે, તે વખતે થોડોઘણો આઘાત થવો જોઈયે. જૈનપણાના ન સંસ્કાર, ન ભાવના, ને ન તેવી શુદ્ધિ, છતાં જૈન છીએ એમ કહી સંતોષ કેમ પામો છો ? જૈન, ન શ્રી જિનેશ્વરદેવને ઓળખે, ન તેમની આજ્ઞાને પીછાણે, શું કરવું જોઈએ તે ન જાણે ને પોતાને જૈન કહે એ કેટલું આશ્ચર્ય છે ? કાપડીઓ કોણ ? ન ગજ પકડતાં આવડે, ન કાતર પકડતાં આવડે, કાપડ ઓળખતાં ન આવડે, કાપડની જાતભાત ન ઓળખે, એ દુકાને બેસીને કમાય ? એની દુકાન ચાલે ? કાપડીયાની દુકાને નોકરી કરવી હોય તોય આટલું તો શીખવું પડે કે-એ મંગાવે એ જાતનો તાકો લાવી આપવો જોઈએ. વેપારની, ખાવાપીવાની, બજારની, ઓફીસની આ બધી કેળવણી લેવી. માત્ર જૈનપણાની કેળવણીથી આઘા રહેવું એ કેટલી બધી દુર્દશા છે ? છોકરો દુનિયાનું ન ભણે, વેપાર ન આવડે, પચાસ પગાર લાવતાં ન આવડેતો બાપ તે છોકરાને અક્કલ વગરનો બેવકૂફ કહે, પણ શ્રી જિનેશ્વરદેવની પૂજા ન કરે, વ્યાખ્યાન ન સાંભળે, સાધુ પાસે ન જાય, સામાયિક, પ્રતિક્રમણ વિગેરે ન કરે તો માબાપ કહે કે-કામ ઘણું છે, ફુરસદ નથી, બીચારો શી રીતે કરે ? અને એ લોકપ્રવાહમાં તણાઈને સાધુ પણ એમ કહી દે કે-એમાં કાંઇ વાંધો નથી, તો પછી કહેવું જ શું ? તમે તો કહી દીધું કે-અમને ફુરસદ નથી. માબાપ પણ એવાં મળ્યાં છે કે-તમારો બચાવ કરે અને પાટે બેસનારા પણ કહી દે કે-શ્રી જિનેશ્વરદેવની પૂજા ન બને, વ્યાખ્યાન સાંભળવાનું ન બને, સામાયિક ન થાય તો શું થઈ ગયું ? એ બધું ન કરો તેમાં કશો જ વાંધો નહિ, એમ સાધુ કહી દે તો કંઈ કમીના રહેશે ? તીજોરીની થેલીમાં હજાર-બે હજાર કાયમ રહે કયારે ? વધવા તો દૂર રહ્યા પણ કાયમ રાખવા માટે પણ કંઈ કરવું પડે કે નહિ ? કે કાઢી કાઢીને ખાવું ? પછી ? પછી ભીખ માંગવી પડે. તેમ જૈનપણાને સાચવવા કોઈ પણ ક્રિયા જ્ઞાનીએ કહી છે કે નહિ ? ને જો કહી હોય, તો કયી રીતે સાધુ કહે

કે-તમારે એના વગર ચાલે ? વેપારી એમ કહે કે-હું જાણું છું કે-દુકાન ખોલું, બેસું, રીતસર માલ લાવું ને વેચું તો આવક થાય-એ હું માનું છું; પણ એકે દિવસ એવી મહેનત નહિ કરૂં તો એને અનુભવી માણસ કહી દેશે કે-એમ કાંઈ દુકાન ચાલશે નહિ ને પેટ ભરાશે નહિ. તેમ અહીં પણ આત્મા છે, પાપ છે, પુન્ય પાપના ફલ તરીકે સ્વર્ગ છે, નરક છે, એમ માનું છું, પણ કારવાઈ ન કરીયે તો સર્યું શું ? આત્મા, પુન્ય, પાપ, સ્વર્ગ, નર્ક, લાભ હાનિ, એ બધું માનવું પણ કરવું-કરાવવું કાંઈ નહિ, એટલે આત્માની મુક્તિ થઈ જાય ? અમે જૈન છીયે એમ કહ્યા પછી જૈન તરીકે કરવાની કંઇ પણ ફરજ ખરી કે નહિ ? જૈન તરીકે જીવવાની કોઇ પણ ફરજ જ્ઞાનીએ-શ્રી તીર્થંકરદેવે નિયત કરી છે કે મરજી મુજબ ચાલવાની છૂટ છે ? જો ફરજ નિયત કરી હોય, તો એના વિના ચાલે એવું કયા આદમી કહી શકે ? મુનિ પણ ત્યારે કે-આટલા આચારો હોય, શ્રાવક પણ ત્યારે કે-આટલા આટલા આચારો હોય, સમ્યગ્દૃષ્ટિ પણ ત્યારે કે-આટલું તો અવશ્ય કરે. માર્ગાનુસરી, સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, સર્વવિરતિ માટે કોઇ કારવાઇ હોવી જોઇએ ખરી કે નહિ ? સાધુને કોઇ પૂછવા આવે કે-હું જૈન છું, મને શ્રી જિનેશ્વરદેવના વચન પર શ્રદ્ધા છે, પણ હું પૂજા કરતો નથી, ગુરૂવંદન કરતો નથી, વાણી (વ્યાખ્યાન) સાંભળતો નથી, રાતે ખાઉં છું. અભક્ષ્ય વિગેરે ખાઉં છું, તો મારામાં જૈનત્વ ખરૂં કે નહિ મુનિ તો તરત જ કહે કે "મને શંકા છે કે તમારામાં જૈનત્વ છે કે કેમ ? તમને શ્રી જિનેશ્વરદેવના વચન ઉપર શ્રદ્ધા છે એમ માનવાને મારૂં હૃદય ના પાડે છે. હું જ્ઞાની નથી એટલે નિશ્ચયપૂર્વક નિષેધ નથી કરતો. કદાચ હોય, પણ નિરંતર આવી રીતે વર્તવાથી તમારૂં જૈનત્વ લાંબો કાળ ટકશે તો નહિ જ." કારણ કે-એવી વાતમાં એકદમ હા પાડનારા, એટલે કે જૈનપણાની ફરજનું ભાન કરાવ્યા વિના 'પૂજાદિ ન કરે તો પણ કંઈ જૈનત્વ ચાલ્યું જતું નથી.'-એમ કહેનારા સામા આત્માના ઘાતક છે. જે વસ્તુઓને પોતે કબૂલ કરે છે, તેને અંગેની ક્રિયામાં કાયમ માટે ના કહે તે કેમ ચાલે ? હજી મોટી ક્રિયાની ના પાડે એ વાત જૂદી, પણ પોતાની જે જાતિને ઓળખાવવા માગે છે તે જાતિની ક્રિયા કરવાની ના પાડે તે કેમ ચાલે ? જૈન તરીકે ઓળખાવવા શું જોઇયે ? બંગલા બગીચા, રાજ્યપાટ, ઋદ્ધિ, સિદ્ધિ, આ બધું જૈન તરીકે ઓળખાવાશે નહિ આટલા પૈસા-શરીર

આટલું જાડું-આવું ઉંચું-પાંચ પચાસને મારી શકે-પીટી શકે એવું સારી રીતે ગાળો દઈ શકે એવું એ જૈન ? વધુ દિકરા-દીકરી હોય મોટા કારખાના હોય તે જૈન ? જૈન તરીકે ઓળખાવવા કયી કરણી કઈ ભાવના જોઈએ ? કયી જાતના આચાર જોઇયે ? દરેક આદમીએ પોતાની જાતને શોભતી ક્રિયા કર્યા વગર ચાલવાનું નથી. જેને શાહ બનવું હોય તેણે જેવી કબુલાતે લાવ્યો હોય તેવી કબુલાતે વાયદા મુજબ રૂપિયા પહોંચાડવા જોઇએ તોજ તેનું શાહપણું ટકે. એને ખાતાં-પીતાં પણ એજ વિચાર આવે. તેનીજ તેવડમાં રહે નફામાંથી આપે, કોઇના લાવીનેય આપે, તોજ તેની શાહુકારી ટકી શકે. વેપારી એ મુજબ વર્તે-નોકર પણ પોતાની ફરજ મુજબ જેટલા કલાકની નોકરી હોય તે કરે. તેમ તમે જૈન તરીકેના કાનુનમાં વર્તો કે નહિ ? જૈનને અમૂક ક્રિયા વિના તો નજ ચાલે એવી ક્રિયા જ્ઞાનીએ કોઇ કહી છે કે નહિ ? જે ક્રિયા કહી હોય તેને માટે કોઇ એમ કહે કે-'તે કર્યા વિના પણ ચાલે.''ન કરીએ તેમાં થઈ શું ગયું'-એમ ધૃષ્ટતાપૂર્વક કહે, તો કહેજો કે-'દૂર રહો.' એક તો તમે પોલા -ઢીલા હો ને તેમાં તમને કોઈ 'ચાલે' એમ કહે, તો તમારે તો ફાવતું થયું. ભાવતું હતું. ને વૈદે કહ્યું. કુપથ્ય ખાવું હતું ને વૈદે કહ્યું પછી તમે બાંધ્યા રહો ? શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલાં અનુષ્ઠાન આચર્યા વિના આડી અવળી વાતોથી આત્મા પરનાં બંધનો નહિ ખસે. આપત્તિના પહાડો નહિ ખસે. આ બધો વિચાર આ જીંદગીમાં નહિ કરો, તો કરશો કયારે ? તમે આટલા બધા નિર્ભય, નચિંત, વ્યવહારમાં જેને નઘરોળ કહે છે, એવા થયા શાથી ?

◆◆◆

મહારંભ અને મહા પરિગ્રહ-એ પણ નરકનાં કારણો છે એમ સમજીને, મહારંભી અને મહા પરિગ્રહીએ હવે તો એનાથી કેમ છૂટાય, એનો વિચાર કરવો પડશે ને ? એકદમ ન છોડી શકાય તો શું કરવું ?-એમ તમે પૂછી શકો છો. એ વખતે કહેવાય કે-આ મહારંભ ને મહા પરિગ્રહમાં જે રસ અનુભવી રહ્યા છો ને એમાં સુખની જે કલ્પના કરી રહ્યા છો, તે કાઢી નાંખો; અને રોજ વારંવાર વિચાર કરો કે-'આ નરકનું કારણ છે; કયારે આનાથી છૂટાય ?' જેઓ મહારંભી ને મહાપરિગ્રહી નથી, તેમણે તો માત્ર ઈચ્છા ઉપર જ કાપ મૂકવાનો છે ને ? નરકને ઈચ્છે નહિ, તે નરકના

કારણને ઉપાદેય બુદ્ધિએ ઈચ્છે અને એ ન મળે તો તેથી ભયંકર રિબામણ અનુભવે, એનો મેળ મળે ખરો ? નહિ. પણ આ બધું કયારે બને ? મહારંભ ને મહાપરિગ્રહ, એ મહા પાપ છે-એમ લાગે તો ને? ધન રાખવું એ પાપ છે-એમ લાગે છે ખરૂં ? તમારી પાસે ધન ઘણું હોય, ધંધો મોટો હોય, એથી કોઈ તમને સલામ ભરે, આદરથી બોલાવે, 'પધારો શેઠ' વગેરે કહે, વાત વાતમાં આગળ કરે, તે વખતે તમને શું લાગે ? મનમાં તો એમ થાય ને કે-'જેને લીધે આ મને સલામ ભરે છે અથવા તો મારો સત્કારાદિ કરે છે, તે મને નરકમાં લઈ જનાર છે ? ' તમે પાછળથી આવ્યા હો તોય તમને લાવીને આગળ બેસાડે ને પધારો પધારો કહે, તે વખતે તમને શુ થાય ? તમારૂં ધન અનેતમારો ધંધો તમને યાદ આવે છે ને ? તમે કાંઇ ભોઠ બોઠ છો, કે જેથી તમારો આદર શાથી થાય છે, તે તમે સમજી શકો નહિ ? તે વખતે જો તમે વિવેકી હોં, તો તમને એમ પણ થાય કે-જેના યોગે મને આ 'માન મળે છે, તે મને દુર્ગતિમાં લઈ જનાર છે !

♦♦♦

મરિચીમાં સમ્યક્ત્વ હતું માટે તો એમને સાધુવેષમાં રહીને એક અનાચાર પણ સેવવો નહિ, એવો વિચાર આવ્યો ! એમને સાધુવેષમાં રહીને સગવડ કરી લેવી હતી, તો એ સાધુવેષને છોડવાનો વિચાર કરત ખરા ? અને, સાધુવેષ છોડવાનો નિર્ણય કર્યા પછી પણ, પોતાની નબળાઈઓ ઉપર નજર રાખીને જ એમણે નવો વેષ કલ્પ્યો ને ? આમ એમણે જાહેર કરી દીધું કે-'હવે હું સાધુ નથી !' પણ ફર્યા કર્યુ એમણે ભગવાનની સાથે ને સાથે. ભગવાનની સાથે ફરતા રહ્યા ને જે કોઈ એમની પાસે આવે અગર એમને પૂછે, તેને તેઓ બરાબર સમજાવતા રહ્યા કે-'હું નબળો છું માટે આ બધું રાખું છું : બાકી ધર્મ અહીં નથી પણ ભગવાનની પાસે જ છે. જેને ધર્મ જોઈતો હોય અને જેણે ધર્મ આચરવો હોય, તેણે ભગવાન પાસે જ જવું જોઇએ અને ભગવાને કહેલું સાધુપણું પાળવું જોઇએ.' સાધુપણાને ખોઈ બેસવા છતાં પણ સમ્યક્ત્વ જાળવ્યું હતું, એનો આ પ્રતાપ છે.

♦♦♦

મરિચિના ભવમાં ભગવાનના આત્માથી ગરમી ખમાઈ નહિ એથી સાધુપણાના પરિણામ ગયા અને સાધુપણાને છોડી દેવાનો નિર્ણય લેવાઈ

ગયો. એમાંથી એમણે પરિવ્રાજકપણું સ્વીકાર્યું. પરિવ્રાજકપણું કેમ સ્વીકાર્યું ? એમણે વિચાર્યું છે કે -આ સાધુપણું મારાથી પાળી શકાય તેમ નથી અને આ વેશમાં રહીને આ વેષને છાજે નહિ એવું કાંઈ જ મારાથી થઈ શકે નહિ ? મારે સાધુપણું પાળવું હોય તો જ મારાથી આ વેષ રાખી શકાય, પણ હું જો સાધુપણું પાળી શકું તેમ ન હોઉં તો મારે આ વેષમાં રહીને જો હું સ્નાનાદિકનો આશ્રય લઉં, તો એ મારો અનાચાર ગણાય એવો કોઈ અનાચાર મારાથી આ વેષમાં આચરાય નહિ. આટલો અનાચાર પણ આચર્યા પછી હું રહી શકતો ન હોઉં તો મારે આ સાધુવેષનો ત્યાગ કરી દેવો જોઈએ.

◆◆◆

મોક્ષ પામવાની લત લાગ્યા પછી, તમે મોક્ષનો ઉપાય જાણ્યા વિના રહો એવા છો ? પછી તો તમે મોક્ષનો ઉપાય જાણવાનાય ખરા અને જેટલો આચરાય તેટલો આચરવાનાય ખરા ! મોક્ષની લત લાગ્યા વિના, ઉપાય સાંભળવામાં ખરી મજા નહિ આવે; માટે આજે આટલું તો નક્કી કરીને જ તમે જવાના ને ? આ સંસારમાં ભગવાને ચૌદ ગુણસ્થાનક બતાવ્યાં છે. ચૌદમા ગુણસ્થાનકે પહોંચ્યા વિના કોઈ મોક્ષ પામે નહિ. મોક્ષે પહોંચવા બીજા. ત્રીજા અને અગિયારમા ગુણસ્થાનકને સ્પર્શવાની જરૂર છે. એવું નથી. એ ત્રણ ગુણસ્થાનકોને પણ કેટલાક જીવો સ્પર્શે છે, માટે એ ત્રણ ગુણસ્થાનક પણ ભગવાને બતાવ્યાં છે, પણ મોક્ષે જવું હોય તો એ ત્રણ સ્થાનકને સ્પર્શ્યા વિના મોક્ષે જવાય જ નહિ, એવું નથી. મોક્ષે જનારો જીવ જો ઓછામાં ઓછાં ગુણસ્થાનકોને સ્પર્શે તો કેટલાંને સ્પર્શે, એ વાત તમે સમજવા આવશો ત્યારે કરીશું, પણ મોક્ષે જવું છે એટલે ગુણસ્થાનકને સ્પર્શવાનો પુરૂષાર્થ કરવો તો પડશે જ. એમાં સામાન્ય રીતિએ એમ કહેવાય કે-આ સંસારના બધા જીવો અનાદિકાળથી પહેલા ગુણસ્થાનકે હોય જ છે. પણ ગુણસ્થાનક તરીકે સાન્વર્થપણે પહેલા પણ ગુણસ્થાનકની ઊંચી દશા પામવાને માટે આત્માએ ઘણા ગુણો મેળવવા પડે છે. એમાંથી ચોથે પહોંચવાના ગુણો મેળવાય અને પછી પાંચમા ને છઠ્ઠા ગુણસ્થાનકે પહોંચવાના ગુણો મેળવાય. મોક્ષનો ખરેખરો જે ઉપાય છે એ જે જીવને બરાબર રૂચે, એ ચોથે ગુણસ્થાનકે પહોંચ્યો કહેવાય એ જીવને મોક્ષનો ખરેખરો ઉપાય બરાબર સમજાય. એ પામવા ઘણા ગુણ જોઈએ અને એ પછી પાંચમું, છઠ્ઠું ને સાતમું પામવા

ઉત્તરોત્તર વધારે ગુણ જોઈએ. આ કાળમાં આ ક્ષેત્રમાં આત્મા સાતમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકને સ્પર્શી શકતો નથી. મોક્ષને પામવાની લત લાગ્યા વિના તમને આવી બધી વાતો જાણવાનું મન ખરેખરૂં થાય નહિ.

♦♦♦

મારે મારા આત્માના દબાઈ ગયેલા ગુણોને ખીલવવા છે, એ તમારૂં ધ્યેય હોવું જોઈએ. પરના યોગે હું અનન્તાકાળથી આ સંસારમાં રૂલી રહ્યો છું, માટે ધર્મસ્થાનમાં જાઉં છું તે પરથી સ્વને મૂકાવવાને માટે ! પરથી છૂટવાના સ્થાનમાં પરથી લેપાવાની અભિલાષા પણ ન રાખો. એવી અભિલાષા આવી જાય, તો આત્માને ઠપકો આપો. દુનિયાદારીનાં સુખો પણ દુઃખ રૂપ લાગે એમ સમ્યગ્દષ્ટિ માટે કહ્યું ને ? તેવું કેમ કહ્યું ? વસ્તુતઃ તે સુખો સુખો નથી પણ દુઃખો છે માટે ! આ સ્થાનોમાં વૈરાગ્યની ભાવના ખીલવી જોઈએ. વક્તા એ જ હોય, પણ દુનિયાદારીમાં મોજ કરવાની વાતો ન હોય. ઋદ્ધિવાળાનું વર્ણન આવે એટલે વક્તા જો એમ કહે કે-'જોયું ? પૂર્વે કેવા ઋદ્ધિવાળા હતા અને તમે કેવા કંગાલ છો ? તેમના જેવા ઋદ્ધિવાળા બનો.'-તો એ ધર્મદેશક પોતાની જાતને, આ પાટને અને ભગવાનના શાસનને લજવનારો છે ! ધર્મદેશક તો ઋદ્ધિસંપન્નનેય ત્યાગ કરવાનું કહે અને કંગાલનેય તૃષ્ણા છોડવાનું કહે. ઋદ્ધિસંપન્નતામાં કલ્યાણ અને કંગાલીયતમાં એટલે દરિદ્રાવસ્થામાં અકલ્યાણ-એવું જ્ઞાનિઓ ફરમાવતા નથી : નહિ તો પરમાર્હત શ્રી કુમારપાલ મહારાજા એ ભાવના ન ભાવત કે-'શ્રી જૈનધર્મથી રહિત એવું ચક્રવર્તિપણું મળતું હોય તોય તે મારે નથી જોઈતું અને શ્રી જૈનધર્મથી વાસિત દશામાં કદાચ મને દાસપણું કે દરિદ્રીપણું મળતું હોય તો પણ તે મને મંજૂર છે.

♦♦♦

મહાપુરૂષો, કે જેઓને કોઈ પણ દેશ સાથે, દેશ પ્રત્યેના મમત્વના યોગે કાંઈ પણ નિસ્બત નહોતી, તે મહાુરૂષોએ આર્યદેશની મહત્તા કેમ વર્ણવી ? શું તમે એ મહાપુરૂષોને એટલા છીછરા અને અજ્ઞાનપૂર્ણ અન્તઃકરણવાળા માનો છો કે-એ મહાપુરૂષો આ દેશમાં જન્મયા હતા માટે એ મહાપુરૂષોએ આ આર્યદેશની મહત્તા ગાઈ છે ? તેઓ આ દેશમાં જન્મ્યા હતા, માટે તેમને તમારી માફક આ દેશનું મમત્વ થઈ ગયું ? અને એથી જ તેમણે આ દેશની મહત્તા ગાઈને, અનાર્ય દેશોને હીણા દેખાડવાનો પ્રયત્ન

કર્યો ? તમે તમારા મહાપુરૂષોને જો એટલા બધા તુચ્છ બુદ્ધિવાળા માનતા હો, તો તમે મહાપુરૂષતા કોને કહેવાય એ ન સમજતા નથી અને તમારા મહાપુરૂષોનાં હૈયાં કેટલાં ઉદાર તથા નિર્મળ હતાં, એ પણ તમે જાણતા નથી. એ મહાપુરૂષોના હૈયામાંતો, જેમ અન્ય કોઇ પણ દેશ પ્રત્યે મમત્વ નહિ હતું, તેમ આ દેશમાં માનવજન્મ પામવા છતાં પણ, આ દેશ પ્રત્યેય મમત્વ નહિ હતું. એ મહાપુરૂષોના હૈયામાં એ વાત બેઠી જ હતી કે-" આ પૃથ્વી ઉપર પ્રાયઃ એવો કોઈ દેશ નથી, કે જે દેશમાં હું કદી પણ નહિ જન્મ્યો હોઉં ! અનન્તો કાળ થયાં હું આ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છું, એટલે લોકમાં આવેલા કોઈ દેશમાં હું ઉત્પન્ન નહિ થયો હોઉં એવું તો પ્રાયઃ બનવાજોગ નથી ! અત્યાર સુધીમાં જ્યાં જ્યાં હું જન્મયો હોઈશ, ત્યાં ત્યાં મેં અજ્ઞાનવશ 'મારો દેશ' 'મારો દેશ' આવા પ્રકારનું મમત્વ પણ કર્યું હશે, પણ ન તો એ દેશ મારો રહ્યો કે ન તો હું એ દેશનો રહ્યો ! એવી એવી મમતા આદિના યોગે તો, અત્યાર સુધી મારે આ સંસારમાં ભટકવું પડયું છે. વસ્તુતઃ હું એકલો જ છું, બીજું કોઈ મારૂં નથી અને બીજા કોઈનો હું નથી." જેઓના અંતઃકરણમાં આવા પ્રકારનો, મહા સુન્દર કોટિનો નિર્મળ નિર્મમભાવ વર્તતો હતો. તેવા મહાપુરૂષોને માટે, એવી કલ્પના કેમ જ આવી શકે કે-'તેઓ આ દેશમાં જન્મ્યા હતા, માટે એમના હૈયામાં આ દેશ પ્રત્યે મમત્વ હતું અને એ મહાપુરૂષોએ પોતાના એ મમત્વના વશથી જ આ દેશની મહત્તા ગાઈ છે ?' સાચી વાત તો એ છે કે-'સાચાં મહાપુરૂષોના હૈયામાં આવા પ્રકારનું મમત્વ હોઈ શકે જ નહિ અને જેઓના હૈયામાં આવા પ્રકારનું મમત્વ હોય, તેઓ સાચા રૂપમાં મહાપુરૂષ જ હોઈ શકે નહિ.' આપણે આપણી તુચ્છતાનું આરોપણ, કદી પણ, મહાપુરૂષો ઉપર કરવું જોઈએ નહિ.

◆◆◆

મિત્ર કરવા ગમે તો સારા માણસોને જ મિત્ર કરવા ગમે, એ પણ ભવિષ્યના અભ્યુદયની સૂચક વસ્તુ છે. મૈત્રી કરવી, તો તે એવા માણસની જ કરવી, કે જે આપણને સુખમાં ને દુઃખમાં કલ્યાણકારી સલાહ આપે. કલ્યાણમિત્ર તે કહેવાય, કે જેના સહવાસથી, જેના પરિચયથી પાપની બુદ્ધિ જાગે તો નહિ, પણ પાપની બુદ્ધિ હોય તોય તે નાશ પામી જાય. તમને કેવા માણસની મૈત્રી કરવી ગમે ? તમે મળો ત્યારે આત્માની, પુણ્ય-પાપની,

પરલોક આદિની વાતો કરે તેવાની મૈત્રી કરવી તમને ગમે ? કે, તમારી પાસે બેસીને ગામગપાટા હાંકે-એવાની મૈત્રી કરવી તમને ગમે? મોટે ભાગે, દેવલોકગામી જીવોને ખરાબ મિત્રોનો યોગ ન ગમે. એને મિત્રો ગમે તો કલ્યાણમિત્રો ગમે. એવાઓ હોય છે, કે જેઓ કોઇ સારી, આત્માના હિતની વાતો કરનાર મળી જાય, તો તેની સાથેબે કલાક બેસી રહે અને નકામી તથા નુકસાનકારી વાતો કરનાર પાસેથી ઝટ ઉઠી જાય. એવા સ્થાને હોય કે-ઝટ ઉઠી શકાય તેમ ન હોય અને વાતો સાંભળ્યા જ કરવી પડે તેમ હોય, તોય એમને ઉઠી જવાનું મન થયા કરે. કોઈની નિન્દાદિની, અનીતિ આદિની અને અર્થ-કામની વાતો કરનાર ગમે નહિ. તમને ધંધા-ધાપાની વાતો કરનાર બહુ ગમે કે ધર્મની વાત કરનાર બહુ ગમે ? જગતની વાતો કરનાર મળે, એ ગમે ? કે, આત્માની વાતો કરનાર મળે, એ ગમે ? જેને કલ્યાણમિત્રનો સંપર્ક ગમે તે દેવલોકે જાય, કારણ કે-આત્માના પરિણામોમાં કુણાશ આવ્યા વિના અને ધર્મ તરફનું આંશિક પણ વલણ આવ્યા વિના, કલ્યાણમિત્રોનો સંપર્ક ગમે નહિ. આ ઉદ્યમસાધ્ય વસ્તુ છે. આમાં, તમે પુરષાર્થ કરો તો તે ફળે એવો છે, સારી વાત તરફ સદ્ભાવ હોય અને ખરાબ વાત તરફ અણગમો હોય, તો કલ્યાણમિત્રનો સંપર્ક રૂચે. કલ્યાણમિત્રના સંપર્કમાં રહેનારો પ્રાયઃ દુર્ગતિમાં જાય નહિ, કારણ કે-એની માનસિક સ્થિતિ એને દુર્ગતિમાં ઘસડી જાય તેવી હોય નહિ અને કલ્યાણમિત્રના સંસર્ગના પ્રતાપે એના પરિણામોમાં ઘણો સુધારો થયા જ કરે. એટલે એ દેવગતિનું આયુષ્ય બાંધે, એમાં નવાઈ પામવા જેવું નથી.

♦♦♦

મારે અહીંથી મરીને બીજે જવાનું છે, કયાંક પણ જન્મવાનું જ છે.'- એ ખ્યાલ જો તમારા હૈયામાં પેદા થઈ જાય, તો અત્યારે જે રીતિએ તમે તમારા જીવનને જીવો છો, તે રીતિએ તમે તમારા જીવનને જીવો શકો નહિ. તમને જ લાગે કે-'મારે મારા જીવનને જીવવાનો બીજી કોઈક રીતિએ પ્રયત્ન કરવો જોઈએ.

♦♦♦

માત્ર આ જીવન જ સુધરે એટલા પૂરતી પણ આ વાત નથી, માત્ર પરલોક સુધરે એટલા પૂરતી પણ આ વાત નથી, પણ આત્માનો આ લોકેય

સુધરે, પરલોકેય સુધરે અને આત્મા હંમેશને માટે શુદ્ધ બને એ માટેની આ વાત છે. આપણે જ્ઞાન સાથે જ્ઞાનનું ફળ પણ જોઈએ.

♦♦♦

મહાપુરૂષે કહ્યું છે કે-હે વીતરાગ ! તારી બહારથી કરાતી સેવા કરતાં, દ્રવ્યથી તારી ચાહે તેટલી સેવા કરવામાં આવે તો પણ એ સેવા કરતાં, એ દ્રવ્ય સેવાને પણ સફળ કરનારી તારી ઉત્કટ એવી જો કોઇ સેવા હોય, તો તે તારી આજ્ઞાનું પાલન કરવું એ છે. શ્રી વીતરાગ પરમાત્માની દ્રવ્ય સેવા તો અભવ્યો પણ પામી શકે છે, દુર્ભવ્યો પણ પામી શકે છે અને ભારેકર્મી એવા ભવ્યો પણ પામી શકે છે. પરન્તુ આજ્ઞાપાલન રૂપ શ્રી વીતરાગ પરમાત્માની જે સેવા છે, તે સેવાને તો તે જ ભવ્યાત્માઓ પામી શકે છે, કે જેમની ભવિતવ્યતા અને કર્મલઘુતા આદિ વિકસિત થવાથી, જેમની ભવ્યતા વિકસિત થવા પામી હોય છે.

♦♦♦

મહારંભી, મહાપરિગ્રહી પંચેદ્રિયનો ઘાતી અને માંસાહારી, એ ચાર નરક ગતિના કારણો શાસ્ત્રે કહ્યાં છે.

♦♦♦

મિથ્યાત્વીને ચારિત્ર આપવાનો કાયદો એટલા માટે છે કે-અહીં આવ્યા પછી સમ્યક્ત્વ પામવાના ઘણા સાધનો છે. તેથી દ્રવ્ય સમ્યક્ત્વનો આરોપ કરીને મિથ્યાદૃષ્ટિને પણ દીક્ષા અપાય છે, એટલે કે-આપવાની જ્ઞાનીઓએ વિધિ બાંધી છે.

♦♦♦

મિથ્યાદૃષ્ટિપણું આત્માને સર્વત્ર મુંઝવે છે જ્યારે સમ્યગ્‌દૃષ્ટિપણું એ આત્માને સ્થળે સ્થળે વિવેકી બનાવે છે.

♦♦♦

'મારૂં બગાડવાની કોઈનામાં પણ તાકાત નથી.' બીજામાં આ ઉદારતા ન હોય. 'કોઈ એવો જન્મ્યો નથી, કે જેનામાં મારા પાપ વિના મારૂં બગાડવાની તાકાત હોય : સામા આત્મામાં મારૂં બગાડવાની જે ભાવના આવી, તે ભાવના પણ મારા પાપકર્મના ઉદયના યોગે આવી. વાસ્તવિક રીતિએ એ આત્મા મારૂં બગાડતો નથી, પણ સુધારે છે : કારણ કે વસ્તુતઃ

તો એ મારાં પૂર્વે બાંધેલા પાપોને ઝટ ભોગવવામાં સહાય કરે છે. એ ન મળ્યો હોત, તો મારાં કર્મો આટલાં જલ્દિ ખપત નહિ, એટલે મારો એ દુશ્મન નથી પણ ઉપકારી છે.' ઉદારતાના સાચા અમલને માટે અન્તરને આવા વિચારોથી ઓતપ્રોત બનાવવુ જોઈએ.

♦♦♦

મિથ્યાદષ્ટિ એ અંધકોટિનો છે જ્યારે સમ્યગ્દષ્ટિ એ દેખતો છે, સમ્યગ્દ્રષ્ટિ દેખતો હોવાથી આત્મકલ્યાણ માટે એકલા કર્મ ઉપર આધાર રાખીને નહિ બેસે પણ ઉદ્યમને જ પ્રધાન માનશે.

♦♦♦

મિથ્યાત્વ, એ એવી તો ભયંકર વસ્તુ છે કે અનન્તજ્ઞાનિનાં વચનો ઉપર પણ અવિશ્વાસ ઉપજાવે !

♦♦♦

મિથ્યા દર્શનોમાં ત્યાગ હોય છે, પણ એ ત્યાગનું પણ ધ્યેય વિષય ધનાદિ છે. અને માટે જ એ મિથ્યા છે.

♦♦♦

મિત્ર વિના રહો, પણ સંસારમાં જોડનારા મિત્રોની સાથે ન ભળો. સંસારના ફંદાથી છોડાવનારાને જ સાચા મિત્ર માનો, પણ સંસારના ફંદામાં ફસાવનારને સારા ન માનો : સારા દેખાતા હોય તોય એ ભયંકર જ છે.

♦♦♦

મિથ્યાત્વશલ્ય એટલે સાચાને ખોટું અને ખોટાને સાચું માનવું તે.'-આ બધાં જ પાપો સ્વયમેવ આત્મા પર ચઢાઈ કરી, આત્માની અનંત શક્તિને અવરોધે છે.

♦♦♦

મિથ્યાત્વે જગત ઉપર અને જગતના સુખ ઉપર કેવી શ્રદ્ધા કરાવી દીધી છે ? અને એ શ્રદ્ધા લઈને માણસ શકય લાગે તો કયો પુરૂષાર્થ કરવામાં કમીના રાખે છે ? જેના જેનાથી સુખ માન્યું, તેને જાણવાનું મન કેટલું ? જોવાનું મન કેટલુ ? મેળવવાનું મન કેટલું ? સાચવવાનું મન કેટલું ? અને જેઓને પોતાના માન્યા તેમને પણ એ જણાવવા, જોવડાવવા વગેરેનું મન કેટલું ? મિથ્યાત્વે પેદા કરેલી એ શ્રદ્ધા જો આ કામ કરે છે, તો જેમને શ્રી નવકાર મળ્યો છે અને શ્રી નવકાર ઉપર જેમને ખરેખરી શ્રદ્ધા પેદા થઈ

ગઈ છે, તેમને શું શું જાણવાનું, જોવાનું, મેળવવાનું અને સાચવવાનું મન થાય ? શ્રી નવકાર મંત્રમાં જે કાંઈ છે તે જ જાણવાનું, જોવાનું અને મેળવવાનું મન થાય ને ? અને અસલ મેળવવા જેવી ચીજ પણ એ જ છે, બીજી કોઈ નથી, એમ પણ થાય ને ? આ શ્રદ્ધા છે.

♦♦♦

મૂખ્યતયા આખું શ્રી વીતરાગપરમાત્માનું શાસન સાધુધર્મને ઉદ્દેશીને જ છે અને એટલા જ માટે એને નિર્ગથ પ્રવચન કહેવાય છે.

♦♦♦

મૂઢ આત્માને ન ગમે એટલે સારી વસ્તુ છોડવી એ વ્યાજબી નથી. જ્ઞાનીઓ સંસારને કેદખાનું માને છે. ત્યારે કમનશીબ મૂઢ આત્માઓ મુક્તિને કેદખાનું માને છે.

♦♦♦

મિથ્યાદષ્ટિ આત્માઓ અને સમ્યગ્દષ્ટિ આત્માઓના શોક પણ ભિન્ન ભિન્ન જાતિના હોય છે : જે શોક મિથ્યાદષ્ટિ આત્માને દુર્ધ્યાનનું કારણ બને છે, તે જ શોક સમ્યગ્દષ્ટિ આત્માને શુભ ધ્યાનનું કારણ બને છે. મિથ્યાદ્રષ્ટિ આત્માઓ ત્રીજી વય આવવાના સમાચારથી ઉદ્વિગ્ન બની આત્મભાન ભૂલે છે, ત્યારે સમ્યગ્દષ્ટિ આત્માઓનું આત્મભાન તેવા સમાચારથી એકદમ જાગૃત થાય છે.

♦♦♦

મુક્તિપ્રાપક ધર્મની જો મુક્તિની કામનાથી જ વિધિના આદરપૂર્વક આરાધના કરાય, તો આ સંસારમાં પણ તે આત્માને ઉદયવંતો ને ઉદયવંતો જ રાખે છે અને અન્તે મુક્તિસુખનો ભોક્તા બનાવે છે.

♦♦♦

મુક્તિમાર્ગનો ઉપદેશ, એ સ્વ-પરના વાસ્તવિક શ્રેયનો સુન્દરમાં સુન્દર ઉપાય ગણાય, એ સ્વાભાવિક છે : કારણ કે મુક્તિમાર્ગ જેનેહૈયે ખરેખર રૂચ્યો છે એવો મુક્તિમાર્ગના ઉપદેશનો દાતા, મુક્તિમાર્ગની રસિકતા આદિમાં ઝીલતો હોય છે અનેયોગ્ય શ્રોતાઓ પણ એ નિમિત્તે દુઃખના ઉપાયથી પરાડમુખ બની, સાચા સુખના ઉપાયની સન્મુખ બને છે.

♦♦♦

મુક્તિમાર્ગની આરાધના કરવા ઈચ્છે એનું જ નામ શ્રી જૈન સંઘ છે.

♦♦♦

મુક્તિની કામનાએ સેવાતાધર્મ યોગે દુન્યવી સુખો ન જ મળે એમ નહિ : મળે અને તેય ઉત્તમ કોટિનાં મળે : પણ એ સુખો આત્માને મુંઝવે નહિ. સદ્ધર્મની આરાધનાના યોગે પુણ્યાનુબંધી પુણ્યનો સ્વામી બનેલો આત્મા તો, રાગની ઘણી અને ઉત્તમ સામગ્રી વચ્ચે પણ, વિરાગભાવમાં વધતો જાય.

♦♦♦

મુક્તિમાર્ગના આરાધકોને તો પરિષહો અને ઉપસર્ગોની સામે સંગ્રામ ખેલવામાં જ આનંદ હોય છે.

♦♦♦

મુક્તિ માટે ધર્માનુષ્ટાન કરનારા સંસારમા રહેવા કેમ જ ઇચ્છે ? અને ઇચ્છે તે એ મુક્તિના અર્થી પણ શી રીતે ?

♦♦♦

મુનિની જાત ઉપર આક્રમણ આવે ત્યાં એ મુનિએ મૌન રહેવુંએ એનો મુનિધર્મ, પણ શાસન ઉપર આક્રમણ આવે ત્યારે છતી શક્તિએ મૌન ધારણ કરવું, એને તો કોઇ પણ સુજ્ઞ માણસ મુનિનું મૌન ન કહે !

♦♦♦

મુનિની ભાવના તો એ હોય કે સંસારના સઘળાય જીવો વિરાગ દશાને પામે, મોક્ષમાર્ગના રસીયા બને અને આ જીવનમાં બને તેટલી વધારે આરાધના કરી લે.

♦♦♦

મુક્તિમાર્ગની આરાધનામાં જે વાસ્તવિક શ્રેય છે, એ વસ્તુને સમજનારાઓ જ્યાં સુધી તેવા જ્ઞાનને ન પામે, કે જે જ્ઞાન દ્વારા સ્વયમેવ હિતાહિતનો નિર્ણય કરી શકાય, ત્યાં સુધી તે આત્માઓએ અનન્તજ્ઞાનિઓની અને એ તારકોને અનુસરનારા જ્ઞાનિઓની આજ્ઞાને પણ પ્રમાણભૂત માનીને ચાલવું એ જ હિતાવહ છે.

♦♦♦

મુનિને અખંડ રાગ શાસ્ત્ર ઉપર જ હોય, શાસ્ત્ર કરતાં રાગ કરવા યોગ્ય અધિક વસ્તુ જગતમાં બીજી છે પણ કયી ? જેના યોગે પોતાને 'જગત્પૂજ્ય' બનાવ્યા, 'કંગાલ'માંથી 'ચક્રવર્તી' બનાવ્યા, તેના પ્રત્યે રાગ કરવા કરતા, બીજી અધિક વસ્તુ સાધુને રાગ કરવા યોગ્ય કયી છે ?

♦♦♦

મુનિનું દર્શન યોગ્ય આત્માના પાપોદયને પલટાવીને પુણ્યોદયમાં પરિણમાવે છે; કારણ કે ઉત્તમ સામગ્રી યોગ્ય આત્માને કર્મનો ક્ષયોપશમ કરાવી દે છે.

♦♦♦

મુંગા મરવું એનું નામ સમભાવ નથી. સાચાને સાચા તરીકે અને ખોટાને ખોટા તરીકે પ્રગટ કરવું એનું જ નામ સમભાવ છે.

♦♦♦

મુનિપણના પાલન માટે ગુરૂનિશ્રા સાથે પરિષહોના સહનની અને બારે પ્રકારના તપના પરિશીલનની પણ અતિશય આવશ્યકતા છે.

♦♦♦

મુનિપણું પામ્યા પછી પણ આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં બાધ કરનારી વસ્તુઓ ઉપર મારાપણું બન્યું રહે અને એની ખાતર આત્મા કષાયોથી ધમધમતો રહે, તો ખરે જ મુનિપણાની પ્રાપ્તિથી આત્માને જે લાભ થવો જોઇએ, તે નથી જ થતો.

♦♦♦

મરવાની ઇચ્છા કોઇના પણ હૈયાના ખુણામાં નથી, છતાં સૌને મરવું પડે છે, છતાંય ધર્મ પ્રત્યે બેદરકારી એ કેવી દુર્દશા ?

♦♦♦

મરણ ન ગમે તો ઉત્તમમાં ઉત્તમ કોટિનું મરણ મેળવવાનો પ્રયત્ન કરો, કે જે મરણની સાથે આત્મા સાથેના સઘળાય અજીવના યોગનું પણ મરણ થાય !

♦♦♦

મરવાનો ખરો ભય તો અધર્મિને અને એથી પણ અધિક ધર્મના વિરોધિને હોઇ શકે, પણ ધર્મિને તેવો મરણભય હોય નહિ : કારણ કે-ધર્મિએ તો શરીરને ત્યાજ્ય માન્યું છે અને મરણ એટલે શરીરના ત્યાગ શિવાય બીજું છે પણ શું ?

♦♦♦

મરવાનું ચોક્કસ છે અને મર્યા પછી કાંઇ પાપ છોડવાનું નથી, તો કોના વિશ્વાસે પાપ સેવો છો અને ધર્મ પ્રત્યે બેદરકાર બન્યા છો ?

♦♦♦

મરવાનું છે, એ નક્કી છેઃ મરીને ક્યાંક ઉત્પન્ન થયા વિના નહિ ચાલે એ પણ નક્કી છે. તો, મરતાં પહેલાં આ જીવનમાં શું મેળવવાની ઇચ્છા છે ? તમે એવું શું મેળવવા માંગો છો, કે જે મરણ પછી પણ આત્માને સુખ અને શાન્તિ આપે ?

♦♦♦

મશ્કરી કરવી જ હોય તો એવી જ કરવી, કે જેથી પોતાનો આત્મા નિર્મલ થવા સાથે અન્ય આત્માઓ પણ સન્માર્ગના જ મુસાફર બને.

♦♦♦

મહાસતી સીતાજીએ ઓગણીસ દિવસ ઉપવાસ કર્યા હતા, પણ રામચંદ્રજી મળ્યા પછી એમ પૂછયુ કે-મારી ખબર લેવા કેમ ન આવ્યા ?

♦♦♦

મહારાજા શ્રી કુમારપાળ અઢાર દેશના માલિક હતા છતાં ચોમાસામાં પાંચ વિગય ખાતા ન હોતા, વનસ્પતિના ત્યાગી હતા અને હંમેશ એક જ ટંક ભોજન લેતા હતા.

♦♦♦

મહાપુરૂષોનું હૃદય સદાને માટે દિલાવર હોય છે. એવા આત્માઓના હૃદયમાં અપકારી પ્રત્યે પણ અપકાર કરવા જેવી ક્ષુદ્રતા હોતી જ નથી. મહાપુરૂષો એવી ક્ષુદ્રતાના વૈરી જ હોય છે. મહાપુરૂષોનું હૃદય તો અપકારિઓ ઉપર પણ હંમેશાં ઉપકાર કરવાને જ સજ્જ હોય છે.

♦♦♦

મરતા એવા પુરૂષને જેટલી સહાય ધર્મ કરે છે તેટલી સહાય માતાપિતાદિ કોઇ કરી શકતા નથી.

♦♦♦

મરણ આવી પડે તો મુંઝાય નહિ અને સમાધિપૂર્વક મરે, એની વાત છે. અહીં હમણાં સર્પ નીકળી આવે, તો એ કરડે નહિ-એ માટે અમે પણ ખસી જઇએ. સર્પથી બચવાનો પ્રયત્ન સાધુ પણ કરે. કેમ ? જીવીશું તો ધર્મ કરીશું, એમ માને છે ! વળી, એમ મરવામાં સમાધિ ટકશે કે નહિ, એનીય શી ખાતરી ? આમ છતાંય, અચાનક સાપ કરડી જાય અને વિષને ઉતારવાનો ઉપાય કારગત નીવડે નહિ, તો એ વખતે શું કરવાનું ? વિચાર કરવો જોઇએ

કે-'આમેય મરવાનું તો હતું જ. જ્ઞાનિઓએ, આ રીતિએ મારૂં મરણ થવાનું છે, એમ જોયું હશે.' આવો વિચાર કરીને, એ તો પોતાની અન્તિમ આરાધનામાં જ લીન બની જાય. મરણ આવે, તો તેની ગભરામણ શા માટે જોઈએ ?

♦♦♦

મસ્તક આદિ અંગો અને અંગુલિ આદિ ઉપાંગોની સંપૂર્ણતાવાળો, કાણાપણું-બહેરાપણું-મુંગાપણું આદિ વિકલતાઓથી રહિત એવી સુન્દર પાંચ ઈન્દ્રિયોવાળો અને શોભન સંહનને પામેલો આત્મા સુરૂપસંપન્ન કહેવાય છે. આવો આત્મા જો ધર્મને પામે છે, તો તે ધર્મની આરાધના કરવાને માટે જેમ સમર્થ બની શકે છે, તેમ ધર્મની પ્રભાવનાનો હેતુ પણ બની શકે છે.

♦♦♦

મહાપુરૂષોની ભાવનાઓનો પાર પામવો, એ ભવાભિનંદી આત્માઓ માટે અશકય છે.

♦♦♦

મહાઅપરાધીને માટે પણ જે ભગવાનને પોતે સંસારનું કારણ થયા એનું દુઃખ થયું અને એથી એની દયા ઉપજી, એ ભગવાનને સંસારનું કારણ બનાવનારા અને એ ભગવાનને તથા એ ભગવાને કહેલા માર્ગને સંસારનું કારણ બનાવીને આનન્દ પામનારા, ભગવાનની ભક્તિ કરે છે કે ભગવાનની અને ભગવાને કહેલા માર્ગની આશાતના કરે છે, એ વિચારવા જેવું છે.

♦♦♦

મહાપુરૂષોને માથે પણ કલંક આવી જાય. કલંક આવે એવું કાંઈ ન કર્યું હોય, તો પણ કલંક આવી જાય, એ બનવાજોગ છે : કારણ કે-આ ભવની કરણીનું જ ફળ અહીં ભોગવાય છે એમ નથી : પૂર્વના પાપે પણ કલંક આવી જાય. પૂર્વભવમાં જે પાપ આચરાયું હોય, તેનું ફળ ભોગવવું પડે કે નહિ ? મહાપુરૂષ જાણીને પાપ કાંઈ શરમ ન રાખે.

♦♦♦

માતા, પિતા આદિ દુનિયાનાં સંબંધીઓ પ્રાયઃ શરીરના હિતચિંતકો છે ત્યારે ધર્મ એ આત્માનો હિતચિંતક છે.

♦♦♦

શ્રી મહાવીરદેવની આજ્ઞા વિરૂદ્ધ જતી વાતનો આગ્રહ કરનાર સાધુ તે સાધુપણાને લાયક નથી, સાધ્વી તે સાધ્વીપણાને લાયક નથી, શ્રાવક તે શ્રાવકપણાને લાયક નથી, શ્રાવિકા તે શ્રાવિકાપણાને લાયક નથી. ભગવાન શ્રી મહાવીરદેવની આજ્ઞાને માને એ પૂજ્ય, સેવ્ય, માથાનો મુકૂટ, પણ જે ભગવાન શ્રી મહાવીરદેવની આજ્ઞાથી વિરૂદ્ધ ચાલવાનો જ આગ્રહ કરતા હોય, તે માથાના મુકુટ સમા હોય તો પણ કહી દેવું ઘટે કે-આપની સાથે અમારો મેળ નહિ રહે.

♦♦♦

મનુષ્ય તરીકે તમારામાં અધિક્તા કયી, એ કષાય મનુષ્ય તરીકે તમારામાં જે અધિકતાં હોવી જોઇએ, તે મેળવવાને માટે, જ્ઞાની પુરૂષોની હિતશિક્ષા મુજબ જગતના પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રીભાવ ભજો. મૈત્રી એટલે પરહિતચિંતા, એ ન ભૂલો.

♦♦♦

માતાપિતા દુષ્પ્રતિકાર છે માટે એમના ઉપકારનો બદલો વાળવો કઠિન છે : જીંદગીભર એકસરખી રીતિએ સઘળી તકલીફ વેઠી અપૂર્વ અપૂર્વ વસ્તુઓ વડે માબાપની ભક્તિ કરે, તો પણ તેમના ઉપકારનો બદલો વળે નહિ. આમ જે શાસ્ત્ર કહે છે, તે જ શાસ્ત્ર કહે છે કે-"પ્રભુમાર્ગ રૂચે, વૈરાગ્ય આવે, સર્વવિરતિ લેવા આત્મા તૈયાર થઈ જાય એ તકે જો માતાપિતા મોહના યોગે ન માને, તો તેઓની આજ્ઞા વિના પણ પુખ્ત ઉંમરના પુરૂષે સંયમ લેવો જોઈએ : અને એવા સમયે એજ માતાપિતાની સાચામાં સાચી ભક્તિ છે."

♦♦♦

માણસે કોઈ પણ રીતિએ ખરાબ ઈચ્છાને દાબી રાખી, સારી ઈચ્છા પ્રમાણે ચાલવાનો પ્રયત્ન કરવો જોઇએ.

♦♦♦

માનવજીવનનો વાસ્તવિક આદર્શ, માનવજીવનનો પરમ આદર્શ કોઈ પણ હોઈ શકે, તો આત્મવાદિઓને મન પરમાત્મા થવા સિવાયનો બીજો કોઈ હોઈ શકે જ નહિ.

♦♦♦

માર્ગના દુશ્મનો પાસેથી બીજી આશા રાખવી એ ફોગટ છે : પણ

જેઓ માર્ગના રક્ષક હોવાનો દાવો કરે છે તેઓની ફરજ શી છે ? - એજ વાત વિચારવાની છે.

♦♦♦

માર્ગાનુસારી આત્માની આ દશા હોય છે કે'શાસ્ત્ર ગહન છે. મતિ થોડી છે, માટે મારે તો શિષ્ય કહે તે જ પ્રમાણ છે,'

♦♦♦

માણસ જો સાચો વિચારક બની જાય, પરમાર્થ દૃષ્ટિએ વિચારક બની જાય, તો આ સંસાર તો એવો છે કે-ડગલે ને પગલે આપણને મોક્ષ મેળવવાનું મન થયા વિના રહે નહિ.

♦♦♦

માનાકાંક્ષી આત્માઓ પોતાની મહત્તા ખાતર સર્વ કાંઈ આચરવાને તૈયાર હોય છે ! અને અજ્ઞાન જનતા ધર્મના નામે સઘળું કરવાને તૈયાર હોય છે !!

♦♦♦

'માન' કષાયના યોગે સંસારત્યાગી બનેલાઓ પણ જો પટકાઈ જાય, તો સંસારી આત્મા પટકાઈ જાય એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ?

♦♦♦

માણસને જ્ઞાનીની વાત માનવી નથી ત્યારે જ્ઞાનીઓને ઈચ્છા છોડાવવી છે અને આજ્ઞા મનાવવી છે. આ અંતર જ્યાં સુધી ન ભાંગે ત્યાં સુધી પરતંત્રતા મટવી નથી અને સ્વતંત્રતા આવવી નથી.

♦♦♦

માબાપની આજ્ઞા માનવી જોઈએ એવું જ્યાં જ્યાં વિધાન કર્યું, ત્યાં ત્યાં તે શા માટે કહેવામાં આવ્યું છે ?, અને નાનાના વાલી રાખવાનું કારણ શું ?, એ વિચારવું જોઈએ. વાલીનો અર્થ એ છે કે-અજ્ઞાન બાળક પોતાનું હિતાહિત પોતાની મેળે ન જાણી શકે તે માટે, એને અહિતના માર્ગેથી ખસેડી હિતના માર્ગે વાળવા માટે.

♦♦♦

મારે અહીંથી મરીને બીજે જવાનું છે, કયાંક પણ જન્મવાનું જ છે.'- એ ખ્યાલ જો તમારા હૈયામાં પેદા થઇ જાય, તો અત્યારે જે રીતિએ તમે તમારા જીવનને જીવો છો, એ રીતિએ તમે તમારા જીવનને જીવી શકો નહિ.

તમને જ લાગે કે-'મારે મારા જીવનને જીવવાનો બીજી કોઈક રીતિએ પ્રયત્ન કરવો જોઈએ.'

♦♦♦

## મૂળ વસ્તુની કિંમત જોઈએ

શ્રી નયસાર જૈન કુળમાં જન્મેલા ન હતા. સમ્યક્ત્વને પામેલા નહિ હતા. અટવીમાં, જંગલમાં લાકડા કપાવવા ગયા હતા. મધ્યાહ્નકાળ વીતી ગયો હતો, તે સમયે તેઓ શ્રમિત હતા, ક્ષુધિત હતા, એવા સંયોગોમાં પણ એ વિચાર કર્યો કે-કોઈ અતિથિ આવે, તો દઈને જમું. કયાં એમના વિચારો ને કયાં આજના વિચારો ? આ કઠીન ક્રિયા છે ? જમવા પહેલાં અતિથિને દઈને જમુ- એ ભાવના ને અતિથિને મેળવીને જમાડીને જમવું, એ ક્રિયા કઠીન છે ? હલકું પણ, કઠીન વસ્તુની મહત્તા સમજ્યા વિના થવાનું નથી. જેને રૂપીયાની કિંમત નથી, તે પાઈને ખીસ્સામાં નહિ મૂકે. એકસો બાણું પાઈનો રૂપીયો થાય એવું જે સમજે, તે માને કે-પાઈ પાઈ સંગ્રહ કરીશ તો રૂપિયો થશે. રૂપિયા પ્રત્યે પ્રેમ હોય તો જ પાઈ પ્રત્યે પ્રેમ થાય. સોનૈયા પ્રત્યે પ્રેમ હોય તોજ રૂપિયા પ્રત્યે પ્રેમ થાય. લાખ પ્રત્યે પ્રેમ હોય તોજ હજાર પ્રત્યે થાય. ક્રોડ પ્રત્યે પ્રેમ હોય તોજ લાખ પ્રત્યે થાય. જેને ક્રોડની કિંમત સમજાવી દેવામાં આવે, એને કહેવું પડે કે-તું પાઈ લેજે ? વેપારી વેપારમાં આના પાઈ ગણે છે. વ્યાજમાં દોકડા બદામ ગણે છે. લાખોની કિંમત એને છે માટે ને ? જો મૂળ વસ્તુની કિંમત ન હોય, તો તો આજુ બાજુની વસ્તુ પર પ્રેમ થવાનો નથી. આ સંસાર દુઃખમય છે, એને છોડવાથી શાંતિ છે, એ ભાવના ન આવે ત્યાં સુધી આમાંની એકે ભાવના આવે નહિ. દુનિયાના મોજશોખ, ઘરબાર, રંગરાગ, એ બધું મોજુદ હોય તે મૂકીને ધર્મની ભાવના કયારે થાય ? જ્યાં સુધી પોતાની પાસે રહેલી વસ્તુમાં સુખનો ભાસ થાય, ત્યાં સુધી અપૂર્વ, પૂર્વે કદીયે નહિ મળેલી વસ્તુ પર પ્રેમ થાય શી રીતે ?

♦♦♦

યોગ અને ક્ષેમને કરવાપણાની વાત કેવળ રાજાઓ અંગે જ નથી. જ્યાં જ્યાં થોડા કે વધુ પ્રમાણમાં 'નાથપણું' હોય, ત્યાં ત્યાં સર્વત્ર આ વસ્તુ હોવી ઘટે. જે જેનો નાથ હોય, તેણે તેના આશ્રિત આદિના યોગ અને ક્ષેમને

કરવા માટેની તત્પરતા દાખવવી જ જોઇએ. ધર્મસામ્રાજ્યમાં 'નાથપણાને ભોગવતા આચાર્યાદિએ ધર્મી જગતના યોગ અને ક્ષેમ તરફ કાળજી રાખવી જ જોઇએ. ધર્મના અર્થી આત્માઓ ધર્મને પામે, ધર્મને પામેલાઓ સ્થિરતા પામી વિશેષ વિશેષ ધર્મને પામે, અને તેઓના પ્રાપ્ત ધર્મને બાહ્ય કે આભ્યન્તર શત્રુઓ આદિ દ્વારા હાનિ ન પહોંચે, એની ધર્માચાર્ય આદિએ કાળજી રાખવી જોઇએ. એ જ રીતિએ શ્રી સંઘના અગ્રેસરો આદિએ પણ, પોતાની ફરજ વિચારી તેનો શક્ય અમલ કરવાની ઉદ્યુક્તતા દાખવવી જોઇએ. કહેવડાવવું નાથ, નાથ તરીકેનાં માન-પાન લેવાં અને યોગ-ક્ષેમ કરવાની પોતાની ફરજ તરફ બેદરકાર રહેવું, એ નાથ તરીકેનું ભયંકરમાં ભયંકર કલંક જ ગણાય. એવું નાથપણું તો સ્વપરનું તારક બનવાને બદલે કદાચ સ્વપરને કારમી રીતિએ ડૂબાવનારૂં પણ બની જાય. એટલે જેટલે જેટલે અંશે આપણે 'નાથ'પણાને પામ્યા હોઇએ, તેટલે તેટલે અંશે 'નાથ' તરીકે આપણી કયી કયી ફરજો છે તેનો અને તેના શક્ય અમલ આદિ માટેનો પણ આપણે વિચાર કરવો જ જોઇએ.

◆◆◆

યોગ્ય રીતિએ વર્તતા આવડે, તો ખોટી પ્રવૃત્તિ રોકાય અને સાચી પ્રવૃત્તિ શરૂ થાય અધમતા અને ઉત્તમતા આવે : પાપવૃત્તિ નાશ પામે અને પુણ્યવૃત્તિ જાગે : ભલું કરવાની ભાવના થાય અને બુરુ કરવાની બુદ્ધિ નાશ પામે : લૂંટવાની અધમતા જાય અને દાન દેવાની ઉદારતા જાગે : અધમ આચરણ સેવાય, ગાળ દેવાનું મન ન થાય અને કોઈ ગાળ પણ દે, તોય તે સાંભળીને સહન કરવાનું મન થાય તેમજ પોતાની વસ્તુ કોઇના કામમાં આવે તો તેને માને અને બીજાનું લઇ લેવાની વત્તિ નાશ પામે

◆◆◆

યદ્યપિ મિથ્યાત્વ ન ગયું હોય, તો પણ સમ્યક્ત્વને પેદા કરનાર સાધનોની જે સેવા કરતો હોય, તેને વ્યવહારથી આપણે સમ્યગ્દૃષ્ટિ તરિકે સ્વીકારી શકીએ છીએ.

◆◆◆

યથેચ્છચારીતા, દીનતા કે પુદ્‌ગલાનંદિતા સાથે શ્રી જિનેશ્વરદેવના મુનિપણાને મેળ કરવા ઈચ્છનાર આત્માઓ, શ્રી જિનેશ્વરદેવના મુનિપણાને

દીપાવનારા નથી કિંતુ કલંકિત્ત કરનારા છે.

♦♦♦

યાવજ્જીવ ગુરૂકુળવાસ સેવવો, ગુરૂઆજ્ઞામાં રહેવું, ગુરૂ પાસે બહુમાન પૂર્વક શાસ્ત્રાભ્યાસ કરવો અને એને અનુસરીને જ બોલવું, એ તરવાનો ઉત્તમ માર્ગ છે. એ બધું મૂકીને જેઓ લોકહેરીમાં પડે. તેઓ ભૂલે-પડે એમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી.

♦♦♦

યાદ રાખો કે-આજનો ઝઘડો ત્યાગની દેશનાથી નથી, જિનેશ્વરદેવોનો માર્ગ સમજાવવામા નથી, ભવને ભયંકર જણાવવામાં નથી, પણ સંસારમાં ફસી પડેલા, વિષયોમાં આસક્ત બનેલા અને અર્થકામની આસક્તિમાં ઉદય માનનારા આત્માઓની દુષ્ટ વાસનાઓના પ્રતાપે છે. એ ઝઘડો તો અનંત જ્ઞાનીઓના વારામાં પણ હતો, આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે.

♦♦♦

યુક્તિસિદ્ધ સત્ય વાતને દુનિયાના બધા જ જીવો કબૂલી લે, એવો એકાન્ત નિયમ છે જ નહિ.

♦♦♦

યુગલિક કાળમાં કષાય અલ્પ હતા, બળ ઘણું હતું, કાયા અને આયુષ્ય મોટાં હતાં, છતાં નહિ પામ્યા એનું કારણ તે સમયે દર્શન પામવાની સામગ્રી નહોતી. દર્શનના કાળમાં જ્ઞાન અને ચારિત્ર આવવાં સહેલાં છે, પણ એકલા જ્ઞાન કે ચારિત્રના કાળમાં દર્શનની પ્રાપ્તિ શકય નથી.

♦♦♦

યથાશક્તિ ધર્મ કરવાનો શાસ્ત્ર કહે છે એમાંથી બે વાત નીકળે છે- એક તો શક્તિને ગોપવો પણ નહિ, અને બીજી શક્તિથી અધિક પણ કરો નહિ.

♦♦♦

યુદ્ધ કરનારાઓને પોતાના કાળજા કેટલાં કઠણ બનાવવાં પડયા હશે ? ખરેખર, માણસ પોતાને પ્રિય લાગેલ મેળવવાને માટે શું શું નથી કરતો ? તેમ ધર્મ જો ઈષ્ટ જ લાગી જાય, તો ધર્મ માટે પણ જો સમર્પણ કરવાની તક આવી પડે તો એ આત્મા ભીરૂતાથી પાછો ન પડે.

♦♦♦

યુવાવસ્થામાં જેની દશા બગડી, તે કદી સુખી નથી થતો. તેની વૃદ્ધાવસ્થા પણ એવી થાય કે-કમાણી કરવા લાયક ન રહે. જેમ સાગર આખો તરી જવાય, પણ વચ્ચે ક્રૂરતા આવર્ત્તો આવે ત્યાં જો સ્ટીમર વમળમાં પડી જાય તો ભાગ્યે જ બચે. આખા સાગરને તરવામાં જે મુશ્કેલી નથી, તે મુશ્કેલી એ આવર્તને ઓળંગવામાં છે. મનુષ્યજીવનની બરબાદી પણ આ યૌવન રૂપી આવર્ત્તમાં છે.

♦♦♦

યુવાવસ્થા જો સન્માર્ગની સાધનામય બની જાય, તો એ દશામાં આત્મા, બીજી કોઈ પણ અવસ્થા કરતાં ઘણી જ વિશિષ્ટ કોટિની સાધના કરી શકે છે. એજ રીતિએ યુવાવસ્થા ઘણી જ ભયંકર પણ નિવડી શકે છે : કારણ કે-યુવાવસ્થામાં ઉન્માર્ગે ચઢી ગએલો આત્મા, પોતાના સારા ય જીવનની સુન્દરતાની ખાનાખરાબી કરી મૂકે છે અને પોતાના ભાવિકાલને પણ અનેકવિધ આપત્તિઓથી ઘેરાએલો બનાવી દે છે.

♦♦♦

યોગ્ય દિશાએ વળેલી યુવાવસ્થા જેટલી ઉપયોગી અને લાભદાયી નિવડે છે, તેટલી જ તે અયોગ્ય દિશાએ વળતાં નિરૂપયોગી અને ભયંકર નિવડે છે.

♦♦♦

યોગ્યતા મુજબની પરીક્ષા આત્માને ઉન્નત બનાવનારી છે, જ્યારે યોગ્યતા બહારની પરીક્ષા આત્માને અવનત બનાવનારી છે.

♦♦♦

યુવાવસ્થામાં ઉન્મત્તતા આવતાં વાર લાગતી નથી : અને એ ઉન્મત્તતા આવી જાય તો સારૂં સાધવાનું એક બાજુએ રહી જાય છે અને નુકશાનકારક વસ્તુઓ સધાઇ જાય છે.

♦♦♦

યોગ્ય રીતિએ સહાય કરવાથી દુર્ગુણિઓને ઉત્તેજન મળે છે, એ આજની ભ્રમણા છે, ક્ષુદ્રતામાંથી જ એ જન્મેલી છે.

♦♦♦

યુવાને નવું સર્જન કરવાનો દાવો પૂરવાર કરવો હોય, તો તે અવસ્થામાં તૃષ્ણા રૂપી તરંગોમાં તણાઈ ઈંદ્રિયોને આધીન થઇ જઈ, સંસાર

રૂપી સાગરના આવર્તમાં પડતા પોતાના આત્માને બચાવી લેવો જોઈએ.

◆◆◆

યોગ્ય આત્માઓ, કર્મની પરવશતા આદિના કારણે ઉન્માર્ગે ચઢી ગયેલા હોવા છતાં પણ, ઉત્તમ રાહવાસની સુંદર અસર તેવા આત્માઓ ઉપર થયા વિના રહેતી જ નથી.

◆◆◆

રાગદ્વેષ એ ત્યાજ્ય છે, ગ્રાહ્ય નથી, પણ કયા કયા અને કયારે કયારે એ નક્કી કરવું પડશે કે નહિ ? વીતરાગ અને રાગી માટે એક સરખો ન્યાય આંકી લીધો, તો જૂલ્મ વર્તાઈ જશે.

◆◆◆

રત્નત્રયીની અનુપમ પ્રકારે આરાધના કરવા દ્વારા અજોડ સામર્થ્યને કેળવીને, જે આત્માઓએ રત્નત્રયીને જીવનમાં એકમેક કરી દીધી તથા જગતના જીવોના કલ્યાણને માટે રત્નત્રયી રૂપ મોક્ષમાર્ગને જે આત્માઓએ સ્વતન્ત્રપણે પ્રદર્શિત કર્યો તે શ્રી અરિહંતદેવો પ્રથમ કક્ષાએ પ્રશંસાપાત્ર છે.

◆◆◆

રત્નત્રયીની આરાધના, એજ એક આ દુર્લભ મનુષ્યજીવનની સાર્થકતાનો વાસ્તવિક ઉપાય છે.

◆◆◆

રાગ તરફ પૂંઠ રાખવી અને ત્યાગ તરફ મોં રાખવું. સંસારમાં રહેવું પડે તોય સાવધગીરી એવી રાખવી કે-વળગી પડે નહિ, પણ રાગ તરફનો અણગમો જીવન્ત રહ્યા કરે. એ માટે માણસે કમળની પેઠે અસંગ રહેતાં શીખવું જોઈએ

◆◆◆

'રાગાદિ શત્રુઓને જીતવા, એ જ માનવ તરીકે જન્મ્યાનું ફળ છે.'- આ વાતનો સ્વીકાર કોણ નહિ કરે ? હરકોઈ વિવેકી તો આ વાતનો સ્વીકાર કર્યા વિના રહે જ નહિ. જ્યારે રાગાદિ દુશ્મનોને જીતવા એ જરૂરી છે, ત્યારે રાગાદિક શત્રુઓને જીતવા માટે રાગાદિક શત્રુઓને જેમણે જીત્યા હોય તેવા તારકની આજ્ઞામાં રહેવું જ જોઈએ : અને રાગાદિક શત્રુઓને જીતી પ્રાણીમાત્રનું હિત ઉપદેશતા શાસનને સ્થાપનાર પરમ તારકની આજ્ઞામાં

રહેવું, એ જ શ્રેયસ્કર છે-એવો જે નિરધાર, એનું જ નામ શ્રી જૈન શાસનનો સ્વીકાર છે.

♦♦♦

રત્નત્રયીની આરાધનાની પ્રતિજ્ઞા સ્વીકારી, રત્નત્રયીની આરાધનામાં રક્ત રહેવા સાથે, જગતમાં રત્નત્રયીની આરાધના કરવા ઈચ્છતા આત્માઓને યથાયોગ્ય પ્રકારે સહાય કરનારાં સાધુ-સાધ્વી પણ પાંચમા નંબરે પ્રશંસાપાત્ર છે.

♦♦♦

રત્નત્રયીના આરાધક બનીને, એ રત્નત્રયીનો પ્રચાર કરવાનું જે આત્માઓએ બીડું ઝડપ્યું છે અને જેઓ શ્રી તીર્થંકરદેવોની ગેરહાજરીમાં શિરતાજ પદે રહીને શાસનનું અબાધિત પ્રવર્તમાન કરી તથા કરાવી રહ્યા છે, તે શ્રી આચાર્યભગવન્તો પણ ત્રીજા નંબરે પ્રશંસાપાત્ર છે.

♦♦♦

રત્નત્રયીની અવિરાધના, એ પણ દેવગતિનું આયુષ્ય બાંધવાનું એક કારણ છે રત્નત્રયી એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. એ ત્રણની આરાધનાનું તો સારૂં ફલ છે જ, પણ જેનામાં રત્નત્રયીની વિરાધનાથી સદાને માટે બચતા રહેવાના પરિણામ હોય, તેય દેવલોકના આયુષ્યને ઉપાર્જનારો બની શકે છે. રત્નત્રયીની વિરાધનાથી બચવાની વૃત્તિ, એ રત્નત્રયી પ્રત્યેના સદ્ભાવને સૂચવે છે. રત્નત્રયી, એ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો મોક્ષમાર્ગ છે અને મારાથી એની આરાધના ન થઈ શકે તોય મારે એની વિરાધનાથી તો અવશ્ય બચવું જોઈએ, આવી વૃત્તિ જેના હૈયામાં હોય, તે દેવલોકના આયુષ્યને બાંધે, એ સહજ છે ને ? કેમ કે-હૈયામાં રત્નત્રયી પ્રત્યેના સદ્ભાવવાળા પરિણામ છે !

♦♦♦

રત્નત્રયીને પામવાની અભિલાષાવાળાં, રત્નત્રયીની આરાધનામાં જ આત્માનો નિસ્તાર છે-એમ માનનારાં, રત્નત્રયીના આરાધક આત્માઓની સેવામાં રક્ત રહેનારાં, સંસારમાં રહેવા છતાંય સંસારને બૂરો માનનારાં, સંસારને છોડવાની પેરવીમાં પડેલાં અને શકયમાં પ્રવૃત્તિ તથા અશકયમાં સદ્દહણા જેવી દશાવાલાં શ્રાવક-શ્રાવિકા પણ તે ગુણથી પ્રશંસાને પાત્ર છે.

♦♦♦

રત્નત્રયી રૂપ શુદ્ધ મોક્ષમાર્ગની સન્મુખ બનેલા આત્માઓ પણ, એ પૂરતા પ્રશંસાપાત્ર છે. જેમનું જીવન એવું બની ગયું હોય કે-ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા માર્ગને ઝટ પામે : રત્નત્રયી રૂપ મોક્ષમાર્ગની સન્મુખ દશાવાળા : જાણે-અજાણે શ્રી વીતરાગ પરમાત્માના વચનને સામાન્ય પ્રકારે અનુસરવાનું જેમનું જીવન બન્યું છે એવા : જે જીવનમા શ્રી વીતરાગના સિદ્ધાંતની છાયા જણાય તે ! એવા આત્માઓ પણ, એ પૂરતા પ્રશંસાપાત્ર છે. પણ પ્રશંસા કરતાં ચકોર બનવું જોઈએ. પ્રશંસા એવી જ રીતિએ થાય, કે જેથી એ આત્મા માર્ગ પામે અને બીજા પણ આત્માઓ માર્ગ પામેઃ કોઈ પણ આત્મા ઉન્માર્ગે ચઢી જાય-એવી પ્રશંસા નહિ કરવી જોઇએ ! પ્રશંસા કરવામાં પણ વિવેક જોઇએ છે. કોઈ પણ પ્રકારના ધર્મમાં વિવેક વિના ચાલે એવું નથી.

♦♦♦

'રાગાદિ શત્રુઓ પ્રત્યે નૃશંસપણું એટલે ક્રૂરપણું અને સઘળાયે આત્માઓ ઉપર કૃપાળુપણું'-આ ભીમકાન્ત ગુણ વડે જ ઉંચામાં ઉચું સામ્રાજ્ય શ્રી વીતરાગ પરમાત્માઓએ મેળવ્યું છે, એમ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસુરીશ્વરજી મહારાજા કહે છે.

♦♦♦

રાગ ગયા વિના કેવળજ્ઞાન અને મુક્તિ ન મળે એ નિશ્ચિત છે : પણ સાથે એય નિશ્ચિત જ છે કે-રાગનો નાશ પ્રશસ્ત, રાગ પ્રગટયા વિના થવાનો નથી.

♦♦♦

રાગ ભૂંડો છતાં ત્યાગ માટેનો રાગ પ્રશંસનીય છે : અને ત્યાગ સારો છતાં પણ રાગ માટેનો ત્યાગ પ્રશંસનીય નથી.

♦♦♦

'રસના'ની આજ્ઞાને તાબે થયેલા આત્માઓ સંયમને પામી શકતા નથી અને કદાચ પામી શકે છે તો પણ તેઓ સંયમને જે રીતિએ આરાધવું જોઈએ તે રીતિએ આરાધી શકતા નથી જ : રસનાની આજ્ઞાને તાબે થવા જોગ તેમની સ્થિતિ, એ તો તેઓ માટે પતનનું એક પ્રબળમાં પ્રબળ કારણ બને છે.

♦♦♦

રૂપને પણ ઉપકારિઓએ ગુણ કહ્યો છે, કારણ કે-રૂપસંપન્ન આત્માઓ

જો ધર્મ કરનારા બને છે, તો તેઓ પોતાના રૂપ દ્વારાએ પણ અનેકોની ધર્મપ્રાપ્તિનું કારણ બની શકે છે. રૂપવાન ધર્મિને જોઇને, જગતમાં ધર્મ પ્રત્યેનું આકર્ષણ થાય છે. ધનવાનોએ ધર્મક્રિયાઓ આડંબર પૂર્વક કરવી જોઈએ એવું જે વિધાન છે, તેમાં એ પણ એક કારણ છે કે-ધર્મના મહિમાને એ પ્રસરાવનાર છે. જોનારને એમ થાય કે-'આવા સુખી માણસો પણ જોધર્મ કરે છે, તો આપણે પણ ધર્મ કરીએ !' ધર્મ એ જ સુખનું કારણ છે, એવી અસર થવાનો પણ એથી સંભવ છે.

♦♦♦

રમા અને રામાને છોડવાનું મન નથી થતું, એટલાજ કારણે એ દુઃખનું સાધન નથી એમ નહિ માનો.

♦♦♦

રમા અને રામાની મઝા એ જ દુઃખનું સાધન છે, કેમકે-એની ઈચ્છા જ આત્માને બાળે છે.

♦♦♦

રસનાની આસક્તિ ઘણી જ ભયંકર છે અને એને આધીન બનેલા આત્માઓ નહિ આચરવાનુ આચરે છે અને આ લોકમાં પણ નિંદ્ય બની પોતાનો પરલોક એક ક્ષણવારમાં બગાડી નાખે છે.

♦♦♦

રોજ કેટલા કલાક કામ કરો છો ? તે સંસાર સુખને માટે ને ? વર્ષોથી કરો છો : આજથી નહિ છતાં છાતી ઉપર હાથ મૂકીને કહી શકો છો ? તમને શાંતિ છે ?

♦♦♦

રૂચે કે ન રૂચે પણ આપણે સ્વપર હિતને ધ્યાનમાં રાખીને આપવા જોગી ચેતવણી આપવાનું ચૂકવું ન જોઈએ. એ ચેતવણી સામાને ફળે કે ન ફળે, પણ હિતબુધ્ધિએ અવસર જોગ વ્યાજબી ચેતવણી આપવાએ તો લાભ જ થાય છે.

♦♦♦

રાગની રક્ષા માટે જ ધરેલો ત્યાગનો વેષ આત્માને ઘસડીને રાગના ઘરમાં લઈ જાય, એમાં કશી જ શંકા નથી.

♦♦♦

રાજાઓનો રાજધર્મ એ જ છે કે-રાજ્યના માલિક બનવા છતાં પણ પોતાની પ્રજાનું હિત સાચવવા સાથે પોતાનું આત્મહિત પણ કદી જ ન ચૂકવું.

♦♦♦

રોગવાળી દશામાં અને મૃત્યુ વખતે પણ, એ છોકરો તો મુનિરાજને વહોરાવ્યાનો આનન્દ જ અનુભવ્યા કરતો હતો અને પોતાના સુપાત્રદાન રૂપ એ સુકૃતની એ અનુમોદના જ કર્યા કરતો હતો. એનો જ એ પ્રતાપ છે કે-એ છોકરો ત્યાંથી મરીને સીધો જ શ્રી શાલિભદ્ર તરીકે જન્મ્યો.

♦♦♦

રસ્તામાં પડેલાં રોડાં બધાંને વાગતાં નથી. જે ન દેખે, ન જુએ એને જ વાગે છે. તેમ દુનિયાની વસ્તુ સારૂં અગર ખોટું કરી શકતી નથી, આથી જ તેનો ઉપયોગ કરનાર વિવેકી કે નિર્વિવેકી ઉપર સુખ દુઃખનો આધાર છે.

♦♦♦

રોનારાઓમાં મોટો ભાગ એવો હોય છે કે-તમે છાના રાખવા જાઓ ત્યારે એ પોક મૂકે, એટલે મહેનત માથે પડે અને રોવું વધી જાય.

♦♦♦

રોતા કુટુંબને મૂકીને પણ આત્મકલ્યાણના માર્ગે જવાની જ શ્રાવક, શ્રાવક હોય તો સલાહ આપે. જેને વસ્તુસ્વરૂપનું પૂરેપૂરૂં જ્ઞાન છે તે બીજી કયી સલાહ આપે ? વસ્તુનો જ્ઞાતા કદી પણ સુગતિના માર્ગને રોધતો નથી કે એમાં આડખીલી કરતો નથી.

♦♦♦

રાગ વિના અર્થી બનાય નહિ. મોક્ષનો અર્થી તે જ બની શકે, કે જે મોક્ષનો રાગી હોય. મોક્ષનો રાગ ન આવે, ત્યાં સુધી સંયમધર્મની કે ગૃહસ્થધર્મની ગમે તેટલી ક્રિયાઓની વસ્તુતઃ કાંઈ જ કિંમત નથી. છટ્ઠા ગુણસ્થાનકે રહેલા અને પાચ પરમેષ્ઠિઓમાં ત્રીજા, ચોથા અને પાંચમા પદે ગણાતા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મોક્ષના રાગી અને સંસારના દ્વેષી નિયમા હોય. છટ્ઠા ગુણસ્થાનકે હોય અને સંસારનો દ્વેષ તથા મોક્ષનો રાગ ન હોય, એ બને જ નહિ : છતાં મોક્ષનો રાગ અને સંસારનો દ્વેષ ન હોય, તો માનવું કે-એ દેખાવના જ સાધુ, ઉપાધ્યાય કે આચાર્ય છે : પણ વસ્તુત : ઘોર મિથ્યાદૃષ્ટિ છે ! મોક્ષનો રાગ અને સંસારનો દ્વેષ ગયા વિના કેવલજ્ઞાન

પ્રગટવાનું નથી અને મોક્ષ મળવાનો નથી, એટલું જ યાદ રાખીને મોક્ષના રાગને તેમજ સંસારના દ્વેષને કાઢવાનો જો કોઈ ઉપદેશ આપવા મંડી પડે, તો માનવું કે-'એના જેવો આ દુનિયામાં બીજો કોઇ બેવકૂફ જ નથી. આ વસ્તુ પણ ખાસ સમજવા જેવી છે.

♦♦♦

રમા અને રામાનો અભાવ એ દુઃખ નહિ, પણ રમા અને રામાની ઈચ્છા એ દુઃખ છે. આજ કારણે રમા અને રામાના અભાવમાં સાધુઓ આનંદ મગ્ન રહે છે.

♦♦♦

રાગીઓમાં નિર્દોષ પ્રેમ હોઈ શકતો નથી, નિર્દોષ પ્રેમ તો વિરાગીઓમાંજ સંભવે છે.

♦♦♦

રાત-દિવસ પૈસા ભેગા કરવા, પૈસા સાચવવા મથો છો, બંગલાઓ બંધાવો છો, સુખની માનેલી સામગ્રીઓ એકઠી કર્યા કરો છો, પણ તેનું છેવટ શું ? એના યોગે લાગતા પાપની વાત પછી, જીવતાં જીવતાં પણ કેઈનાં ધનાદિ ગયાં ને કેઈ ભીખારી થઈ ગયા-એ વાતેય પછી; પણ એટલું તો તમે સમજો છો ને કે-આ બધાને મૂકીને ગયા વિના તો છૂટકો થવાનો જ નથી ! ? એટલે, ધારો કે-તમે જે કાંઇ મહેનત કરો છો, તેનું ભવિષ્યમાં કશું જ ખરાબ ફળ મળવાનું ન હોય તો પણ, તમારી મહેનતની કીંમત કેટલી ?

♦♦♦

રસનાને આધીન બનેલો એ જેટલું ન કરે તેટલું ઓછું

♦♦♦

રમા અને રામાની ઈચ્છાનો અભાવ થઈ જાય, તો દુનિયામાં એક પણ ગુન્હો બને નહિ.

♦♦♦

લક્ષ્મી ખોટી છે એ ભાવના વિના સંતોષ નહિ જ આવે, કારણ કે-સર્વ ત્યાગ એજ શ્રેષ્ટ છે એમ સમજાયા વિના થોડામાં સંતોષ આવે કયાંથી ?

♦♦♦

લક્ષ્મીનો સદ્વ્યય કરવાનો ઉપદેશ દેનાર મહાપુરૂષોએ જ ફરમાવ્યું

છે કે-'લક્ષ્મી મેળવવાની ઈચ્છા એ પાપ ઇચ્છા છે.'

◆◆◆

લેખો લખી જાણે એ કાંઇ જ્ઞાની નથી. ધર્મક્રિયા પ્રત્યે રૂચિ નહિ, એનું જ નામ સમ્યગ્જ્ઞાનનો અભાવ. અજ્ઞાન કરતાં આજનું જ્ઞાન-શિક્ષણ જ એવું છે કે-જેના યોગે નાસ્તિકતા આવી. મંદિરમાં કોણ છે ? એ કેવા છે ? એ પૂછાય, પણ મંદિરની શી જરૂર એમ પૂછે એ તો પ્રાયઃ નાસ્તિક જ છે. નાસ્તિકના માથે શીંગડાં અને આસ્તિકના હાથમાં કાંઇ પદ્મ નથી ઉગતાં. દેવમંદિરમાં કે સાધુ પાસે એવાને લાવવાથી ધર્મ નહિ પામે, પ્રાયઃ પણ અધર્મ જ પામશે. અને ઉપરથી ધર્મ કરનારને અંધશ્રદ્ધાળુ કહેશે.

◆◆◆

લાખો સત્ય વાત જાણવા છતાં અહિતકર લાગે તો એમાંની એકને પણ ન કહે, એ ગુન્હેગાર નથી ગણાતો; કિંતુ અલ્પ પણ અસત્ય બોલનાર ગુન્હેગાર ઠરે છે.

◆◆◆

લોકચિંતામાં પડેલા સાધુને પણ ચિંતા મુંઝવે, તો એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી.

◆◆◆

લાખોની સંપત્તિવાળો એક પાઇનું પણ દાન નહિ દે, તો કોઈપણ સત્તા એને ફરજ પાડી શકશે નહિ, પણ એક પણ પાઇ બીજાની પડાવી લેવાને ઇચ્છનાર તો ગુન્હેગારજ થાય છે.

◆◆◆

લોક તો જૂએ તેવું માને માટે જે કાળે આપણી ધર્મ ક્રિયાઓને ઉંધેરૂપે ચીતરવાનું પ્રચારકાર્ય ચાલુ હોય તે વખતે તેનું સત્ય સ્વરૂપ જાહેર કરવાનું કાર્ય જોરશોરથી ચાલુ રહેવું જોઇએ.

◆◆◆

લક્ષ્મી પુણ્યથી મળી, પણ વિષય વિલાસમાં અને રંગરાગમાં જ તેનો વ્યય થાય, તો માનો કે-એ પૂણ્યમાં વિષના કણીઆ પડયા છે : અને એ લક્ષ્મી દાન, ત્યાગ કે દુનિયાના વાસ્તવિક ભલામાં વપરાય, તો માનવું કે તેમાં અમૃતના છાંટા છે.

◆◆◆

લોક મારી નિંદા કરે છે કે ગુણ ગાય છે, મારા માટે સારૂં કહે છે કે નરસું કહે છે, 'એ ઈચ્છાવાળો' જૂએ છે; પણ આજ્ઞા પાળનાર કદી જોતો નથી.

♦♦♦

લાભ અને હાનિનો નિર્ણય અન્તિમ પરિણામના આધારે જ થઈ શકે. એ દષ્ટિએ જોતાં, પૌદ્‌ગલિક અભિલાષાથી ધર્મ કરનારાઓ ભયંકર હાનિનો જ ધંધો કરી રહ્યા છે. સુવિહિત ગુરૂદેવો આનાથી વિપરિત વાત કહે જ નહિ.

♦♦♦

લક્ષ્મી મળી તેની સાર્થકતા શી ? પેટ ભર્યું, બંગલા બંધાવ્યા, કુટુંબ પોષ્યું, વિલાસો ભોગવ્યા, એથી લક્ષ્મીની સાર્થકતા છે, એમ ? લક્ષ્મીની સાર્થકતા ભોગથી નહિ પણ દાનથી છે અને એ દાન પણ વિવેકહીન નહિ હોવુ જોઈએ. દાનની પાછળ કીર્તિની કે તેવી બીજી ભૂખ નહિ હોવી જોઈએ. દાન લક્ષ્મીની મૂર્ચ્છા ઘટાડવાનું કારણ બનવું જોઈએ. આજે દાન નથી થતું એમ નહિ, પણ દાનનો ઉદ્દેશ બહુલતયા ભૂલાઈ ગયો છે. દાનને પણ સફળ બનાવવું હોય તો તત્ત્વરૂચિ અને તત્ત્વવિચારણા આવશ્યક છે.

♦♦♦

લોકભયને સર્વથા જીતી શકે, એ વિરલા. ધર્મિની દષ્ટિ પહેલી ધર્મ તરફ હોવી જોઈએ. યથાવિધિ ધર્મ કરતાં અજ્ઞાન લોક બકવાદ કરે, તો તેની તેને પરવા ન હોય. શાસ્ત્રદષ્ટિએ એક કાર્ય કરણીય હોય, એકાન્તે હિતકર હોય, માત્ર ગણ્યા-ગાંઠયા જ સમજી શકે કે-કરવા જેવું છે, ઘણા લોકો એને રગડો-ઝગડો કહેતા હોય, છતાં એકાન્તે હિતકર શાસ્ત્રદષ્ટિએ યોગ્ય કાર્યમાં જ મક્કમ રહે, તે જ ધર્મની વાસ્તવિક પ્રભાવના કરી શકે.

♦♦♦

લજ્જાગુણ એટલે નીચું ઘાલવું, કાંઈ પણ નહિ બોલવું, મ્હોંઢા પર દીનતા બતાવવી એ જ નહિ એ ગુણ આવે એને પોતાની દોષવાળી જાત પર-અયોગ્ય આચરણાઓ પર તિરસ્કાર આવે છે. લજ્જા ગુણનું એજ ફળ છે. પોતાના ચરિત્ર પર તિરસ્કાર છૂટયા પછી બચાવ કે બારી નિકળતી નથી. ભૂલ કરી, ભૂલ થઇ ગઇ છે, એ મારી જાત માટે યોગ્ય ન થયું એમ

ભાસ થઈ ગયો પછી બચાવ શાનો ?

♦♦♦

લોકોક્તિ એવી છે કે-'જર, જમીન ને જોરૂ એ ત્રણ કજીયાનાં છોરૂ'-એના સંસર્ગમાં રહીને શાંતિની વાત કરવી, એ વાહીયાત વાત છે.

♦♦♦

લોકો પાંજરામાં પૂરાએલા સિંહને જોવા જાય છે, પણ ગુફામાં બેઠેલા સિંહને જોવા જતા નથી. સિંહ છૂટો હોય તો તેને દૂરથી દેખતાં લોકો કંપી ઉઠે છે. એ જ સિંહ પાંજરામાં પૂરાય છે, એટલે છોકરાં પણ પાંજરાથી જરા દૂર રહીને મઝાક કરી શકે છે. કારણ ? કારણ એ જ કે-તે સમર્થ છે, પણ તેનું સામર્થ્ય આવરાએલું છે. આત્મા પણ અનંત શક્તિનો સ્વામી છે, પણ અત્યારે ? 'હું અનંતી શક્તિવાળો છું'-એમ કોઈ કહ્યા કરેતેથી કાંઇ દિ' વળે ? અનંતી શક્તિ છે, પણ દબાએલી. છે. એ આવરણ જ્યાં સુધી ખસે નહિ ત્યાં સુધી છતી મીલ્કતે ભૂખ્યા મરવા જેવું થાય ! મિલ્કત છે પણ તે વસુલ કરાય ત્યારે કામનીને ? આત્માની મિલ્કત કર્મની સત્તા નીચે છે. કર્મની સત્તા કાકલુદી કર્યે માને તેમ નથી. 'ભાઈસા'બ ! મારૂં મને ભોગવવા દે, મહેરબાની કર ને મારો પીછો છોડ'-એમ કર્મને કહો, એથી એ પીગળે તેમ નથી. કર્મસત્તા પાસે દયા જેવી કોઇ વસ્તુ જ નથી,કે જેથી છતી મીલ્કતે તમને ટળવળતા જોઈને, એ પોતાની ઉદારતાથી ખસી જાય ! એટલે રસ્તો એક જ છે અને તે એ જ કે -કર્મસત્તાને હાંકી કાઢવી !

♦♦♦

લોકસંજ્ઞાનો ત્યાગ કરવા પૂર્વક શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞામાં જ રક્ત રહેતા આત્માઓની સાથે જ મિત્રતાનો આદર કરવામાં આવે, તો જરૂર જીવનમાં કોઈ અજબ પલટો આવે.

♦♦♦

લોકપ્રસિદ્ધિમાટે અગર બીજા કોઈ તેવા જ દુન્યવી સ્વાર્થની સાધના માટે 'સત્ય' આદિ ધર્મોના જેઓ ઉપાસક બન્યા હોય છે, તેવાઓ અણીના અવસરે 'સત્ય' આદિ ધર્મોને પ્રાયઃ ધક્કો મારનારા જ નિવડે છે.

♦♦♦

લક્ષ્મીના ગુલામ થવામાં મહત્તા નથી, પણ મહત્તા તો ભાગ્ય યોગે

લક્ષ્મી મળી ગઇ હોય અને પરિપૂર્ણ ત્યાગ શકય ન હોય, તો એના માલીક થવામાં છે.

♦♦♦

લોભ એ એવી ભયંકર વસ્તુ છે કે-ભલભલા આત્માઓ પાસે એ નહિ કરવાનું કાર્ય કરાવી નાખે છે !

♦♦♦

લક્ષ્મી અસાર છે. વસ્તુતઃ એ મારી નથી. એ મારા મોઢાને નથી મળેલી, પણ મારા પુણ્યને મળેલી છે. મારૂં પુણ્ય પૂરું થયા બાદ હું રાખવા માગુ તો પણ એ મારી પાસે રહેવાની નથી. એવી ચંચળ લક્ષ્મીમાં મૂંઝાવું અને ભોગમાં રક્ત બનવું, એ ડહાપણ નથી પણ ગાંડપણ છે. આ બધું આત્માથી પર છે, પણ એ પરને મૂકી માત્ર સ્વની સાધના કરવાની મારી શક્તિ નથી. તો એ ચાલી જાય અગર મારે એને મૂકીને ચાલ્યા જવું પડે, તે પહેલાં બને તેટલી મુર્ચ્છા ઉતારીને, મર્ચ્છાથી સર્વથા મૂકાઈ જવાના ઈરાદે આપવું જોઈએ. એ રીતિએ અપાય તો એ ઉદારતાના પ્રતાપે આપ્યું કહેવાય.

♦♦♦

વીતરાગનું સિદ્ધજીવન છે, ત્યારે આપણું સાધક જીવન છે. સિદ્ધપુરૂષની આજ્ઞાને અનુસરીને જીવવું, એ સાધક જીવન છે. પણ સિદ્ધજીવનના વાદ સાધકથી ન લેવાય ! સાધકે તો સિદ્ધ થવા માટે એ આત્માએ કયી રીતે સાધના કરી, એ ધ્યાન પર રાખવું જોઈએ.

♦♦♦

વગર શુદ્ધિએ 'શુદ્ધ છું, બુદ્ધ છું'-એમ ન કહ્યા કરો ! જો શુદ્ધ છો, તો અત્યારે કંગાલ કેમ છો ? દુનિયાની કાર્યવાહી અને પૈસા ટકા પાછળ જ કેમ ભટકો છો ? પોતાની ફરજનું ભાન કેમ ભૂલાય છે ? માટે ખોટી વાતો કરતાં અટકો અને માનવજીવનને બરબાદ કરનારી પ્રવૃત્તિઓમાંથી બચો !

♦♦♦

વયની સાથે વિરાગ ને મેળ નથી. વય વધે તેમ ડહાપણ વધે એ લાયકને છે-લાયકાતહીનને માટે એ નિયમ નથી કેમકે યુવાન કરતાં વુદ્ધ વધુ લોલુપી આજે પણ દેખી શકાય છે.

♦♦♦

વક્તા જો પરમાર્થદષ્ટિથી પરાઙ્‌મુખ હોય અને શ્રોતા પૌદ્‌ગલિક વૃત્તિથી જ ભરેલો હોય, તો સારામાં સારી કથા પણ તે બન્નેને માટે હિતકર નિવડવાને બદલે હાનિકર પણ નિવડે ! કથા વાંચનાર ધર્મદેશકની જવાબદારી ઓછી નથી. ધર્મદેશકે દરેક પ્રસંગ એવી રીતિએ કેળવીને શ્રોતાને સંભળાવવો જોઈએ, કે જેથી શ્રોતા નાલાયક ન હોય તો કશો અનર્થ થવા પામે નહિ અને યોગ્ય શ્રોતાઓના હૃદયમાં મોક્ષમાર્ગની આરાધના કરવાની ભાવનાનો ઉછાળો આવ્યા વિના પણ રહે નહિ.

♦♦♦

વગર ઈચ્છાએ અને બળતા મને તો ઘણાને છોડવું પડે છે, પણ એ સાચો ત્યાગ નથી જ્ઞાનીની આજ્ઞા મુજબ, ઈચ્છાપૂર્વકનો ત્યાગ કરવો એ જ સાચો ત્યાગ છે અને એથી જ કલ્યાણ છે.

♦♦♦

વચનશુદ્ધિ અને કાયશુદ્ધિ વિના મનશુદ્ધિ થવાની નથી. કારણ કે મનની પ્રવૃત્તિ વચન અને કાયા ઉપર આધાર રાખે છે. ખુનની ભાવનાવાળાને પણ ફાંસી ત્યારે જ મળે છે કે જ્યારે તે ભાવનાનો કાયાથી અમલ કરે છે.

♦♦♦

વડિલપણું કે હિતૈષિપણું જેટલું અયોગ્યની અયોગ્યતાનો નાશ કરવામાં રક્ત હોય છે, તેટલું જ નહિ પણ તેથી ય અધિક યોગ્યની યોગ્યતાનું સંરક્ષણ અને પોષણ કરવામાં આસકત હોય છે.

♦♦♦

વડિલ અને હિતૈષી ગણાતી વ્યક્તિઓને જ્યાં વસ્તુસ્વરૂપને જાણવાની ઈચ્છા જ ન હોય તથા જાણવાની કે સમજવાની પરવા કર્યા વગર જ, ઇચ્છા મુજબના આક્ષેપો કરવામાં જ વડિલપણું કે હિતૈષિપણું મનાતું હોય, ત્યાં યોગ્ય આત્માને હૃદયમાં બળવા શિવાય કે અશ્રુઓ સારવા શિવાય બીજો ઉપાય હોય પણ શો ?

♦♦♦

વડિલને નાના ભાઈ તરફ પૂરતી લાગણી હોય અને નાના ભાઈને વડિલ ભાઈ તરફ પૂરતો પૂજ્યભાવ હોય, ત્યાં બે મોટા-નાના ભાઈઓની વચ્ચે પિતા-પુત્રના જેવો સંબંધ ટકે છે. જ્યાં એ વસ્તુ નથી હોતી. ત્યાં

એક-બીજાને દુશ્મન બનતાં પણ વાર લાગતી નથી.

♦♦♦

વડિલપણું કે હિતૈષિપણું તો તેનું નામ છે કે-જે નિરંતર યોગ્ય આત્માની યોગ્યતાને પ્રમાદથી પણ ટક્કર ન લાગી જાય, તેની પૂરેપૂરી કાળજી ધરાવે.

♦♦♦

વર્ત્તમાન સુખના જ રસિયા, એ ભવિષ્યના સુખને માટે લાયક નથી. એ લાયકાત ત્યારે જ આવશે કે-વર્ત્તમાન સુખનો રસ ઘટશે. વર્ત્તમાન સુખની ઈચ્છા, એ વિષયની ઈચ્છા છે અને એ ધર્મમાં પ્રતિબંધક છે.

♦♦♦

વર્તમાનમાં અનાચારી સુખી દેખાતો હોય, છતાં પણ વસ્તુતઃ એ સુખી નથી પણ દુઃખી છે : અને સદાચારી દુઃખી દેખાતો હોય, તો પણ વસ્તુતઃ એ દુઃખી નથી પણ સુખી છે.

♦♦♦

વસ્તુની કિંમત સમજાઇ જાય છે, તો કિંમતી લાગેલી વસ્તુની રક્ષા આદિ માટે આપોઆપ જ ભાવના જન્મે છે. કિંમતી વસ્તુ વહેલી યા મોડી પણ ચાલી જવાની છે એ નિયત હોય અને એ ચાલી ગઇ તો હિત દૂર રહી જશે તથા કારમું અહિત સધાઇ જશે એવી ખાતરી હોય, તો કિંમતી વસ્તુ દ્વારા સાધવા યોગ્યને સાધી લેવામાં પ્રમાદ કોણ કરે ? મનુષ્યભાવનું કિંમતીપણું સમજાઇ જાય અને સાધવા યોગ્ય ધર્મની સાધના વિના તેની પ્રાપ્તિ નિષ્ફળ અગર તો નુકશાનકારક છે-એમ લાગી જાય, તો મનુષ્યભાવ આદિ પ્રાપ્ત થયેલી સામગ્રીનો સદુપયોગ સાધવાનો ઉલ્લ્સ ન પ્રગટે, એ બને જ નહિ. સાધવા યોગ્યની સાધનામાં રહેતી ઉણપ ખટકયા વિના રહે નહિ. આમ છતાં પણ, અનાદિ કાલનો અભ્યાસ આત્માને કયારે પ્રમાદી બનાવી દે, તે કહી શકાય નહિ. આ કારણે ઉપકારિઓએ એક પણ સમયનો પ્રમાદ ન આવી જાય, તેની કાળજીવાળા બનવાનો ઉપદેશ કર્યો છે. જગદેકબન્ધુ એવા ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ, ખૂદ શ્રી ગૌતમસ્વામિજી જેવા ગણધર ભગવાનને પણ એક સમય પણ પ્રમાદ નહિ કરવાનો ઉપદેશ આપ્યો હતો.

♦♦♦

વડિલ જો વિવેકી અને વિચક્ષણ બને, તો આશ્રિતોને મોટે ભાગે

નમ્ર તથા આજ્ઞાપાલક બન્યે જ છૂટકો થાય છે.

♦♦♦

વડિલની પણ આજ્ઞા ત્યાં જ સુધી , કે જ્યાં સુધી એ હિતમાં જોડે અને અહિતથી પાછા વળે : અગર તો હિતની આડે ન આવે.

♦♦♦

વસ્તુનો વિવેક નથી થતો, એથી જ વૈરાગ્ય અપ્રાપ્ય અથવા દુષ્પ્રાપ્ય લાગે છે.

♦♦♦

વસ્તુત : તો અનુકૂળતાના અર્થિપણાના યોગે જીવનમાં અનાચાર આવ્યા છે. પ્રતિકૂળતાના વૈરી હોવાથી, જ્ઞાનિની આજ્ઞા મુજબ જેઓ અનુકૂળતાના વૈરી બન્યા, તે તો તરી ગયા.

♦♦♦

વસ્તુને વસ્તુ તરીકે જોવડાવે એનું જ નામ જ્ઞાન છે. જે જ્ઞાન (જાણવા) થી અર્થકામની આતસ જાગે, એ જ્ઞાન શું જ્ઞાન છે ? પાટલુન, ખુરસી, ટેબલ, એટીકેટ વિના ચાલે નહિ, સાધુને હાથ જોડાય નહિ, ખમાસમણ દેવાય નહિ, એ જ્ઞાન છે ? એવા બે-પાંચ જ્ઞાની બનાવી દીધા, એથી આપણે એના ઉપર ઉપકાર કરી દીધો કે આર્યમાથી હડસેલી અનાર્ય કરી દીધા ? આજના ભણેલાની બુદ્ધિના તર્કો તપાસો. આ જાતિનું જ્ઞાન કોઈને આપવું, એ ગાંડાના હાથમાં તલવાર આપવા જેવું તમને લાગે છે ?

♦♦♦

વહુ જો સાચા હૃદયથી સાસુને માતા રૂપ વડિલ સમજીને નમસ્કાર કરતી હોય અને સાસુ જો સાચા હૃદયથી વહુને પુત્રી રૂપે સમજીને નમસ્કાર ઝીલી આશિર્વાદ આપતી હોય, તો આજે સંસારમાં જે ઘેર ઘેર સાસુ-વહુના ઝઘડા ચાલી રહ્યા છે, નણંદ-ભોજાઈના કલેશ થઈ રહ્યા છે, તે હોય નહિ : સૌ પોત-પોતાની મર્યાદા મુજબ વર્તતાં હોય, તો ઝઘડો, કલેશ, કંકાસ, વૈમનસ્ય એ બધું સંભવે જ કેમ ? પરન્તુ આજે તો ઉત્તમ મર્યાદાઓના નાશમાં જ સુધારો મનાઈ રહ્યો છે અને એથી જ સ્વચ્છન્દાચાર દિન-પ્રતિદિન વધી રહ્યો છે.

♦♦♦

વાતવાતમાં પોતાની બુદ્ધિનો આગ્રહ રાખ્યા કરનાર, નજરે દેખાય એટલું જ માનું એમ કહેનાર, મને રૂચે તેજ વસ્તુ સારી એમ માન્યા કરનાર, પોતાને આસ્તિક કહેવડાવવાનો દેખાવ કરવા છતાં વસ્તુતઃ નાસ્તિક છે.

♦♦♦

વર્ત્તમાન જીવનની જરુરિયાતો પણ કાંઈ થોડી છે ? અને, એ પૂરાય એટલા માત્રથી કાંઈ માનવજીવનનો પરમ આદર્શ સિદ્ધ થઈ જાય ? ખરેખર, આ વાત માતાએ શીખવી નથી. પિતાએ શીખવી નથી, શિક્ષકે શીખવી નથી અને સ્નેહી સંબંધિઓએ પણ આ વાત શીખવી નથી. કોઈએ તમને આ વાત શીખવી નથી અને તમે પણ કોઈની પણ પાસે આ વાત શીખવાને માટે ગયા નથી, કેમ કે-આવું શીખવાની જરૂર છે, એવો વિચાર તમને હજુ સુધી આવ્યો નથી.

♦♦♦

વસ્તુતઃ તો, સુકૃતને આચરતાં પહેલાં, સુકૃતને આચરતી વેળાએ અને સુકૃતને આચર્યા પછીથી પણ આનન્દ અનુભવા જોઈએ. કેવો આનન્દ ? 'આ જ કરવા લાયક અને આનાથી જ મને મળેલું બધું સફળ !' તમે જે કાંઈ પણ સુકૃતને આચરો છો, તેમાં તમે આ પ્રકારના આનન્દને અનુભવો છો ખરા ?

♦♦♦

વાસ્તવિક ધ્યેય વિનાના ઘોર તપને પણ શાસ્ત્રકારોએ કાયકષ્ટની કોટિમાં મૂકયું છે.

♦♦♦

વાંદરીના નાયક બનનારને પણ જીવનું જોખમ ખેડવું પડે છે, તો સંઘના નાયક બનનારને નહિ ખેડવું પડે ? ચક્રવર્તિને પણ ચક્રની પૂંઠે ચાલવું પડે છે. ચક્ર આયુધશાળામાં પેસે નહિ ત્યાં સુધી અભિષેક ન થાય. સાઠ હજાર વર્ષ સુધી ભરતચક્રવર્તીને ભમવુ પડયું. શ્રી જિનેશ્વરદેવ ધર્મચક્રવર્તી કહેવાય છે. આત્મધર્મ પેદા કરવા માટે એમને પણ કેટલું સહવું પડયું ? ભગવાન શ્રી મહાવીરદેવ શું ગાદીએ બેઠે બેઠે 'ધર્મચક્રવર્તી' કહેવાયા કે સાડાબાર વર્ષ સુધી તકલીફ ભોગવ્યા પછી ? 'ભાવ તીર્થંકર' કયારે કહેવાય ? દેશના દેતા હોય તે વખતે ! એટલે કે-ઉન્માર્ગનું ઉન્મૂલન અને સન્માર્ગનું

સ્થાપન ચાલુ હોય ત્યારે ! 'ભાવાચાર્ય' પણ ત્યારે કહેવાય !! એ બે ક્રિયાઓ બુટ્ટી બની જાય ત્યારે તો 'નામાચાર્ય' કહેવાય.

♦♦♦

વાસ્તવિક ઉપકારને ઇચ્છનારે પ્રથમ યોગ્યતાને વિષે જ આદરવાળા બનવું જોઇએ.

♦♦♦

વસ્તુની હયાતિ હોય તો જ પરિવર્તન સંભવે છે. જે વસ્તુની હયાતિ નહિ એ વસ્તુમાં પરિવર્તન હોય નહિ. પુરાણનો નાશ અને નવીનની ઉત્પત્તિ એ પરિવર્તન છે. વસ્તુ માત્ર કાયમ છે. માત્ર એમાં નવીનતા અને પુરાણતા ચાલુ છે. નવીનતા એટલે ઉત્પત્તિ અને પુરાણતા એટલે વિનાશ, એ થવા છતાં મૂળ વસ્તુ કાયમ રહે છે. જે એકલી ઉત્પત્તિ, એકલો વિનાશ કે એકલી હયાતિને જ માને છે તે એકાંત દર્શન છે. એ અજ્ઞાનની માન્યતા છે એટલે કે-એ અધુરા જ્ઞાનમાંથી જન્મ પામેલી છે અને દુરાગ્રહથી ટકેલી છે.

♦♦♦

વાતાવરણમાં ઢળી પડતા અને રડી ઉઠતા હૃદયવાળા આત્માઓથી મહત્ત્વનાં કાર્યો કદી જ સાધી શકાતાં નથી.

♦♦♦

વસ્તુઓની (ઇષ્ટ વસ્તુઓની) પ્રપ્તિના અર્થિએ પણ અન્યની ઇર્ષ્યા, કોઈનું પડાવી લેવાની પ્રવૃત્તિ અને અનીતિ આદિ પાપાચરણોનું સેવન નહિ કરતાં, જેની સેવાથી પાપ ટળે તેની સેવામાં લાગી જવું જોઇએ : પણ શરત એટલી કે-એવી ઉત્તમ વસ્તુની સેવા કરતાં પૌદ્ગલિક વસ્તુઓની લાલસા રાખવી જોઇએ નહિ.

♦♦♦

વસ્તી વધારવા જતાં સિધ્ધાંત તૂટી જાય, એ કદી જ ન નિભાવાય

♦♦♦

વાંચકોને પોતાનું બહિરાત્મ-જીવન ખટકશે, અન્તરાત્મજીવનને કેમ જીવવું એ જાણવાની ઇચ્છા થશે અને પરમાત્મજીવનને પામવાનો અભિલાષ માત્ર પણ પ્રગટશે, તો પણ એ આ પ્રયત્નની ઘણી મોટી સફળતા ગણાશે.

♦♦♦

વિકાર, એ પણ વસ્તુતઃ શરીરનો રોગ છે. એનો સર્વથા ત્યાગ ન થઈ શકે, તો પણ એના ઉપર કાબૂ તો મેળવવો જ જોઇએ. વ્રતધારિઓ અને સંસારને અસાર માનનાર શિવાયના ગૃહસ્થોમાં, આજે કેવલ કાયિક પ્રકારે પણ દેશથી બ્રહ્મચારી કોણ ? મોટે ભાગે એવા, કે જેને કન્યા મળતી ન હોય, ભટકવાની જગ્યા ન હોય અથવા તો ભટકવાને માટે જોઈતાં દોઢીયાં ન હોય. આ શું ગૃહસ્થપણું છે ?

♦♦♦

વાણી વાસ્તવિક રીતિએ પ્રીતિકર કયારે બને ? જે વાણી સ્વ-પરના આત્મહિતને હાનિ પહોંચાડે, તે વાણી બાહ્ય દૃષ્ટિએ પ્રીતિકર હોય તોય તત્ત્વતઃ અપ્રીતિકર જ છે. પરિણામદર્શી બનવું જોઇએ.

♦♦♦

વિચાર અને વિવેકહીન જમાનામાં આજે તો પત્ની ખાતર પિતાને પણ ભૂલી જવાય છે. ખરે જ, એ લક્ષણ નરાધમોનું છે.

♦♦♦

વિષયોની સેવામાં સાચું સુખ માનનારા વિષયોના વૈરીને તિલક શી રીતે કરી શકે, તેના મંદિરમાં શી રીતે જઈ શકે અને એ તારકને તેમના ભક્ત તરીકે પોતાનું સુખ પણ શી રીતે બતાવી શકે છે ?

♦♦♦

વિષયોમાં જેને સાચું સુખ દેખાય છે તેના હૈયામાં વીતરાગ વસ્યા નથી, એમજ માનવું પડે અને કહેવું પડે.

♦♦♦

વિષયોના સુખ માટે જ્ઞાનીઓ કહે છે કે-એ દેખાવમાં મનોહર છે પણ પરિણામે ભયંકર છે, જ્યારે સંયમ એ દેખાવમાં કઠિન છે, પણ પરિણામે મનોહર છે.

♦♦♦

શ્રી વીતરાગ અને સર્વજ્ઞ એવા શ્રી અરિહંત પરમાત્માઓએ ફરમાવેલો ધર્મ, એ સ્વર્ગાપવર્ગાદિના સુખ રૂપ લક્ષ્મીને પ્રાપ્ત કરવાને માટેનું અવન્ધ્ય કારણ છે. અવન્ધ્ય કારણ તે જ કહેવાય છે, કે જે કારણની સેવાથી નિયમા ફલસિદ્ધિ પ્રાપ્ત થાય. સ્વર્ગાપવર્ગાદિના સુખ માટે શ્રી જિનધર્મ એ

અવન્ધ્ય કારણ છે : કારણ કે-શ્રી જિનધર્મને સેવનારો આત્મા સ્વર્ગાપવર્ગાદિના સુખને નિયમા પ્રાપ્ત કરે છે ધર્મ શ્રી જિજ્ઞાનાથી પ્રતિબદ્ધ છે, એ કારણે જે આત્માઓ શ્રી જિનાજ્ઞાને નિર્દમ્ભપણે સમર્પિત બની જઈને આજ્ઞામય જીવન જીવવાને તત્પર બને છે, તે આત્માઓને માટે સુખની પ્રાપ્તિ એ સુનિયત જ વસ્તુ છે. એવા આત્માઓ સંપૂર્ણ આરાધના દ્વારા મોક્ષસુખને ન પામે, ત્યાં સુધી તેઓને મનુષ્યલોકનાં અને દેવલોકનાં પણ ઉત્તમ કોટિનાં સુખોની પ્રાપ્તિ સહજ બને છે. નિર્દમ્ભપણે આજ્ઞાધીન બનીને કરેલી શ્રી જિનધર્મની આરાધના, આરાધક આત્માઓને દિન-પ્રતિદિન વિશેષ ઉન્નત બનાવે છે અને એ રીતિએ વિશેષ વિશેષ ઉન્નત બનતા તે પુણ્યાત્માઓ, અન્તે મોક્ષસુખના ભોક્તા બને છે. આ કારણે, શ્રી જિનધર્મ એ જ એક સ્વર્ગાપવર્ગાદિની સુખલક્ષ્મી પામવા માટેનું અવન્ધ્ય કારણ ગણાય, તે સ્વાભાવિક જ છે.

♦♦♦

વિષયધનાદિનું મમત્વ, એ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને સંયમને માટે મહા અંતરાય છે. જેને એનો ખપ હોય એણે દુનિયાની અનુકૂળતા બહુ નહિ ઈચ્છવી જોઈએ. દુનિયાની સુખસંપત્તિ મળે એ ઈરાદે એણે ધર્મ ન કરવો જોઈએ.

♦♦♦

વિષયોમાં જેને મઝા આવે, એ આત્માઓ ભૂંડ કોટિના છે.

♦♦♦

વીતરાગના સંઘનો અર્થ એક જ છે કે 'મુક્તિનો અર્થી.'' દુનિયાના ઈતર સંઘો કરતાં વીતરાગના સંઘમાં જો કાંઈ વિશિષ્ટતા હોય તો તે આટલી જ છે.

♦♦♦

વિષયોથી વિરાગી બની જેઓ સઘળી દુઃખદ સ્થિતિમાંથી છૂટી જાય છે-તેઓની દયા ખાવા કરતાં, જો દયા જ ખાવી હોય તો જેઓ આ સર્વોત્તમ માર્ગને ચૂકી, વિષયોને આધીન બની, ન કરવાનાં કાર્યો કરે છે અને અનાચારો સેવે છે, તેવઓની જ દયા ખાવ !

♦♦♦

વિષયની ઉત્કટ ભૂખથી સ્ત્રી જ્યારે વિકરાળ બને છે, ત્યારે એ સ્ત્રી સાચે જ દોષમૂર્તિ બની જાય છે. સ્ત્રીસ્વભાવ સાથે ઓતપ્રોત બનેલા દોષો,

સ્વચ્છંદી સ્ત્રીઓમાં કારમી રીતિએ ખીલી ઉઠે છે. લજ્જાળુ અને અબળા ગણાતી એ જાત જ્યારે વિફરે છે, ત્યારે તેની નિર્લજ્જતા અને સબળતા ભલભલાને પણભારે પડી જાય એવી અનુભવાય છે. એક શીલગુણ એવો છે કે-એ સ્ત્રીને સાચી દેવી બનાવી દે છે. શીલગુણના પ્રતાપે એના સ્વાભાવિક ગણાતા દોષો પણ નાશ પામી જાય છે. આ જ કારણે, શીલસંપન્ન સ્ત્રીની નામના ઉપકારિઓએ પણ ઘણી ગાઈ છે.

◆◆◆

વિષયસુખોને માટે ધર્મ કરનાર, વસ્તુતઃ ધર્મની આરાધના કરતો નથી પણ વિષયસુખોની જ આરાધના કરે છે.

◆◆◆

વીતરાગ દેવ અને નિર્ગ્રંથ ગુરૂ જેને માથે નિશ્ચિત થઈ ગયા, તેને સંયમની પ્રધાનતા સમજાવવી પડે, એનો અર્થ એક જ કે-એ વસ્તુતઃ દેવ-ગુરૂને પામ્યો જ નથી.

◆◆◆

વૈદ્ય પણ દરદીને કહે છે કે-'આ તે પેટ છે કે પટારો ? જે આવ્યું તે ગમે ત્યારે ભરાય એના કાંટા ક્યાં સુધી સીધા રહે ? ઈંદ્રિયો કહે તે મુજબ ચાલવું છે તો રોગ કેમ ન આવે ? માટે નિરોગી થવું હોય તો અમે કહીયે તેમ કર.'

◆◆◆

વીતરાગતાના નામે, એટલે કે-આપણે તો વીતરાગ જ થવું છે એ નામે જેઓ પ્રશસ્ત રાગને પણ નિન્દવાને તૈયાર થાય છે, તે શ્રી જૈનશાસનના રહસ્યથી અજાણ્યા હોઈ સ્વપરના તારક બનવાને બદલે ઘાતક બને છે.

◆◆◆

વિશ્વધર્મ એટલે એવો ધર્મ નહિ કે જે ધર્મને સૌ આચરે, કારણ કે-વિશ્વધર્મના આચરણ માટે તો ઘણી યોગ્યતા જોઇએ છે; એટલે વિશ્વધર્મ એનું નામ, કે એ ધર્મને જે આચરે તેના તરફથી વિશ્વના સઘળાય પ્રાણિઓને અભય મળે. વિશ્વધર્મને યોગ્ય બનાવવાને માટે માણસમાં સંસારથી મૂકાવાની અને મોક્ષને પામવાની અભિલાષા પ્રગટવી જોઇએ.

◆◆◆

શ્રી વીતરાગ પરમાત્માના જેટલા સેવક એ જૈન છે; પણ શ્રી વીતરાગ પરમાત્માની સેવા કરનારા સંસારમાં રહેવા ઇચ્છે નહિ અને શ્રી વીતરાગ પરમાત્માનું આગમ એને મન સર્વસ્વ હોય એ ખાસ ધ્યાનમાં રાખજો.

♦♦♦

વીતરાગની મૂર્તિનું દર્શન, સાધુ પુરૂષોનું દર્શન એ બધાને સમ્યક્ત્વનાં કારણ કહ્યાં છે. કારણ દર્શનથી કર્મનો ક્ષયોપશમ થાય છે. એટલા માટે જ મંદિરોને આકર્ષક બનાવવાનાં કહ્યાં છે. મંદિરની બહારનો દેખાવજ એવો હોય કે એને જોઈને અંદર જવાનું લોકોને મન થાય.

♦♦♦

શ્રી વીતરાગ પરમાત્મા અને એના અનુયાયીઓ કહે છે કે- ભૂંડોને ભોગવવા લાયક વિષ્ટારૂપી વિષયોમાં આનંદ પામવો, એ ભયંકર અજ્ઞાનતા છે.

♦♦♦

શ્રી વીતરાગ પરમાત્માનો અનુયાયી જો પ્રશંસા કરે, તો તે જ આત્માઓની કરે, કે જે આત્માઓ કાં સિદ્ધ થયા હોય, કાં સિદ્ધ થવાની તૈયારીમાં હોય, કાં સિદ્ધ થવાને માટે પ્રયત્નશીલ બન્યા હોય ! સિદ્ધ થવાના સાધનને બતાંવનાર હોય, કાં એ સાધનને સેવનાર હોય અથવા તો એ સાધનના અર્થી હોય.

♦♦♦

વીતરાગ જેવા દેવ મળ્યા, નિર્ગ્રંથ જેવા ગુરૂ મળ્યા અને ત્યાગ જેવો ધર્મ મળ્યો, હવે બાકી શું રહ્યું ? 'પ્રાપ્ત' તો બધું જ થઈ ગયું છે હવે એની સાર્થકતા કરવી એટલું જ અધુરૂં છે.

♦♦♦

શ્રી વીતરાગનેજ દેવ મનાય, નિર્ગ્રંથને જ ગુરૂ મનાય અને સંયમ એજ પ્રધાન છે, એવું વળી જૈનને શીખવવું, કહેવું કે સમજાવવું પડતું હશે ?

♦♦♦

શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞાનો મર્મ સમજાયા વિના કે સમજેલાની નિશ્રામાં રહ્યા વિના સાચી નીતિ, સાચી અહિંસા, સાચો સંયમ કે સાચો તપ, કાંઈ પણ પાળી શકાતું નથી.

♦♦♦

શ્રી વીતરાગ પરમાત્માના સેવકને, શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ, રોજ કરવી ગમે કે કોઈક દહાડો કરવી ગમે ? તમે શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ રોજ કરો છો ? રોજ જે શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ કરે, તેની સામે શ્રી વીતરાગ બનવાનો આદર્શ કેટલો બધો સજીવ બન્યા કરે ? અને એથી એનું હૈયું કેવું નિર્મળ બન્યું રહે ?

◆◆◆

વસ્તુતત્ત્વનો વિચાર આત્માને અન્યના નાશ તરફ કદી જ ઘસી જવા દેતો નથી, પણ યોજે તો પ્રમાણિક પ્રયત્નોમાં જ યોજે છે.

◆◆◆

વીતરાગદેવનો કોઈ પણ સેવક, તે સાધુ હોય કે શ્રાવક, કોઈ પણ કજિયામાં રાજી હોય જ નહિ; અને જો રાજી હોય, તો એ સેવક નથી પણ વેષધારી અને નામધારી છે.

◆◆◆

વિષયકષાયની સામગ્રીને આધીન થયા તો સમજો કે-આત્મધન ગયું. આત્માને ભૂલાયા શિવાય વિષયકષાયની સામગ્રીની રસપૂર્વક સેવા થઈ શકતી નથી.

◆◆◆

વિષયધનાદિના મમત્વને ટક્કર લાગે એવી વાત ન કરો અને અમને આસ્તિક કહો, એ કયી રીતે નભે એમ છે ? તદ્દન ખોટી વસ્તુમાં આબાદી કલ્પી લેવાય એ કેમ ચાલે ?

◆◆◆

વૈરાગ્યના જે વૈરિઓ છે, વૈરાગ્ય જેમને ગમતો નથી, એવા આત્માઓના હૈયે શ્રી વીતરાગ પરમાત્માનું શાસન, વસ્તુતઃ વસી શકતું જ નથી. મુનિ, એ જો શ્રી વીતરાગ પરમાત્માના શાસનનો સાચો મુનિ હોય અને વેષધારી આદિ ન હોય, તો એ મુનિ જે ધર્મોપદેશ દે, તે વૈરાગ્યને પમાડવાના સ્વભાવવાળો જ ધર્મોપદેશ દે. એટલે, તમારે જો મુનિની ઓળખ કરવી હોય, તો એ માટે પણ આ ચીજ ઉપયોગી છે : અને, તમારે જો ધર્મોપદેશના શ્રવણના સાચા ફળને પામવું હોય, તો એ માટે પણ આ ચીજ ઉપયોગી છે. જૈન મુનિના ધર્મોપદેશને સાંભળવાને માટે આવવાનો, તમે જ્યારથી વિચાર કરો, ત્યારથી જ તમારા દિલમાં એ ભાવ પેદા થવો જોઈએ

કે-આપણને ત્યાં વૈરાગ્યને પમાડે એવી વાતો જ સાંભળવાને મળશે; એટલે, જો તમને અહીં વૈરાગ્ય પમાડે એવી વાતો સાંભળવાને મળે નહિ, તો ઝટ તમારા હૈયામાં શંકા પેદા થઈ જાય કે-'આમના મુનિપણામાં ખામી તો નથી ?' અને, અહીં જો તમને વૈરાગ્યને પમાડે એવી વાતો સાંભળવાને મળે, છતાં પણ તમારામાં જો વૈરાગ્યનો ભાવ પેદા થવા પામે નહિ, તો તમને ઝટ એમ થાય કે-' મારામાં એવી તે કયી અયોગ્યતા છે, કે જે અયોગ્યતાને લઈને વૈરાગ્યને પમાડે એવી આવી વાતોને સાંભળવા છતાં પણ, મારામાં વૈરાગ્યનો ભાવ પેદા થવા પામતો નથી ?' તમારામાં જો આવી સમજ હોય, તો મુનિના ધર્મોપદેશને સાંભળવાના યોગે જો કોઈનામાં પણ વૈરાગ્યનો ભાવ પ્રગટે, તો એ વાતને સાંભળીને તમે એમ જ કહો કે-'આમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. આવા ધર્મોપદેશને સાંભળતાં વૈરાગ્ય ન પ્રગટે, તો શું પ્રગટે ? એટલું ખરૂં કે-એ જીવમાં લાયકાત સારી ! જુઓ ને, આપણામાં એવી લાયકાત નથી, તો આપણે આટલું આટલું સાંભળીએ છીએ, તો પણ આપણામાં વૈરાગ્ય કયાં પ્રગટે છે ?' આવું બોલતાં શીખવું જોઈએ-એમ નહિ, પણ આવું જ બોલવાનું મન થાય, એવા પ્રકારે હૈયાને કેળવવું જોઈએ.

◆◆◆

શ્રી વીતરાગપરમાત્માને, શ્રી વીતરાગપરમાત્માની મૂર્તિને, શ્રી વીતરાગપરમાત્માના આગમને અનેશ્રી વીતરાગપરમાત્માએ કહેલા ધર્મને નહિ માનનારાઓ જે સાધુને ન માને એમાંજ એ સાધુની કીર્તિ છે. ભગવાનના માર્ગના સાધુઓની આબરૂ એ છે અને હોવી જોઈએ કે વીતરાગની મૂર્તિના નિંદકો અને સંયમના સંહારકો એમનાથી કંપતા જ રહે.

◆◆◆

વિષય-કષાયના અતિરાગી આત્મા સમ્યગ્દર્શન પામવાને અયોગ્ય છે. ધર્મસ્થાનમાં અમૂક આત્માઓની હાજરી જ કેમ નથી ?, એનો ઉત્તર આ સમજાવશે.

◆◆◆

વિષય અને કષાયના સુખના રસિયા જીવો, એ સુખને માટે જે જે દુઃખો વેઠે છે અને એ દુઃખો વેઠતાં પણ એ જીવો હૈયાનો જે આનંદ અનુભવે છે. એ તરફ આંગળી ચીંધીને જ્ઞાનિઓ ફરમાવે છે કે-એ જીવોને જેવા

વિષયના અને કષાયના સુખનો રસ છે, તેવો રસ જો તમને મોક્ષના સુખનો હોય, તો તમને કોઇ દુઃખ, કોઈ કષ્ટ વેઠતાં ગ્લાનિ ઉપજે નહિ ! એવો રસ જો તમને મોક્ષના સુખનો હોય, તો તમે બધાં દુઃખ અને બધા કષ્ટ હોંશે હોંશે વેઠવાને તૈયાર થઈ જાવ ! વિષય અને કષાયના સુખનો રસ, દુઃખ હોંશે હોંશે વેઠાવે અને પાપ આનન્દથી આચરાવે; જ્યારે મોક્ષના સુખનો રસ, ગમે તેવા દુઃખનેય હોંશે હોંશે વેઠાવે પણ પાપ એક આચરાવે નહિ ! એ તો સંયમ આચરાવે અને નિર્જરા સધાવે ! હોંશે હોંશે દુઃખ વેઠયાં હોય અને આનન્દી આનન્દીને પાપ આચર્યા હોય તોપણ, વિષયના અને કષાયના સુખના રસવાળાને, વિષયનું અને કષાયનું સુખ મળે જ એવો નિયમ નહિ : પુણ્ય હોય તો મળે ને પુણ્ય ન હોય તો ન પણ મળે; એટલું જ નહિ, પણ વિષયનું અને કષાયનું સુખ એ જીવને મળે કે ન મળે તોય, એ જીવનું ભાવી ભૂંડું ! જ્યારે મોક્ષના સુખના રસથી, જે જીવોએ જે કોઈ દુઃખ આવ્યું, તે આનન્દથી વેઠવા માંડયું અને સંયમ આચરવા માંડયો ને નિર્જરા સાધવા માંડી, તે જીવો મોક્ષના સુખને પામ્યા વિના રહે જ નહિ !

◆◆◆

વિષયનો અતિ રાગી પણ નિર્વાહના સાધન માટે સ્ત્રી પરિવારાદિનો કેટલોક કાળ ત્યાગ કરે છે ને ? ભોગની લાલસા ઉપર કાબૂ મેળવીને નોકરી કે વહેપાર કરવાને માટે કેટલા લોકો જાય છે? એવાનો ત્યાગ, એ શું ત્યાગ છે ? એવાઓને જો જોઈતું સાધન મળી જાય, તો એ શું કરે ? સંસારના રાગમાં આનંદ માનનારા માણસના ત્યાગની પણ વસ્તુતઃ કિંમત નથી. રાગનાં સાધનો મળતાં રાગમાં લપટાઈ જતાં એને વાર લાગે નહિ. ત્યાગી પણ જો રાગમાં આનંદ માનનારો હોય, તો એને એના ભારે પણ ત્યાગથી મોક્ષ મળે નહિ.

◆◆◆

વિષયાધીનતા એ વસ્તુ જ એવી છે કે-જેના યોગે તેને આધીન થયેલો આત્મા પોતાને જાગતો અને સમજતો માનવા છતાં પણ, પોતાના નાશને જોઈ કે સમજી શકતો નથી : એટલું જ નહિ પણ વધુમાં તે આત્મા પોતાના ઉપકારી, હિતૈષી અને વિશ્વાસુ આત્માઓને પણ અનિષ્ટ કરનારો નિવડે છે.

◆◆◆

વિના સમ્યક્ત્વે અથવા તો છેવટ સમ્યક્ત્વ પમાડે એવા પણ ભાવ વિના તો, શ્રી જિનશાસનમાં વાસ્તવિક રીતિએ દેશવિરતિની તો શું પણ સર્વવિરતિનીય કિંમત જ નથી. કેવળ બાહ્ય વિરતિની શ્રી જૈન શાસનમાં મહત્તા અંકાઇ નથી. બાહ્ય ત્યાગ, સંયમ અને તપ વગેરે વિના સમ્યક્ત્વે પણ હોઈ શકે છે. સમ્યક્ત્વને પામવાની ઇચ્છા વિના પણ જીવ ત્યાગ, સંયમ અને તપ કરતો હોય એવું પણ બની શકે છે. સમ્યક્ત્વની સન્મુખ બન્યા વિના અને સમ્યક્ત્વથી વિમુખ અવસ્થામાં પણ જીવમાં ત્યાગ, સંયમ અને તપ સંભવી શકે છે. શ્રી જિનની આજ્ઞાના પ્રેમ વિના પણ ત્યાગ, સંયમ અને તપ હોય એવું બને છે. એ બધું શ્રી જિનની આજ્ઞાના પ્રેમ વિના પણ બની શકે છે, એટલે શ્રી જિનની આજ્ઞાના પ્રેમી બનાય એ માટે, બીજી જ કોઇ ચીજ જોઈએ છે. 'કયી ચીજ એ ?'-આ વિચારો તો તમને સમ્યક્ત્વની અને સમ્યક્ત્વની સન્મુખ અવસ્થાની કિંમત સમજાય અને એ કેમ પમાય-એનો તમારા હૈયામાં તલસાટ જાગે. પછી ત્યાગ, સંયમ, તપ વગેરેને તો આવ્યે જ છૂટકો થવાનો છે. અને એ ત્યાગ, સંયમ અને તપ શ્રી જિનની આજ્ઞાના પાલનના ભાવથી ઓતપ્રોત હશે.

♦♦♦

## ક્રિયા વિના મોક્ષ નથી.

વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ ને ગુણાનુરાગ, આ ત્રણ આવી જાય પછી ક્રિયાની જરૂર શી ? વિષયમાત્ર પર વિરાગ થાય, કષાય માત્ર ચાલ્યા જાય અને ગુણોની સાથે આત્મા અસ્થિમજ્જાવત્ બની જાય, પછી ક્રિયા કરવાપણું નહિ રહે. સિદ્ધરૂપ થયેલા આત્માને ક્રિયાની જરૂર નથી : કારણ કે-વિષયોનો સંગ નાશ પામી ગયો છે, કષાયો વિખુટા પડી ગયા છે અને આત્મા સ્વસ્વરૂપગત બની ગયો છે. 'વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ અને ગુણાનુરાગ, આ ત્રણ વસ્તુ સંપૂર્ણપણે મળ્યા પછી ધર્મ કરવો'-એમ કોઇ કહે તો કહેવાનું કે-એ ત્રણને મેળવવા માટે તો ધર્મ કરવાનો છે. આજની દુનિયા એમ કહે છે કે-ક્રિયાના અપ્રમત્તપણા વિના જો ધર્મ થાય તો ક્રિયામાં શું છે ? પણ એને એમ પૂછો કે-વગર ક્રિયાએ વિષયવિરાગિપણું, નિષ્કષાયિપણું, અને ગુણાનુરાગિપણું છે, એમ કહેવડાવવું હોય તો ના પણ કોણ પાડે છે ? સઘળા જ તૈયાર છે પણ એમ બને નહિ. જાણે વાતો કર્યે

જ મોક્ષ ન મળતો હોય ! કાંઈ ક્રિયાની જાણે જરૂર જ ન હોય ! એમ મોક્ષ વાતોથી જ મળતો હોય તો તો જોઈતું' તું શું ? પણ જરૂરી ક્રિયા વિના મોક્ષ મળે નહિ. કયી ક્રિયા ? આજ્ઞા મુજબની !

◆◆◆

વિશિષ્ટ કોટિના પુણ્યથી સાધ્ય કુળ, એના કરતાં પણ વિશિષ્ટ કોટિના પુણ્યથી સાધ્ય જાતિ, એના કરતાં પણ વિશિષ્ટ કોટિના પુણ્યથી સાધ્ય બળ અને એના કરતાં પણ વિશિષ્ટ કોટિના પુણ્યથી સાધ્ય રૂપને પામ્યા પછીથી પણ, જો એના કરતા પણ વિશિષ્ટ કોટિનું પુણ્ય ન હોય, તો જીવ દીર્ઘ આયુષ્યને નહિ પામતાં, અલ્પ આયુષ્યને પામે છે. અલ્પ આયુષ્યને પામેલો આત્મા, આર્ય જાતિ અને આર્ય કુળ તથા બળ અને રૂપને પણ પામવા છતાં, તેના વાસ્તવિક ફળને પામ્યા વિના જ, સંસારમાં પરિભ્રમણ કરવા ચાલી નીકળે છે.

◆◆◆

વિષયનું વિષ એવું ભયંકર હોય છે કે-તેનું અયોગ્ય પ્રકારનું સ્મરણ પણ આત્માને હણનારૂં નિવડે છે.

◆◆◆

વિશિષ્ટ પ્રકારનો પ્રસાદ બનાવવાને માટે તત્પર બનેલા આત્માઓ, તેના ચણતરનું કાર્ય શરૂ કરતાં પૂર્વે, શલ્યોનો ઉદ્ધાર કરવાને ચૂકતા નથી : એટલું જ નહિ, પણ પીઠનો બંધ આદિ કરવામાં પણ આદરવાળા બને છે કારણ કે -શલ્યોદ્ધાર અને પીઠબન્ધ આદિને વિષે આદરવાળા બન્યા વિના, વિશિષ્ટ પ્રસાદનું યથાયોગ્ય નિર્માણ શકય નથી. શિલ્પશાસ્ત્રના નિયમો આદિથી સુપરિચિત આત્માઓ, એ જાણતા જ હોય છે કે-જે મૂભિ ઉપર સુન્દર મકાન બાંધવું હોય, તે ભૂમિના અંદરના ભાગમાં અમુક અન્તર સુધી હાડકાં વગેરે ન પડેલાં હોય, તે જોવું જોઈએ. પહેલાં જમીનને ખોદીને પછી જ પાયો નાખવામાં આવે અને તે પાયો પણ બાંધવા ધારેલા મકાનની ઉચાઈ આદિને લક્ષ્યમાં લઈને જ તેના પ્રમાણ મુજબ નખાય છે. શલ્યોદ્ધાર અને પીઠબન્ધ આદિ કાર્યો એવાં છે કે-તેની દરકાર કર્યા વિના જ જો વિશિષ્ટ પ્રકારનો પ્રસાદ બાંધવાનું કાર્ય શરૂ કરાય છે, તો બંધાતા કે બંધાવાયા બાદ અલ્પ કાળમાં જ તે ભૂમીશાયી બની જાય છે. પરિણામે, મહેનત અને ખર્ચ નિરર્થક

જાય : એટલું જ નહિ, પણ એવુંય બને કે-ઘણા આત્માઓના જાનનું પણ નુકસાન થાય. આ વિષયમાં તો તમને પણ થોડી માહિતીની જરૂર છે : કારણ કે-તમે સામાન્ય પણ મકાન બંધાવતા પાયો નાખવાને માટે જમીન ખોદાવવી આદિ કાર્યો તો કરો જ છો. વિશિષ્ટ પ્રસાદ માટે શલ્યોદ્ધાર અને પીઠબન્ધ જેમ આવશ્યક છે, તેમ વિશિષ્ટ ધર્મસિદ્ધિને માટે ઉપકારી મહાપુરૂષોએ ફરમાવેલા ગુણોની આવશ્યકતા છે. વિશિષ્ટ કોટિના પ્રસાદના અર્થિઓ જેમ શલ્યોદ્ધાર અને પીઠબન્ધ આદિને વિષે આદરવાળા બને છે, તેમ સદ્‌ધર્મના અર્થી આત્માઓએ પણ, તે ગુણોને સમ્યક્ પ્રકારે ઉપાર્જવાનો સુન્દર પ્રયત્ન કરવો જોઇએ, કે જે ગુણો વડે યુક્ત એવા આત્માને ઉપકારી મહાપુરૂષોએ ધર્મરત્નને યોગ્ય તરીકે વર્ણવેલો છે.

◆◆◆

વિષયાધીનને અન્ધ કહેવામાં આવે છે : કારણ કે-વિષયવાસનાને અતિ આધીન થયેલાઓ જાત, ભાત, શીલ, વિવેક, વ્યવહાર અને ધર્મ આદિ બધાને ભૂલી જાય છે.

◆◆◆

વિશ્વની કોઈ પણ ઈષ્ટ વસ્તુ તેને જ પ્રાપ્ત થાય છે, કે જેનો પુણ્યોદય જાગૃત હોય અગર થાય : આ કારણે ઈષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ માટે અનીતિ આદિને આચરતાં અટકી જવું જોઇએ. અન્યથા, એ અનીતિ આદિના પ્રતાપે પ્રાપ્ત થયેલા પુણ્યોદયને કારમી રીતિએ વેડફી નાખી એવા પાયમાલ બની જશો કે-આ ભવના બીગાડા સાથે અનેક ભવોનો બીગાડો થઈ જશે.

◆◆◆

વિષય-કષાયની તીવ્રતા એવી છે કે-એ આગની માફક તેને આધીન બનેલા આત્માને અને બીજાઓને પણ ખાખ કરી નાખે છે.

◆◆◆

વિષયનો આનંદ તે કુપથ્યથી રોગીને થતા આનંદ જેવો છે.

◆◆◆

વિષય-કષાયોના અભ્યાસી આત્માને વિષય-કષાયોમાં યોજવા, અંગે કશી જ તકલીફ નથી.

◆◆◆

વિષયોને તમે આધીન ન બનો, પણ વિષયોને તમારે આધીન બનાવો. વિષયાધીન ડૂબે છે અને વિષયોને આધીન બનાવનાર તરે છે.

◆◆◆

વિષયના ભોગો કિંપાક ફળના જેવા પરિણામે ભયંકર છે, માત્ર દેખાવે જ મનોહર છે.

◆◆◆

વિદ્યા ભણવી તે આત્માના ભલાને માટે ભણવી,' આ વાત આજે લગભગ ભૂલાઈ જ ગઈ છે.

◆◆◆

વિપરીત ક્રિયા અટકાવવાનો ઉપાય જ એ છે કે-આત્માને ઉપકારી ક્રિયા કરવામાં જ યોજી રાખવો.

◆◆◆

વિચારો તો સમજાશે કે-સાધુઓ અને શ્રાવકો વચ્ચે બે મત નથી. બન્નેની માન્યતા એ જ કે-સંસાર ખરાબ અને મોક્ષ સારો. એકનો પ્રયત્ન વધુને બીજાનો ઓછો, પણ બેયની આરાધના મુક્તિમાર્ગની. ઉલ્લાસ ત્યાં, આનંદ ત્યાં અને સંસારમાં તો શુષ્કતા.

◆◆◆

વિરક્તદશાને અને દુનિયાદારિની દશાને પરસ્પર મેળ હોઈ જ નથી શકતો.

◆◆◆

વિચાર કરો કે-તમારામાં પડોશીનું પણ સારૂં જોવાની ઉદારતા છે ? પડોશીની ઉન્નતિ જોઈ ઈર્ષ્યા કદિ ન જ જાગે, એવું હૃદય તમે પામ્યા છો ?

◆◆◆

વિધિનો ખપ હોવો જોઈએ. વિધિ મુજબ કરવાની કાળજી હોવી જોઈએ. અવિધિને દોષ રૂપ માનવો જોઈએ. અવિધિ ટાળવાનું લક્ષ્ય હોવું જોઈએ. અને, જેટલો જેટલો અવિધિ થઈ જાય, તેટલું અંતરમાં દુઃખ થવું જોઈએ એવો આરાકધભાવ હોય, તો અવિધિવાળો ધર્મ પણ નિયમા ફળપ્રદ નીવડે.

◆◆◆

વિદ્યા કાંઈ કોઈને લૂંટવાને માટે ભણવાની નથી. પૌદ્ગલિક સ્વાર્થોને સાધવાની પાપી યોજનાઓને ઘડવાને માટે વિદ્યા ભણવાની ન હોય. વધુ લેવા અને થોડું દેવા માટે અગર ઈસારાથી ગ્રાહકને ઠગવામાં હોંશીયાર બનવાની કુટેવ કેળવવાને માટે વિદ્યા ભણવાની હોય નહિ. આત્માના શ્રેયના ઈરાદા સિવાય વિદ્યા ભણવાનો પ્રયાસ, એ પણ સમજશક્તિવાળાને માટે તો એક અનાચાર જ ગણાય.

♦♦♦

વિનયગુણ, મતિને ઉજ્જવળ બનાવવા સાથે ખૂબ ખૂબ વધારનાર છે. વિનયગુણથી વિદ્યમાન મતિ ઉજ્જવળ બને છે અને એ મતિ એક સુંદર વિભવ રૂપ બની જાય છે : એટલું જ નહિ, પણ એ ગુણના પ્રતાપે સુંદર વિભવ રૂપ બનેલ મતિ વૃદ્ધિ જ પામતી જાય છે. પરિણામે વિનયગુણનો સ્વામી આત્મા, ઉજ્જવળ મતિના વિભવભરથી સમૃદ્ધિશાળી બની જાય છે.

♦♦♦

વિધિ તરફ અનાદરભાવ પૂર્વકની અવિધિવાળી ધર્મક્રિયા ફળવતી-વાસ્તવિક ફળને દેનારી તો થાય નહિ, પણ નુકસાન કરનારી થાય.

♦♦♦

'વિભવ એ ગૃહસ્થપણાનું કારણ છે' એમ માનનારે એમ માનવા છતાં પણ એને મેળવવા માટે અનીતિ ન આચરવી એજ ગુણ છે; કારણ કે-ધર્મનું અધિકારીપણું 'અનીતિ ન આચરવી' એ ગુણમાં છે પણ 'વિભવ એ ગૃહસ્થપણાનું કારણ છે' એ માન્યતામાં નથી.

♦♦♦

વાસ્તવિક તપ એક પણ અયોગ્ય ઈચ્છાને આધીન ન થવું તે છે. સઘળી પાપની વાસનાઓનો જેમાં નાશ છે તે તપ છે.

♦♦♦

વિચારણાને શ્રી જિનાગમાનુસારિણી રાખવાના પ્રયત્નમાં લાગ્યા રહેનારા પુણ્યાત્માઓ, ક્રમે કરીને સાંસારિક આચરણાઓને પણ નિર્જરાનું કારણ બનાવી શકે છે.

♦♦♦

વિરોધિઓ જો ન્યાયની દષ્ટિએ અને શાસ્ત્રની દષ્ટિએ વિરોધ કરતા

હોત, તો આ કાળમાં આ સ્થિતિ થવી અસંભવિત હતી.

◆◆◆

વિરસ સંસારમાં મોહાંધ આત્મા સિવાય અન્ય કોણ રાચે ?

◆◆◆

વિરક્ત આત્માઓએ એવા ઉદાર (?) તો નહિ જ બનવું જોઇએ, કે જેથી એ ઉદારતા (?) પોતાના હિતકર માર્ગનો જ ઘાત કરનારી નિવડે : કારણ કે-એવી ઉદારતા એ વસ્તુતઃ ઉદારતા જ નથી અને એથી ધર્માત્માઓ માટે જ્ઞાની-પુરૂષોએ એવી ઉદારતા વિહિત કરી નથી.

◆◆◆

વિરાધનાનો ભાવ, ઉત્તમમાં ઉત્તમ લાગતી ક્રિયાને પણ વિષરૂપ બનાવી દે છે. ધર્મ શ્રી જિનની આજ્ઞાની સાથે બંધાયેલો છે, પણ કોઈ વ્યક્તિની મનસ્વિતા સાથે બંધાયેલો નથી. ધર્મનો આધાર આપણી ઈચ્છા ઉપર નથી, પણ અનંતજ્ઞાનિઓની આજ્ઞા ઉપર છે. આજ્ઞાથી વિપરીત મનોદશાવાળો, વિરાધકભાવવાળો, દેખાવમાં ધર્મ કરતો હોય તો પણ તે ધર્મ તેને હાનિ કરનાર થાય છે; માટે આજ્ઞાની આરાધના કરવા તરફ તો જેમ બને તેમ વધુ અને વધુ લક્ષ્યવાળા બનવું જોઈએ. કદાચ અશક્તિ આદિનાયોગે આરાધના ઓછી થાય, તો પણ વિરાધનાથી તો જરૂર બચવું જોઈએ.

◆◆◆

વિવેકી આત્માઓ માટે ભોગોનો ત્યાગ એ જ સર્વશ્રેષ્ઠ વસ્તુ છે, છતાં કર્મની પરાધીનતા આદિના કારણે જો ભોગોનો ત્યાગ ન જ બની શકે, તો પણ મર્યાદાશીલ તો અવશ્ય બનવું જોઈએ.

◆◆◆

વૈરવૃત્તિનો પ્રભાવ જ એવો છે કે-સામો આત્મા ગમે તેવો સજ્જન હોય અગર તો ગમે તેટલો શાંત થઈને વર્તે, તો પણ વૈરવૃત્તિના સ્વામિની વૈરવૃત્તિ પ્રાયઃ શમતી નથી. એવી જ દશા પ્રાયઃ બહુલકર્મી આત્માની પણ હોય છે.

◆◆◆

વિવેકી આત્મા વસ્તુ માત્રને ઉપલક દ્રષ્ટિએ નથી વિચારતો, પણ એના ઉંડાણમાં જેટલું ઉતરવું જરૂરી હોય તેટલા ઉંડા ઉતરીને વિચારે છે.

◆◆◆

વિશિષ્ટ જ્ઞાનને નહિ પામેલાઓ પણ-' આજ્ઞાનુસારિતામાં જ ધર્મ છે.'-એ વાતનો ઈનકાર કરવા તત્પર બને, ત્યારે માનવું જ રહ્યું કે-એ બિચારા ધર્મને નામે સ્વચ્છન્દી પ્રવૃત્તિમાં જ પડયા છે અગર પડવા ચાહે છે. વિશિષ્ટજ્ઞાનિઓ તો હિતાહિતનો સાચો નિર્ણય પોતાના જ્ઞાનબળે જ કરી શકે છે, એટલે એમને માટે આજ્ઞાનું બન્ધન હોય નહિ તે સ્વાભાવિક છે ! વિશિષ્ટજ્ઞાનિઓ માટેની એ વાત પકડી -'આજ્ઞાની આરાધનામાં જ ધર્મ છે.'-એ વાતનો ઈનકાર કરવો અને ઉપકાર આદિના નામે આજ્ઞાવિપરિત વર્તન કરવું, એ તો મિથ્યાત્વના કારમા ઉદયનું જ સૂચક ગણાય.

◆◆◆

વિષયાદિકની ગૃદ્ધિ એ જેમ અકરણીય કોટીમાં છે, તેમ જ્ઞાનનો અભ્યાસ ન કરવો, દર્શન-ચારિત્રનું પરિશીલન ન કરવું, એ પણ અકરણીય છે.

◆◆◆

વિષ ખાવાથી પ્રાણ જાય છે, એ સાંભળીને માનો છો કે અનુભવીને ? પાપના અખતરા ન હોય ! નાશકારક વસ્તુઓના અનુભવ ન હોય ! શિષ્ટપુરૂષો જે કહે તે ઝટ માની લેવાનું હોય !

◆◆◆

વિવેકી આત્માઓએ પ્રત્યેક પરિસ્થિતિમાં એટલા સાવધ રહેવું જોઈએ, કે જેથી ગમે તેવાં નિમિત્તો પણ સન્માર્ગથી ભ્રષ્ટ અને ઉન્માર્ગની ઉપાસનામાં રત બનાવી શકે નહિ

◆◆◆

વિષયોથી છુટા રહેવાનો ઉપદેશ દેનારા જ્ઞાનીઓ એકાંતે દયાળુ છે પણ ઈર્ષ્યાળુ નથી.

◆◆◆

વિવેક પ્રગટે, સમજ વિકસે અને જેના હૈયામાં સુકૃતનો સુકૃત તરીકેનો રસ પેદા થવા પામે, તે સુકૃતોનું શકય આચરણ કરવાનો અને સુકૃતોનું શકય આચરણ કરાવવાનો પ્રયત્ન કર્યા વિના રહે ખરો ? સુકૃતોનું શકય આચરણ કરવાનો અને સુકૃતોનું શકય આચરણ કરાવવાનો પ્રયત્ન જ્યાં હોતો નથી, ત્યાં અન્યોનાં સુકૃતોનાં આચરણોની અનુમોદનાનો સાચો ભાવ પણ પ્રગટવા પામતો નથી.

◆◆◆

વિષયાન્ધ માણસો પોતાના બૂરાનો પણ ખ્યાલ કરી શકતા નથી.

♦♦♦

વિષયથી બચવાને માટે કરડામાં કરડા નિયમો યોજવા પડયા છે. એજ સૂચવે છે કે-એ બહુ જ ભયંકર અને જલ્દિથી વળગી જાય એવી વસ્તુ છે.

♦♦♦

વિષય, એ એવી લોભાવનારી વસ્તુ છે કે-જેમ બને તેમ વિષયવૃત્તિને તાજી કરનારાં નિમિત્તોથી પણ માણસે દૂર રહેવાના જ પ્રયત્નમાં રહેવું જોઈએ.

♦♦♦

વિષય અને વિષયની સામગ્રી શાનું કારણ ? આર્ત્ત અને રૌદ્રનું ! મંદિરમાં કે ઉપાશ્રયમાં પેસતાં જ નિસીહી કહીને પછી આવવાનું એટલા માટે જ છે કે-નિસીહીથી આર્ત્તરૌદ્રની કારણભૂત સામગ્રીને બહાર રાખી, એટલે આર્ત્તરૌદ્રનાં કારણ ગયાં.

♦♦♦

વિષયાધીન અવસ્થા જ એવી ભયંકર છે કે-તે પોતાને આધીન થયેલા આત્માને વિહ્વલ બનાવ્યા વિના રહેતી નથી : અને વિષયની આધીનતાથી વિહ્વલ થયેલો આત્મા લજ્જાને પણ આધી મૂકે છે તેમજ નહિ કરવા જોગી વાતો અને આચરણાઓ કરવા પણ લલચાય છે.

♦♦♦

વિષયાવેશને આધીન બનીને ઘણાય શાણાઓએ પોતાનું શાણપણું ગુમાવ્યું છે.

♦♦♦

વિષય-કષાયની વાસના વધે તે વખતે શમાવનાર મળે, તો એ વાસના આત્માને એકદમ ઉન્માર્ગે નથી લઈ જતી : પણ શમાવનારને બદલે સીંચનાર મળે, તો એ વાસના કયાં લઈ જાય એનો પત્તો નહિ.

♦♦♦

શ્રી વીતરાગ પરમાત્માના શાસનને પામેલો, શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાને અનુસરતું જીવન બનાવવાને ઈચ્છનારો, શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ વર્તવામાં જ કલ્યાણ છે એમ માનનારો એવી ભાવના કરે છે કે-"યૌવન અવસ્થામાં આત્મા જે રીતિએ વિષયો તરફ ઘસી

જાય છે, તે રીતિએ જો એ અવસ્થામાં મુક્તિની આરાધનામાં ઉજમાળ બને, તો બાકી શું રહે ?" યૌવન અવસ્થાનો જો કોઇ પણ સારામાં સારો સદુપયોગ હોય, તો તે એ જ છે કે-"એ અવસ્થાને મુક્તિની આરાધનામાં જોડી દેવી."

♦♦♦

શ્રી વીતરાગ પરમાત્માની પૂજા કરનારા કેટલા છે અને પેટની પૂજા કરનાર કેટલા છે ? અશ્રદ્ધાથી પર્વતિથિએ એક ટંક ઓછો ન કરે, એ બીચારાંઓથી કોઇ ભવ ભયંકર કહે એ શી રીતે સહન થાય ?

♦♦♦

વૈરાગ્ય અને મરણ એ એક રીતે સરખું છે. જેમ મર્યા પછી શરીર એનું એ છે છતાં કશા કામનુ નથી તેમ વૈરાગ્ય થયા પછી એ આત્માનું શરીર સંસારીઓ માટે નિરૂપયોગી થાય છે.

♦♦♦

શ્રી વીતરાગ પરમાત્મામાં ભાવ મન નથી હોતું, કેમકે-એ તારકને એની જરૂર નથી, કારણ કે-કોઇ પણ પદાર્થ જાણવા માટે વિચાર કરવાની તે તારકને આવશ્યકતા નથી.

♦♦♦

વૈરાગ્યરંગથી રંગાઈ ચૂકેલા અને એકાંતે સ્વપરનું જેમાં કલ્યાણ સમાયેલું છે એવી ઉમદામાં ઉમદા પ્રવૃત્તિરૂપ જે પારમેશ્વરી પ્રવ્રજ્યા-તેના સ્વીકાર માટે તલસી રહેલા પતિને અટકાવવાની પ્રવૃત્તિ આચરવી, એ જૈન તો શું પણ આર્ય પત્નિઓ માટે ય શોભાભર્યું નથી પણ કલંક રૂપ છે.

♦♦♦

વૈરાગ્યનો પ્રચાર કરવો એ જૈન મુનિનું દૂષણ નથી પણ ભૂષણ છે.

♦♦♦

વ્યવહારમાં કાયદો છે કે-મોટા માણસની તો માત્ર મહેરબાની જ મંગાય, પણ કામ ન મંગાય. તેમ ધર્મ પાસે મહેરબાની જ મંગાય, પણ કામ ન મંગાય.

♦♦♦

વ્રતને મૂકી ક્ષણવિનાશી ભોગોને ભોગવવાની ઇચ્છા કરવી, એ સ્વર્ગને મૂકી નરકનો આશ્રય કરવા જેવું, દેવમણિને તજી કાચના ટુકડાનો

સ્વીકાર કરવા જેવું અને પ્રાજ્ય સામ્રાજ્યનો પરીત્યાગ કરીને દરિદ્રતાને ઈચ્છવા જેવું છે : એટલે કોઈ પણ વિચક્ષણ આત્મા વ્રતને મૂકી ક્ષણવિનાશી ભોગોને ન જ ઈચ્છે. ◆◆◆

શ્રી વીતરાગ પરમાત્માના શાસનમાં મૂખ્ય બે વાત જોવાની છે : એક તો વસ્તુનો સ્વભાવ શું ?, અને બીજી એ દબાઈ ગયેલા સ્વભાવને પ્રગટ કરવાનું સાધન શું ?

◆◆◆

વૈરાગ્ય વિગેરે આત્મધર્મો ઉમરની સાથે સંબંધ રાખવા કરતાં, આત્માની લઘુકર્મિતા સાથે ગાઢો સંબંધ ધરાવે છે અને એથી જ આજે વૈરાગ્યની સામે નાની વયની કે સંસારના બીનઅનુભવની દીવાલ ઉભી કરનારાઓ તદ્દન બાલીશ આત્માઓ છે.

◆◆◆

વ્યવહારને ઉચિત અને ધર્મને બાધ નહિ પહોંચાડનારી એવી પણ માતાપિતાની આજ્ઞાનો અમલ નહિ કરનારો પુત્ર સુપુત્ર નથી ગણાતો તથા એ કારણે તે પ્રભુશાસનની આરાધના માટે પણ અયોગ્ય ઠરે છે.

◆◆◆

વ્રતનું એટલે દીક્ષાનું પાલન, એ બાહુથી સાગર તરવા જેવું દુષ્કર છે.

◆◆◆

વ્યાધિ કરતાંય વિશ્વના પ્રાણીઓને આધિ બહુ રીબાવે છે. વ્યાધિ આવે છે અને જાય છે, પણ આધિ તો સદાની થઈને રહે છે.

◆◆◆

વૈરાગ્યનો પ્રચાર કરવો, એ જૈનમુનિનું દૂષણ નથી પણ ભૂષણ છે. વૈરાગ્યની વાતો પ્રત્યે અણગમો બતાવનારા મુનિઓ, શ્રી જિનશાસનના મુનિઓ નથી પણ વેષધારી છે. મુનિ ધર્મદેશના આપે અને વૈરાગ્યની વાત જ ન આવે, એ બને નહિ. તેમ છતાં જૈનમુનિના મુખેથી વૈરાગ્યની વાતો સાંભળીને નવાઈ કેમ લાગે છે ?

◆◆◆

વૈરાગ્ય વસ્તુ જ એવી છે કે-જેના તરફ રાગીને પણ વૈર ન હોવું જોઈએ.

◆◆◆

વ્યવહારની ઉચિત આચરણાઓ પણ આત્માને ધર્મની પ્રાપ્તિ અને

આરાધનામાં સહાયક બને છે.

♦♦♦

શ્રી વીતરાગ બનવા માટે દુનિયાદારીનો રાગ ઓછો કરી વીતરાગ અને વીતરાગતાના સાધનો ઉપર રાગ જગાડવોજ પડશે. એટલા જ માટે જ્ઞાન-દર્શન-ચારિત્રના સાધનરૂપ જડ વસ્તુઓનું પણ બહુમાન કરવાનું જૈન શાસ્ત્રો ફરમાવે છે.

♦♦♦

વિષ ખાવાથી પ્રાણ જાય છે, એ સાંભળીને માનો છો કે અનુભવીને ? પાપના અખતરા ન હોય ! નાશકારક વસ્તુઓના અનુભવ ન હોય ! શિષ્ટપુરૂષો જે કહે તે ઝટ માની લેવાનું હોય !

♦♦♦

વિતરાગના શાસનમાં અર્થકામની વાસના કાઢવા માટેનો જ એક પ્રયત્ન જોર શોરથી કરવામાં આવ્યો છે.

♦♦♦

શ્રી વીતરાગને ઓળખીને પૂજા થાય અને નિર્ગ્રંથને ઓળખીને સેવા થાય, તો સંસાર ઉપર અરેકાર થયા વિના રહે જ નહિ.

♦♦♦

શ્રી વીતરાગ પરમાત્માના પૂજારીથી ઈંદ્રિયોના વિષયોમાં સાચું સુખ છે, એમ બોલાય નહિ.

♦♦♦

શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞાને માનનારો કેવળ કોઈપણ વ્યક્તિનો પૂજારી બનતો નથી પણ ગુણ અને ગુણવિશિષ્ટ વ્યક્તિનો પૂજારી બને છે.

♦♦♦

શ્રી વીતરાગ પરમાત્માનું શાસન એ નિવૃત્તિ-પ્રવૃત્તિમય છે. એકલી નિવૃત્તિ એ વીતરાગનું શાસન નથી, કારણ કે-સંયમમાં પાપ પ્રવૃત્તિની નિવૃત્તિ છે પણ સંયમની પ્રવૃત્તિ તો ધોધમાર ચાલુ છે.

♦♦♦

## વિષયની લાલસા

મહાનુભાવો ! આજ કારણે કહેવામાં આવે છે કે-બધી નિર્બળતાનું કારણ એક વિષયોની ગુલામી છે. એની વાસનાને કાપવાની વાતથી ગુસ્સો કેમ આવે છે ? ખરેખર, વિષયાંધ જીવોનું જીવન એ ફજેતીના ફાળકારૂપ છે.

પણ એ વિષયવાસનારૂપ દુષ્ટ લાલસાના યોગે નફટાઇ આચરતા થઈ ગયેલાઓને એ નફટાઈથી કોણ રોકી શકે ? વ્યવહારમાં પણ એક કહેવત છે-"જેણે મૂકી લાજ, તેનું નાનું સરખુ રાજ." નાખું સરખુ શું કરવા ? મોટું જ કહોને ! એ ન ખાવાનો, ન પીવાનો. વિષયની માત્રા વધી એટલે એ સુખે ખાય નહિ, સુખે પીયે નહિ. એના યોગે સંખ્યાબંધ આત્માની સત્યાનાશની પાટી વળી ગઈ. એનું અંતિમ ફળ નરક. આજે જે ધર્મમાં વિષયનો વિરાગ એ મુખ્ય ઉપદેશ છે, તે ધર્મમાં રહેનારાઓ છચોક વિષયની માગણી કરે, એ કેટલું ઘૃણાસ્પદ છે ? એ શોચો. વિષય શબ્દથી અહીંઆ પાંચે ઈંદ્રિયોના રૂપ, રસ, ગંધ, સ્પર્શ, અને શબ્દ આ પાંચે વિષયો સમજવા. ખરેખર; વિષયની લાલસાને વેગળી ખસેડવામાં નહિ આવે, ત્યાં સુધી શુદ્ધ ધર્મની આરાધના થવી એ અશકય છે. એ વિષયની લાલસામાંથી જ લોકોત્તર મિથ્યાત્વ ઘુસ્યું છે. કહો હવે, વિષયનો વિરાગી આત્મા પોતાની જાત માટે એમ બોલે ખરો કે-વિરક્ત ભાવનાથી વિષયને સેવવામાં હરકત શી છે ? ખરેખર, એમ બોલનારમાં વસ્તુત : વિષયનો વિરાગ જ નથી. એ કેવળ જનતાને ઠગવાના ઢોંગ છે ! એ એક વિષયની ગુલામીનું ખરેખરૂં લક્ષણ છે. વિષયની અધિકતામાં કષાયની વૃદ્ધિ, વાસ્તવિક ગુણાનુરાગનો અભાવ અને શુદ્ધ ક્રિયામાં વિફલતા થવી, એ સહજ છે.

◆◆◆

શબ્દ, રૂપ,રસ, સ્પર્શ કે ગંધ કોઈપણ વિષય એવો નથી કે જે ચેતન ચેતન રહે તો એને મુંઝવે. ચેતન ચેતનપણું છોડીને જડ બને એટલે જડને આધીન થાય તોજ તે વિષયથી મુંઝાય છે.

◆◆◆

શત્રુને દુર્દશામાં રીબાતો જોવા છતાં પણ જેઓ ક્રોધથી સળગ્યા કરે છે, તેઓ દુનિયાની દ્રષ્ટિએ પણ મોટા આત્માઓ નથી કિંતુ ક્ષુદ્ર આત્માઓ જ છે.

◆◆◆

શરીરના ઉદયથી આત્મશુદ્ધિ થાય છે, એવી માન્યતા પણ તત્ત્વજ્ઞાનિની નથી : તત્ત્વજ્ઞાનિની દષ્ટિએ શરીરની કિંમત સાધન શિવાય કશી જ નથી : સાધન રૂપ શરીરને સાધ્ય માની લઈ, સારી ય દુનિયાના પ્રાણિઓ જીવનને તેની સેવામાં જ ખપાવી દે છે, એ ઉલ્ટું ઉપકારી આત્માઓને

ઘણું જ ડંખે છે.

♦♦♦

શરીરની સેવામાં પડેલા-આત્માને ભૂલી ગયેલા મનુષ્યપણું પામવા છતાં-ઉચ્ચ સ્થાનની પ્રાપ્તિ થવા છતાં જગતને લાભ રૂપ નહિ થતાં શ્રાપ રૂપ થાય છે.

♦♦♦

શરીરની સેવા અને રક્ષામાં ભેદ છે. શરીરની રક્ષા કરવાની શાસ્ત્રે કહી છે પણ સેવા કરવાની ના પાડી છે, જેમ કુળવાન પુરૂષો માતાના સેવક અને સ્ત્રીના રક્ષક કહેવાય છે તેમ મુનિઓ સંયમના સેવક અને શરીરના રક્ષક છે.

♦♦♦

શરીર ઉપર આપત્તિ આવે તો ચિકિત્સકની અને કાયદાની બારીકી આવે તો કાયદાના જ્ઞાનિની સલાહ મુજબ જે ચાલે, તે અજ્ઞાન ખરો કે નહિ ? એ વિષયમાં ખરો જ, વૈદ્યની સાથે-'શરીર કોનું ? મારૂં. તે હું વધારે જાણું કે બહારથી દેખીને તું વધારે જાણે ? સૂવું, બેસવું, ખાવું મારે-તેની આડે તું કેમ આવે ? જેના ઘરમાં અનાજ ન હોય તે મગના પાણી પર રહે, પણ મારે ત્યાં સારામાં સારી વસ્તુ ખાવા પીવા હોય, છતાં હું શું કામ તે ન ખાઉ પીઉં ?'-આ જાતિની ચર્ચામાં શહેનશાહતના માલિકો પણ નથી ઉતરતા. એ રીતિની સ્થિતિ ધર્મની બાબતમાં કહી છે.

♦♦♦

શરીર તો અમુક કાળ આપણી પાસે રહેવાનું છે : એક લાખ ને એક ડોકટર ચોકી ભરે તો પણ અમુક કાળથી વધુ નથી જ રહેવાનું : એમાં શંકા છે ? નથી, છતાં પણ વર્તન તે નાશવંત હોય તેવું છે ? એથી જ કહું છું કે-આ બધી જ વસ્તુ ઈચ્છા નહિ છતાં મૂકીને જવું પડશે, માટે મૂકીને જતી વખતે આગળની શું વ્યવસ્થા કરવી, એની મુંઝવણ તમને જરાયે નથી તે થવી જોઈએ.

♦♦♦

શાસ્ત્રના રહસ્યને નહિ પામેલાઓ શાસ્ત્રવેત્તા હોય તો તેઓ શાસ્ત્રના નામે પણ શાસ્ત્રથી વિરૂદ્ધની વાત કરે તે સ્વાભાવિક જ છે.

♦♦♦

શક્તિ હોય તો જેનું ભૂંડું કર્યુ હોય, એનું ભલું કરીને બદલો વાળી આપવા મથજો. આ કરવા જેવું છે. સામાને જ્યાં ખાત્રી થશે કે-'તમારો ઈરાદો ફર્યો છે અને તમે એના ભલામાં જ રાજી છો' એટલે જો સામો યોગ્ય હશે તો તમારા પગ પૂજશે. એના ઉપર સુન્દર છાયા પડશે. સામો અયોગ્ય હોય અને એથી એ એવો ને એવો રહે, તો પણ આપણું કલ્યાણ તો નિયમા થવાનું.

◆◆◆

શક્તિ છતાં ધર્મક્રિયાના સમયે અશક્તિનો દંભ કરે, એની બૂરી હાલત જ છે. ધર્મપ્રાપ્તિ એતો અશક્તિને કાઢવાનો અને શક્તિને પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ છે.

◆◆◆

શક્તિ નથી જ એવું નથી, તો શું નથી ? ઊંડે ઊંડે જે ભાવ જોઇએ તે ભાવ હજુ પ્રગટયો નથી, એમ લાગે છે ? એ ભાવ લાવે કોણ ? સમ્યક્ત્વ અગર સમ્યક્ત્વને પામવાની ઈચ્છા. એ ન હોય તો ચરવળો અગર તો ઓઘો પણ હાથમાં હોય તોય ભગવાનની ભક્તિનો જે ભાવ આવવો જોઇએ તે આવે નહિ. એ ભાવ લાવવા માટે સંસારથી ઉદ્વેગ આવવો જોઇએ. સસારના સુખનો ઉદ્વેગ પ્રગટે, તો સારો ભાવ જન્મ્યા વિના રહે નહિ.

◆◆◆

શ્રી શાલિભદ્રજીની ઋદ્ધિ અને શ્રી શાલિભદ્રજીનું ભોગસુખ એ વગેરે જેટલુ યાદ હશે, તેટલું તમને તેમનું સંયમપાલન ભાગ્યે જ યાદ હશે. કઠોર સંયમનું પાલન કરીને મૃત્યુ પામતાં, એ જીવ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયેલ છે. એ જીવના અત્યારના સુખની કોઈ અવધિ નથી-એમ દુન્યવી સુખોના હિસાબે કહીએ તો ચાલે; પરન્તુ મુક્તિના સુખની પાસે તે સુખેય અણુ માત્ર છે.

◆◆◆

શ્રી શાલિભદ્રજીના જીવે, તેની માતાએ પૂછવા છતાં પણ, ખીર મુનિરાજને વહોરાવી દીધા વિષે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ, એમાં ગુણ રહેલો છે. ગુણના અર્થી જીવોએ, પોતાના દુષ્કૃતને માટે જાુદી રીતિએ વર્તવું જોઇએ અને પોતાના સુકૃતને માટે જાુદી રીતિએ વર્તવું જોઇએ અને પોતાનું

દુષ્કૃત હૈયામાં રહી જાય નહિ અને સ્થાને ઑકાઈ જાય, એમાં બહુ લાભ છે; જ્યારે સુકૃતને હૈયે પચાવી જાણવામાં બહુ લાભ છે. આજે મોટે ભાગે, આનાથી ઊલટો જ વર્તાવ ચાલી રહ્યો છે.

◆◆◆

શાસનના પ્રતાપે મેળવેલી મોટાઈ અને નામનાનો ઉપયોગ જાતપ્રભાવનામાં કરવો, એના જેવી ભયંકર નફટાઈ બીજી એક પણ નથી ?

◆◆◆

શાસનની પ્રભાવનાને નામે જાતની પ્રભાવનામાં મચી પડવું, એ પ્રભુશાસન પ્રત્યેની ભયંકરમાં ભયંકર અને ન માફ કરી શકાય તેવી નિમકહરામી છે !

◆◆◆

શાસનના રક્ષક અને પ્રભાવક તો શાસન સામેનાં આક્રમણોને દૂર કરીને થવાય, આપપણાના વાજાં વગડાવ્યે ન થવાય.

◆◆◆

શાસનરસિક સંઘ અને શાસનરસિક સાધુઓ સંપ માટે આતુર છે. જ્યાં શાંતિ હોય ત્યાં ધર્મની પ્રભાવના વિશેષ પ્રકારે થઈ શકે છે. જૈનોમાં કલહ થાય, જૈનો લડે અને બીજા તમાસા જુએ, એનું અમને ઘણું જ દુઃખ છેઃ તેથી જ, અમે તો સદાને માટે એ જ ઈચ્છીએ છીએ કે-સૌ સાચાને લેવાને અને ખોટાને તજવાને તૈયાર થાય.

◆◆◆

શાસન પક્ષ જેમ કહે છે કે-સિદ્ધાન્ત મુજબના સત્યને સ્વીકારવાને અને સિદ્ધાંતવિરૂદ્ધ ભૂલ થઈ હોય તો તે સ્વીકારી, તેને જાહેર કરી, તેની માફી માગી અને તેનું પ્રાયશ્ચિત લેવાને પણ અમે તૈયાર છીએ; તેમ જો સામો પક્ષ કહે અને એવી તૈયારી બતાવે, તો જરૂર કજિયો પતી જાય. એ રીતિએ કજિયો પતતો હોય તેમાં જે વિઘ્ન કરે, એવી રીતે કજિયો પતાવવાની જે ના પાડે, તે શાસનના આરાધક નહિ, પણ દ્રોહી છે. આ બધી વાતોથી એક જ વાત સ્પષ્ટ થાય છે કે-સિદ્ધાંત મુજબ સાચું ગ્રહણ કરવાને અને ખોટું તજવાને બન્ને પક્ષે તૈયાર રહેવું જોઈએ.

◆◆◆

શાસન પક્ષને સામા પક્ષની પાસે નાકલીટી ઘસાવવાની ઈચ્છા નથી. આ પક્ષ, સામા પક્ષવાળાઓ આવીને નમે તો સમાધાન કરવું, એમ ઈચ્છતો નથી. આ પક્ષનો મુદ્દો માત્ર એટલો જ છે, અને તે એ જ કે-સિદ્ધાંત જળવાવો જોઈએ કજિયો સિદ્ધાંત ખાતર જાગ્યો છે અને સિદ્ધાંત જળવાતો હોય તો કજિયો આપોઆપ દૂર થાય. સિદ્ધાંતનું રક્ષણ થતું હોય તો આ પક્ષ બીજી બધી બાબતોને જતી કરવાને તૈયાર છે. સિદ્ધાંત રહેતો હોય, તો આ પક્ષ સઘળુ જ નમતું મૂકવા, કરગરવા, આજીજી કરવા અને નાકલીટી પણ ઘસવા તૈયાર છે. આ પક્ષને ફકત એક સત્ય જ જોઈએ છે. આવી રીતિએ સમાધાન કરાવવાનું કોઈ પણ સ્વીકારે.

◆◆◆

શાસ્ત્ર એ આલંબન છે અને એ શાસ્ત્ર પર શ્રદ્ધા એનું નામ છે કે-એમાં અનુભવીઓએ જે માર્ગ બતાવ્યો હોય તે આપણી બુદ્ધિમાં ન બેસે તો પણ તેને શ્રદ્ધાપૂર્વક વળગીને ચાલવું.

◆◆◆

'શાસ્ત્ર એ બનાવટી છે અને એને માનવાની આ જમાનામાં જરૂર નથી.' વિચારો કે-આ કેવા કુસંસ્કાર !

◆◆◆

શાસ્ત્ર કેવળ સાંભળવા માત્રથી કલ્યાણ નથી કરતું, પણ સાંભળેલું જચે, યથાશક્તિ અમલમાં આવે અને અમલમાં ન આવે તેનું દુઃખ થાય, તો જ કલ્યાણ કરે.

◆◆◆

શાસ્ત્ર કહે છે કે-માબાપ અપૂર્વ ઉપકારી છે. એના ઉપકારનો બદલો સહેજે વળે તેમ નથી. મિષ્ટાન્નથી જમાડે કે કસ્તુરીથી લેપન કરે કે બીજી તેવી અપૂર્વ સેવાથી બદલો વળે તેમ નથી; પણ પોતે ધર્મમાર્ગે જઈ, એ માર્ગે માબાપને વાળે, તો જ બદલો વળે. ઉત્તમ દીકરાની ફરજ તો એ છે કે-ઉપકારી માતાપિતાને ધર્મમાં જોડી તેમને સદ્ગતિનાં ભાજન બનાવવાં.

◆◆◆

શાસ્ત્રના રહસ્યને નહિ પામેલાઓ શાસ્ત્રવેત્તા હોય તો તેઓ શાસ્ત્રના નામે પણ શાસ્ત્રથી વિરૂદ્ધની વાત કરે તે સ્વાભાવિક જ છે.

◆◆◆

શાસનનો રસ તે જ આત્માઓના દિલમાં પ્રગટે, કે જે આત્માઓના દિલમાંથી સંસારનો રસ ઉઠે. જીવને સંસારનો રસ અનાદિ કાળથી હોય છે. મિથ્યાત્વ અને અજ્ઞાન આદિના યોગે એ જીવને સંસાર જ ગમે છે; અને, જીવ માત્રને દુઃખ પ્રત્યે અણગમો હોવાથી અને સુખ ગમતું હોવાથી, જે જીવોને મિથ્યાત્વ અને અજ્ઞાન આદિના યોગે સંસાર ગમે છે, તેવા આત્માને સુખી સંસારમાં મહાલવાની તીવ્ર ઈચ્છા રહ્યા કરે છે. જ્ઞાનિઓ સંસારને દુઃખમય કહે છે, દુઃખફલક કહે છે દુઃખપરંપરક કહે છે; પરન્તુ, એવા જીવો મિથ્યાત્વ અને અજ્ઞાન આદિની પ્રબળતાના યોગે, સંસારમાં જ અને સંસારથી સુખ શોધ્યા કરે છે. ગાઢ મિથ્યાત્વાદિના યોગે જીવને આત્માના સાચા સુખની કલ્પના સરખી પણ આવતી નથી; આ સંસારનું સુખ, દુઃખના અનુભવના પ્રતાપે જ સુખ રૂપ લાગે એવું છે, એ સુખ ભોગવતાં પણ દુઃખનો અનુભવ થયા વિના રહે નહિ એવું છે અને એ સુખ ભોગવ્યા પછીથી પણ દુઃખનો અનુભવ કરાવે એવું છે, એમ હોવા છતાં પણ તેમ જ સંસારનું સુખ એને મેળવતાં, ભોગવતાં, સાચવતાં, એ નાશ પામતાં અને એના નાશની સંભાવના લાગતાં પણ પાપ કરાવે એવું હોવા છતાં અને એ પાપના પરિણામે દુઃખની પરમ્પરા પમાડે એવું હોવા છતાં પણ ગાઢ મિથ્યાત્વાદિના યોગે જીવ એ જ સુખનો રસિયો બન્યો રહે છે. આનાદિકાળથી જીવ આવી સ્થિતિ અનુભવતો હોય છે. એમાં જીવને જ્યારે કર્મલઘુતાનો સુયોગ મળે અને મિથ્યાત્વાદિની મંદતા થવા પામે, ત્યારે જીવ સંસારના સુખના રસમાં ચલ-વિચલતાનો અનુભવ કરવા માંડે છે. એ પછી એ જીવને સંસારના સુખની પરાધીનતાનો, પાપમયતાનો અને દુઃખમયતાનો ખ્યાલ આવવા માંડે છે. એમાં એ જીવ જો વધુ વિચારક બને છે અને જો એ જીવ ડહાપણથી વિચારી શકે છે, તો એ જીવને આત્માનો અને આત્માના શાશ્વત સુખનો ખ્યાલ આવવા માડે છે. એમાંથી એ ધર્મનો શોધક બને છે અને ધર્મની શોધ કરતે કરતે જો એને શ્રી જિનશાસનનો ખ્યાલ આવી જાય છે, શ્રી જિનશાસનનો પરિચય થઈ જાય છે, તો એ જીવમાં શાસનનો રાગ પ્રગટે છે. એ જીવમાં એ રાગ વધતે વધતે, શાસનનો રસ પ્રગટે છે. શાસનનો રસ પ્રગટવાના યોગે, એમ થઈ જાય છે એ જીવને કે-'આ સંસારમાં આરાધવા યોગ્ય એક માત્ર શ્રી જિનશાસન જ છે.' એટલે કે-'મારે અને જીવ માત્રે એક માત્ર મોક્ષ સિવાય

સાધવા યોગ્ય કાંઈ જ નથી અને મોક્ષની સાધના માટે એક માત્ર શ્રી જિનશાસનની જ આરાધના મારે પણ કરવા યોગ્ય છે અને જીવ માત્રે પણ કરવા યોગ્ય છે.'

◆◆◆

શાસ્ત્ર તો કહે છે કે-'સંસારમાં રહેલો આત્મા જો ક્ષુદ્ર સ્વાર્થને વશ થઈ માબાપની અવજ્ઞા કરે, તો એના જેવો દુષ્ટ દીકરો કોઈ નથી !'

◆◆◆

શાસ્ત્રમાં ત્રણ પ્રકારની વાતો આવે છે : જ્ઞેય, હેય અને ઉપાદેય. કેટલીક એવી વાતો આવે છે કે-જે માત્ર જાણવા લાયક જ હોય, કેટલીક એવી હોય કે જે ત્યાગ કરવા લાયક હોય અને એમાંની કેટલીક એવી હોય છે કે-જે ગ્રહણ કરવા લાયક હોય.

◆◆◆

શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે-તે જ્ઞાની શ્વાસોશ્વાસમાં ઘણું જ કર્મ ખપાવે છે, કે જે જ્ઞાની 'तिहिगुत्तो' મન, વચન અને કાયાથી ગુપ્ત હોય : પણ નહિ કે-મન, વચન અને કાયાને યથેચ્છ રીતિએ પ્રવર્તાવનારો હોય.

◆◆◆

શાસ્ત્રે પુત્રપરતો એ ફરજ મૂકી છે કે-પોતે સન્માર્ગે જઈ માબાપને પણ એ માર્ગમાં વાળે, તો જ માબાપના ઉપકારનો બદલો વળે.

◆◆◆

શાસ્ત્ર એ જ સર્વત્ર પ્રસાર પામતી ચક્ષુ છે અને સર્વ અર્થ સિદ્ધ કરી આપનાર પણ શાસ્ત્ર છે અને એ જ કારણે જેઓને શાસ્ત્ર પ્રત્યે ભક્તિ નથી, તેઓની ધર્મક્રિયા પણ આંધળાના જેવી છે.

◆◆◆

શાસ્ત્રે તો સ્પષ્ટ કહ્યું છે કે-શુદ્ધ શાસ્ત્રના એક પણ અક્ષરને ન માને તે મિથ્યાદષ્ટિ છે, તો પછી જે વાત જેને માટે ન કીધી હોય, તેને માટે લગાડી દે એને કેવા કહેવા ?

◆◆◆

શાસ્ત્રની પરીક્ષા કષ, છેદ અને તાપદ્વારા થઈ શકે છે. જે શાસ્ત્રો શુદ્ધ અહિંસાદિનું વિધાન અને અનર્થકારક હિંસા આદિનો નિષેધ કરતાં હોય,

તે શાસ્ત્રો કષશુદ્ધ ગણાય છે : એ વિધાન અને નિષેધના સંભવ અને પાલનમાં ઉપયુક્ત બને એવી ક્રિયાઓનું જેમાં કથન હોય તે શાસ્ત્રો છેદશુદ્ધ ગણાય છે : અને એ કષ અને એ છેદ એ ઉભયને અબાધિત રાખવામાં કારણરૂપ બની શકે એવું જીવાદિ તત્ત્વોનું જેમાં સુંદર અને સુઘટિત નિરૂપણ હોય તે શાસ્ત્રો તાપશુદ્ધ ગણાય છે.

◆◆◆

શાસ્ત્રોક્ત ઉપદેશ અને સવિહિત મુનિવરોના પરિચયાદિના અભાવમાં શ્રાવકજીવન ટકવું એ કોઈ પણ કાલમાં મુશ્કેલ વસ્તુ છે, તો પછી આ વિષમ કાલની તો વાત જ શી કરવી ?

◆◆◆

શીલધર્મનો પ્રેમ, એ વસ્તુ જ એવી છે કે-આત્મામાં અનેકાનેક ગુણો સાહજિક રીતિએ પ્રગટાવે છે. શૌર્ય અને ધૈર્ય આદિ ગુણો શીલસંપન્ન આત્મા પાસે વગર પ્રયાસે આવી જાય છે.

◆◆◆

શીલ ચાલ્યું જાય, ચારિત્ર ચાલ્યું જાય, છતાં દર્શનને સાચવી રાખનાર એ આદમી પ્રમાણિક છે. નિહ્નવોમાં જ્ઞાન ને ચારિત્ર બેય હતાં : નહોતું શું ? દર્શન. તેઓ શાસનમાં રહેવા માંગતા હતા, છતાં પણ ઉંચકી ઉંચકીને ગુરૂઓને બહાર મૂકી આવવા પડતા હતા.

◆◆◆

શિવસુખના અર્થી આત્માઓ માટે સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કદાચ ન બની શકે તેમ હોય, તો પણ પરસ્ત્રીના ત્યાગ રૂપ શીલપાલન તો અતિશય આવશ્યક વસ્તુ છે.

◆◆◆

શિવસુખના સાચા સાધકમાં દમ્ભ આદિ દોષોનો પ્રવેશ નિરવકાશ જ હોય છે. એ સાધકદશા પુદ્ગલરસિકતાના પડછાયાથી પણ પર હોય છે. એવી સાધકદશાની ઉપાસના પુદ્ગલરસિકતા આદિ દોષોના નાશનો અનુપમ અને અજોડ ઉપાય છે.

◆◆◆

શુભ વૈરાગ્યના યોગે મમતા છોડી કોઈ આત્મા વિધિપૂર્વક સન્માર્ગને અંગીકાર કરે, એની પાછળ અજ્ઞાનિઓ મોહવશ થઈ ગમે તેમ વર્તે, એની

સાથે વિરાગિને કંઈ જ લાગતું-વળગતું નથી.

◆◆◆

શુભોદય પણ સ્થાયી નથી હોતો અને અશુભોદય પણ સ્થાયી નથી હોતો.

◆◆◆

શુદ્ધ દ્રષ્ટિથી વિચારાય અને રોગીને કુપથ્ય આપવા જેવી ખોટી દયા ન ખવાય તો, બાલદીક્ષાનો કોઈથી પણ વિરોધ થઈ શકે એમ નથી.

◆◆◆

શુદ્ધ હૃદયવાળો આત્મા, ઓછી મહેનતે પણ ધારેલો લાભ મેળવી શકે છે.

◆◆◆

શુદ્ધ પ્રતિજ્ઞાનું પાલન એ જ પરમ ધર્મ છે. આ વાતની સાબીતી માટે આ દુનિયામાં પણ અનેક દ્રષ્ટાંતો છે. શ્રી જિનેશ્વરદેવનું શાસન તો એ દ્રષ્ટાંતોની કદી પણ ન ખુટે તેવી ખાણ છે.

◆◆◆

શુદ્ધ પ્રતિજ્ઞાની સામે માતા-પિતાના મોહજન્ય વિલાપની પણ કીંમત ગણવામાં નથી આવતી

◆◆◆

શુદ્ધ સંયમ આત્માને ખાત્રી આપે છે કે-હવે તારે ભવમાં ભટકવાનો ભય ગયો !

◆◆◆

શુષ્કવાદ અને શુષ્કપ્રતિવાદને કરનારા તત્વ ના અંતને પામતા નથી. જેમ ઘાણીનો બેલ આખો દિ ફરે છે. પણ અંત આવતો નથી. તત્ત્વ તો અનંતજ્ઞાનીના વચન પરની શ્રદ્ધાથી જળવાય.

◆◆◆

શુષ્કજ્ઞાનીઓની જૈન શાસનમાં કીંમત નથી. મન, વચન, કાયા પર અંકુશ મુકનાર જ્ઞાનીઓને જ અહીં સ્થાન આપ્યું છે. જ્ઞાની અને ગમે તેમ વર્તે, મન, વચન, કાયાના યોગોને નિરંકુશ પ્રવર્તાવે, એ બનતું જ નથી.

◆◆◆

શેઠની નોકરી કરનાર ગમે તેટલી મહેનત કરે, પણ શેઠની એકાદ

આજ્ઞાને પણ જો ન માને તો એ નોકર, નોકર તરીકે નથી રહી શકતો. શ્રી જૈન શાસનમાં પણ તેજ હકીક્ત લાગુ પડે છે.

♦♦♦

શેઠિયાઓએ શ્રીમંતાઈથી મલકાવાનું નથી, પણ સદ્‌ગુણોથી અલંકૃત થવાનું છે. નામના શેઠિયાઓ તો શઠને પણ ટપી જાય એવા બની જાય છે. ઉદારતા આદિ ગુણોથી રહિત બનવાથી તો, શેઠાઇ પણ ટકતી નથી. 'હું શેઠ છું.'-એમ પોતે માનવું એ જુદી વાત છે અને સજ્જન માણસો પણ શેઠ માને એ જુદી વાત છે. પોતે જ પોતાની જાતને શ્રેષ્ઠ માનીને મલકાનારાઓ તો, સાચે જ મૂર્ખશિરોમણિઓ છે. માત્ર બંગલા આદિ જ બંધાવવામાં અને મો ટર આદિ દોડાવવામાં કે લૂચ્ચાઇ ભરેલા ધંધા આદિ કરવામાં શેઠાઈ સાચા રૂપમાં આવતી જ નથી. એવી રીતિએ શેઠ બની બેઠેલાઓ. પોતાના આશ્રિતોનાં પણ અંતઃકરણ જોવાની જો તસ્દી લે, તો તેઓને જણાઈ જાય કે- 'તેઓ તેઓના આશ્રિતોના હૃદયમાં પણ શેઠ છે કે કેમ ?' પણ કલ્પિત અભિમાનમાં જ રાચી રહેલાઓને, આવું જોવાની વૃત્તિ પણ શાની જ થાય ? એવાઓ તો, ખાલી મોટાઈમાં જ મરવાને અને અન્યોને મારવાને સરજાયેલાહોય છે. એવાઓએ તો 'શેઠ' શબ્દને પણ કલંકિત કર્યો છે. સાચો શેઠ તો તે છે, કે જે સુજ્નોના હૃદયમાં વાસ કરે.

♦♦♦

શાંતિ પોતાના આત્મામાં જ છે. હરેક આત્માની શાંતિ પોતાની પાસે જ છે, પણ તેનો ઉપભોગ કરતાં આવડવું જોઇએ. બીજાની શાંતિ દેખીને બળનારને કદિ જ શાંતિ મળવાની નથી.

♦♦♦

શાંતિ મેળવવા માટે તો આત્મશુદ્ધિ સાધવી જોઇએ, એ માટે દુન્યવી પદાર્થોની તૃષ્ણાઓ ઉપર કાપ મૂકવો જોઇએ અને સ્વપરનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિઓ કરવામાં એકતાન બની જવું જોઇએ.

♦♦♦

શ્રી જિનેશ્વરોના પૂર્વભવોનું વર્ણન, એ સાધક કેવી રીતે થયા એ જાણવા માટે છે. અને શ્રી જિનેશ્વરદેવનો છેલ્લો ભવ એ તારકના પ્રત્યે પૂજ્યભાવ હૃદયમાં સ્થાન લે, એ તારકની એકે એક આજ્ઞા પ્રત્યે પ્રેમ જાગે

એ માટે છે. પૂર્વભવો, છેલ્લા ભવમાં એ સ્થિતિ પામવા માટે શું કર્યું એ જાણવા માટે છે.

◆◆◆

શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન અથવા ધર્મકરણનો અભિલાષ. મોક્ષની અભિલાષાથી ધર્મને કરવાની અભિલાષામાં દેવલોકનું આયુષ્ય બાંધવાનું સામર્થ્ય છે. કોઈનેય ધર્મ કરતો જોઈને, એને હાથ જોડવાનું મન થાય અને 'કયારે હું પણ આવો ધર્મ કરૂં ?'-આવો વિચાર જેને આવે, તેના પરિણામ સારા હોય ને ? ખરાબ પરિણામવાળાના અન્તઃકરણમાં આવો અભિલાષ પ્રગટી શકે નહિ.

◆◆◆

શ્રદ્ધાસંપન્ન આત્માઓ હરેક અવસ્થામાં કેવું અને કેટલું માનસિક સ્વાસ્થ્ય અનુભવે છે, એનો સાચો ખ્યાલ પણ શ્રદ્ધાથી પરવારેલા અને વધુમાં શ્રદ્ધાની થેકડી કરનારાઓને કદી જ આવ્યોય નથી અને આવવાનો પણ નથી.

◆◆◆

શ્રાવકકુલમાં માનવજન્મ પામવા છતાં પણ સંસારસાગરથી તરવાનો ઉપદેશ આપનારા નહિ ગમે, તો પછી કયા અને કયારે ગમશે ?

◆◆◆

શ્રાવકકુલમાં જન્મ્યા પછી મોક્ષમાર્ગ આરાધવાની અરૂચિ, એ ખરે જ ભયંકર પાપોદય છે.

◆◆◆

શ્રદ્ધા હોય છતાં પૂરી સમજ નહોય એ બને. સમજતા હોઈએ છતાં ન સમજાવી શકીએ એય બને. કોઈ પૂછે કે-'તો તમે સમજ્યા શું ?' તો કહેવાય કે-'જે સમજ્યા છીએ તે સમજાવવાની તેવડ નથી, પણ અમે ગુરૂથી જાણ્યું અને અમને ગમી ગયું ! અમને એમ થઈ ગયું છે કે-શ્રી નવકાર મળ્યો, એટલે બધું મળી ગયું ! હવે બીજી કોઈ ચીજ ન મળે તો એથી અફસોસ થાય તેમ નથી અને બીજી ગમે તેવી સારી ચીજ મળે તોય આ મળ્યાનો જે આનન્દ છે તેનાથી અધિક આનન્દ થાય તેમ નથી. શાથી એ કદાચ એમ વિગતથી વર્ણવી શકીએ નહિ, તોય અમારા મનમાં આ ઠસી

ગયું છે અને અમે જેમ જેમ સમજતા જઈએ છીએ તેમ તેમ અમારી આ શ્રદ્ધા દૃઢ બનતી જાય છે.' આવી શ્રદ્ધા હોય તો શ્રી અરિહંતાદિને નમતાં કેવોક આનન્દ આવે ? અને હૈયે કેવા ભાવ પ્રગટે ? 'મારે તે જ જોઈએ છે, કે જે શ્રી નવકારમાં છે અને એ સિવાયનું મારે કાંઈ જ જોઈતું નથી.'-એમ થાય ને ?

◆◆◆

શ્રાવકકુલની મહત્તા, મોક્ષમાર્ગની આરાધનાને જ આભારી છે, એ વાત ખાસ ખ્યાલમાં રાખવા જેવી છે.

◆◆◆

શ્રાવક દરિદ્રી હોય એ બનવાજોગ છે, પણ શ્રાવક દીન નહિ હોવો જોઈએ. દરિદ્ર ન બનવું એ સ્વાધીન નથી, જ્યારે દરિદ્રાવસ્થામાં પણ દીન ન બનવું, એ આત્માની સ્વાધીન વસ્તુ છે. દરિદ્રતા, એ વર્તમાન માટે અસ્વાધીન હોઈને કલંક નથી : પણ દીનતા એ આત્માનું કલંક છે.

◆◆◆

શ્રાવકપણું જેને-તેને દેવ માનવામાં, જેને-તેને ગુરૂ માનવામાં કે જે-તે વસ્તુને ધર્મ માનવામાં નથી ટકતું : પણ તેને પામવા અને ટકાવવા માટે કુદેવ, કુગુરૂ અને કુધર્મનો ત્યાગ કરવો પડે છે તેમજ સુદેવ, સુગુરૂ અને સુધર્મનો સ્વીકાર કરવો પડે છે.

◆◆◆

શ્રાવકપણામાં મોક્ષ છે એમ શાસ્ત્રે કહ્યું જ નથી. જે આત્માને એ વેષમાં મોક્ષ કહ્યો છે, તે આત્મા ભાવથી સર્વવિરતિને પામીને જ મોક્ષે જાય છે.

◆◆◆

શ્રાવક સંઘમાં અયોગ્ય માર્ગે ચાલનારાને જો શ્રાવકો અંકુશમા રાખી શકતા હોત, તો સાધુઓ કદી તેમની વચ્ચે આવત નહિ.

◆◆◆

શ્રદ્ધાપૂર્વની સમજણ કલ્પવેલડી, છે, જ્યારે શ્રદ્ધા વિનની સમજણ વિષવેલડી છે.

◆◆◆

શ્લેષ્મ એ ફસાવનારી ચીજ છે એમ જ્ઞાન થયું, તો માખી પણ

એનાથી છૂટવા પ્રયત્ન કરે છે : તેમ રમા અને રામા ફસાવનારાં છે, એમ જાણ્યા છતાં મનુષ્યો એનાથી છૂટવા પ્રયત્ન નથી કરતા, એ એક મોટી તાજ્જુબી છે.

◆◆◆

ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ એટલે નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ એટલે અચૌર્ય, અકિંચન્ય એટલે અપરિગ્રહ બ્રહ્મચર્ય,-આ દશ પ્રકારનો યતિધર્મ છે.

◆◆◆

દશ પ્રકારના યતિધર્મનું પાલન કરવાને માટે પૃથ્વી-સંબંધી દશ પ્રકારના આરમ્ભનો ત્યાગ કરવો જોઈએ. ક્ષમાધર્મનું પાલન કરવું હોય, તોય આ દશ પ્રકારના આરમ્ભનો ત્યાગ કરવો જોઈએ અને કેવળ ક્ષમા, માર્દવ આદિ દસે પ્રકારના યતિર્ધમનું પાલન કરવું હોય, તોય આ દશ પ્રકારના આરમ્ભનો ત્યાગ કરવો જોઈએ. પૃથ્વીકાય સંબધી આરમ્ભનો ત્યાગ, અપ્‌કાય સંબંધી આરમ્ભનો ત્યાગ, તેઉકાય સંબંધી આરમ્ભનો ત્યાગ વાયુકાય સંબંધી આરમ્ભનો ત્યાગ, વનસ્પતિકાય સંબંધી આરમ્ભનો ત્યાગ અને પંચેન્દ્રિય સમ્બન્ધી તેનો ત્યાગ; તેમ જ, અજીવ એવી પણ વસ્તુઓને લેવા આદિ દ્વારા હિંસાદિકનું થવું એ સંભવિત હોઈને, તે આરમ્ભનો ત્યાગ આમ પૃથ્વીકાયાદિ સમ્બન્ધી દશેય પ્રકારના આરમ્ભનો ત્યાગ. ક્ષમા આદિ દશ પ્રકારના યતિધર્મને દશ પ્રકારના આરમ્ભત્યાગથી ગુણતાં સો શીલાંગ થાય. આ સો અંગોને ધરવાને માટે, સ્પર્શનેન્દ્રિય આદિ ઈન્દ્રિયોનો વિજય સાધ્યા વિના ચાલે નહિ, એટલે એ પાંચે ગુણવાના એથી શીલનાં પાંચસો અંગો થાય. આ પાંચસો શીલાંગોને ધરનારા બનવાને માટે, આહારસંજ્ઞા ઉપર પણ વિજય મેળવવો જોઈએ, ભયસંજ્ઞા ઉપર પણ વિજય મેળવવો જોઈએ. મૈથુનસંજ્ઞા ઉપર પણ વિજય મેળવવો અને પરિગ્રહસંજ્ઞા ઉપર પણ વિજય મેળવવો જોઈએ. પાંચસો શીલાંગોને ચારે ગુણો, એટલે બે હજાર થયાં.

બે હજાર શીલાંગોને ધરવાનાં તે મનથી પણ ધરવાનાં, વચનથી પણ ધરવાનાં અને કાયાથી પણ ધરવાનાં; એટલે, બે હજાર શીલાંગોને એ ત્રણ યોગોએ ગુણતાં ૬ હજાર શીલાંગો થયાં. એ છએ હજાર શીલાંગોને કરવા રૂપ, કરાવવા રૂપ અને અનુમોદવારૂપ એવાં જે ત્રણ કરણો, તે ત્રણ કરણોએ ગુણવાનાં. એમ કરતાં કુલ અઢાર હજાર શીલાંગો થાય. આવી રીતિએ શીલનાં એટલે સાધુપણાનાં અઢાર હજાર અંગો થાય છે અને સાચા જૈન મુનિવરો

આ અઢાર હજાર શીલાંગોના ભારને વહનારા હોય છે.

સાચા શ્રમણના શીલનાં એ અઢાર હજાર અંગોને જો એક જ વાકય દ્વારા જણાવવાં હોય, તો એમ કહી શકાય કે-' કરવા, કરાવવા અને અનુમોદવા રૂપે મનથી, વચનથી અને કાયાથી, આહારસંજ્ઞા આદિ ચાર સંજ્ઞાઓ ઉપર વિજય મેળવીને અને સ્પર્શનેન્દ્રિય આદિ પાંચ ઈન્દ્રિયોને કાબૂમાં લઈને, પૃથવીકાયાદિ સંબધી દશ પ્રકારના આરમ્ભનો ત્યાગ કરવા પૂર્વક, ક્ષમા આદિ દશવિધ યતિધર્મનું પાલન કરાય, એ શીલનાં અઢાર હજાર અંગોને ધારણ કરેલાં કહેવાય.'

કરણ ત્રણ અને યોગ ત્રણ, એટલે ત્રણને ત્રણે ગુણતાં નવ આવે. સંજ્ઞા ચાર, માટે એ નવને ચારે ગુણતાં છત્રીસ આવે. ઈન્દ્રિયો પાંચ, માટે એ છત્રીસને પાંચે ગુણતાં એક સો એંશી આવે. આરમ્ભના પ્રકાર દશ, માટે એ એકસો એંશીને દશે ગુણતાં અઢાર સો આવે. યતિધર્મ દશવિધ, માટે એ અઢાર સોને દશે ગુણતાં અઢાર હજાર આવે.

મન, વચન અને કાયાના ત્રિયોગે અને કરવા, કરાવવા અને અનુમોદવા રૂપ ત્રિકરણે જો એક માત્ર ક્ષમાધર્મનું પણ પાલન કરવું હોય, તો પણ ત્રિયોગે અને ત્રીન્કરણે દશ પ્રકારના આરમ્ભનો ત્યાગ પણ કરવો જ જોઈએ. ત્રિયોગે અને ત્રિકરણે દશ પ્રકારના આરભ્મનો ત્યાગ પણ ત્યારે જ વાસ્તવિક રીતિએ શકય બને, કે જ્યારે પાંચેય ઈન્દ્રિયો ઉપર ત્રિયોગે અને ત્રિકરણે કાબૂ મેળવ્યો હોય. એવા ઈન્દ્રિયવિજ્યને સાધવાને માટે પણ, ચારેય સંજ્ઞાઓ ઉપર ત્રિયોગે અને ત્રિકરણે વિજ્ય મેળવવો પડે. એક માત્ર ક્ષમાધર્મનું પણ ત્રિયોગે અને ત્રિકરણે પાલન કરવાને માટે જેમ આ બધું કરવું પડે, તેમ બાકીના નવ માર્દવાદિ યતિધર્મોનું પણ જો ત્રિયોગે અને ત્રિકરણે પાલન કરવું હોય, તો એ માટે પણ આ બધું કરવું જ પડે.

◆◆◆

શ્રાવક મહારંભ ને મહાપરિગ્રહમાં બેઠેલા હોય-એ બને, પણ એને જ ઈચ્છનારા એ ન હોય. તેમ મહારંભાદિને સેવો અને ઈચ્છો, તે છતાં પણ 'અમને દુર્ગતિમાં જવા દેશો નહિ.' એમ તમારે ભગવાનને કહેવું છે ને ? પણ ભગવાન કરે શું ? ભગવાનનું કહ્યું કરો, તો જ ભગવાન દ્વારા તમારૂં ભલું થઈ શકે. 'ભગવાન ભલું કરે.'-એ તો આપણે એ તારકોએ ભલું કરવાનો

માર્ગ દર્શાવ્યો છે માટે કહીએ છીએ; બાકી તો દરેક જીવ પોતાનું ભલું અને પોતાનું ભૂંડું પોતે જ સર્જે છે. તમારૂં હૈયું મહારંભાદિમાં જ રમતું હશે અને તેમાં તમે જો રાજીપો જ અનુભવ્યા કરતા હશો, તો તમે જે ધર્મક્રિયાઓ કરો છો, તે પણ તમને શી અને કેટલીક મદદ કરી શકશે ? આ ધર્મક્રિયાઓનો જો સાચો લાભ લેવો હોય, તોય તમારે તમારા હૈયાને સુધારવું પડશે. તમારે જો દુર્ગતિમાં ન જવું હોય, તો એ માટે તમારે શું કરવું જોઈએ ? જેઓ મહારંભ અને મહાપરિગ્રહમાં બેઠા છે, તેઓ તેમાંથી રસ કાઢી નાંખે અને એની ઈચ્છાવાળા પોતાની ઈચ્છાને દોદરી બનાવી દે. 'મહારંભ અને મહાપરિગ્રહ એ નરકનું કારણ છે.'-એમ જો બરાબર લાગી જાય અને જો ભગવાને કહેલો ધર્મ હૈયે વસી જાય, તો જ દુર્ગતિથી બચવાનો ઉપાય છે.

◆◆◆

સાધુએ જે પ્રકારે દાન, શીલ, તપ અને ભાવ રૂપ ધર્મનું સેવન કરવાનું છે, તે રીતિએ શક્તિ મુજબ ધર્મને સેવવાનો ઉદ્યમ સાધુએ કરવો જોઈએ; અને, શ્રાવકોએ શ્રાવકોની રીતિએ દાનાદિ ધર્મનું સેવન શક્તિ મુજબ કરવાનો ઉદ્યમ કરવો જોઈએ. ભગવાને કહેલા આ ધર્મના સેવનથી કર્મોની નિર્જરા થાય અને કર્મોના કારમા ઉદય સામે સ્વસ્થપણે ટકી રહેવાનું સામર્થ્ય પણ પ્રગટે.

◆◆◆

શ્રાવકો વિવેકવન્તા હોવા છતાં પણ, હવેથી ક્ષણિક ૠદ્ધિસુખવાળા ઘરમાં લુબ્ધ થયા થકા વસશે. એ લુબ્ધતા એવી ભયંકર કોટિની હશે, કે જેના યોગે દૌઃસ્થ્ય અગર પરચક્રની પીડા ઉપસ્થિત થશે, તો પણ તે શ્રાવકો પ્રવજ્યા લેશે નહિ : સંસાર દુઃખમય છે-એનો અનુભવ કરવા છતાં પણ, સંસારથી તારનારી પ્રવ્રજ્યાને ગ્રહણ કરવાને તત્પર બનશે નહિ. વિવેકી આત્મા દુઃખ આવે ત્યારે દુઃખના મૂળનો વિચાર કરે : અને દુઃખના મૂળનો વિચાર બરાબર આવી જાય, તો આત્મામાં વૈરાગ્યભાવ પેદા થયા વિના રહે નહિ. દુઃષમ નામના આ આરામાં, ભગવાન કહે છે કે-દૌઃસ્થયાદિ ઉપસ્થિત થયે છતે પણ ક્ષણિક ૠદ્ધિસુખવાળા ઘરમાં લુબ્ધ થઈને રહેલા શ્રાવકો, પહેલી વાત તો એ છે કે-દીક્ષા લેશે નહિ; પણ બધા જ એવા પાકશે એમ નહિ : કેટલાક શ્રાવકો એવા પણ થશે, કે જેઓ દીક્ષા ગ્રહણ કરશે. હવે જે

શ્રાવકો દીક્ષા ગ્રહણ કરશે, તે બધા અંગીકાર કરેલા ચારિત્રધર્મનું પાલન જ કરશે એમ નથી : પ્રવજ્યાને ગ્રહણ કર્યા પછીથી પણ, કેટલાક આત્માઓ કુસંગના યોગે પ્રવજ્યાનો પરિત્યાગ કરનાર થશે : માત્ર વિરલ આત્માઓ જ એવા હશે, કે જે આત્માઓ સંસારથી વૈરાગ્યને પામીને ભાગવતી દીક્ષાને ગ્રહણ પણ કરશે અને ગમેતેવા કુસંગનો યોગ થવા છતાં પણ, પોતે ગ્રહણ કરેલા વ્રતનું આજીવન પાલન કરશે. પહેલી વાત એ કે-દીક્ષા લેનાર જ થોડા નીકળશે અને જે થોડા દીક્ષા લેનારા નીકળશે, તેમાં પણ કેટલાક તો કુસંગ મળતાં પ્રવજ્યાનો પરિત્યાગ કરશે : માત્ર થોડા જ આત્માઓ પોતાને કુસંગનો યોગ પ્રાપ્ત થશે તો પણ કુસંગની અસરથી લેપાશે નહિ અને જીવનના અન્ત સુધી પોતે સ્વીકારેલાં વ્રતોનું પાલન કરશે.

♦♦♦

શ્રાવકની દિનચર્યા રાત્રિ ચાર ઘડી બાકી હોય, ત્યારથી શરૂ થાય. સૂર્યોદય થવાને ચાર ઘડી બાકી હોય, ત્યાં તો શ્રાવક ઉઠે. જેવો જાગે તેવો જ તેને નવકાર સાંભરે. નવકારને યાદ કરવો પડે નહિ, પણ નવકાર યાદ આવ્યા વિના રહે નહિ. એને એવો અભ્યાસ થઈ ગયો હોય. ઉઠીને જરૂર હોય તો શરીરની શુદ્ધિ કરી લે. તે પછી શુદ્ધ વસ્ત્ર પહેરીને નિયમ અને સમય મુજબ પ્રતિક્રમાણાદિ કરે. પ્રતિક્રમાણાદિ કરતાં પહેલાં, તે પોતાના ધર્મનિયમો આદિને યાદ કરે. 'હું કોણ છું ?'-વગેરે વિચારે. 'આજે કયી તિથિ છે અથવા તો આજે કયા ભગવાનનું કયું કલ્યાણ છે.-એ વગેરે પણ યાદ કરે. રાત્રે સ્વપ્રાદિક આવેલ હોય તો, પ્રતિક્રમણ કરતો હોય કે પ્રતિક્રમણ ન કરતો હોય, તો ય તેને અંગે કાઉસ્સગ્ગ કરે. નિયમ ધારવાના હોય તે ધારે અને પચ્ચખ્ખાણ કરે. પછી, મલમૂત્રાદિનો ત્યાગ કરી, પવિત્ર શરીરવાળો બનીને પૂજા કરવા જાય. શ્રાવકના ઘરમાં મોટે ભાગે શ્રી જિનમંદિર હોય. જેટલા સુખી, તેના ઘરમાં શ્રી જિનમંદિર હોય. જેટલા સુખી, તેના ઘરમાં શ્રી જિનમંદિર ખરાં ને ? હમણાં તો, હોય તેય કાઢી નાખવા માંડયાં છે ને ?

સ. આશાતનો ડર લાગે છે.

પહેલાં, આશાતનાનો ડર નહિ લાગતો હોય ? આશાતનાના ડર કરતાં, એમાં કોઈ બીજી જ વસ્તુ કામ કરી રહી છે. પહેલાં નાનાં નાનાં ઘરોમાં પણ શ્રી જિનમંદિર રહેતું. એનું સ્મરણ આજે પાટણ, સુરત,

અમદાવાદમાં જે થોડાંક ગૃહમન્દિરો છે, તે કરાવે છે, કેટલાંક ઘરોની સ્થિતિ નબળી પડી ગયેલી હોય છે, તોય એ ઘરમાંથી શ્રી જિનની ભક્તિમાં થોડું પણ દૂધ અને દીપકમાં ઘી આદિ વપરાય છે. ગરીબી આવી જવા છતાંય, જેઓના હૈયમાં શ્રી જિનભક્તિ છે, તેઓ કહે છે કે-અમારા પૂર્વજો આ મંદિર મૂકી ગયા છે તો ચાર આના જેમ પેટમાં જાય છે, તેમ આ ખાતેય આનો જાય છે. કેટલાક તો કહે છે કે-આટલો બધો અશુભોદય છતાં એટલો જ પુણ્યોદય છે કે-આ મંદિર ઘરમાં છે, તો આ માર્ગે આટલું જાય છે. આવી સ્થિતિમાં અમે આટલું પણ બીજે ખર્ચવા જાત નહિ અને આ છે તો અમે આવક મુજબ જેમ બીજો ખર્ચ ગણીએ, તેમ આ ખર્ચ પણ ગણી લઈએ છીએ. ઘરમંદિરવાળા ઘરોમાં મોટે ભાગે છોકરાં નાસ્તિક ન પાકે. જેના ઘરમાં મંદિર હોય, તે ઘરમંદિરે દર્શન-પૂજન આદિ કરીને પછી શ્રીસંઘના મંદિરે જાય. શરીરે લોહી વગેરે નીકળતું હોય, તો પોતાની સામગ્રીથી બીજાની પાસે પૂજા કરાવે. દેવપૂજા કર્યા પછી, ગુરૂ પાસે જઈને પચ્ચખ્ખાણ કરે અને પચ્ચખ્ખાણ પાર્યું હોય તો વ્યાખ્યાન સાંભળે. વ્યાખ્યાન ઉઠયા બાદ ફરીથી ગુરૂને પથ્યાદિ અંગે પૂછે તેમ જ પોતાને ઘરે વહોરવાને પધારવાનું નિમન્ત્રણ કરે. તમે નવકારશી કરો છો, તે નવકારશી કર્યા વિના ચાલે તેમ નથી માટે કરો છો કે ટેવથી કરો છો ? અને, ટેવથી કરતા હો, તો એ ટેવ રાખવા જેવી છે કે કાઢી નાખવા જેવી ? શ્રી જિનવાણીને સાંભળવાનો યોગ હોય તો સાંભળ્યા વિના ન રહો, તો એ ટેવ રાખવા જેવી છે કે કાઢી નાખવા જેવી ? શ્રી જિનવાણીને સાંભળવાનો યોગ હોય તો સાંભળ્યા વિના ન રહો, એવું ખરૂં ? પછી મધ્યાહ્નની પૂજા કરીને જમે અને ત્યાર બાદ ધંધાનો સમય આવે છે. જેને આજિવિકાદિ માટે જરૂર હોય તે ધંધો કરવા જાય તોય સાંજે બે ઘડી બાકી હોય ત્યાં તો પાણી ચૂકવી શકાય તેમ જમી લે અને સાંજની પૂજા કરે, પછી, ઘરમાં પૌષધશાળામાં પેસે. સુશ્રાવકોના ઘરમાં પૌષધશાળા પણ હોય ને ? મકાનમાં હૉલ તો ઘણા હોય છ; માત્ર બે માટે નહિ; શ્રી જિનમંદિરને માટે નહિ અને પૌષધશાળાને માટે નહિ, એમ જ ને ? બંગલે રહેનારાઓ, જ્યારે આવે ત્યારે ભગવાનને બંગલે પધરાવે અને જાય ત્યારે પાછા જ્યાંના ત્યાં પધરાવી લે, એમ કરી શકે ને ?

સ. જગ્યા જોઈએ ને ?....

એટલે આની જરૂર નહિ માનેલી ? ઘરમાં નહાવાની જગ્યા જોઈએ સામાન ભરવાની જગ્યા જોઈએ કિંમતી ચીજો રાખવાની જગ્યા જોઈએ,-એ વગેરે જોઈએ; અને ન જોઈએ માત્ર આ બે, એવું કોણે તમને શીખવ્યું ? આજે પણ સુખી માણસો ધારે તો શ્રાવકજીવનના વિધિને જીવનમાં ઉતારી શકે, પણ એ માટે હૈયાનો અનુરાગ ને ઉત્સાહ જોઈએ સાંજે આવશ્યક કરી, ગુરૂ હોય તો તેમની સેવા કરી, તત્ત્વચિન્તા કરે અને ઘરે સ્વજનોને ધર્મકથા સંભળાવે. પછી બધું વોસિરાવીને સૂઈ જાય. આ બધી ધર્મક્રિયાઓ ચાલુ છે ? વાત એ છે કે ધર્મક્રિયાઓનો તેટલો રસ હજુ પેદા થયો નથી. ધર્મક્રિયાઓનો રસ હોય અને એમાં એકાગ્રતા આવે, તો તે પણ ધર્મધ્યાન છે અને તેનો જોઈએ અનુરાગ.

♦♦♦

શ્રોતા વૈરાગ્ય પામે એ હેતુથી એકની એક વૈરાગ્યજનક વસ્તુ અનેક વાર કહેવામાં કોઈ જાતિનો દોષ નથી.

♦♦♦

સાધુઓએ ચોવીસેય કલાક પરિણામને સારા રાખવા અને શ્રાવકોએ-ગૃહસ્થોએ ધર્મ કરતી વખતે પરિણામને સારા રાખવાના, એવું નથી. સાધુને ધર્મ ચોવીસેય કલાક અને ગૃહસ્થને ધર્મ યથાશક્તિ, પણ ધર્મના પરિણામ તરફ તો બધાએ બધો વખત લક્ષ્ય રાખવાનું ! ધર્મ ઓછો કરે તો ઓછો કરવાને માટે નહિ, પણ ચોવીસેય કલાક ધર્મ થઈ શકતો નથી માટે એ ઓછો સમય ધર્મ કરે છે. ધર્મ કરવાની ભાવના તેની ચોવીસેય કલાકની ! અધર્મનું આચરણ કરતાંય ભાવના ધર્મની રાખે. 'નબળો છું માટે મારે આ કરવું પડે છે; કયારે એવો વખત આવે કે-એક ક્ષણ પણ ધર્મ વિનાની જાય નહિ.' આવી ભાવના તો હૈયામાં જાગતી બેઠી હોય.

♦♦♦

સાધુઓ ભિક્ષુક છે, પણ દીન નથી. સાધુઓ ભિક્ષા લે છે તે એટલા જ માટે કે-પોતાના સાધુપણાનું પાલન થઈ શકે. આ વૃત્તિ હોય છે માટે જ. ન મળે તોય તેમનામાં દીનતા આવતી નથી અને 'તપોવૃદ્ધિ થઈ' એવી ભાવના પ્રગટે છે.

♦♦♦

સાધુઓ સંસારિઓનાં ઘર મંડાવનારા નથી જ. એ પુણ્યપુરૂષો તો નાશવંતાં ઘરોને પોતાનાં માની લઈને જીંદગીને બરબાદ કરી રહેલા આત્માઓમાં જે જે યોગ્ય આત્માઓ છે, તે તે યોગ્ય આત્માઓને આખાએ સંસારની અસારતાનું સાચું ભાન કરાવી, જ્યાં આત્માનો શાશ્વત સુખમય વાસ થઈ શકે તેમ છે, ત્યાં પહોંચાડનારા એકના એક અનુપમ અને અજોડ એવા મુનિપણાના માર્ગે જ ચડાવનારા છે : એથી જ એ પુણ્યપુરૂષો સંસારની વસ્તીને ઘટાડનારા છે, તે વાત તદ્દન સાચી જ છે : પણ સાથે એ વાત પણ એટલી જ સાચી છે કે-એ પુણ્યપુરૂષો મુમુક્ષુઓની વસ્તીમાં એકાંતે વધારો જ કરનારા છે.

◆◆◆

સારી કરણી ન થઈ એનો બચાવ કયારે હોઈ શકે, કરવા જેટલું હોય તેટલું કરી છૂટયા પછી ! પ્રયત્ન નહિ કરવા છતાં ઠપકો મળે ત્યાં બચાવ થાય, એ લજ્જાગુણનું લીલામ છે.

◆◆◆

સંસારી આત્માને સિદ્ધ આત્મા બનાવવાને માટે જ તીર્થ જરૂરી છે. તીર્થ તે જ કહેવાય, કે જે સંસારી આત્માને સિદ્ધ આત્મા બનવા-બનાવવામાં સહાયક બનવાની લાયકાત ધરાવે ! જેનામાં આવી લાયકાત ન હોય, તેને તીર્થ કહી શકાય નહિ.

◆◆◆

સંસારીઓ કરતાં સંયમીઓએ બહુ મક્કમ રહેવું જોઈએ. સંસારીઓ સંસારના પ્રચાર માટે જેટલો પ્રયત્નકરે છે તે કરતાં સંયમીઓએ સંયમના પ્રચાર માટે કેઈ ગુણો પ્રયત્ન કરવો જોઈએ કારણ કે સંસાર એ દુઃખ વધારનાર છે, ત્યારે સંયમ એ શાશ્વત સુખને પમાડનાર છે.

◆◆◆

સંસારી અને સંપૂર્ણ સુખી સાંભળ્યા છે ? સંપૂર્ણ દુઃખી તો સાંભળ્યા છે કારણ કે-પૌદ્ગલિક સુખ વીજળીના ઝબકારા જેવું છે.

◆◆◆

સંસારીઓની સંસારપોષક બધી જ દલીલોને તોડી પાડવા માટે શ્રાવક નીરંતર સજ્જ જ હોય કારણ તે સંયમી નથી પણ સંયમી થવાની ભાવનાવાળા

તો છે જ.

♦♦♦

'સંસારીઓની મક્કમતા જ્યારે નિંદવા જેવી છે ત્યારે સંયમીઓની મક્કમતા પ્રશંસવા જેવી છે, સંસારમાં મક્કમ તે નિર્દય છે અને સંયમમાં મક્કમ તે સાચો દયાળુ છે.' આટલો વિવેક આવ્યા વિના સંયમ અને સંયમધર પ્રત્યે અખંડ પ્રેમ જાગે પણ કેવી રીતે ?

♦♦♦

સંસારી જીવો નિરન્તર દુઃખસન્તાપને ભોગવે છે : સંસારવર્તી જીવોમાં જન્મ, જરા, મરણ, રોગ અને શોક આદિ દુઃખોથી તેમજ દુર્ગતિથી મુક્ત બનાવનાર કારણને સેવનારા આ જગતમાં વિરલ આત્માઓ છે. આ સંસારમાં શું હેય છે અને શું ઉપાદેય છે, શું હિતકર છે અને શું હાનિકર છે, એ વિગેરે વસ્તુઓનો વિચાર કરનારા કેટલા ? સુખના અર્થી સૌ અને સુખના સાચા કારણને સેવનારા વિરલા, એનું કારણ શું ? સુખને ઈચ્છવા છતાં પણ સુખના સાચા કારણ પ્રત્યે બેદરકાર જનોની સંખ્યા ઓછી નથી. સુખના કારણ વિષે વિચાર કરનારા જ થોડા છે. મોટો ભાગ તો ગાડરીયા પ્રવાહની જેમ જ જીવનને પુરૂં કરે છે. સંસારમાં ડાહ્યામાં ડાહ્યા, તીક્ષ્ણ બુદ્ધિશાલી અને ખૂબ વિવેકી ગણાતા એવા પણ આત્માઓ સુખના સાચા કારણથી પરાઙ્મુખ બનેલા દેખાય છે. કારણ ? કારણ એ જ છે કે-તેઓએ ગાડરીયા પ્રવાહમાં તણાઈને સુખનું કારણ અર્થ અનેકામ છે એમ માની લીધા પછી જ પોતાની બુદ્ધિ આદિનો ઉપયોગ કરવા માંડયો છે. અર્થ અને કામ કેમ વધારે મળે, એ વિષે વિચાર કરતાં પહેલાં અર્થ અને કામ એ સુખનું સાચું કારણ છે કે નહિ, એનો વિચાર કરવો જોઈતો હતો : પણ મિથ્યાત્વના ઉદયાદિથી તેવો વિચાર થયો નહિ. આથી પરોપકાર કરવાની વૃત્તિથી પણ તેવા વિચક્ષણોએ જે વિચાર કર્યો અને કરે છે, તે તેમના અને ઈતરોના આત્મહિતમાં સાધક બન્યો નથી અને બનતો પણ નથી.

♦♦♦

## અર્થિની આજ્ઞા

સંસારી માબાપ ગમેતેટલા હિતૈષી, પણ કોઈ અપવાદ બાદ કરતાં તેમનામાં મોહના અંશો હોય તે કામ કર્યા વિના રહેતા નથી. જ્ઞાની, એકાંતે

અયોગ્ય આજ્ઞાને પણ માનવી જ, એમ કહી દે તો શું થાય ? છોકરો પૈસા કમાવવા કે ડીગ્રીધર થવા વિલાયત જવામાં દરિયાનો ભય, અજાણ્યો પ્રદેશ, ખાનપાનની પ્રતિકૂલતા, હવાની પણ પ્રતિકુલતા, આ બધાની પરવા કર્યા વિના તિલક આદિ કરીને રજા આપતાં માતા પિતાને, પુત્રને અને પત્નીને, પતિનો વિયોગ કેમ નથી સાલતો ? પોતાના સ્વાર્થ માટે આ રીતનું વર્ણન કરનાર કલ્યાણ માર્ગે જતાં અંતરાય કરે એનું વજન કેટલું ? એ અંતરાયને આધીન થવું, એ અજ્ઞાનતા શિવાય, બીજું શું છે ? એ વખતે માતા કે સ્ત્રી કંકુ લાવે-ચાંલ્લો કરે, નાળીએર આપે, આનું પણ કારણ વિચારો ! વેપાર માટે કયાંઈ જવું હોય તો ગરમીમાં, શીયાળાની ઠંડીમાં ચોમાસામાં જવાય. ત્યાં મા બાપ કહે કે-'શું કરીયે ? એ ન જાય તો પેટ ભરીયે કયાંથી ?' પણ જો છોકરો તીર્થમાં જવાનું કહે, તો શિયાળામાં શરદી થાય, ઉનાળામાં ગરમી લાગે ચોમાસામાં વરસાદની ઝડીયો માટે આ સાલ નહિ બીજી સાલ બીજી સાલે વળી ત્રીજી સાલ, ચોથી, પાંચમી સાલ ત્યાં વળી શોક આવે. શોક પણ મોટા ભાગે ધર્મના કામ માટે જ શોક આવે ત્યારે આરંભ-સમારંભ બંધ ન થાય, પણ આરંભ-સમારંભથી છોડાવનાર ધર્મક્રિયાઓ બંધ થાય ! આ રીતે કેવળ મોહમાં પડેલા, સ્વાર્થમાં રચેલા-પચેલાની આજ્ઞા માનવીજ જોઈએ, એમ શ્રી જિનેશ્વરદેવો કહે ? નહિ જ'

◆◆◆

સ્વજન, પરજન, સ્નેહી, દુશ્મન, સજ્જન, દુર્જન, પાપી, પુણ્યશાળી, ગમે તે હો સઘળા, સુખી થાઓ એ ભાવના ભાવવાનો અધિકાર છે, કેમ કે-એ ભાવનામાં દયાના અંકુરો છે. પણ સર્વે વિષય અને વિષય સામગ્રીથી ભરપૂર થાઓ એ ભાવનામાં ધર્મને પોષણ મળતુ નથી, એટલું જ નહિ પણ એથી ઉલ્ટી જ ભાવનાને પોષણ મળે છે.

◆◆◆

સ્નેહરાગ આત્માને એવી રીતિએ સતાવ્યા કરે છે, કે જેના પરિણામે આત્મા મુંઝવણમાં મૂકાયા વિના રહેતો જ નથી.

◆◆◆

સ્વચ્છંદી વિચારના પરિણામે સ્વ અને પરના ઉપર આજે આપત્તિઓના વરસાદ વરસી રહ્યો છે.

◆◆◆

સ્વચ્છંદી આત્માઓ ઉચિત વિનય કરતાં પણ શરમાય છે. ગરજ હોય ત્યાં ગધેડાને પણ બાપ કહેનારાઓ, જ્યારે દેવ, ગુરૂ અને ધર્માત્માઓ સમક્ષ વિનય કરતાં શરમાય છે, ત્યારે સમજવું કે-શરમ કરતાં તેઓમાં ધુષ્ટતા વધારે છે.

♦♦♦

સ્નેહિઓની ઇચ્છાઓને પૂર્ણ કરવામાં પોતાની સંસારસાગરને તરવાની ઇચ્છા દબાઇ ન જાય, એ વસ્તુ વિરકત આત્માઓએ ખાસ લક્ષ્યમાં રાખવી જોઇએ.

♦♦♦

સ્વતંત્રપણે વર્તવું, એમાં સુખ માને એ મનુષ્યપણું નથી. સ્વતંત્રપણે વર્તવાની ઈચ્છા આવી ત્યાંથી મનુષ્યપણું ગયું. દેવની, ગુરૂની, આગમની, ધર્મની આજ્ઞા, એ જ પોતાની ઈચ્છા બતાવવી જોઇએ. એ રૂચે છે ? જો એ ન રૂચતું હોય તો ચાર દિનો આનંદ ભોગવી લો ! થોડાજ કાળ પછી ખબર પડશે કે-ઈચ્છા મુજબ વર્તવાનું શું પરિણામ આવ્યું ? કદાચ પૂર્વના પુણ્ય યોગે આ પાંચ-પચીસ વર્ષના આયુષ્યમાં નહિ પણ જણાય પણ આયુષ્યની પૂર્ણાહુતિ થઈ ત્યાં માલૂમ પડશે કે-સ્વેચ્છાચારીપણાનું શું પરિણામ આવે છે ! પચીસ-પચાસ વર્ષ મહાલી લેવું હોય અને અસંખ્યાતા વર્ષના પાંજરામાં પૂરાવું હોય, તો મરજી મુજબ ભટકી શકો છો, કારણ કે-એવા આત્માઓ માટે મહેનત કરવાની છેજ નહિ.

♦♦♦

સ્વતંત્ર તેજ આત્માઓ છે કે જેના ઉપરથી કર્મનું આવરણ ખસી ગયું છે તથા અજ્ઞાનનું આવરણ ઉડી ગયું છે. કર્મનું આવરણ ખસ્યું નથી અને અજ્ઞાનનું આવરણ હજી બેઠું છે તે કદી સ્વતંત્ર બની શકતો નથી.

♦♦♦

સ્વતંત્રતાના નામે આજે જેઓ સાચી કુલીનતા આદિ સંબંધી મર્યાદાઓનું લીલામ કરી-કરાવી રહ્યા છે, તેઓ અનાચારનું આમંત્રણ કરી પોતાની જાતનો પણ પોતાના હાથે જ અધઃપાત કરી રહ્યા છે.

♦♦♦

સ્વભાવ ધર્મ જેને પ્રગટ કરવો છે, તેણે સાધનધર્મને તો સૌથી પહેલાં

શોધવા નીકળવું જોઈએ.

◆◆◆

સ્વભાવ તેનું નામ કે-જે ત્રિકાલાબાધિત હોય.

◆◆◆

સ્વભાવધર્મની આડે આવનારની આજ્ઞા માનવી એ ભયંકર ભૂલ છે !

◆◆◆

સ્વભાવધર્મ એટલે અનંતજ્ઞાન, દર્શન, ચારિત્રની ખીલવટમાં સહાય કરનારાં સાધનોમાં ઉદ્યમ કરવો એ આપણી ફરજ છે. તે સિવાયની પ્રવૃત્તિમાં ઉદ્યમ કરવો પડે એ આવી પડેલી ફરજ છે. એક આનંદપૂર્વક થવી જોઈએ અને બીજી વેઠરૂપ લાગવી જોઈએ.

◆◆◆

સ્વભાવે ભવ્ય એવો પણ જીવ, ભલે તે વ્યવહાર-રાશિમાં આવ્યો, તો પણ જો તે જીવનો સંસારકાલ એક પુદ્‌ગલપરાવર્ત્ત કાલથી અધિક બાકી હોય, તો ત્યાં સુધી એ જીવ, કોઈ પણ રીતિએ અને કોઈ પણ સંયોગમાં, મોક્ષના આશયને પામી શકે જ નહિ. ખુદ શ્રી તીર્થંકર પરમાત્માનો યોગ એ જીવને થઈ જાય અને ખુદ શ્રી તીર્થંકર પરમાત્માની દેશનાને સાંભળવાનોય યોગ એ જીવને પ્રાપ્ત થઈ જાય, તો પણ એ જીવના હૈયામાં મોક્ષનો આશય પ્રગટી શકે જ નહિ.

◆◆◆

સ્વીકારવા યોગ્ય શાસન તેનું જ હોય કે જે વ્યક્તિ વીતરાગ હોય : વીતરાગ શબ્દમાં એવો જાદુ છે કે-ભયંકર વિરોધીઓથી પણ ના ન પાડી શકાય.

◆◆◆

ઘરમાં રહેવાની વસ્તુને પુષ્ટ કરવા મંદિરમાં જાય, એને ધર્મી કહ્યા કોણે ? શ્રી વીતરાગના મંદિરમાં વારંવાર જવાનું કારણ રાગની પુષ્ટિ કરવા માટે નથી જ, પણ વીતરાગ બનવા માટે છે. જ્યાં જાઓ તે સ્થાનને ઓળખવું જોઈએ. એટલા માટે શ્રી જિનેશ્વરદેવના ધર્મમાં કેવળ ઓઘ દૃષ્ટિ જ નહિ, કિન્તુ કાંઈક વિકસિત દૃષ્ટિ જોઈએ.

◆◆◆

સ્વાર્થવિવશ દુનિયાએ એ પરિસ્થિતિ ઉભી કરી દીધી છે કે-જાણે વૈરાગ્ય અને એનાં સાધન એ સંસારના સુખમાં અંતરાય કરનારાં પરમ વિઘ્નો છે.

♦♦♦

સ્વાર્થી માણસ પોતે જ સ્વાર્થ માટે કપટ કરતો હોય, ત્યાં સામો કપટ કરે એનું એને આશ્ચર્ય નહિ લાગે.

♦♦♦

સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિમાં કારણભૂત એવા મનુષ્યપણાને પામીને જે આત્માઓ રસપૂર્વક બહુ આરંભ કરે છે, બહુ પરિગ્રહમાં રાચે છે, માંસનું ભક્ષણ કરે છે અને પંચેન્દ્રિય જીવોનો ઘાત કરે છે, તે આત્માઓ ખરે જ નરકગામી આત્માઓ છે.

♦♦♦

સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિમાં કારણરૂપ એવા મનુષ્યપણાને પામ્યા છતાં પણ, જે લોક નરકની પ્રાપ્તિના ઉપાયો રૂપ કર્મોમાં ઉદ્યમશીલ થાય છે, તે લોક ખરે જ ખેદ ઉત્પન્ન કરનાર લોક છે : કારણ કે એવી કાર્યવાહી કરનાર લોકને જોવાથી, હિતચિંતક સજ્જનોને સાચે જ દુઃખ પેદા થાય છે.

♦♦♦

સ્વાભાવિક રીતિએ જ શ્રી જૈનશાસનમાં રહેલાં વૈરાગ્યનાં પૂરોને રોકવા માટે દિવાલો ચણવાની ભાવનાવાળાઓ, સામાન્ય પાપાત્માઓ નહિ પણ ઘોર પાપાત્માઓ છે : એટલે જે સમયે એવા પાપાત્માઓ જોરશોરથી ઘૂમી રહ્યા હોય, તેવા સમયે તો પ્રભુશાસનના પૂજારીઓએ વૈરાગ્યની નોબતો એવી રીતિએ ગડગડાવવી જોઈએ કે-એના ગડગડાટથી જ પાપાત્માઓ તેવી દીવાલો ચણી શકે નહિ અને ચણી દીધી હોય તો એની એકે એક કાંકરી ખરી પડે તેમ કરવું એ પ્રભુશાસનના પૂજારીઓનો પરમ ધર્મ છે અને તે અનિવાર્ય છે.

♦♦♦

સંસારની પ્રવૃત્તિ નાછૂટકે કરવી અને ધર્મની પ્રવૃત્તિમાં શક્તિ ગોપાવવી નહિ, એવું હૃદયમાં નક્કી કરો !

♦♦♦

સંસારની ભયંકરતાને બદલે સંયમની જ કેવળ કઠીનતા બતાવનારા અને એને જ યાદ રાખનારા એ વસ્તુત : માર્ગબાહ્ય જેવા છે.

♦♦♦

સંસારની સ્થિતિ જ ભયંકર છે અને એમાં મોહમગ્ન થઈને પડેલા આત્માઓ જે જે અને જેટલા અનર્થો ન કરે, તે તે અને તેટલા તેટલા અનર્થો ઓછા જ છે.

♦♦♦

સંસારની ઉપાધિઓનો લેશ પણ જેને સ્પર્શ્યો નથી, જે તદ્દન કોરો ઘડો છે અને જેવી વાસના નાખવી હોય તેવી વાસના જેનામાં બેસી શકે છે, તે જો દીક્ષા લે, સદ્‌ગુરૂ પાસે રહે, ગ્રહણ અને આસેવન શિક્ષાનું સેવન કરે, એટલે કે-જ્ઞાનક્રિયાનો અનુભવ કરે, વ્યવહાર અને નિશ્ચય બેને સમ્યક્ પ્રકારે જાણે અને હુંશીયાર બને, તો એવા બાલથી તીર્થની સ્થિતિ ખૂબ અસ્ખલિત વહ્યા કરે તે સ્વાભાવિક છે.

♦♦♦

સંસારનું એક પણ સુખ ઈચ્છવા યોગ્ય નથી, કેમ કે એ પરાધીન છે. આત્મા કર્મમાં ફસાયેલો હોય તો જ ભોગવી શકાય, એવું એ સુખ છે. આત્માને કર્મનું બંધન ન ગમે તો સંસારનું સુખ ગમે શાનું ? કેમ કે-કર્મના બન્ધનવાળો જ એ સુખ ભોગવી શકે છે. સુખ તો સ્વાધીન જોઈએ અને તે આત્મામાં જ રહેલું છે. આત્મા બન્ધનરહિત બને તો, સુખમાં કોઈ કશો પણ વિક્ષેપ કદી પણ કરી શકે નહિ.

♦♦♦

સંસારનું સુખ, એ કેટલી બધી ભૂંડી ચીજ છે, એનો ખ્યાલ આવે છે ? એની ફસામણમાં જે કોઈ, આવી જાય, તે સાધુ હોય તો એનું સાધુપણું જાય અને સમ્યગ્દષ્ટિ હોય તો એનું સમ્યક્ત્વ જાય, એ વાત આપણા શાસનપતિના આત્માના પતનની વાતથી પણ સમજાઈ જાય એવી છે ને ? શરીરને કષ્ટ પડે તે સહાયું નહિ અને એમાંથી સંયમનો ભાવ ગયો; સેવા કરનારો એકાદ શિષ્ય જોઈએ એમ થયું ને એમાંથી ઉત્સૂત્રભાષણ થયું ને સમ્યક્ત્વ ગયું. ભગવાનના આત્માને માટે આવું બને; અને, આપણે, સંસારના સુખના રાગથી ડરીએ નહિ, શરીરના સુખનાં સાધનોમાં જ આપણે શાન્તિ

માનીએ અને એ સાધનો અનુકૂળ મળે એથી જ આપણે શાન્તિ અનુભવીએ અને એમાં એનો આનન્દ પણ આપણે અનુભવીએ, છતાં પણ આ ધર્મ આપણને તારી દેશે એમ આપણે માનીએ, તો એનો કોઈ મેળ ખાય એવો છે ?

♦♦♦

સંસારનો રાગી આત્મા-સંસારને હેય નહિ માનતાં સંસારનાં સુખોની લાલસા ધરાવનારો આત્મા અહિંસા, સંયમ અને તપને વસ્તુતઃ સેવી શકતો જ નથી. અહિંસા આદિ સંબંધી એનાં બાહ્ય આચરણો એને તત્કાલ સુન્દર ફલ આપે તોય પ્રાય : તેને પરિણામે તો મહા દુઃખને જ પમાડનાર બને છે.

♦♦♦

સંસારનું કોઈ પણ સુખ, તમને એ સુખ રૂપે ત્યારે જ લાગે છે, કે જ્યારે તે પહેલાં તમે દુઃખનો અનુભવ કરો. તમારે જો ખાવાનું સુખ ભોગવવું હોય, તો એ માટે તમારે એ પહેલાં ભૂખના દુઃખનો અનુભવ કરવો જ પડે ભૂખનું દુઃખ પેદા થયા વિના ભોજનના સુખને ભોગવી શકાય નહિ. પીવાનું સુખ, તરસના દુઃખનો અનુભવ કર્યા વિના ભોગવી શકાય નહિ. ભોગનું સુખ, કામવેગના હુકમનો અનુભવ કર્યા વિના ભોગવી શકાય નહિ. ખાવાના યોગે, પીવાના યોગે ને ભોગના યોગે જ્યાં ભૂખનું દુઃખ ટળી જાય, તૃષાનું દુઃખ ટળી જાય ને કામાવેગનું દુઃખ ટળી જાય, પછી એ સુખને છોડી દીધા વિના છૂટકો થાય નહિ; એટલે એ બધાં સુખો એવાં પણ નથી કે-સતત્ એ સુખોને ભોગવી શકાય. વળી એ સુખો જીવનને આરામ આપી શકે છે, તો પણ તે અલ્પ સમયને માટે જ ! થોડોક વખત જાય છે ને પાછા ભૂખ આદિ રૂપ દુઃખો ઉત્પન્ન થઈ જાય છે. એટલે તમે માનેલાં સુખનાં સાધનો એવાં નથી જ, કે જે સાધનોના યોગે તમે એકાન્તિક ને આત્યન્તિક એવા સુખને ભોગવી શકો.

♦♦♦

સંસારનો રાગ ભૂંડો લાગ્યા પછી જ સાચા ત્યાગનો રાગ આવી શકે. ત્યાગની વાતો કરનારા તો ઘણા છે અને કોઈ તજે તો વાહવાહ બોલનારાય છે, પણ પોતાના ત્યાગ માટે પ્રયત્નશીલ કેટલા ? ત્યાગ પણ રાગ માટે થાય, તો એથી મોક્ષ મળે નહિ. સંસારનો રાગ ભૂંડો લાગે અને

રાગના નાશના હેતુથી ત્યાગ થાય, તો મોક્ષ મળે. મોક્ષનાં સાધનોને સંસારના રાગથી સેવનારા પણ હોય. સંસારના રાગથી જ વર્ત્તમાન સંસારસુખના રાગ ઉપર કાબૂ મેળવે, એવો વૈરાગ્ય કેળવે અને ત્યાગ કરે; પણ એથી આત્માને જે સાચો લાભ થવો જોઈએ તે ન થાય.

◆◆◆

સંસારમાં કેટલાક આત્માઓને માટે આપણે સાંભળીએ છીએ કે- અમુક આત્માઓ સમજવાળી વયે આવે તે પહેલાં જ અને કેટલાક આત્માઓ તો ગર્ભમાં જ મરણ પામી સંસારની મુસાફરી માટે ચાલી ગયા છે.

◆◆◆

સંસારમાં જે સુખ દેખાય છે તે પણ અજ્ઞાનતાના યોગે, વિષયોની આસક્તિના યોગે અને આત્મભાન ભૂલાઈ ગયું છે એના પરિણામે બાકી તો એ દુ:ખ રૂપ જ છે !

◆◆◆

સંસારમાં પણ સુખી રહેવા ઇચ્છતા આત્માઓએ નિ:સ્વાર્થવૃત્તિ કેળવ્યા વિના છૂટકો જ નથી.

◆◆◆

સંસારમાં જેની પાસે સુખસાહ્યબીની બહુ બહુ સામગ્રી હોય, તે સંસારમાં બહુ ફસેલો છે એમ કહેવાય ને ? અને, સંસારમાં જેની પાસે સુખસાહ્યબીની સામગ્રી ઓછી હોય, તે સંસારમાં ઓછો ફસેલો છે એમ કહેવાય ને ? પણ આ સ્થૂલ દૃષ્ટિ છે. ઘણી સુખસાહ્યબીવાળો પણ સંસારમાં બહુ સફેલો ન હોય એવુંય બને અને થોડી સુખસાહ્યબીની સામગ્રીવાળો પણ સંસારમાં બહુ ફસેલો હોય એવુંય બને. સુખસાહ્યબીની સામગ્રી ઘણી હોય કે થોડી હોય, પણ ફસામણનું ખરૂં માપ તો એ સામગ્રીમાં રહેલાના રાગ અને વિરાગ ઉપરથી કાઢી શકાય.

◆◆◆

સંસારમાં રાચેલા આત્માઓને દુર્ગતિમાં લઈ જનારાં કાર્યોથી પણ આનંદ થાય, એમાં કશું જ આશ્ચર્ય નથી !

◆◆◆

સંસારમાં બેઠેલ જીવ, સમજદાર હોવા છતાં પણ, અન્ય નિમિત્ત

માત્રથીય મોહના આવેગમાં આવી જાય, તે શકય છે. મોહ અણસમજુને તો મુંઝવે, પણ મોહ સમજદારનેય મુંઝવે એવો છે. મોહને તમે જાણો છો ? આજે સારા સારા ગણાતાઓની પણ માણસાઈ નાશ પામી ગયેલી દેખાતી હોય, ભણેલા-ગણેલાઓ પણ માણસાઈને ભૂલી જતા હોય, તો તે કોનો પ્રતાપ છે ? સારા અને સમજુની બુદ્ધિમાં વિકારને પેદા કરનાર, તમને, મોહ સિવાય કોઈ દેખાય છે ખરો ? તમે મોહને આ રીતિએ ઓળખો છો, તો તમે મોહથી સાવધ રહીને વર્તો છો કે ગાફલગીરીથી વર્તો છો ?

◆◆◆

સંસારમાં બેઠેલાઓય, જોધારે તો આત્માની ચોકી ચોવીસેય કલાક કરી શકે. તમને એટલી ખાતરી છે ને કે-તમે જો ધારો તો ' પાપ ઉપાદેય લાગે, સંસારસુખ ઉપાદેય લાગે'-એવા અધર્મના પરિણામોથી તમે બચી શકો ! ? તમારાથી અધર્મથી સર્વથા દૂર ન રહેવાય, કેમ કે-તમે એવા જ પ્રકારની સામગ્રીમાં બેઠા છો; પરંતુ તમે 'આ અધર્મ તજવા જેવો જ છે.'-એવી ભાવનાને તો બરાબર જાળવી રાખી શકો ને ? અમારે તો એવી સામગ્રી નથી, છતાં જો અહીં અમારા પરિણામો બગડે, તો તેમાં અમારી મોટી ખામી ગણાય. જો કે-સર્વવિરતિના પરિણામો પણ ૨૦૦ થી ૯૦૦ વાર જાય ને આવે એ શકય છે, પણ પ્રયત્ન તો પરિણામોને ટકાવી રાખવાનો જ કરવો જોઈએ ને ? જ્યાં સુધી મનુષ્યને અને તિર્યંચને બંધાય છે તો તે વૈમાનિકનું જ આયુષ્ય બંધાય છે; એટલે તમે કદાચ સાધુ થઈ શકો નહિ, તોય તમને સદ્‌ગતની ખાતરી રહી શકે, પણ સમ્યગ્દર્શન ગુણ પ્રગટયો છે ખરો ?

◆◆◆

સંસાર માટે ગમે તેટલું કરો તોય કર્મનાં બન્ધન વધતાં જ જાય છે, જ્યારે સંયમનું કષ્ટ જેમ જેમસહાય તેમ તેમ કર્મબન્ધ તૂટતા જાય છે.

◆◆◆

સંસારમાં રહેલો પુત્ર પોતાનાં માતાપિતાદિ પ્રત્યે વિનીત જ હોવો જોઈએ અને એવો વિનીત પુત્ર માતા પિતાદિની સેવાના એક પણ પ્રસંગને જતો કરે નહિ માતા-પિતાદિ વડિલો પાસે ઉદ્ધતાઇ, એ તો સુપુત્રને મરણ કરતાં પણ ભયંકર લાગવી જોઇએ.

◆◆◆

સંસારમાં રહેવું અને મોજ માણવી એ મૂર્ખાઓનો મત છે. ખાવું, પીવું, ઉંઘવું, હસવું, લહેર કરવી, એ વિગેરે મનુષ્ય જીવનનું ધ્યેય નથી. ખાવાની, પીવાની, ઇંદ્રિયોના ભોગો ભોગવવાની, એ બધી ક્રિયાઓમાં લેપાવું ન જોઇએ, એ બધાથી આત્માને અલિપ્ત રાખવો જોઇએ, એજ ડાહ્યાઓનું કર્તવ્ય છે.

♦♦♦

સંસારમાં રચેલા-પચેલાનો સંસાર કોઇ કાલે સુખમય થયો નથી, થતો નથી અને થવાનો પણ નથી.

♦♦♦

સંસારરાગને વધારનારી હોય એ. ધર્મદેશના નથી પણ પાપદેશના છે.

♦♦♦

સંસારરસિક પુરૂષો કોઈ પણ કાળમાં સાચા પુરૂષ નથી બનતા, પણ પ્રથમ બાલ્ય અવસ્થામાં ભૂંડ જેવા બને છે, બીજી યુવાન અવસ્થામાં રાસભ જેવા બને છે અને ત્રીજી વૃદ્ધ અવસ્થામાં બુઢ્ઢા બેલ જેવા બને છે.

♦♦♦

સંસારત્યાગ કરવાને અસમર્થ એવો પણ ઘરમાં રહેલો મુમુક્ષ ઘરમાં મહેમાનની જેમ રહે. ફરેબિઓ એની વધારે કાળજી રાખે કારણ કે-જવાની વૃત્તિ પૂરી છે એટલે કયારે જશે તે કહી શકાય નહિ અને તક મળે તો વહેલો ચાલ્યો જાય એવી તેમને બીક રહે છે.

♦♦♦

સંસારિક લાલસાઓ, આત્માને પાગલ બનાવી દે છે અને પાગલ આત્માઓ ઉપર પરમ ઉપકારક પણ હિતશિક્ષાની સુંદર અસર ન થાય, એ તદ્દન સ્વાભાવિક છે.

♦♦♦

સંસારજ્ઞાનિઓએ કહ્યો છે તેવો અસાર, ભયંકર અને દુઃખદાયી લાગ્યા વિના તથા મુક્તિ જરૂરી છે એમ લાગ્યા વિના તેમજ મુક્તિ માટેના જ્ઞાનિઓએ કહેલા ઉપાયો ગમ્યા વિના, સાચી ઉદારતાનો ગુણ નહિ આવે.

♦♦♦

સંસારસાગરથી નિસ્તાર પામવાની દષ્ટિએ આચારને મંગળરૂપે હૃદયમાં સ્થાપવા જોઇએ. ઉત્તમ મંગળ પણ તેનેજ ફળે કે-જેનામાં

અર્થીપણું હોય અર્થીપણું એકજ : સંસાર સાગરથી તરવાની એક ઈચ્છા. સાફ અને સુંદર પણ આરીસો જોવા ન માગે એને ડાઘ બતાવી શકતો નથી, તેમ આ મંગળ જેને સંસારથી નિસ્તાર પામવાની ઈચ્છા નથી એને સુખ આપી શકતું નથી.

♦♦♦

સંસારરસિક થઈ વિષયના કીડા બનતાં અટકી જવું જોઈએ અને વિવેકી બનીને સદ્‌ગુરૂઓનું શરણ સ્વીકારતાં શીખવું જોઈએ.

♦♦♦

સંસારસાગરથી આત્માનો નિસ્તાર કરે, એજ જૈન શાસનનું મંગળ છે. જૈનશાસનને પામેલો આત્મા અન્ય મંગળતામાં માનતો નથી, કારણ કે-એ આપી આપીને શું આપવાના ? કામકુંભ, ચિંતામણી, કલ્પતરૂ કરતાં અધિક મૂલ્ય એજ માટે એનું અંકાય છે, કારણ કે-કામકુંભાદિની પ્રાપ્તિ સુલભ છે. કલ્પતરૂની હયાતિ છતાં યુગલિકકાળમાં કોઈ મુક્તિ પામી શકયું નથી, તેથી આ મહા કલ્પતરૂ છે : કેમ કે-જેના એક વચનનું પાલન યથાર્થ રીતે થઈ જાય, તો સાત રાજ છેટે રહેલી મુક્તિ એક સમયમાં મળી જાય.

♦♦♦

સંસાર સુધારવા માટે પણ ત્યાગ માર્ગનું અવલંબન લીધા સિવાય છુટકો નથી. ત્યાગના ઉપન્દેશમાં જગતમાં જેટલું સુંદર છે, તે બધાનો ઉપન્દેશ આવી જાય છે.

♦♦♦

સંસાર સ્હેલો અને સંયમ કઠિન, એ એનેજ લાગે કે જેને સર્વજ્ઞના શાસન ઉપર પૂરેપૂરી પ્રતિતિ જાગી નથી.

♦♦♦

સંસારસાગરથી નિસ્તાર પામવો છે એજ ધ્યેય હતું, તો અવિરતિ આત્માઓએ પણ તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું અવિરતિ, પ્રમાદન જાય એ ચાલે, પણ સંસારથી નિસ્તાર પામવાની મનોભાવના ન હોય એ તો ન જ ચાલે.

♦♦♦

સિદ્ધાંતિક સત્યને માથે ચઢાવનારાઓનો મેળ થઈ શકે. એવાઓની સાથે મેળ થાય, એથી ધર્મનો ઉદ્ધાર થાય : પણ જો સત્યને ગ્રહણ કરવું ન

હોય અને અસત્યને તજવું ન હોય, તો કજિયો પતી શકે નહિ. સિદ્ધાન્તને જો બરાબર માનવો હોય તો જ સંપ થઇ શકે. બાકી જોકોઇ એમ કહેતું આવે કે-સિદ્ધાંતિક સત્ય નહિ જોઇએ પણ સંપ જોઇએ, તો કહેજો કે આઘા રહો ! અમારી આડે ના આવશો ! અમે તમારા વિના નિભાવી લઇશું, કારણ કે-એમાં જ અમારૂં હિત છે.

♦◆♦

સિદ્ધાવસ્થા પામવાની તીવ્ર લાલસા, સિદ્ધાવસ્થા સિવાયની બીજી કોઈ પણ અવસ્થાને પામવાની ઇચ્છાનો અભાવ અને એથી જ સિદ્ધાવસ્થાને પમાડનારા માર્ગ પ્રત્યે હૃદયનો શુદ્ધ સદ્‌ભાવ, એ સમ્યગ્ દર્શનનો સાક્ષાત્કાર છે.

♦◆♦

સિદ્ધાવસ્થાનું સ્વરૂપ જાણનારા આત્માઓને જ શ્રી જિનેશ્વરદેવો પરમ ઉપકારી ભાસે છે : કારણ કે એક માત્ર શ્રી જિનેશ્વરદેવો જ સિદ્ધાવસ્થાને પામવાનો માર્ગ દર્શાવનારા છે. બીજા તો તે તારકોએ દર્શાવેલો માર્ગ દર્શાવનારા છે. શ્રી જિનેશ્વરદેવો પરમ ઉપકારી લાગે, એટલે પૂ. આચાર્યદેવો પ્રત્યે પણ સાચો પૂજ્યભાવ પ્રગટયા વિના રહે નહિ : કારણ કે-શ્રી જિનેશ્વરદેવોની ગેરહાજરીમાં એ તારકોએ દર્શાવેલા મોક્ષમાર્ગના પરમ રક્ષકો અને પરમ પ્રચારકો કોઈ હોય, તો તે ભાવાચાર્ય મહાત્માઓ છે.

♦◆♦

સિદ્ધાવસ્થાનું સ્વરૂપ સમજાય તો દેવેન્દ્રો અને ચક્રવર્તિઓનું સુખ પણ તુચ્છ ભાસે : સિદ્ધાવસ્થાનું સ્વરૂપ બુદ્ધિમાં બેસી જાય તો એ અવસ્થા પામવાની લગની લાગ્યા વિના રહે નહિ : અને શ્રી સિદ્ધ પરમાત્માઓ એજ દષ્ટિએ જગતના જીવોને માટે હિતકારક ગણાય છે.

♦◆♦

સેવા કરવી વિષયોના વૈરીની અને વખાણ કરવાં વિષયોનાં !, - એના જેવી નફટાઇ આ જગતૂમાં બીજી એક પણ નથી.

♦◆♦

સુકુળના સંસ્કારો જવાથી, સુકુળના વિચાર અને આચાર જવાથી અર્થ અને કામ ઉપર જ દષ્ટિ કેન્દ્રિત થઈ જાય છે. ધનની અને ભોગની ભૂખને મારવાનું મન થવાને બદલે, ધનની અને ભોગની ભૂખને તૃપ્ત કરવાનું

મન થાય છે. એને માટે, રાત અને દિવસ જહેમત ઉઠાવવાનું મન થાય છે. એમાં પુણ્યોદયના યોગે ઈચ્છિત વસ્તુ મળી જાય છે તોય ધનની અને ભોગની ભૂખ તૃપ્ત થવાને બદલે વિકરાળ બનતી જાય છે અને પાપોદયના યોગે ઈચ્છિત વસ્તુ મળતી નથી અગર મળેલી મનગમતી વસ્તુ જતી રહે છે તો પણ ધન અને ભોગની ભૂખ તૃપ્ત થતી નથી, રોકાતી નથી, પણ વધતી જાય છે. દૃષ્ટિ અર્થ અને કામ ઉપર કેન્દ્રિત થવાને લીધે મોટે ભાગે આવું બની જાય છે અને જીવનું ભારે પતન થઈ જાય છે. એને ધન ગમે ત્યાંથી અને ગમે તેમ કરીને પણ મેળવવાનું મન થાય તો એમાં નવાઈ નથી. ધન માટે પાપમય ધંધા કરવા ઠીક લાગે તો એ ધંધા કરવાનો વિચાર કરતાં પાપનો વિચાર એ કરે નહિ અને ધનના લોભને આધીન બનેલો ધનને વહી જતું રોકવાને માટે અને ધનને ઘર ભેગું કરવાને માટે ભયંકર કોટિની અનીતિ આચરવાને લલચાય તોય એમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. આવા માટે સદ્દ્રવ્યની વાતને અવકાશ જ કયા રહે છે ?

♦♦♦

સુશ્રાવક અને સુશ્રાવિકા પણ એજ સંયમપાલનને પામવાનાં અર્થી હોય, એટલે એમણે પણ આ ગુણો તરફ પોતાની નજર રાખ્યા કરવી જોઈએ અને શકયને આચારમાં ઉતારવાનો પ્રયત્ન પણ કર્યા કરવો જોઈએ.

♦♦♦

સુદેવ, સુગુરૂ અને સુધર્મની ઉપાસનાથી, ઉપાસક આત્માની મનોવૃત્તિ આખી જ પલટાઈ જાય છે.

♦♦♦

સૂક્ષ્મ મતિવાળા બન્યા વિના, સદ્ધર્મની વાસ્તવિક આરાધના થઈ શકતી નથી અને શુદ્ર આત્માઓમાં બુદ્ધિની નિપુણતા હોતી નથી. આ કારણે ક્ષુદ્ર આત્માઓ સદ્ધર્મની આરાધના કરનારા ન બને, તે સ્વાભાવિક છે. ધર્મનું આરાધન સૂક્ષ્મ મતિથી સાધ્ય હોવાના કારણે, જેઓ સૂક્ષ્મ મતિને ધરનારા છે, તેઓથી જ ધર્મનું વાસ્તવિક આરાધન સાધ્ય છે : પરન્તુ અનિપુણ બુદ્ધિને ધરનારા હોઈને જેઓ અગંભીર છે, તેઓથી ધર્મનું આરાધન સાધ્ય નથી. ધર્મની મહત્તાને સમજનારાઓને, ઉપકારીઓએ ફરમાવેલી આ વાત પણ સહજમાં રૂચી જાય છે. આવી આવી વાતોમાં તો તેઓને જ અતિશયોક્તિ

જેવું લાગે છે, કે જેઓ સાચી પણ વસ્તુને સ્વીકારવા જોગી અવસ્થાને અગર તો તથાપ્રકારની લઘુકર્મિતાને પામ્યા નથી.ધર્મ એ 'સૂક્ષ્મમતિસાધ્ય' હોવાના કારણે તો, ઉપકારી મહાપુરૂષોએ ગીતાર્થ ગુરૂઓ આદિની નિશ્રાને પણ પરમ ઉપકારક તરીકે વર્ણવી છે. સ્વપરશાસ્ત્રવેદી ગુરૂઓની નિશ્રાને અવગણનારાઓ, પોતાના નિસ્તારને સાધી શકતા નથી અને બીજા પણ અનેક આત્માઓના કારમા અહિતને સાધનારા બને છે. સદ્‌ગુરૂઓને સુસમર્પિત બનેલા સામાન્ય બુદ્ધિશાલી આત્માઓનો પણ ઉદ્ધાર શકય છે, જ્યારે બુદ્ધિના ગુમાનમાં ભાનભૂલા બનીને સદ્‌ગુરૂઓની પવિત્ર નિશ્રાને અવગણનારા બુદ્ધિશાલિઓ તો, પોતાના બુદ્ધિચાતુર્યનો દુર્વ્યય કરવા દ્વારા, સ્વયં ડૂબનારા અને અન્યોને ડૂબાવનારા નીવડે છે. અનન્તા કાળના ભવભ્રમણને ટાળવાને સમર્થ એવો જે ધર્મ, એ સામાન્ય કોટિનો હોય ? એ ધર્મ ગમે તેને સમજાઈ જાય, એમ ? નહિ જ. શ્રી જિનભાષિત ધર્મને સમજવાને માટે અને તેની સાધના કરવાને માટે સૂક્ષ્મમતિ બનવું, એય પરમ આવશ્યક છે.

◆◆◆

સુપાત્રની ભક્તિ સાચા દિલથી ત્યારે જ થાય કે-જ્યારે એ સુપાત્રતા પોતામાં લાવવાની ઇચ્છા હોય

◆◆◆

સૂત્રમાં એ મંત્રમયતા છે કે-મર્મ ન જાણનારનું પણ શ્રવણમાત્રથી ભલું કર્યા વિના રહે નહિ.

◆◆◆

સુપુત્ર જેમ માતા-પિતાની યોગ્ય આજ્ઞાના પાલન માટે મરી ફીટવાને તૈયાર હોય, તેમ અયોગ્ય આજ્ઞાનું પાલન તાકાત હોય તો પ્રાણાંતે પણ ન કરે.

◆◆◆

સિંહ ભૂખ્યો મરી જાય પણ તરણું ન ખાય, તેમ સુજાતિ અને ઉચ્ચકુળનું અભિમાન એ છે કે-'આ જાતિ અને આ કુળમાં ઉત્પન્ન થયા પછી મારાથી આ પાપો ન જ થાય.' એવું અભિમાન દરેકને હોવું જોઇએ.

◆◆◆

સૂતી વખતે તમે એવી ખાતરીપૂર્વક સૂઓ છો ને કે-'જો કદાચ આ પથારીમાંથી હવે હું ઉઠી શકું નહિ અને રાતો રાત મરી જાઉં, તો પણ મને

એનો ભય નથી !' તમે બધા મરણથી ડરનારા નથી, એમ ને ? કેમ કે-તમને ખાતરી છે કે-જન્મ્યા તે મરવાના; હું જન્મ્યો છું માટે હું પણ મરવાનો; પણ હું અહીં જીવ્યો છું એવી રીતિએ, કે જેમાં મેં અહીંથી મર્યા બાદ મને આગળ સારૂં જ સ્થાન મળે, એવી તૈયારી કરી લીધી છે !

◆◆◆

સુજનો તેઓ જ કહેવાય છે, કે જેઓ દુરાચારોથી પરાઙ્મુખ રહે છે અને સદાચારોથી એક ડગલું પણ આઘું ખસતા નથી. આવા સુજનોને તે જ રાજા સંતોષ અને આનંદ તેમજ વિકાસ પમાડી શકે, કે જે રાજા ઉત્તમ હૃદયને અને ઉત્તમ આચારોને ધરનારો હોય. સુજનો કેવળ વીર અગર વિજેતા રાજાને પામીને તોષ પામનારા હોતા નથી. પણ ન્યાયસંપન્ન, શીલસમૃદ્ધ અને કર્ત્તવ્યપરાયણ રાજાને પામીને જ તોષ પામનારા હોય છે.

◆◆◆

સુવિહિતશિરોમણિ, આચાર્યભગવાન શ્રીમદ્ હરિભદ્ર સુરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-ધર્મના અર્થી મનુષ્યોને ધર્મ સૂક્ષ્મ બુદ્ધિએ જ્ઞેય છે. ધર્મના શ્રદ્ધાળુ એવા પણ મનુષ્યો, જો દુર્ગતિના પ્રતાપથી રક્ષણ કરનાર ધર્મને સૂક્ષ્મ બુદ્ધિએ જાણ્યા વિના જ ધર્મમાં પ્રવૃત્તિ કરે છે, તો પરિણામ એ આવે છે કે-તેઓ ધર્મબુદ્ધિથી જ ધર્મના વિઘાતને પામે છે. ધર્મબુદ્ધિએ પ્રવર્તવા છતાં પણ ધર્મનો વિઘાત પ્રાપ્ત થાય, એ વસ્તુ ઘણી જ દુઃખદ છે; પરન્તુ સ્થૂલ બુદ્ધિના યોગે તે સંભવિત હોવાના કારણે, ઉપકારી પરમર્ષિઓ ધર્મના અર્થી આત્માઓને, સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા ધર્મને જાણવાનો ઉપદેશ આપે છે. ધર્મના શ્રદ્ધાળુ આત્માઓ ધર્મના સ્વીકાર આદિ માટે ઘેલા ન હોવા જોઈએ, પણ ચકોર હોવા જોઈએ. ધર્મશ્રદ્ધાળુ મનુષ્યોએ સર્વ કાળને માટે નિપુણ મતિથી ધર્મને જાણવો, એ પરમ આવશ્યક છે : કારણ કે-સૂક્ષ્મ મતિના ઉપયોગ પૂર્વક ધર્મના સ્વરૂપને સમજવાને માટે બેદરકાર રહેનારા આત્માઓ, સાચા ધર્મને પામી કે આરાધી શકતા નથી. આથી જ ઉપકારિઓ ફરમાવે છે કે-ધર્મના શ્રદ્ધાળુ આત્માઓએ ધર્મને જાણવાને માટે સદાય પોતાની નિપુણ બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ. કુતીર્થિકોની માફક, સાચા ધર્મની શ્રદ્ધાવાળા આત્માઓ પણ જો સ્થૂલ બુદ્ધિથી જ ધર્મનું વિવેચન કરવા માંડે, તો સાચા ધર્મના શ્રદ્ધાળુ આત્માઓ પણ, કુતીર્થિકોની માફક ધર્મના

અભિપ્રાયથી જ ધર્મની વ્યાહતિને પામે છે. કુતીર્થિકો ધર્મના અભિપ્રાયથી પણ કેવી કેવી રીતિએ અધર્મને આચરી રહ્યા છે, એ સુજ્ઞોની સમજ બહાર નથી. કુતીર્થિકો ધર્મની ઈચ્છાવાળા જ નથી, એમ ન કહેવાય. કુતીર્થિકો અધર્મને આચરે છે ખરા, પણ તેઓ અધર્મ માનીને આચરે છે એમ માની લેવાનું નથી. અધર્મને પણ ધર્મબુદ્ધિથી આચરનારા કૃતીર્થિકોની ઇચ્છા તો, ધર્મની આરાધના કરવાની જ હોય છે. સામાન્ય રીતિએ એમ જરૂર કહી શકાય કે-કુતીર્થિકો પણ  અધર્મથી બચવાને અને ધર્મનું સેવન કરવાને જ ઈચ્છતા હોય છે : પણ નિપુણ બુદ્ધિના અભાવથી અથવા તો સ્થૂલ બુદ્ધિના આશ્રયણથી તેઓ, ધર્મનો અભિપ્રાય હોવા છતાં પણ, ધર્મના વિઘાતને પામે છે. એજ રીતિએ, ધર્મના શ્રદ્ધાળુ આત્માઓ પણ જો ધર્મને જાણવાને માટે પોતાની નિપુણ મતિનો ઉપયોગ નહિ કરતાં સ્થૂલ બુદ્ધિનો જ ઉપયોગ કરે, તો એવા આત્માઓ ધર્મના અભિપ્રાયવાળા હોવા છતાં પણ, ધર્મના વિઘાતને જ પામે, એ નિઃસંશય બીના છે.

◆◆◆

સુંદર શ્રાવકપણાની પણ પ્રશંસા કરતાં જેને શરમ આવે, તેની બદ્ધિમાં સુંદરતા છે એમ માને પણ કોણ ?

◆◆◆

સૂર્યનો પ્રકાશ પણ તે ઘરમાં જાય, કે જે ઘરમાં સગવડવાળી બારીઓ હોય. બારીઓ બંધ કરે અને હવા કે પ્રકાશ આવે એવું રાખે નહિ, પછી સૂર્યનો પ્રકાશ ગમે તેવો જ્વલંત છતાં એને કામ શો લાગે ? તેમ શ્રી જિનવાણીની અસર પણ તે જ આત્માઓ ઉપર થાય છે, કે જેઓ મિથ્યાભાવને અને ભયંકર કષાયને અંશે પણ ઉપશમાવે.

◆◆◆

સુખ જોઈએ છે : ધર્મી કહેવડાવવું એમાં વાંધો નથી : એટલું જ નહિ, ધર્મનું અર્થિપણું પણ છે : નથી એમ નહિ. એ છતાંએ ધર્મ જેવી વસ્તુ હાથમાં કેમ નથી આવતી ? તો કે-દુનિયા ધર્મના મૂળભૂત ઉપાયથી છેટી છે.

◆◆◆

સુસામગ્રી હોય ને વળી જાય, સંસ્કાર પોષે ને વળી જાય, તો તેમાં વાંધો શો ? બાળકને નિશાળે મૂકાય, એમાં કોની ઈચ્છા જોવાય છે ? બાળકને

દૂધ પવાય છે, ખવડાવાય છે તે કોની ઈચ્છાથી ? બાળક સમજણું ન થાય ત્યાં સુધી બાપની ઈચ્છાથી જ તેને નિશાળે મૂકાય છે. અણસમજુ છોકરાને માટે, એની ઈચ્છા વિના પણ, એને સન્માર્ગે, હિતકર માર્ગે દોરવાનું વ્યાજબી ગણાય છે. તો પછી જેનાં બાળકની અને માતા તથા પિતાની પણ ઈચ્છા હોય, તે વ્યાજબી જ ગણાયને ? બાળકની ઈચ્છા હોય અને માતા તથા પિતાની સંમતિ હોય, એ ઉપરાંત પ્રવૃત્તિ સુધારનારી હોય, તો એને ગેરવ્યાજબી કેમ જ ગણી શકાય ? આવી પ્રવૃત્તિથી, બાળક બગડે નહિ, છતાં કદાચ કોઈક પૂર્વના પાપના ઉદયે બગડે. તો પણ એ પ્રવૃત્તિ બંધ ન થઈ શકે. આજે આવી સુધારનારી પ્રવૃત્તિને બંધ કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. આમાં જ, છોકરાની ઇચ્છા અને માતાપિતાની સંમતિ છતાં પણ નિષેધ કેમ ? શાસ્ત્રકાર રજા આપતા હોય, જ્ઞાની લાભ ફરમવતા હોય, સારા પાકયાના સંખ્યાબંધ દાખલા હોય, છતાં એમાં ના કેમ પડાય છે ? છોકરો ઉન્માર્ગે ન જાય માટે વાલીએ કબજે રાખવો જોઈએ-એમ કહેવાય છે, તો માબાપની ઇચ્છા છતાં છોકરા ના પાડે, તો પણ અહીં તો દીક્ષા અપાતી નથી. આવી ઉત્તમ દીક્ષાને અટકાવવાનો કાયદો કરવો એનો અર્થ શો છે ? સારાં માબાપના વાલીપણામાં સારા પાકે તો શેતાનના વાલીપણામાં શેતાન પાકે કે નહિ ? એવા શેતાન પાકતા અટકાવવાને માટે શો કાયદો છે ? લુચ્ચાઈ શીખવે, લુચ્ચાઈ શીખવા મોકલે, તેનો વાંધો નહિ અને જે માર્ગે ઉત્તમ બન્યાના સંખ્યાબંધ દાખલા હોય એ માર્ગે સારા વાલીઓને સોંપે એ પસંદ કેમ નથી ? ચોર, લૂચ્ચા, અનીતિખોરનાં સંતાન એવાં પાકે એમ જાણવા અને માનવા છતાં, એવા માટે સંતાન ઉત્પન્ન કરવાનું બંધ કરવાનો કાયદો કેમ થતો નથી ? પણ એમ કરે તો તો મોટો કોળાહળ મચે ને માથા ઉડે.એવાનાં સંતાન કેમ પડાવી લેવાતાં નથી ? એમ કરવા જાય તો રાજ્ય ઉડે. આજે જેવું ધર્મ ઉપર આક્રમણ થઈ રહ્યું છે, તેવું બીજે પ્રાયઃ થઈ શકે તેમ નથી. આજે લગભગ આ દશા છે. દુનિયાનો વ્યવહારનો, રાજ્યનો અને સજ્જનોનો કાયદો એ હોય છે કે-સારા વાલીપણામાં સંતાનને રાખવું. નાનો છોકરો કરી આવે તે નાકબૂલ થાય અને હિતૈષી કરી આવે તે કબૂલ થાય. એમાં કાયદો આડો ન આવે, તો આમાં વાંધો કેમ ? માર્ગ ઉત્તમ, ઉત્તમ બન્યાના સેંકડો દાખલા, ઉત્તમ વાલીપણામાં સોંપાય, છતાં એને અટકાવવાને

કાયદો ઠોકી બેસાડાય, એ શું વ્યાજબી છે ? પ્રજા તો અનીચ્છાએ માનશે, પણ એના હૃદયમાં દુઃખ જરૂર રહ્યા કરશે કે-તારક માર્ગને નાહક રૂંધવામાં આવ્યો !

♦♦♦

સુરૂપા અને સાનુકૂળા યુવતિને જોઈને વિકાર ન પામે, એ પ્રાયઃ કાં તો યોગી અને કાં તો નપુંસક, તેમ જૈન ધર્મનાં સાધનોનો નાશ દેખીને જેનામાં ગરમી ન આવે, તે કાં તો વીતરાગ અને કાં તો ધર્મહીન.

♦♦♦

જે કાળમાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિ મળે એ કાળ ગમે તેવો હોય, પણ જિનભક્તને માટે સારોજ છે.

♦♦♦

સંયમસાધક શરીરની અનુકૂળતા મુજબ આજ્ઞાધીનપણે રત્નત્રયીની આરાધનામાં ઉજમાળ રહેવું, એ મુનિનો ધર્મ છે.

♦♦♦

સુખ મેળવવાને માટે મન, વચન અને કાયા તૈયાર હોય તે છતાં પણ સુખ ન મળે, તો સાધનની ત્રુટિ છે એમ માનવું જ જોઈએ.

♦♦♦

સુખ એ આત્માનો ગુણ છે. આત્મા સિવાય પર પદાર્થોથી મળનારૂં કે ટકનારૂં સુખ એ આત્માનો ગુણ નથી પણ વિકાર છે.

♦♦♦

સંવિભાગ-વિધાયિત્વ :

સંવિભાગવિધાયિત્વ, એ ગુણ, દાનરૂચિનો સૂચક ગુણ છે. જેનામાં આ ગુણ નથી હોતો, તે દેવપૂજા અને ગુરૂભક્તિ આદિ પણ સારી રીતિએ કરી શકતો નથી; અને જેનામાં આ ગુણ હોય છે, તે દેવપૂજા અને ગુરૂભક્તિ આદિ પોતાની સમજ મુજબ, શક્તિ મુજબ, પણ ઉમદા પ્રકારે કરી શકે છે. આથી જ, પરમ ઉપકારી, સુવિહિતશિરોમણિ આચાર્યભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ જે વીસ વિંશિકાઓ રચી છે, તેમાં દાનવિંશિકાને પહેલી મૂકી છે અને પૂજાવિંશિકાને પછી મૂકી છે. અહીં પણ, દેવપૂજન તથા ગુરૂપૂજન પહેલાં, આ સંવિભાગવિધાયિત્વ ગુણ મૂક્યો છે.

પહેલાં દાનની વાત અને પછી દેવ-ગુરૂના પૂજનની વાત, એમ કેમ ? ધર્મની પ્રાપ્તિ, ધર્મની આરાધના અને ધર્મની પ્રભાવનામાં દાનગુણ ઘણો સહાયક નિવડે છે. પોતાનું પણ પોતે જ ભોગવવું અને તે પણ કોઈના ઉપયોગમાં આવે નહિ તેમ ભોગવવું તે જેને પસંદ ન હોય, તેનામાં આ ગુણ આવે. આપણે મેળવેલું, આપણા હક્કનું, આપણી માલિકીનું જે કાંઈ હોય, તે સંવિભાગ કર્યા વિના આપણને ભોગવવાનો હક્ક છે-આવું જે ન માને, તેનામાં આ ગુણ આવે. પહેલાં, ઘરમાં જે કાંઈ રસોઈ આદિ કરી હોય, તે બધું નૈવેદ્યમાં મૂકાતું. ભોજનવેળાએ સુપાત્રની શોધ થતી. જમવા બેસતાં પહેલાં ઘર બહાર નીકળીને દિશાવલોકન કરે કે-કોઈ સુપાત્ર આવે છે ? આવી વૃત્તિવાળો, જે દેવપૂજા ને ગુરૂપૂજા કરે, તે બહુ પ્રેમથી કરે. બાકીના શું કરે, તેનો તો આપણને અનુભવ છે ને ? પહેલાં તો રિવાજ કે-દેવ, ગુરુ, સાધર્મિક, દીન-અનાથ આદિમાં આપણું અમુક તો વપરાવું જ જોઈએ. આજે તો, દેવપૂજામાં પણ પોતાની સામગ્રી વાપરવી જોઈએ, એ વિધિય ભૂલાતો જાય છે.

◆◆◆

સંગમને માટે ભગવાનને એમ થયું કે-'સારાય વિશ્વને સંસારથી તારવાની ભાવનાવાળા પણ અમે આ બિચારાને માટે સંસારનું કારણ થયા !' અને, તમે ભગવાનને તથા ભગવાને કહેલા માર્ગને તમારા સંસારનું કારણ બનાવતા હો, તો અમને તમારી દયા આવે નહિ ? દયા આવે, તો એથી તમે ભગવાનને અને ભગવાને કહેલા માર્ગને તમારા સંસારનું કારણ બનાવો નહિ, પણ સંસારથી તરવાનું કારણ બનાવો !' એમ તમને કહેવાનું અમને મન થાય નહિ ? અમને જો આવું કહેવાનું મન હોય નહિ અને 'તમે ભગવાનને તથા ભગવાને કહેલા માર્ગને તમારે માટે સંસારનું કારણ બનાવો નહિ !' એમ અમે જો તમે અમને સાંભળતા હો તે છતાં પણ તમને કહીએ નહિ, તો અમે આ પાટે બેસવાને લાયક છીએ ? ધર્મગુરુ કહેવડાવવાને લાયક છીએ ?

◆◆◆

સંતાન પાપ કરતું હોય, પાપસ્થાનકનો પ્રચાર કરતું હોય અને માબાપ જોયા કરે-બચાવ કરે, 'એ તો એમ જ ચાલે'-એમ જો કહે, તો કહેવું જ જોઈએ કે-એ માતામાં માતાપણું, પિતામાં પિતાપણું, ગુરૂમાં ગુરૂપણું અને

સ્નેહિમાં સ્નેહિપણું હોવાનો સંભવ બહુ જ ઓછો છે.

◆◆◆

સંતોષને જેણે મિત્ર બનાવ્યો હોય, તે ગરીબ હોય તે છતાં પણ બાદશાહની જેમ જીવી શકે. ધનના લોભિયા, ધનિક હોય તોય ભીખારી જેવા બને છે; ને દરિદ્રી પણ જો ધનની તૃષ્ણાને આધીન નથી બનતો, તો બહુ સુખે જીવી શકે છે.

◆◆◆

સંતોષ એ સુખનું કારણ છે પણ લોભ, લોભના અંગે મહેનત અને એના યોગે થતી પ્રાપ્તિ એમાં સુખ છેજ નહિ. સંતોષ એ શું ચીજ છે ? ત્યાગનો બીજો ભાઈ. કારણ કે-અધિક મેળવવાની ઈચ્છાનો ત્યાગ એનું જ નામ સંતોષ છે.

◆◆◆

સંસાર રૂપી જે કેદખાનું છે અને જે કેદખાનામાં જીવ અનાદિકાળથી પૂરાઈ રહેલો છે, તે કેદખાનામાંથી જીવને છોડાવી દેવાને સમર્થ એવું એ સમ્યક્ત્વ છે. સંસારને ઉપકારિઓએ કેવાં કેવાં વિશેષણો દ્વારાએ ઓળખાવ્યો છે ? સંસાર, એ જીવને માટેનું કેદખાનું છે અને જીવ આનાદિકાલથી એ કેદખાનામાં પૂરાએલો છે, એમ કહે છે. તમે શું કહો છો ? સંસાર એ કેદખાનું છે, એવો વિચાર તમારા અન્તઃકરણમાં પ્રગટે છે ખરો

કેદખાનું કોને કહેવાય ? જે સ્થાન બન્ધન રૂપ હોય અને જે સ્થાનમાં લગભગ સઘળુંય પરાધીન હોય, એ સ્થાનને કેદખાનું કહેવાય. જે સ્થાનમાં પૂરાએલો નીકળવાને ઈચ્છે, તે પણ બળ વાપર્યા વિના નીકળી શકે તેમ ન હોય અને જે સ્થાનમાં ખાનપાનાદિથી માંડીને લગભગ સઘળી જ પ્રવૃત્તિઓ પરાધીનપણે કરવાની હોય, એને કેદખાનું કહેવાય ને ? કોઈ નીકળવાનો જરા સરખો પણ પ્રયત્ન કરે, તો તેને તેમ કરતા અટકાવનારા હાજર ને હાજર હોય; અને એથી કેદખાનામાંથી કેદી પોતાની ઈચ્છાથી તો ત્યારે જ છૂટો થઈ શકે, કે જ્યાં કેદી તેને અટકાવનારાઓની નજર ચૂકવી શકે, તેમને બળ વાપરીને પરાજય પમાડી શકે અને તાળું તોડીને કે દિવાલને તોડીને કે પછી દિવાલને કૂદી જઈને પણ ભાગી જઈ શકે. આવું બન્ધન, અને એમાં પણ પાછું પરાધીનપણું કેવું ? આપે તે જ ખાવાનું અને આપે તે જ

પીવાનું ! કહે એટલી જગ્યામાં જ ફરાય અને કહે તે કામ દૂભાતે મને પણ કરવું જ પડે ! ભોગોપભોગાદિની જે અને જેટલી સામગ્રી આપવામાં આવે, તે અને તેટલી સામગ્રીથી ચલાવવું પડે ! કેદી એમ કહે કે-મારે આ જોઈએ છે અને તે જોઈએ છે, તો એ ચાલી શકે ? પેલાની મરજી હોય ને એ આપે-એ વાત જુદી છે, પણ કેદીને માગે મળે જ, એવું તો નહિ ને ? રાજકેદીઓને તમે જોયા છે. એમને રહેવાને માટે બંગલો વગેરે મળે, બીજી પણ કેટલી અનુકૂળતાઓ એમને મળે, પણ બન્ધન ખરૂં જ અને પરાધીનતા એવી ને એવી જ !

એ જ રીતિએ, આ સંસાર, એ જીવને માટે કેદખાનું છે સંસારરૂપી કેદખાનામાં, જીવ, મોટે ભાગે તો, તદ્દન સામાન્ય અને મોટા ગુનેગાર તરીકે સજા પામેલા કેદીના જેવી જ દશા ભોગવે છે. એમાં પુણ્યોદયે કોઈક કોઈક વાર એને રાજકેદીની જેવી અનુકૂળતા પણ મળી જાય છે. સ્વર્ગાદિનાં સુખોની પ્રાપ્તિ એ રાજકેદી જેવી હાલત છે અને નરકાદિમાં જીવની મોટા ગુનેગાર તરીકે સજા પામેલા કેદીની હાલત કરતાં પણ ઘણી જ ભૂંડી હાલત થાય છે.

તમે જો વિચાર કરો, તો તમને જરૂર લાગે કે-'આપણે સંસાર રૂપી કેદખાનામાં જ પડેલા છીએ.' જન્મવાની ઈચ્છા ન હોય, તોય જન્મવું પડે; જ્યાં જન્મવું ગમતું હોય, ત્યાં જ જન્મી શકાય અને જ્યાં જન્મવું ગમતું ન હોય, ત્યાં જન્મી શકાય જ નહિ, એવું પણ નહિ; જે ખાવા-પીવાનું મન થાય, તે ખાઈ જ શકાય અને જે ખાવા-પીવાનું ગમે નહિ, તે ન જ ખવાય, એવું પણ નહિ; અને જ્યારે ખાવા-પીવાનું મન થાય, ત્યારે ખાઈ-પીઈ શકાય જ, એવું પણ નહિ; ઈચ્છા માત્રથી ભોગોપભોગની સામગ્રી મળે જ, એવું પણ નહિ; અને જે સામગ્રી મળે તે અનુકૂળ જ મળે, એવું પણ નહિ; વળી ભોગોપભોગની સામગ્રી કદાચ મળી પણ જાય, તો પણ મનગમતી ભોગોપભોગની સામગ્રીને ભોગવી જ શકાય, એવું પણ નહિ; ખાધેલું-પીધેલું પચે જ, એવું પણ નહિ; અને ભોગોપભોગના યોગે રોગ જન્મે જ નહિ, એવું પણ નહિ ! આમ લગભગ સઘળુંય પરાધીન ! તમે વિચાર તો કરો કે-તમે તમારી ઈચ્છા માત્રથી જ શું કરી શકો તેમ છો ? સંસારી જીવની એક પણ પ્રવૃત્તિ એવી છે ખરી, કે જે પ્રવૃત્તિને દરેકે દરેક જીવ સ્વેચ્છા માત્રથી જ કરી શકે ? નહિ. ત્યારે, જેઓનુ સ્વેચ્છાનુસારે કામ બની આવે છે, તે

તેમના પુણ્યને આધીન બની આવે છે; અને સંસારી જીવોને ભોગોપભોગાદિ સંબંધી જે ઈચ્છા જન્મે છે, તે પણ કર્મની આધીનતાને કારણે જન્મે છે. ધર્મ કરવાને માટે પણ, સંસારી જીવને, કર્મની અનુકૂળતા તો જોઈએ છે. અરે, ધર્મનો ભાવ પણ, અમુક હદનો કર્મનો ક્ષયોપશમાદિ થયા વિના અને અમુક પ્રકારના પુણ્યોદયનો યોગ મળ્યા વિના, પેદા થઈ શકતા નથી.

આવી પરાધીનતાની સાથે, બંધન પણ કેવું ? આપઘાત કર્યે પણ છૂટાય નહિ એવું ! આ બન્ધનમાંથી તો તે જ જીવ છૂટી શકે, કે જે આ બન્ધનથી છૂટવાનો પુરૂષાર્થ કરવા માંડે; અને જ્યાં સુધી એ આ બન્ધનથી મુક્ત બને નહિ, ત્યાં સુધી એ આ પુરૂષાર્થને છોડે નહિ ! ત્યારે, એવો પુરૂષાર્થ જીવ કયારે કરી શકે ? સમ્યક્ત્વને પામે, તે પછીથી જ ! પહેલાં સમ્યક્ત્વને પામવાનો પુરૂષાર્થ કરવો પડે; અને એ પુરૂષાર્થ દ્વારા, જીવ, સંસાર રૂપી કેદખાનામાંથી છૂટી જવાનો જે ભગીરથ પુરૂષાર્થ કરવો જરૂરી છે, તે પુરૂષાર્થને કરવાની સુદૃઢ ભૂમિકાને પ્રાપ્ત કરી શકે. સમ્યક્ત્વ એ એવી ભૂમિકા રૂપ છે. એને પામેલો જીવ જ, સંસાર રૂપી કેદખાનાથી સર્વથા મુક્ત બની જવાને માટે અવશ્ય કરવા યોગ્ય-એવા ભગીરથ પુરૂષાર્થને કરી શકે છે. સમ્યક્ત્વને પામેલો જીવ, વહેલો-મોડો સંસાર રૂપી કેદખાનામાંથી સર્વથા છૂટવાનો અને સદાને માટે છૂટવાનો.

◆◆◆

સુંદર પણ સાધન જો અયોગ્ય રીતિએ વાપરવામાં આવશે, તો પરિણામે આત્માની ભયંકર બરબાદી સિવાય બીજું કાંઈ જ થવું નથી.

◆◆◆

સુંદરતા પહેલી સમજાવાય અને પછી કઠિનતા બતાવાય તો જ માર્ગ સચવાય.

◆◆◆

સુંદર ભવિતવ્યતાના યોગે આપણે અનાદિ વનસ્પતિમાંથી બહાર આવ્યા અને વચમાંનાં પણ ભટકવાનાં સ્થાનો ભટકી લીધાં : એમ પરિભ્રમણ કરતે કરતે આપણે પંચેન્દ્રિયપણાને, તેમાં પણ મનુષ્યપણાને અને તે મનુષ્યપણું પણ આર્ય ક્ષેત્રમાં પામ્યા. આટલા પ્રમાણમાં આપણી ભવિતવ્યતા સુંદર, અમુક પ્રકારની લઘુકર્મિતા પણ ખરી અને અમુક જાતિની પુણ્યશાલિતા પણ

ખરી જ.

◆◆◆

સંપૂર્ણ દોષ વિનાના આત્માઓ તો વખાણવા યોગ્ય છે જ પણ જેઓએ ઘણા દોષમાંથી પોતાનામાં થોડા પણ દૂર કર્યા છે તે પણ વખાણવા યોગ્ય છે.

◆◆◆

સુન્દર શીલના સાચા પાલકની રક્ષાને માટે અગ્નિ શીતલ બને અને પાણીનું પૂર પણ માર્ગ કરી આપે, તો એય નવાઈની વસ્તુ નથી. શીલપાલકનો તથાવિધ પુણ્યોદય હોય, ભયંકર કોટિનો અશુભોદય ન હોય, તો શીલના મહિમાથી જગતના જીવોને આશ્ચર્યમાં ગરકાવ કરી દેનારા બનાવો પણ બની જાય, એ સ્વાભાવિક જ છે. આપત્તિઓનો નાશ અને સંપત્તિઓની પ્રાપ્તિ શીલના પ્રતાપે સુલભ જ છે. તેવા પ્રકારનો અશુભોદય હોય તો તત્કાળ આપત્તિ ન જાય એ પણ શકય છે, પરન્તુ શીલપાલનના પરિણામમાં આપત્તિનો નાશ અને સંપત્તિની પ્રાપ્તિ, એ તો સુનિશ્ચિત જ છે. આ જ કારણે ઉપકારિઓએ પ્રસંગે પ્રસંગે શીલનો મહિમા પણ ખૂબ ખૂબ વર્ણવ્યો છે.

◆◆◆

સંપૂર્ણ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું પાલન પ્રાયઃ મુનિલિંગમાંજ શકય છે.

◆◆◆

'સુખ નથી જોઈતું'-એમ તો કોઈ જ નહિ કહે જે તમારી ઈચ્છા છે, તે જ ઈચ્છા ઉપકારી પુરૂષની છે તમે જેને માટે તલસો છો, તે વસ્તુ જ આપવા તેઓ ઈચ્છે છે. એમાં ભેદ નથી, પણ તમે સુખ માન્યું છે જૂદી દશામાં અનેઆ જ્ઞાનિઓ સુખ બતાવે છે જુદી દશામાં ! ભેદ અહીં જ છે.

◆◆◆

સુખના લોભમાં માણસ શું નથી કરતો ? સંસારના સુખનો લોભ માણસને કેટલી બધી નીચી કક્ષામાં ખેંચી જાય છે, એનો તમને તો અનુભવ છે ને ? સંસારના સુખનો રસિયો સંબંધ કોની જોડે બગાડે નહિ ? એના સુખની આડે આવે નહિ અથવા આડે આવે પણ ઉપાય હોય નહિ-એ વાત જુદી, બાકી સંસારના સુખનો રસિયો બાપ જોડે પણ સારો સંબંધ જાળવી

શકે ? દીકાર જોડેય સારો સંબંધ જાળવી શકે ? ભાઈ જોડે સારો સંબંધ જાળવી શકે ? પત્ની જોડે સારો સંબંધ જાળવી શકે ? આજે બાપ-દીકારા, ભાઈ-ભાઈ, પતિ-પત્ની, પેઢીના ભાગીદારો-એ બધા કોર્ટે કેમ ચઢે છે ? સંસારના સુખના લોભનો એમાં કેટલો હિસ્સો છે ?

◆◆◆

સુખની ઈચ્છા અને તે મેળવવા માટેની મહેનત કરવા છતાં, તેના સાધનના જ્ઞાન તથા સેવનના અભાવે જ, જગત્ દુઃખી થાય છે.

◆◆◆

'સુખની સામગ્રી મળવી એ પુણ્યનો પ્રતાપ છે અને દુઃખની સામગ્રી મળવી એ પાપનો પ્રતાપ છે.'-આ વાતનો અનુભવ ડગલે ને પગલે થતો હોવા છતાં પણ, નાસ્તિકતામાં જ આનંદ માનનારાઓ, એ વાતનો સ્વીકાર કરતાં અચકાય છે. આમ છતાંય, એ વાત સુનિશ્ચિત જ છે કે-પુણ્ય-પાપને નહિ માનનારાઓ, પુણ્ય-પાપને નહિ માનવા માત્રથી, પુણ્ય-પાપના પરિણામથી અલિપ્ત રહી શકતા જ નથી.

◆◆◆

સુખની અર્થી એવી આખીએ દુનિયા અમૂક અપવાદ બાદ કરતાં સુખ પામવાને બદલે કેવલ દુઃખમાં જ રીબાય છે !

◆◆◆

સૌ એકચિત્ત રહી, પ્રભુશાસનની આરાધનામાં જ મચ્યા રહો એજ એક મનઃકામના પ્રભુશાસનના સત્પુરૂષોની હોય છે.

◆◆◆

સુખનું સાધન તે, કે જે બધા માટે સરખું સુખ આપે. સરખી રીતિએ સેવાય છતાં એકને સુખ આપે અને બીજાને દુઃખ આપે, તે સુખનું સાધન નથી. સમષ્ટિગત સુખના સાધનનો નિર્ણય થવો જોઈએ.

◆◆◆

સુખનું સ્વરૂપ અને દુઃખનું સ્વરૂપ, તે બન્નેનાં સાધનો અને એ સાધનોને સેવવાના ઉપાયો, એ શિવાય શાસ્ત્રોમાં બીજું કાંઈ છે જ નહિ.

◆◆◆

સુખને માટે પાપ કરવું ન જોઈએ, એટલું જ નહિ પણ ધર્મ કરતાં

સુખની ઈચ્છા પણ ન કરવી જોઈએ. વર્તમાનકાલમાં કેળવણીના નામે વધતી સમજણ, વસ્તુના વિવેકને કરાવનારી નથી, પણ વસ્તુના વિવેકનો નાશ કરનારી છે.

♦♦♦

સુખનો વાસ આત્મામાં છે. સુખને બીજે શોધનારાઅજ્ઞાનિઓ છે.

♦♦♦

સુખ મેળવવાને માટે મન, વચન અને કાયા તૈયાર હોય તે છતાં પણ સુખ ન મળે, તો સાધનની ત્રુટિ છે એમ માનવું જ જોઈએ.

♦♦♦

સુખી ઘમંડમાં મરે છે અને દુઃખી દીનતામાં મરે છે. સુખીમાં વિવેક હોય તો તે ઘમંડ કરે નહિ અને દુઃખીમાં વિવેક હોય તો તે દીનતા કરે નહિ.

♦♦♦

સુખી ગણાતા આત્માઓને પણ આ સંસારમાં અનેક પ્રકારની ચિંતાઓ આવ્યા જ કરે છે : કારણ કે-આધિ, વ્યાધિ અને ઉપાધિથી જ ભરેલા સંસારમાં ચિંતા એ કાંઈ અસહજ વસ્તુ નથી.

♦♦♦

'સૌ સૌની ઈચ્છા મુજબ વર્તે એમાં હરકત નથી.' એ સિદ્ધાંત માન્ય રખાય તો દુનિયામાં સજ્જન કોણ અને દુર્જન કોણ એનો ભેદ પાડી શકાશે નહિ,

♦♦♦

સૌએ પોતાના જીવનને એવું બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ, કે જેથી 'મારૂ શું થશે ?'-એ ચિન્તા રહે નહિ અને વિવેકપૂર્વકનો એવો વિશ્વાસ જન્મે કે-'મારૂં સારૂં જ થશે'

♦♦♦

સંખ્યાબંધ દુર્જનોની વચ્ચે, એક સજ્જન પણ નિર્ભયપણે જીવી શકે છે : કારણ કે-' હું કોઈના અહિતમાં રાજી ન હોઉ કે પ્રવર્ત્તમાન ન હોઉં, તો મારૂં અહિત કેમ જ થાય ? '-આવી તે પુણ્યાત્માની અચલ માન્યતા હોય છે. છતાં કદાચ અશુભ થતું દેખાય, તો તે 'પૂર્વ્ ભવના અશુભ' ને કારણ રૂપ માને છે.

♦♦♦

સૌ રત્નત્રયીની આરાધનામાં ઉજમાળ બનો, એ અભિલાષા સમ્યગ્દૃષ્ટિ આત્માઓમાં જરૂર હોય છે.

◆◆◆

સૌ એકચિત્ત રહી પ્રભુશાસનની આરાધનામાં જ મચ્યા રહો એજ એક મનઃકામના પ્રભુશાસનના સત્પુરૂપોની હોય છે.

◆◆◆

સંસાર રૂપ સાગરને નથી તો આદિ, નથી તો અન્ત અનન્ત કાલ પૂર્વેય આ સંસારની અવિદ્યમાનતા હતી-એમ પણ નથી અને અનન્ત કાલ બાદેય આ સંસારની અવિદ્યમાનતા થવાની છે, એમ પણ નથી. એટલે કે- અનન્ત કાલ પૂર્વે પણ સંસાર હતો અને અનન્ત કાલ જવા છતાં પણ સંસારનું અસ્તિત્વ  કાયમ જ બન્યું રહેવાનું છે. સંસારની આ જેવી તેવી ભયંકરતા નથી. જન્મ-જરા અને મરણ આદિ આપત્તિઓથી ભરેલો આ સંસાર, પર્યન્તવિકલ છે. આવા સંસારમાં ફસેલા જીવોને માટે જન્મ, જરા અને મરણાદિની આપત્તિઓ પણ સુનિયત જ છે. સંસારી જીવ અને જન્માદિ આપત્તિઓથી મુક્ત, એ શકય જ નથી. જન્માદિ આપત્તિઓથી મુક્ત તો તે જ છે, કે જે સંસારથી મુક્ત છે. સંસાર સ્વરૂપે ભલે અદૃષ્ટપર્યન્ત હોય, પરન્તુ ભવ્ય જીવો પોતાના સંસારના  ઉચ્છેદને સાધી શકે છે. કોઈ પણ કાળે મુક્તિને પામનારા આત્માઓનો સંસાર અનાદિ હોવા છતાં પણ અનન્ત નથી. જો કોઈ પણ જીવનો સંસાર સાન્ત ન હોય, તો તો ધર્મનો કોઈ વિશેષ અર્થ જ રહેતો નથી. પરન્તુ આ સંસારમાં અનન્તા આત્માઓ એવા પણ હતા. અને હોવાના, કે જે આત્માઓનો સંસાર સાન્ત હતો અને છે. ધર્મ, આત્માને સંસારના અન્તને પમાડનારો હોવાના કારણે જ, સેવ્ય અને ઉપદેશ્ય છે.

◆◆◆

## ધર્મની જિજ્ઞાસા.

સૌથી પહેલો ગુણ ધર્મને જાણવાની ઈચ્છા. એ ગુણ કોને આવે ? ધર્મની  જિજ્ઞાસા કોને પેદા થાય ? ઘરને, બારને અને રંગરાગને સારા માને એને ? દુનિયા ને ધર્મ એ બે જૂદી ચીજો છે. દુનિયામાં કયારથી ? જન્મ્યા ત્યારથી નહિ, પણ અનાદિ કાળથી ગોઠવાયેલા છો. કાંઈ દુનિયા નવી નથી. હમણાં આ ખોખામાં છો, તે પહેલાં બીજા ખોખામાં હતા ને ભવિષ્યમાં ત્રીજા

ખોખામાં ગોઠવાશો. અનાદિ કાળથી પરિચિત વસ્તુઓ ઉપરની લાલસા છૂટી ધર્મ પર પ્રેમ ક્યારે થાય ? જિજ્ઞાસા હોય તો.

૧-જિજ્ઞાસા,

૨-સદ્‌ગુરૂ પાસે જવાની ઈચ્છા,

૩-ગુરૂ પ્રત્યે જોઈતી નમ્રતા, વિનય, વિ. અને

૪-સદ્‌ગુરૂના વચન પર શ્રદ્ધા,

ઉપરના ચાર ગુણો ન હોય ત્યાં સુધી ધર્મની પ્રાપ્તિ શી રીતે થાય ? જેને આ દુનિયાના પદાર્થોમાં, દુનિયાની લ્હેરમાં અને અમનચમનમાં જ આનંદ આવતો હોય, તેને એમ થશે કે-હું ધર્મને જાણું ?'જે સંયોગોમાં બેઠો છું, એ સંયોગો મારે માટે હિતકારી નથી, હજી હિતકર સંયોગો બીજા જોઈએ.'-આ ભાવના જ્યાં સુધી પેદા ન થાય ત્યાં સુધી ધર્મ પ્રત્યે જિજ્ઞાસા ન થાય. જિજ્ઞાસા ન જાગે ત્યાં સુધી સદ્‌ગુરૂનીએ કિંમત નહિ, ધર્મનીએ કિંમત નહિ. કંઈએ કિંમતી નહિ લાગે. જો જિજ્ઞાસા એમ ને એમ પેદા થતી હોત, તો સારી દુનિયા એકી સાથે સત્ય ધર્મની ઉપાસક બની જાત, પણ જેને એમ જ લાગે કે-જે સંયોગોમાં હું છું એ સંયોગો જ મારે માટે લાભદાયી છે, હું પણ સમજદાર છું, મારામાં ઉણપ નથી, એને ધર્મની જિજ્ઞાસા જ પેદા થતી નથી; તો પછી સદ્‌ગુરૂ પાસે જવાની ઈચ્છા, નમસ્કાર કરવાની ઈચ્છા, વિનયપૂર્વક સાંભળવાની ઈચ્છાની તો વાત જ શી ? નાનામાં નાની ધર્મક્રિયા કરવી હોય, તો પણ મૂળ વસ્તુ તરફ વળવું પડશે. સુગુરૂઓ સૌથી પહેલાં સર્વવિરતિ-ત્યાગ તરફ જાય છે, મોક્ષ તરફ દુનિયાનું ધ્યાન ખેંચે છે, તેનો એજ મુદ્દો છે કે-જ્યાં સુધી દુનિયાનું લક્ષ્ય મોક્ષ પ્રત્યે ન ચોંટે, એ મોક્ષ માટે સર્વવિરતિની જરૂર છે એમ ન લાગે, ત્યાં સુધી નાના ધર્મો સમજવાની વાસ્તવિક ભાવના જાગે, એ પણ અશક્ય છે. જ્ઞાની પુરૂષોએ કહ્યું કે-જ્યાં સુધી સંસારના સઘળા સંયોગો મારે માટે હિતકર છે, એવો ઝાંખો ઝાંખો પણ ખ્યાલ હોય, ત્યાં સુધી ધર્મની સાચી જિજ્ઞાસા થતી નથી. માબાપ, કુટુંબ પરિવાર બહુ સારા હોય, ઉંચી ઉંચી કોટિના હોય, ભલો રસ્તો બતાવવાની પેરવીમાં હોય, તોએ પ્રાયઃ પોતાના સ્વાર્થને સાચવીને જ. આથી ધર્મજિજ્ઞાસા પેદા થઈ કે તરત સદ્‌ગુરૂનો સંયોગ કરવાની ભાવના પેદા થાય; કારણ, તે સમજે છે કે-'મને જે જોઈએ તે આ બધા કુટુંબીઓ સ્વાર્થવશ હોવાથી અપાવવા

શક્તિમાન્ નથી' અને એ ભાવનાના યોગે, તે સદ્‌ગુરૂ પાસે જઇ વિનય અને બહુમાન પૂર્વક સદ્‌ગુરૂ કહે તે સાંભળે. સાંભળીને તેનું મનન કરી તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે.

◆◆◆

સંખ્યાબંધ હિંસક પ્રાણિઓને ભેળાં કરવામાં આવે તોય એ જેટલું નુકશાન ન કરી શકે, એટલું દુનિયામાં બનેલો શક્તિ-સામગ્રીસંપન્ન એક માનવી કરી શકે

◆◆◆

સંબંધી એવા તૈયાર કરો, કે જે ગમે તેવા પ્રસંગે સમાધિ આપે અને કલ્યાણના માર્ગે યોજે.

◆◆◆

સ્વ અનેપરનો ઉપકાર જેનાથી ન થતો હોય, તેવું નહિ લખવાનો કે નહિ બોલવાનો ઉત્તમ પુરૂષો નિયમ હોય છે.

◆◆◆

સુંદર યોગ મળતાંની સાથે જ સુયોગ્ય આત્માઓની પરિણતિનો પલટો થઇ જાય છે.

◆◆◆

સુન્દર શીલનું પાલન કેવા કેવા ફલને મેળવી આપે છે, એ અનિર્વચનીય વસ્તુ છે.

◆◆◆

સુંદર સંસર્ગોમાં પણ જોઈતો સદ્‌ભાવ હૃદયમાં ન જાગે, એ તો એક ભયંકર કમનશિબી જ ગણાવી જોઇએ.

◆◆◆

સંપત્તિથી સદા ડરતા રહેવું અને આત્મસંપત્તિ ખીલવવામાં સંપત્તિને વાપરવી, એના જેવો પુણ્યયોગે મળેલી સંપત્તિનો બીજો કોઈ સદુપયોગ નથી.

◆◆◆

સંયમ : હારી જવાનાં અદ્વિતીય દ્રષ્ટાંતો-વાસુદેવ અને પ્રતિ વાસુદેવ છે. પૂર્વે તપ-જપ કરે અને ઐરાવણ વેચી રાસભની ખરીદી કરવા જેવું કરે.

◆◆◆

શ્રી સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં વચનો, એ વચનોએ જ કહેલાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયી, શ્રી અરિહંત પરમાત્મા, શ્રી આચાર્ય ભગવાન, શ્રી ઉપાધ્યાય ભગવાન, શ્રી સાધુભગવાન, શ્રાવક-શ્રાવિકા અને મોક્ષમાર્ગની સન્મુખ બનેલા આત્માઓ-એ સિવાય આ દુનિયામાં બીજી કોઈ વસ્તુ વસ્તુતઃ પ્રશંસાને પાત્ર નથી. ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલો પ્રશંસા કરે, તો તે આટલાની જ કરે : પણ એ સિવાયની વસ્તુઓની પ્રશંસા કરે નહિ. રત્નત્રયીમાં જેમ રત્નત્રયીના ધારક આદિ આત્માઓનો સમાવેશ થઈ જાય છે, તેમ રત્નત્રયીને પમાડનારી તરીકે જ્ઞાનિઓએ વિહિત કરેલી સઘળી સામગ્રીનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. અર્થાત્-રત્નત્રયીને પમાડનારી સામગ્રી પણ પ્રશંસાપાત્ર છે.

◆◆◆

સાચા કુલવાન જ તે, કે જેઓને પાપના વિચારો ખટકે. તેઓ પાપની પ્રશંસા પ્રાણાંતે પણ ન જ કરે, એ વાત તો નિશ્ચિત જ છે. આથી જ ઉત્તમ કુલના આત્માઓ પાપ કરવામાં ઘણા જ પાંગળા હોય છે. કોઈક વખત કોઈ તીવ્ર પાપોદય આદિના યોગે તેવા આત્માઓમાં પાપવિચારો આવી જાય, તો પણ તે આત્માઓ પોતાના જીવનનો અંત આપવા તૈયાર થઈ જાય છે : કારણ કે-'પાપી થઈને જીવવા કરતાં પાપ થાય તે પહેલાં મરી જવું એ સારૂં'-આવી તે પુણ્યાત્માઓની પવીત્ર માન્યતા હોય છે.

◆◆◆

સાચા ગુણીનું કદાચ તમારાથી સન્માન ન થાય તો પણ અપમાન તો નજ કરો.

◆◆◆

સાચા બળવાન જ તે છે કે-આજે પોતાના બળથી નિર્બળોને ખોટી રીતિએ દબાવતા નથી અને પોતે તેના દુરૂપયોગથી સદા જ ડરતા રહે છે.

◆◆◆

સાચાં માબાપ પણ તે જ છે કે-જે શ્રી સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાની આડે આવવાની પ્રવૃત્તિ ન કરે.

◆◆◆

સાચા માર્ગની સામે બકવાદ કરનાર એ કોઈ કાળમાં કે કોઈ સ્થળમાં

ન હોય એ બન્યું નથી અને બનવાનું નથી. ભગવાન શ્રી હેમચંદ્રસુરિશ્વરજી મહારાજા શ્રી વીતરાગપરમાત્માની સ્તવના કરતાં કહે છે કે-અન્ય યુગોમાં શ્રી તીર્થંકરોની હયાતિવાળા કાળમાં પણ ઉચ્છૃંખલ દુર્જનો હોય છે તો વાંકા એવા કળિકાળમાં એની હયાતિ હોય એમાં કોપ કરવા જેવું શું છે ?

◆◆◆

સાચા સમ્યગ્દ્રષ્ટિ આત્માને પોતાના સાધર્મિક પ્રત્યે, એટલે કે-શ્રી જિનેશ્વરદેવના સાચા પૂજક પ્રત્યે પ્રેમ અને ભક્તિ કરવાની ભાવના જાગૃત થવી એ સહજ છે.

◆◆◆

સાચા વિનયગુણને નહિ પામેલો અને મિથ્યાભાવમાં રમતો જ્ઞાની કલ્પતરૂ નહિ પણ કંટકતરૂ સમજવો.

◆◆◆

સાચા વિરક્ત આત્માઓની મનોદશા જ કોઈ અજબ પ્રકારની હોય છે. એના યોગે તે આત્માઓ ગમે તેવા સંયોગોમાં પણ રાગીઓના રાગથી રંગાઈને પોતાના પરિણામમાંથી ચળતા નથી.

◆◆◆

સાચા ગુણવાનના ગુણની અનુમોદના, એ તો સમ્યક્ત્વની ભાવના છે અને સાચા ગુણીની પ્રશંસા, એ સમ્યક્ત્વની નિર્મલતાનું એક અદ્વિતીય સાધન છે : પણ એ અનુપમ સાધનનો માની આત્મા સદુપયોગ કરી શકતો નથી.

◆◆◆

સાચા પરોપકારની શ્રેષ્ઠ ભાવના સમજવી હોય તેણે શ્રી તીર્થંકર નામકર્મની નિકાચનાનો માર્ગ વિચારવો : અને સાચા પરોપકારિઓનું સ્વરૂપ સમજવું હોય તેણે શ્રી તીર્થંકરદેવોનું સ્વરૂપ વિચારવું.

◆◆◆

સાચી કેવવણી જ એ છે કે-હૃદય, ધર્મ અને ધર્મિની સેવા માટે સદાય તલસતું બને.

◆◆◆

સાચી આરાધના કે સાચી આરાધનાની ભાવના, છતી શક્તિએ રક્ષાની ક્રિયા અને શક્તિના અભાવમાં છેવટ રક્ષાની ભાવના પણ ઉત્પન્ન

કર્યા વિના રહેતી નથી.

◆◆◆

સાચી સુપુત્રતા જ એ છે કે-માતા-પિતાની હિતકર આજ્ઞાનું સર્વ રીતિએ પાલન કરવું અને અહિતકર આજ્ઞાથી સર્વ રીતિએ બચતા રહેવું.

◆◆◆

સાચી વસ્તુ ખોટી તરીકે મનાય ત્યાં એટલો ભય નથી હોતો કે જેટલો ખોટી વસ્તુ સાચી તરીક મનાય ત્યારે હોય છે.

◆◆◆

સાચી ઉદારતાથી, મૂર્ચ્છાથી મૂકાઈ જવાના ઈરાદાથી, જો રાતી પાઈ પણ અપાશે, તો તે પણ ઉગી નીકળશે.

◆◆◆

સાચી ઉદારતા વિનાનો, સાચો મહાપુરૂષ હોઈ શકે જ નહિ.

◆◆◆

સાચી વસ્તુની ઓળખાણ રૂચિ વિના થતી નથી. બીમાર માણસથી સારી ચીજ ખવાય નહિ પણ રૂચિ તો રહેજ, કાંઈ પણ નહિ જાણનારા દર્શનધરને સંયમમાર્ગની રૂચિ તો રહેવાનીજ.

◆◆◆

સાચી શીલપ્રીતિ શિવાય ગમે તેવા પ્રસંગે પણ સદ્‌ગુરૂ પ્રત્યે હૃદયનો શુદ્ધ સદ્‌ભાવ રહેવો, એ શકય નથી.

◆◆◆

સાચો વૈરાગ્ય જન્મ્યા પછી તો બધી વૈરાગ્યઘાતક ભાવનાઓ આપો આપ જ નષ્ટ થવા માંડે છે.

◆◆◆

સાચો ધર્મી, ધર્મી ઉપરની આપત્તિને ટાળવાના ઉચિત પ્રયત્નો કર્યા વિના રહે જ નહિ.

◆◆◆

સાચું બોલે છે માટે પાપ કરનાર પ્રશંસાપાત્ર છે, એ કદાપિ સિદ્ધ થઈ શકે એમ નથી.

◆◆◆

સાચું કહે એની સામે વિરોધ કરે એ આદમી નથી. વિરોધ તેની સામે હોય કે-જે સાચા માર્ગને ઘાતક હોય એવું બોલે.

◆◆◆

સાચું સામર્થ્ય, ભગવાને કહેલો ધર્મ ભગવાને કહેલા ભાવે આચરવાથી આવે. બંધાઈ ગયેલાં કર્મોના ઉદયથી આવનારા કષ્ટોને સહવાનું સામર્થ્ય આવે, એ સહતી વખતે સમાધિભાવ બન્યો રહે. નવાં પાપકર્મોનું ઉપાર્જન ન થાય અને જે કર્મો ભગવાને કહેલા ધર્મ કરવાથી ખપી જાય એવાં હોય તે કર્મો આપણે કરેલા ધર્મથી ખપ્યા વિના રહે નહિ, એ રીતિએ અને એ માટે આપણે ધર્મ કરીએ છીએ ! આપણા મનમાં ખરેખર જો એ જ ભાવ હોય, તો આપણે આજે ધર્મની વાતમાં જે ગળિયા બળદ જેવા બની ગયા છીએ, તે બને ખરૂં ?

◆◆◆

સાચું સુખ સંસારમા છે જ નહિ : કારણ કે-જે કાંઈ સુખ છે તે આત્મામાં છે અને કર્મના આવરણથી આ દબાયેલું છે, માટે સુખની અર્થી દુનિયાએ તો આ માત્ર કર્મનાશનો જ પ્રયત્ન કરવો જોઇએ.

◆◆◆

સાચા સાધુઓ કહી શકે કે-અમે જેવા કેળવણીના પ્રેમી છીએ અને શિક્ષણના દાતા છીએ, તેવા કેળવણીના પ્રેમી અને શિક્ષણના દાતા દુનિયામાં બીજા કોઇ નથી. આ વ્યાખ્યાન એ પણ એક પ્રકારનું શિક્ષાદાન છે. આત્માના કલ્યાણ માટે શું શું તજવા જેવું છે અને શું શું કરવા જેવું છે-એનું જ્ઞાન આપવું, એ જ્ઞાન તમને અસરકારક બને એમ કરવું, તમારા હૈયામાં એનો મર્મ જપાવવો અને જે જે તમે સમજતા જાવ, તેનો તેનો તમે શક્તિ અને સંયોગાદિ મુજબ અમલ કરતા થાવ એ માટે વિવિધ પ્રકારે પ્રેરણા કરવી, એ જેવું તેવું શિક્ષણ છે ? ખરૂં શિક્ષણ જ આ છે. કેવળ પેટ ભરવાની કેળવણી આપવી, એમાં જીવનો ઉદય થવાનો છે ? મનુષ્ય જેવા મનુષ્ય થઇને તમે એવું શિક્ષણ પામો, કે જે શિક્ષણ તમને ધનના લોભી બનાવે, ભોગના ભૂખ્યા બનાવે અને એ લોભને વશ થઇને તથા એ ભોગની ભૂખને વશ થઇને તમારે કયાં કેવી દીનતા કરવી જોઇએ એ કયાં કેવી હોશિયારી કરવી જોઇએ એ તમને શીખવે; હોશિયારી સમજ્યા ને ? બધાં પાપ એમાં આવી

જાય; એથી તમારો ઉદ્ધાર થઈ જવાનો ? અને, જેને જેને તમે આવા પ્રકારનું શિક્ષણ મેળવવાની સગવડ કરી આપો, તેમનો પણ ઉદ્ધાર થઈ જવાનો ?

♦♦♦

સાથ અને સહાયક વિના ધર્મની આરાધના થતી નથી. સહાયકના પ્રભાવે આળસુ ઉદ્યમી બની જાય છે. પ્રમાદી પ્રમાદહીન બને છે અને ભાવનામાં સતેજ થાય છે.

♦♦♦

સાદાઈ શું ચીજ છે એ વિચારો ! વિષય-કષાય ધન-ઋદ્ધિ-સિદ્ધિ-લાલસા ઠાંસીને બેઠી છે અને ચીંથરાં પહેરી લીધાં, એટલે સાદાઈ આવી ગઈ એમ માનવું એ મૂર્ખાઈ છે.

♦♦♦

ધ્યેય ખોટું હોય તો ગુણો એ વાસ્તવિક ગુણો નથી.

સાથી મળો તો સીધા અને મજબૂત મળો કે જેઓના યોગે પ્રભુના શાસનની ઉન્નતિ સાધી શકાય. ભાગ્યવાનો નમસ્કાર કરો તો હૃદયને પૂછીને કરજો સમ્યગ્દૃષ્ટિનું માથું કયાં ઝુકે ? એકાન્તે વિનયવાદી મતના પણ આપણે ખંડન કરનારા છીએ સમ્યગ્દષ્ટિનું માથું સ્થાનેજ નમે. અસ્થાને તો પહાડની જેમ અક્કડ રહે. એનું નામ માન નહિ. અભિમાન નહિ, પણ ધર્માભિમાન.. જેનામાં એ હોય નહિ તેનામાં પ્રાયઃ ધર્મ હોય નહિ અને હોય તો પણ ચિરકાલ ટકે નહિ. માથું ભક્તિ હોય ત્યાં નમે, અને ભક્તિ ગુણાતિરેક હોય ત્યાં થાય. સદ્ગુણ તે કહેવાય છે કે-જે પરિણામે સુંદર હોય : અન્યથા, જે ક્ષમા કલ્યાણ કરે તેજ ક્ષમા ડૂબાડે , જે શાંતિ આત્માને તારે તેજ શાંતિ ડૂબાડે અને જે તપ આત્માનું ભલું કરે તેજ તપ આત્માનો અનર્થ કરે : કયારે ? વિપરિત ધ્યેય ભાવના આદિ હોય તો !

♦♦♦

સાધન ધર્મની ઉપેક્ષા કરનારા એ સ્વભાવ ધર્મની પણ ઉપેક્ષા કરનારા છે.

♦♦♦

સાધારણ સ્થિતિવાળા પણ સમજે કે-પુણ્યની ઉત્તમ તક છે. જેટલાં કારણો દુર્ગતિમાં લઈ જનારાં બેઠાં છે, તે જો તમે ધારો ને મનની દિશાને

ફેરવી નાંખો, તો તે દુર્ગતિમાં લઈ જઈ શકે નહિ. હૈયાને જો બરાબર સુધારી લેવાય, તો ભવની સુંદર પરંપરા સર્જાય અને મુક્તિ વહેલી મળે. આ માટે, મિથ્યાત્વને કાઢવું પડશે અને સમ્યક્ત્વને મેળવવું પડશે.

◆◆◆

સાધનસંપન્ન શ્રાવકો પણ જો છેવટ અમુક ઉંમર થયા બાદ આરંભાદિથી નિવૃત્ત થઈ જતા હોય, ધર્મકાર્યમાં જ સમય વ્યતીત કરતા હોય, તો શ્રી જિનમન્દિરો અને ઉપાશ્રયોની હાલત આજના કરતાં કઈ ગુણી સારી હોય સામાન્ય રીતિએ રાતદિવસ ઉપાશ્રયમાં રહી ધર્મક્રિયા અને ધર્મચર્ચા કરતા હોય, તો તેઓ ઘણા યુવાનોને જોડી શકે.

◆◆◆

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર-એ રત્નત્રયી એ મોક્ષમાર્ગ છે. આ કોઈ નવી વાત નથી. આ વાત તો ઘણાએ ઘણી વાર સાંભળી હશે. પણ જેમણે જેમણે આ વાત સાંભળી છે. જે જે કોઈ આ સૂત્રને ભણ્યા છે અને જે જે કોઈએ આ સૂત્રના ભણતરની પરીક્ષા આપી તેમાં ઉંચો નંબર મેળવ્યો છે, તેમાંના પણ કેટલાને સમ્યગ્દર્શન એ શું છે, સમ્યગ્જ્ઞાન એ શું છે અને સમ્યક્ચારિત્ર એ શું છે અને એ ત્રણનો આત્માની સાથે સંબંધ શો છે, એ પોતાના આત્માના ભલાને માટે જાણવાની ઇચ્છા જન્મેલી ? એટલી ઇચ્છા પણ જન્મે નહિ, તો જીવનમાં મોક્ષમાર્ગ આવી જાય એ બને ? એ વિના આત્મા મોક્ષમાર્ગનો આરાધક બને ?

◆◆◆

'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારીત્ર' રૂપ રત્નત્રયીના ભાજન રૂપ મનુષ્યપણામાં પાપકર્મની આચરણા કરનારા, એ સોનાના ભાજનમાં મદીરા ભરવા જેવી ભયંકર મૂર્ખતાનું સેવન કરનારા હોઈ મૂર્ખ નહિ પણ મૂર્ખનાએ શિરોમણિ છે.

◆◆◆

સમ્યગ્દર્શનને પામીને તત્ત્વના સ્વરૂપને સારી રીતિએ જાણનારા બનેલા હોય, એવાઓને પણ કોઈક કોઈક વાર, શ્રી જિનપ્રણીત શાસ્ત્રની કોઈક વાત ઊલટા રૂપે પકડાઈ જાય-એ શકય છે. શાસ્ત્રની વાતનો ઊલટો અર્થ થઈ જાય અને તે પછી તે અર્થ ચડસના માર્યા પકડાઈ જાય, એટલે

દશા એવી થાય કે-બીજાઓ કે જેઓ શાસ્ત્રના અર્થને જાણતા હોય, તેઓ સમજાવે કે-'તમે જે અર્થ કરો છો તે ખોટો છે.' તોય આ ચડસનો માર્યો એમ જ કહે કે-'નહિ, હું કહું છું તે અર્થ જ સાચો છે.' શાસ્ત્રોના સાચા અર્થને જાણનારા સમજાવે કે-'પણ આટલી આટલી રીતિએ તમે કરેલો આ અર્થ ખોટો છે.' તોય તે પોતે કરેલા અર્થને સાચો ઠરાવવાને માટે, એની સામે જે પ્રમાણો ધરવામાં આવ્યા હોય, તે પ્રમાણોનો પણ ઊલટો અને અસંગત અર્થ કર. આવાઓ પોતાના સમ્યક્ત્વને ખોઈ બેસે અને મિથ્યાત્વના ઉદયવાળા બની જાય.

♦♦♦

સમ્યક્ત્વ પામ્યા પછીથી પણ, સંસારના સુખના અભિલાષને વશ થઈ જવાથી, ભગવાનના આત્માને પણ સંસારમાં અને તેય મોટે ભાગે દુર્ગતિઓમાં કેટલો બધો લાંબો કાળ ભટકવું પડયું ?

♦♦♦

સમ્યગ્દ્રષ્ટિ શાંત હોય, પણ કાયર નહિ ! ખોટાને હૈયામાં પેસવા ન દે અને સાચાને હૃદયથી છોડે નહિ. સાચાને હલકું ન કરે અને ખોટાને ઉંચે ન બેસાડે.

♦♦♦

સમ્યગ્દ્રષ્ટિ તરીકે જૈન શાસનમાં તેજ આત્માને ઓળખાવવામાં આવ્યો છે કે-જે જિનેશ્વરની આજ્ઞાને માનનારો હોય, મિથ્યાત્વનો ત્યાગ કરનારો હોય અને સમ્યક્ત્વનો સ્વીકાર કરનારો હોય.

♦♦♦

સમ્યક્ત્વને પામ્યા પછીથી, જીવ, સમ્યક્ત્વને વમી નાંખનારો ન જ બને, એવું છે જ નહિ; છતાં પણ, એને મોક્ષનું નિરૂપહત બીજ કેમ કહ્યું ? એટલા માટે કે-અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ, માત્ર એક અન્તર્મુહૂર્ત્ત જેટલા કાળને માટે પણ જો સમ્યક્ત્વને પામી ગયો હોય અને તે પછી એ જીવ સમ્યક્ત્વને તરત જ વમી નાંખનારો પણ બન્યો હોય, તો પણ એ જીવ, વધુમાં વધુ અર્ધ પુદ્‌ગલપરાવર્ત કાલથી પણ ઓછા કાલમાં જ, શિવસુખને પામનારો બને છે. એટલો પણ લાંબો કાળ, સમ્યક્ત્વને વમીને જે કોઈ જીવ શ્રી તીર્થંકરાદિકની ઘોર આશાતનાદિ કરનારો બને છે, તેને જ લાગે છે; બાકી તો, જીવ એક

વાર સમ્યક્ત્વને પામી ગયો, પછી તેણે સમ્યક્ત્વને વમી પણ નાંખ્યું તો પણ એ જીવ થોડા જ કાળમાં સમ્યક્ત્વને પામીને અને સમ્યક્ત્વને પામ્યા બાદ આગળનાં ગુણસ્થાનકોને પામીને, શિવસુખને પામ્યા વિના રહેતો જ નથી. વળી, એક વાર જીવ સમ્યક્ત્વને પામ્યો અને પછી તે જીવ સમ્યક્ત્વને વમી પણ નાંખે, તો એના મિથ્યાત્વના અને અનન્તાનુબંધી કષાયોના ઉદયકાળમાં પણ, પૂર્વપ્રાપ્ત સમ્યક્ત્વની કાંઈક ને કાઈક શુભ અસર તો રહે છે જ. એ જીવની કર્મગ્રન્થિ કદાચ ફરીથી પણ બંધાય તો પણ અનાદિકાલીન એવી પુર્વની કર્મગ્રન્થિ જેટલી ગાઢ તે એ હોય નહિ ને ? એમાં જરૂર કાંઈક ને કાંઈક તરતમતા રહે એટલે જ, સમ્યક્ત્વ, એ શિવસુખ રૂપી જે વૃક્ષ છે, તે વૃક્ષના નિરૂપહત એવા બીજ રૂપ છે.

♦♦♦

સમકીતદષ્ટિનો એ સ્વભાવ છે કે-એને કોઈ ગ્રહ ન હોય. જે યોગ્ય હોય એનો એ ગ્રાહક બની જાય. હરેક કાળમાં એ જિજ્ઞાસુજ હોય.

♦♦♦

સમ્યગ્દ્રષ્ટિનો જન્મ સંસારમાં રહેવા માટે નથી, પણ સંસારથી છુટી મુક્તિમાં જવા માટે છે અને મુક્તિમાં જવા માટે જ સતત્ પ્રયત્ન કરવા ખાતર છે.

♦♦♦

સમ્યગ્દષ્ટિ એટલે ત્યાગના પિપાસુ ત્યાગનો જાપ કરનારા. તમે પણ ત્યાગના પિપાસુ બનજો. રાગને ઠોકરે મારજો રાગના રસીયા બન્યા તો સંસારમાં અગ્નિ ખરશે.

♦♦♦

સમ્યગ્દ્રષ્ટિ આત્માઓ પોતાને મળેલી ઋદ્ધિનો ઉપયોગ આત્મકલ્યાણની સાધનામાં કરે, એમાં આશ્ચર્ય નથી : કારણ કે-પવિત્ર આત્માઓનો તે સ્વભાવસિદ્ધ ધર્મ જ છે.

♦♦♦

સમ્યગ્દ્રષ્ટિ આત્મા તેજ છે, કે જે આત્માને સંયમધરના દર્શનથી પરમ ઉલ્લાસ પેદા થાય.

♦♦♦

સમ્યગ્દ્રષ્ટિ આત્મશ્રેયની સાધનામાં કોઈપણ દિવસે શકય ઉદ્યમથી પાંગળો નહિ બને અને એ ઉદ્યમના પ્રભાવે એ અશુભ કર્મને પણ શુભમાં પલટાવી દે છે.

◆◆◆

સમ્યગ્દ્રષ્ટિ આત્મા માટે દરેક ક્રિયા કરતી વખતે શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા, એજ ધ્યેયરૂપ બનવી જોઈએ.

◆◆◆

સમ્યગ્દ્રષ્ટિ આત્મા પુદ્‌ગલને પર માને, એટલે એ સંગી ખરો પણ અર્થી નહિ. અર્થી મોક્ષનો. સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ એ ચાંદ નથી, પણ જે જેવા હતા તેને જ્ઞાનિઓએ તેવા કહ્યા.

◆◆◆

સમ્યગ્દ્રષ્ટિ આત્મા સંસારથી ન નીકળી શકે તો પણ ત્યાગનો ઉપદેશ આપનાર પ્રત્યે તે નારાજ નથી હોતો, એટલું જ નહિ પણ એના ઉપદેશકને જોવાથી જ તેને આનંદ આવે છે.

◆◆◆

સમ્યગ્દ્રષ્ટિ આત્મા ખોટી શાંતિનો પૂજારી કદી જ નથી હોતો. સમ્યગ્દ્રષ્ટિ આત્મા એવી શાંતિનો ઉપાસક ન જ હોય, કે જે શાંતિથી ધર્મનો ધ્વંસ થાય અને ધર્મનો નાશ કરનારાઓને ઉત્તેજન મળે.

◆◆◆

સમ્યગ્દ્રષ્ટિ આત્મા પાપભીરૂ હોય છે; પાપભીરૂ એટલે શું ? પાપના હેતુઓથી જે ડરે અને પાપના હેતુઓથી પણ બને તેટલો દૂર રહે તે ! એવો પાપભીરૂ આત્મા જેમ પ્રમાદ આદિથી ડરે છે, તેમ ધર્મમાં વિઘ્ન કરનારાં માતાપિતા આદિથી પણ ડરે છે. તેઓ સ્નેહથી કે રોષ આદિથી ધર્મ કરવા દેવામાં પણ વિઘ્નકર નીવડે છે. માટે શાસ્ત્રકારોએ તેમને પણ ભયરૂપ જણાવેલ છે.

◆◆◆

સમ્યગ્દ્રષ્ટિ આત્માએ-'અર્થ માટે પણ ધર્મ કરાય, એમ નહિ માનવું જોઈએ : કારણ કે-એમ માનનાર આત્મા ધર્મ પામવાને બદલે પામેલા ધર્મને પણ હારી જાય એ શકય છે, એટલું જ નહિ પણ એ વસ્તુને સમ્યક્ત્વને દુષિત કરનાર તરીકે નહિ માનીને રસપૂર્વક અથવા આગ્રહપુર્વક એને કરનાર,

કરાવનાર અને અનુમોદનાર વિપરીત ફળને પામનારો થાય છે.

◆◆◆

સર્વોત્તમ કોટિના જીવનને જીવવાની કળાને હસ્તગત કરવાનું મન તેને થાય, કે જેને એક વાર તો એવો નિર્ણય થઈ જાય છે કે-" હું આત્મા છું, હું આત્મા છું અને અનાદિકાળથી હું આ સંસારમાં પરિભ્રમણ કરતો થકો ભટકી રહ્યો છું મારૂં અસ્તિત્વ સર્વકાલીન છે, પણ હાલ હું રખડતો જ છું મારે આ પરિભ્રમણથી મુક્ત બનવું જોઈએ અને એ માટે મારા આત્માને પોતાના જ સ્વરૂપમાં સુસ્થિર બનાવી દેવો જોઈએ, કે જેને જ્ઞાનિઓ પરમાત્મદશા કહે છે. મારે જો આ સંસારમાં પરિભ્રમણ કરવું હોય નહિ, તો મારે મારી પરમાત્મ-દશાને મેળવવી એટલે પ્રગટાવવી એ ખૂબ જ આવશ્યક છે; અને એ માટે સાચું શ્રમણ જીવન એ પરમ સાધન છે."

◆◆◆

સારાને સારૂં બનાવવું કે સારાને ખોટું બનાવવું એ યોગ્ય કે અયોગ્ય વ્યક્તિ ઉપર આધાર રાખે છે. કોઈપણ ધર્મ યોગ્યના હાથમાં જાય તો ધર્મ બને છે અને અયોગ્યના હાથમાં જાય તો તે તેને અધર્મરૂપ બનાવે છે.

◆◆◆

સર્વથા શીલહીન આત્માઓ માટે ધર્મનું આરાધન પણ પ્રાયઃ દુષ્કર છે : માટે જીવનનું સાચુ સૌન્દર્ય સુંદર શીલનું પાલન છે, એ વાત એકે-એક કલ્યાણકાંક્ષી આત્માએ પોતાના હૃદયપટ ઉપર અવશ્ય કોતરી રાખવા જેવી છે.

◆◆◆

સર્વજીવરક્ષણ-એ અમારૂં લક્ષ્ય છે. જીવ તરીકે અમે જગતના નાનામાં નાના પણ જીવને, જીવ માત્રને, અમારા જેવા જીવ તરીકે માનીએ છીએ. એટલે કે-મૂળભૂત સ્વરૂપે તો સર્વ જીવો સમાન જ છે, એવું અમારૂં માનવું છે.

◆◆◆

સર્વજ્ઞના દીકરાને ચમત્કારમાં આશ્ચર્ય ન હોય ચમત્કારને નમસ્કાર કરનારા એ બીજા. શ્રી મહાવીરદેવની સર્વજ્ઞતાને સમજનારા, અને સર્વજ્ઞ શ્રી મહાવીરે કહેલ વસ્તુસ્વરૂપને માનનારાને ચમત્કાર શાં ? એ તો બધી પૌદ્ગલિક લીલા છે. આત્માના રાગીને એ ફાંફાં શાં ? પણ આજે ભાવના જ બધી પલટાઈ ગઈ છે. ધર્મ ચમત્કારમાં કે આજ્ઞામાં ? ધર્મ તો આજ્ઞાના

પાલનમાં છે.

♦♦♦

શ્રી સર્વજ્ઞ પરમાત્માના સેવન રૂપ ધર્મ, એ જ મોક્ષનો પ્રશસ્ય ઉપાય છે. શ્રી સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાનું પાલન કરવું, એ જ શ્રી સર્વજ્ઞ પરમાત્માની ખરેખરી આરાધના છે.

♦♦♦

શ્રી સર્વજ્ઞ પરમાત્મા, એ પરમ તારકે પ્રરૂપેલો મોક્ષમાર્ગ અને એ મોક્ષમાર્ગને જ એક આરાધ્ય તથા ઉપાદેય માનીને, યથાશક્તિ એની આરાધના કરનારાઓ કે એ જ સાધનાની સન્મુખ બનેલા આત્માઓ સિવાય, અન્ય કોઈ વસ્તુ અગર તો વ્યક્તિ, વાસ્તવિકપણે પ્રશંસાપાત્ર નથી : એટલું જ નહિ, પણ એવી અન્ય વસ્તુ કે વ્યક્તિની પ્રશંસા, એ સ્વને માટે અને પરને માટે પણ હિતકર નહિ પણ અહિતકર છે : અર્થાત્-જે પ્રશંસામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ મોક્ષમાર્ગની પુષ્ટિ ન થતી હોય, એ પ્રશંસા ગુણ રૂપ નથી.

♦♦♦

સાચા ઉપકારમાર્ગને પામેલા પરમર્ષિઓની દરેક પ્રવૃત્તિ સ્વપર-ઉપકારને માટે જ હોય છે. સાચા ઉપકારિઓ કાવ્ય રચે તોય એવું રચે, કે જે યોગ્ય આત્માઓને સાચા કલ્યાણમાર્ગે જ દોરનારૂં હોય. ઉપકારી મહાપુરૂષો કેવળ વાણીવિલાસ માટે કે કાવ્યચાતુર્ય દર્શાવવાને માટે જ કાવ્યાદિ રચવાને પ્રેરાય એ શકય જ નથી.

♦♦♦

સંપ કરવો હોય તો, સિદ્ધાંતને અનુસરતા સત્યને ગ્રહણ કરવાની અને સિદ્ધાંતને બાધક વસ્તુને તજવાની વૃત્તિ જોઈએ અને તે હોય તો જ સાચી એકતા થઈ શકે.

♦♦♦

શ્રી સંપ્રતિરાજાની ભરાવેલી જેટલી પ્રતિમા છે તેટલી અપૂર્વ આહ્‌લાદને આપનારી આજે પણ શાથી ? એમણે કારીગરો સાથે ભાવ નથી કર્યા સો માગ્યા તો સવાસો એ રીતિની ઉદારતા અને વિધિવિધાનપૂર્વક એ વર્ત્યા હતા તેથી.

♦♦♦

સંપૂર્ણ સ્વભાવસ્થતાને પ્રાપ્ત કરવી, એટલે જડ કર્મના સંયોગથી સંપૂર્ણપણે મુક્ત બનવું; અને એ જ કારણે સંપૂર્ણ સ્વભાવસ્થતાને પ્રાપ્તકરાવનારા અનન્તજ્ઞાનિઓએ ઉપદેશેલા માર્ગને મુક્તિમાર્ગ તરીકે પણ વર્ણવવામાં આવે છે.

◆◆◆

સંપૂર્ણ બ્રહ્મચર્ય ન પાળી શકાય તો પણ કુશીલ આદિ સાથે ન જ સંબંધ થાય એ ખ્યાલમાં હોય, તો કુચેષ્ટાઓ ન સુઝે. કુચેષ્ટા ન કરવી એટલો ધર્મ. પરસ્ત્રીનો ત્યાગ એ ધર્મ સ્વસ્ત્રીમાં પણ જેટલો સંતોષ એટલો ધર્મ.

◆◆◆

સંપૂર્ણ બ્રહ્મચર્ય ન પાળી શકાય તો, લગ્ન, એ ઔષધ પૂરતી બળતા હૃદયે ગૃહસ્થે કરેલી યોજના છે. કેટલાંક ઔષધ એવાં હોય છે કે-જે ઘરમાં રખાય અને કેટલાંક બહારથી જરૂર પડયે લાવવાનાં હોય. સુંઠ ઘરમાં રખાય, પણ રોજ ન ફકાય. ફકાય તો વાયુ થાય ત્યારે. તેમ લગ્નનું સમજો. વાયુને અટકાવવા સુંઠ ખાવી પડે, પણ ભાવના એ કે-વાયુ ન થાય તો સારૂં, એમ આમાં પણ ભાવના એજ હોવી જોઈએ કે-સંપૂર્ણ બ્રહ્મચર્ય પળાય તો સારૂં. ગૃહસ્થપણામાં જેટલે અંશે બ્રહ્મચર્ય પાલન, એટલો એ ધર્મ.

◆◆◆

સંયમમાં રક્ત હોય છે તેને લુખો અને સુકો આહારપણ આત્મગુણોની પુષ્ટિ માટે થાય છે. અને શરીરમાં આસક્ત હોય છે. એને પુષ્ટિકારક ભોજન પણ આત્મગુણની હાની-કેવળ રોગની વૃધ્ધિ માટે થાય છે.

◆◆◆

સંયમધર્મની પ્રાપ્તિ કે રૂચિ જેનાથી ન થાય, એ ધર્મ જ નથી.

◆◆◆

સંયમ ધર્મ, એ સૌથી મોટામાં મોટો સાધન ધર્મ છે-બીજા જે ધર્મ કરવાના છે તે સંયમ ધર્મની પ્રાપ્તિ માટે છે.

◆◆◆

સંયમના ઉપકરણ લેવા માત્રથી એકડો નિશ્ચિત થઈ જતો નથી. જ્યારે દર્શનવાળાનો તો એકડો નિશ્ચિત થઈ જાય છે.

◆◆◆

સંયમની કઠિનતા અને ઉગ્રતા બતાવવાની છે ખરી, પણ એક વખત સન્માર્ગની રૂચિ પેદા કરાવ્યા પછી ! સન્માર્ગની રૂચિ પેદા કરાવ્યા વિના એની દુષ્કરતા બતાવનારા ખરે જ માર્ગથી ચૂકેલા છે.

♦♦♦

"સાંભળવા યોગ્ય સાંભળો -" અર્થાત્-એ વાતો સાંભળવાની બંધ કરો, કે જે વાતો આત્માના હિતને માટે સાંભળવા લાયક ન હોય : અને તે વાતો જરૂર સાંભળો, કે જે આત્માના હિતને માટે સાંભળવી જરૂરી હોય.

♦♦♦

સંયમ નહિ હોવાને લઈને કર્મને આવવાનાં દ્વાર ખૂલ્લાં રહી જાય છે : એનાથી કર્મ આવે છે ઘણાં અને જાય છે થોડા ! ચાલુ હવામાં દરવાજા ખૂલ્લા રાખીને કચરો કાઢયેજ જાય તોય ઘર સાફ થાય નહિ.

♦♦♦

સંયમીઓની શરમ સંસારીઓ ઉપર પડે એમાં ઉભયને લાભ છે પણ સંસારીઓની શરમ સાધુઓ ઉપર પડે તો તેમાં એકેયને ફાયદો નથી.

♦♦♦

સાંભળવા યોગ્યને સાંભળવાનો નિયમ હોય, તો કોની પ્રશંસા થાય અને કોની પ્રશંસા ન થાય, કેમ પ્રશંસા થાય અને કેમ પ્રશંસા ન થાય, એનો વિવેક આવ્યા વિના રહે નહિ. આજે સાંભળવા યોગ્યને સાંભળવા પ્રત્યે બેદરકારી આવી છે. એથી, સાચી પ્રશંસાપાત્ર વસ્તુઓની તથા સાચા પ્રશંસાપાત્ર આત્માઓની પ્રશંસાથી વંચિત રહેવાય છે : પ્રશંસાપાત્ર નહિ એવી વસ્તુઓની આત્મહિતને માટે હાનિકર એવી વસ્તુઓની તથા વસ્તુત : અવગુણી આત્માઓની પ્રશંસામાં મોટે ભાગે રચ્યા-પચ્યા રહેવાય છે. એથી અવગુણો વધતા જાય છે.

♦♦♦

સંયમીઓની મક્કમતા સામેઅગર તેમાં મક્કમ રહેવાના ઉપદેશ સામે બખાળા કહાડવાથી શું ? જેમ સંસાર ચાલે છે તેમ સંયમનો માર્ગ ચાલે તેમાં હરકત પણ શી છે ?

♦♦♦

સંયમની પ્રીતિ જેને થઇ જાય, એનેમાટે એ સુરતા છે.

♦♦♦

સંયમને દુઃખમય કહેવું એ તો ભયંકર અજ્ઞાનતા છે, કારણ કે અનંતસુખ સંયમથી જ પેદા થવાનું છે.

◆◆◆

સંયમધરને તપ ફળે, સંયમહીનને તપ તે રીતે ન ફળે. ઈચ્છાનિરોધને તપ આટલા માટેજ કહેવો પડયો.તપ કરવા છતાં ઈચ્છા કાયમ રહી જાય તો સંયમ શુદ્ધ ન થાય. જે આત્મા તપ કરવા છતાં સંયમની પ્રત્યે બેદરકાર બને છે, તે સંયમના ફળને પામતો નથી પણ ઉલટો ગુમાવી દે છે.

◆◆◆

સિંહગુફાવાસી મુનિ વેશ્યાને જોઈ રાગી બની ગયા હતા, અબ્રહ્મ સેવવાની ઈચ્છા થઈ ગઈ હતી, પણ જ્યારે વેશ્યાએ કહ્યું કે-રત્નકંબળની ચિંતા થાય છે તો તમારી રત્નત્રયીને ગટરમાં નાંખી દો છો એનું શું ? એ શબ્દોથી તે તુરત ચેત્યા કારણકે-દર્શન ગયું નહોતું.

◆◆◆

સંસારના અનુભવી તે થાય કે જે એની સામે ઉભા રહે, પણ એમાં ફસી રહેલા તે અનુભવી નથી પણ ફસી પડેલા છે.

◆◆◆

'સંસાર એજ ખરૂં સ્વર્ગ છે. સ્વર્ગ અને નર્ક, એ તો શાસ્ત્રકારોએ રચેલી જાળ છે. ધર્મ કરવો એ નવરાનું કામ છે'-એવી તો આજના એવા લોકોની માન્યતા છે.

◆◆◆

સંસાર અનુભવેય ભૂંડો છે એમ જેમને ન સમજાયું હોય, તેમને એ શાથી નથી સમજાયું ? સંસારના સ્વરૂપનો જે રીતિએ વિચાર કરવો જોઈએ તે રીતિએ સંસારના સ્વરૂપનો વિચાર તેમણે કર્યો નથી, માટે જ 'સંસાર ભૂંડો છે.'-એમ લાગ્યું નથી. બાકી તો, સંસારના સ્વરૂપનો વિચાર જે રીતિએ કરવો જોઈએ, એ રીતિએ જો તેનો વિચાર કરવામાં આવે, તો 'સંસાર ભૂંડો છે.'-એ વાત સમજાયા વિના, રહે નહિ એવો આ સંસાર છે.

◆◆◆

સંસાર ખોટો છે એમાં ના નથી પણ ખોટો પણ સંસાર હરેકને બાંધી શકતો નથી. અજ્ઞાનીઓને બંધન રૂપ થાય છે અને જ્ઞાનીઓને એ બંધન રૂપ

થતો નથી. કારણ કે-જ્ઞાનીઓ ત્રણે યોગોથી એમાં લેપાતા નથી.

◆◆◆

સંસાર તો તેનો સારો રહે કે જેના આત્મામાં શ્રી સર્વજ્ઞનું શાસન વસ્યું હોય શ્રી સર્વજ્ઞનું શાસન નથી વસ્યું તેનો સંસાર પણ કલેશમય છે.

◆◆◆

સંસારએ અનર્થ વિનાની વસ્તુ છે. અને દિક્ષા એ અનર્થવાળી વસ્તુ છે. આવું માનવું એ કેટલો બધો બુદ્ધિભ્રમ છે ?

◆◆◆

સંસારના પરિભ્રમણનું અને એથી ઉત્પન્ન થતા દુઃખોનું વાસ્તવિક કારણ, જીવનો કર્મ સાથેનો સંયોગ છે.

◆◆◆

સંસાર એ દુઃખમય છે એટલું જ નહિ પણ દુઃખફલક છે, અરે એટલું જ નહિ પણ દુઃખની પરંપરા અર્પનાર છે.

◆◆◆

'સંસાર એ એકાંત દુઃખમય છે અને સંયમ એ એકાંત સુખમય છે.

◆◆◆

'સંસારના કોઈપણ પ્રકારના સુખની ઈચ્છા પાપોદય વિના પેદા થતી નથી. અને પોતાના પાપના ઉદયે આવેલું દુઃખ સમભાવે વેઠવાને તૈયાર નહિ થનારા સંસારના સુખની ઈચ્છાથી બચી શકતા નથી.

◆◆◆

'સંસાર અને સર્વવિરતિ, એ એકમેકથી ઉલટા છે. સંસાર એટલે સર્વ પ્રવૃત્તિ અને સર્વવિરતિ એટલે એ સઘળી પાપ પ્રવૃત્તિથી નિવૃત્તિ.

◆◆◆

સંસારના સુખનો જ જે જીવ લોભિયો છે, તે જીવ નવ પૂર્વ સુધીનું શાસ્ત્રજ્ઞાન મેળવે તોપણ, એ જ્ઞાનથી એ પોતાના સંસારના સુખના રસને પોષ્યા કરે; અને એથી જ, એટલું વિશાળ જ્ઞાન સમ્પાદન કરવા છતાં પણ, એનામાં એ જ્ઞાનથી મોક્ષની રૂચિ પ્રગટે નહિ.

◆◆◆

સંસારના સુખના રસ વિના અને સંસારના સુખમાં જ ભારે આનન્દ

આવ્યા વિના દુર્ગતિ  થતી નથી, એ જાણો છો ?

◆◆◆

સસારના સુખનો રાગ તો એવો ભૂંડો છે કે-એમાં જ રગદોળાઈ ગયું છે મન જેમનું એવા માનવીઓને તો, કેટલાક કવિઓ પશુઓની ઉપમા આપવાની પણ ના પાડે છે; કહે છે કે-એવા માનવીઓમાં, પશુઓમાં પણ જે કાંઈક સારાપણું દેખાય છે, તે પણ હોતું નથી.

◆◆◆

સંસારના સ્વરૂપને જાણનારા કહે છે કે-' આ જીવે મોક્ષ સિવાય કાંઈ જ મેળવવા જેવું નથી !' અને તમે સંસારના તડકા-છાંયડાના ભારે અનુભવી, છતાં પણ તમને એમ નથી થતું કે-'આ જીવે એક માત્ર મોક્ષ જ સાધવા જેવો છે !' ?

◆◆◆

સંસારના રાગનો અણગમો હોય, છતાં પણ કોઈ કોઈ વાર સંસારનો રાગ પીડે એ બને. પણ માણસ સાવધ રહે તોમાણસ જ જીતે અને રાગને ભાગવું પડે. સૌથી સારો ઉપાય તો સંસારનો ત્યાગ કરવો એ જ છે, પણ શારીરિક અને માનસિક નબળાઈથી સર્વથા ત્યાગ ન બને, તો શક્તિ મુજબનો ત્યાગ કરવો અને સાવધપણે જીવવું.

◆◆◆

સંસારના સુખની સામગ્રી ધર્મ વિના મળે નહિ અને ધર્મ કરનાર જો એની ભીખ માગનારો હોય તો તે તેને ધારી મળે નહિ અને એ સામગ્રી એનેમળે તોય તે તેના સુખનું કારણ બનવાને બદલે આ ભવમાં પણ દુઃખનું કારણ બને અને પરભવમાં પણ દુઃખનું કારણ બને. ભીખારીઓને ભીખ માંગતાં મળી મળીને પણ શું મળે ? કહેવત પણ છે ને કે-ભીખનાં હાંલ્લાં શીંકે ન ચઢે. આ કહેવતનો અર્થ શો ? ભીખ ઝાઝામાં ઝાઝી મળે તોય પેટ ભરાય એટલું જ ને ? ત્યારે, આપણે ધર્મની પાસે સુખની ભીખ માગવી છે ? ભીખ માગ્યે સુખ મળે તોય તે કેવું ને કેટલું ?, એમ વિચારવું જોઈએ.

◆◆◆

સંસારની અસારતાના દર્શનથી, સંસારની અસ્થિરતાના દર્શનથી, સંસારની અનિત્યતાના દર્શનથી કે સંસારની અશરણતાના દર્શનથી, અર્થાત્-કોઈ પણ

પ્રકારે સંસારની હેયતા આત્માને સમજાય એ પ્રભુશાસનને ઈષ્ટ છે.

♦♦♦

સાધુ-સાધ્વી સમજે જ કે-આપણે તો કષ્ટ સહન કરીને પણ ભગવાનની આજ્ઞા મુજબ જીવન જીવવાને નીકળેલાં છીએ. એમણે તો એવાં બની જવું જોઇએ કે-અનુકૂળતા કરતાં પ્રતિકૂળતા વધારે ગમે. પ્રતિકૂળતા સહવાની વિશેષ તાકાત ન હોય તોય એ તાકાતને મેળવવાનો પ્રયત્ન કરે અને એ પ્રયત્નમાં સહાયક થાય એવી જે અનુકૂળતા શોધે, તેમાંય અવિવેકને અને ધર્મવિરૂદ્ધને પેસવા દે નહિ.

♦♦♦

સાધુઓ આગળ, ધર્માનુષ્ઠાન અમને અનુકૂળ કેમ ન હોય '-એમ આજનાઓની ફરીયાદ છે, પણ આ શાસનનો કાયદો છે કે-પોતાની અનુકૂળતાની ખાતર ભક્તિ કરનારાની ભક્તિ માનવી નહિ. અનુકૂળતા ઈચ્છવા માટે ભક્તિ કરતા હો તો એની કીંમત ઓપ કરતાં વધુ નથી. ઓપવાળા અલંકારો શ્રીમાન ન પહેરે. ગુરૂઓને રીઝવવા માટે ભક્તિ કરતા હો તો નિષ્ફળ છે. ભક્તિથી જે રીઝે તે ભક્તિને પાત્ર પણ નહિ, માટે રીઝવવા માટે ભક્તિ કરવાની નથી. કારણ કે-દેવ તો વીતરાગ છે અને ગુરૂ વીતરાગ થવાના પ્રયત્નવાળા છે.

♦♦♦

સાધુઓ ચર્મચક્ષુનો ઉપયોગ ઈર્યાસમિતિ સાચવવામાં, દેવની મૂર્તિના દર્શનમાં અને શાસ્ત્રના અક્ષર વાંચવા તેમજ શાસ્ત્રવચનોના પ્રચાર માટે જરૂરી વાંચન કરવા શિવાય બીજામાં ઉપયોગ કરતા નથી. બાકી તો શાસ્ત્રચક્ષુએજ ચાલનારા મુનિઓ હોય છે. શાસ્ત્રચક્ષુને ભૂલી જનારા સાધુઓ સાધુ તરીકે રહી શકતા નથી. સાધુને જે ચર્મચક્ષુનો ઉપયોગ કરવાનો છે તે પણ શાસ્ત્ર ચક્ષુની આજ્ઞા પ્રમાણે જ કરવાનો છે.

♦♦♦

સાધુપણું એટલે અઢારે પાપસ્થાનકોનો ત્યાગ કરવો, મેરૂ પર્વતના જેવું દુર્ધર ચતુર્થ વ્રત ધારણ કરવું, પૌદ્ગલિક લોભનો પરિત્યાગ કરીને મનને સંતોષમાં સ્થાપન કરવું અને નિરંતર સદ્ગુરૂની આજ્ઞાના પાલનમાં જ રક્ત રહેવું : અર્થાત્-પરમતારક ગુરૂદેવની આજ્ઞા મુજબ જ જીંદગીભર

વિહરવું.

◆◆◆

સાધુ પાસે જે હથિયાર છે તે જો તેને કેળવતાં આવડે તો દુનિયાના શહેનશાહ પાસે પણ એ હથિયાર નથી. એ સંયમરૂપી હથિયારના પ્રતાપે એક નાનામાં નાના મુનિને સૂરેશ્વરો પણ ચલાયમાન કરી શકયા નથી : તેમજ એજ હથિયારના પ્રતાપે મુનિઓ અનાદિ કર્મશત્રુઓનો ક્ષણમાત્રમાં છેદ કરી શકે છે.

◆◆◆

સાધુપણામાં અગર ગૃહસ્થપણામાં ધર્મીપણું એ આજ્ઞા ઉપર અવલંબે છે પરન્તુ ઈચ્છા ઉપર અવલંબતુ નથી કેમકે ઈચ્છા એ તો આપણા અંતરની જેવી દશા હોય તેવી થાય છે.

◆◆◆

સાધ્ય ધર્મ એ અતિ સુંદર છે, પણ એને પ્રાપ્ત કરવા માટે સાધન ધર્મની એટલી જ આવશ્યકતા છે.

◆◆◆

સંસ્થાપના કરવાના પુણ્યને પામેલા આત્માઓએ, રાગ-દ્વેષથી સર્વથા મુક્ત બનીને અને પોતાના અનન્ત જ્ઞાનગુણને પ્રગટાવીને, જીવાદિ તત્ત્વોના જે યથાર્થ સ્વરૂપને વિશ્વના કલ્યાણકામી આત્માઓ સમક્ષ જાહેર કર્યું, તે તત્ત્વસ્વરૂપનું શ્રદ્ધાપૂર્વક ચિન્તવન કરવું, એ જ સાચી તત્ત્વવિચારણા છે. વીતરાગ અને અનન્તજ્ઞાની એવા શ્રી અરિહંત પરમાત્માએ જીવાદિ તત્ત્વોનું જે સ્વરૂપ ફરમાવ્યું છે તે જ યથાર્થ છે, વાસ્તવિક છે, અશંકનીય છે, આવી શ્રદ્ધા એ જ સમ્યગ્દષ્ટિપણું છે. જૈન એટલે શું ? શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા પ્રત્યે રૂચિવાળો, રૂચિવાળો હોય તે આજ્ઞાના પાલનને માટે શકય કરવાનો પ્રયત્ન કર્યા વિના રહે જ નહિ. જૈનકુળ મળવા માત્રથી જ આ જૈનપણું મળી જાય છે, એવું ન માનતા. જૈન તરીકે ઓળખાતા કુળમાં પણ આજે સેંકડો માણસો એવા છે, કે જેઓ બીચારા સાચા જૈનત્વથી દૂર છે. આપણે તો સાચા જૈનપણાની વાત કરી રહ્યા છીએ. જૈનકુળમાં જન્મેલો એવો પણ આત્મા જો તત્ત્વરૂચિ વિનાનો હોય, તો એ ભાવજૈન નથી જ. અને શ્રી જિનોક્ત તત્વોની રૂચિવાળો આત્મા ઈતર કુળમાં પણ જન્મેલો હોય તોય એ ભાવજૈન છે. જૈનકુળની મહત્તા તો એ જિનોક્ત તત્ત્વોમાં રૂચિવાળા

બનવાની સુલભતા આદિને અંગે છે.

♦♦♦

સારી પણ વસ્તુ યોગ્યને પામીને ફળે છે, પણ અયોગ્યના હાથમાં ગયાથી ફળતી નથી.

♦♦♦

સારી ચીજ અયોગ્ય આત્માના હાથમાં જાય, તો તે સારી પણ ચીજ તેનો નાશ કરે છે : માટે તો ઉપકારિઓએ કહ્યું કે-સારી ચીજ દેતાં પહેલાં પાત્ર જોજો.

♦♦♦

સારામાં સારો જ્ઞાની ગણાતો પણ આદમી જ્યાં વિષયને આધીન થયો, એટલે ભાનભૂલો બની જાય છે : પછી તે નથી તો પોતાનું હિત વિચારી શકતો, નથી તો સાથી સંબંધિનું હિત વિચારી શકતો કે નથી તો પોતાના આશ્રિતોનું હિત વિચારી શકતો !

♦♦♦

સારી રીતિએ ભણાએલી વિદ્યા પણ, વિદ્યાસંપન્ન જો વિષય અને કષાયને આધીન બની જાય, પૌદ્‌ગલિક સ્વાર્થોનો રસીયો બની જાય, તો કારમા પણ અનર્થોને ઉત્પન્ન કરનાર બની શકે છે.

♦♦♦

સાધુઓ માટે એક સ્થાનમાં રહેવું એ સુંદર ભવિષ્યને સૂચવનાર નથી, પણ નઠારા ભવિષ્યને સૂચવનાર છે.

♦♦♦

સારી યા ખોટી ઈચ્છાની પરીક્ષા કરવી જોઈએ. જેટલી ખોટી હોય તેના ઉપર કાપ મૂકવો અને સારી ઈચ્છાઓનો અમલ કરવા પ્રબળ પ્રયત્ન કરવો.

♦♦♦

સારી વસ્તુની ભક્તિ તારે છે અને આશાતના ડુબાડે છે. બહુમાન ઉંચે ચઢાવે છે અને અપમાન અધઃપતન કરાવે છે. બહુમાન અને અપમાનમાંથી પુણ્ય અને પાપ પ્રકૃતિ જન્મે છે. જે સ્વયમેવ તારે છે ને સ્વયમેવ ડુબાડે છે.

♦♦♦

સારી વસ્તુ સૌને લાભ કરે એમ નહિ, પણ સારી વસ્તુ પણ યોગ્યને જ લાભ કરે.

◆◆◆

સારો આદમી ગુન્હો કરે નહિ, અને ગુન્હો થઈ જાય તો એનો બચાવ કરવાની બુદ્ધિ એને જાગે નહિ. એ લજ્જાનો ગુણ છે.

◆◆◆

સારૂંએ જગત મરણ રૂપ અગ્નિથી સુકા ઘાસની માફક નિયતપણે બળી રહ્યું છે.

◆◆◆

સારૂં ય વિશ્વ સુખ, શાન્તિ ને સંપત્તિ માટે પ્રયત્ન કરી રહ્યું છે : છતાં આજે જગતમાં દુઃખ, અશાન્તિ અને દારિદ્રય વ્યાપી રહ્યું છે, એ દિન-રાત જેટલી જ સત્ય ઘટના છે. એનું કારણ કદિ વિચાર્યું છે ?

◆◆◆

સારૂં સાધન મેળવવું એ જેટલું કઠિન છે, એના કરતાં ય વધારે કઠિન એ સાધનનો સદુપયોગ કરવો તે છે. યૌવન જેવા સાધન દ્વારા સંસારસાગરને જો તરવો હોય, તો એ સાધનને ગમે તેમ વેડફયે નહિ જ નભે. જેઓ યુવાનીમાં દીવાના બનીને કર્ત્તવ્યાકર્ત્તવ્યનું ભાન ભૂલી જાય છે, તેઓ પોતાના જીવનને તો બરબાદ કરે જ છે, પરન્તુ બીજા પણ અનેકોનાં જીવનોને ધૂળમાં મેળવે છે.

◆◆◆

સામાને નિરૂત્તર કરવાને માટે અસત્ય સંવાદનો કે કુયુક્તિઓનો આશ્રય નહિ લેવો જોઈએ. જીવ, અજીવ ને નોજીવ-એમ ત્રણ વસ્તુ સ્થાપનાર રાજસભામાં જીતીને આવ્યો : પણ તેના પરિણામે દુરાગ્રહમાં ડૂબવાથી નિહ્નવ બની ગયો !

◆◆◆

સામાન્ય સ્થિતિના આત્માઓ મોટે ભાગે ધર્મની આરાધના જ કરી શકે છે, જ્યારે સામગ્રીસંપન્ન આત્માઓ ધર્મની આરાધના કરવા સાથે ધર્મની પ્રભાવનાનો પણ અનુપમ લાભ મેળવી શકે છે.

◆◆◆

સામાન્યતયા મહાસતીઓનો આદર્શ જેમ-'પતિ એ જ સર્વસ્વ-આ હોય છે, તેમ સમ્યગ્દૃષ્ટિ આત્માઓનો આદર્શ-'પરમ તારક શ્રી જિનેશ્વરદેવની જ્ઞેય, હેય અને ઉપાદેયનો સમ્યક્ પ્રકારે વિવેક કરાવતી જે સર્વશ્રેષ્ઠ આજ્ઞા તે જ સર્વસ્વ'-આ હોય છે.

♦♦♦

સામગ્રીહીન દશામાં સદ્વ્યયની વાતો કરનારાઓમાંથી વિરલ આત્માઓ જ સામગ્રી મળ્યા બાદ સદ્વ્યયશીલ બને છે.

♦♦♦

સામાની ઉત્તમ ક્રિયા આંખે ન ચઢતાં બીજું જ યાદ આવે છે, એમાં તમારી ત્રુટિ છે. એમાં સારી ક્રિયા પ્રત્યેનો અનાદર છે.

♦♦♦

સામગ્રી મળવા માત્રથી જ વિવેકી આત્માએ સંતોષ માની લેવાનો નથી. આત્માની મુક્તિ માટે હજુ ઘણી ઘણી વસ્તુઓની આવશ્યકતા છે. એ વસ્તુઓ મળે અને આત્મા એનો સદુપયોગ કરે, તો જ આત્મા પોતાનું સાચું શ્રેય સાધી શકે છે.

♦♦♦

સાવધાનીથી ચઢજો-આટલું જ કહી શકાય, પડવા માટે નહિ ચઢવું-એમ પણ કહી શકાય, પણ પડવાની બીકે ચઢવું જ નહિ, એમ કહેવું એ તો તદ્દન ખોટું છે.

♦♦♦

સાહ્યબીમાં વધેલા દેશ તરફ નજર તો કરો. કુતરૂં ભસ્યું એટલે નિદ્રામાં વિઘ્ન થયું, માટે એને ગોળીથી ઉડાવ,-આ પરિણામ કે બીજું ? બહુ સાહ્યબી મળે પણ મૈત્રીભાવના ન હોય, તો પરિણામે અનિષ્ટ આવે એમાં આશ્ચર્ય શું ?

♦♦♦

સાક્ષાત્ શ્રી મહાવીર જેવા દેવ, શાસનને સુંદર રીતે રચી દુનિયા ઉપર ઉપકાર કરનાર ગૌતમ જેવા ગુરુ, વૈશ્યાના મકાનમાં અખંડ બ્રહ્મચર્ય પાળનાર શ્રી સ્થૂલભદ્રસ્વામી અને રત્નત્રયીથી ભરેલું શાસન મળે, છતાં દુનિયાના બીજા પદાર્થોની ઈચ્છા રહ્યા કરતી હોય, અન્ય વસ્તુની સાધનામાં રકત

રહેવાતું હોય, તો આ ચાર વસ્તુને ઓળખી શકયા છો એમ કેમ મનાય ?

◆◆◆

સ્ત્રી મુંઝવે છે તે રૂપ દેખાડીને. એ રૂપ જડનું છે આત્માનું નથી કેમકે આત્મા એ અરૂપી છે. ચૈતન્યવાન આત્માએ જડમાં મુંઝાવું જોઈએ નહિ.

◆◆◆

સામગ્રી હોય તો આરાધના સાથે પ્રભાવના પણ થઈ શકે : પરન્તુ સામગ્રીનો સદ્વ્યય કરાય તો ! સામગ્રીસંપન્ન દશામાં આત્મા વિવેકી ન બને તો પોતાના પાપના બોજાને પણ મોટા પ્રમાણમાં વધારી મૂકે, એ સાથે જ સમજવાનું છે.

◆◆◆

સામાનું બુરૂં કરવા ઈચ્છનારાઓ જો સામાનું પુણ્ય જાગતું હોય તો કદી જ બુરૂં કરી શકતા નથી, પણ એ બૂરી ભાવનાના યોગે પાપકર્મ તો જરૂર બાંધે છે.

◆◆◆

શ્રી સિદ્ધપરમાત્માઓની આદર્શભૂતતાના યોગે જ બાકીનાં આઠેય પદો જગતના આસન્નસિધ્ધ ભવ્ય જીવોના હૃદયમાં કિંમતને પામી શકે છે. શ્રી સિદ્ધપદ ન હોય, તો બાકીનાં આઠેય પદો નકામાં જ ઠરે.

◆◆◆

સ્ત્રી વિગેરેને જોઈ ચક્ષુમાં વિકાર આવે, તો માનો કે-ચક્ષુ મળી તો પુણ્યયોગે, પણ લઈ જશે દુર્ગતિમાં.

◆◆◆

સ્ત્રીઓના એક એક અંગને કામવિવશ આત્માઓ કોઈ જૂદી જૂદી કલ્પનાઓથી જ નિરખે છે. એમને મન સ્ત્રીઓનું શરીર એક સુખના નિધાન સમું લાગે છે, એથી જ એની વિચારણાઓમાં તેમનો આત્મા પોતાનું આખું સ્વરૂપ વિસરી જાય છે. સ્ત્રીની આગળ તેમને મન દેવ, ગુરૂ તથા ધર્મ પણ એક સામાન્ય વસ્તુ જેવા થઈ પડે છે. પાપનો ભય પણ તેવાઓના હૃદયમાંથી નીકળી જાય છે અને તેવાઓ જ્યાં-ત્યાં દીવાનાની માફક ભટકે છે.

◆◆◆

સાધુઓ ગમે તેટલા હોય, પણ તે સઘળાયનો એક જ જાતિનો વેષ. દરેક સાધુ પાસે એ જ ઓઘો અને એ જ મુહપત્તિ, સરખા ચિહ્નને લઈનેય ભાવના એકસરખી સંઘાયેલી રહે છે. શ્રી સિધ્ધગિરિજી ઉપર જાઓ, ત્યા પણ બધે જ વીતરાગપણું દેખાય : કારણ કે-સઘળું જ મૂકીને નીકળેલા ત્યાગી ચોવીસે માટે એક જ ભાવના અને એક જ સ્થિતિ. સાધુ માટે પણ એક જ વાત અને તે એ કે-' પાંચ મહાવ્રતોને ધરે, તે મહાવ્રતોનું પાલન કરવામાં ધીર હોય, ભીક્ષા માત્રથી જ આજીવિકા ચલાવે, સામયિકમાં જ રહે અને ધર્મનો જ ઉપદેશ આપે !' કહો, સાધુ શાનો ઉપદેશ આપે ? કહેવું જ પડશે કે-'સાધુ એક માત્ર સંસારતારક ધર્મનો ઉપદેશ આપે !' કારણ કે-સાધુને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા સિવાયનું કશું જ બોલવાનું કે આચરવાનું નથી હોતું. આ માન્યતામાં ભેદ પાડનારા શ્રી જૈનશાસનમાં ભયંકર ફૂટ પાડનારા છે. આ જાતિની ભેદનીતિ એ ફૂટનીતિ છે. જૈન સાધુ ધર્મનો જ ઉપદેશ આપે અને તે પણ સંસારતારક ધર્મનો જ, પણ બીજાનો નહિ જ !

◆◆◆

શાસનના પૂજારીઓએ ગભરાયા કે મુંઝાયા વિના, માનાપમાનની ચિંતા છોડીને પ્રભુઆજ્ઞા મુજબ પ્રભુમાર્ગની રક્ષાના પ્રયત્નો અવિરતપણે ચાલુ રાખવા જોઈએ.

◆◆◆

શક્તિ અને સામગ્રીની કિંમત તેના સદ્વ્યયને અંગે જ અંકાય છે.

◆◆◆

સઘળાને દુઃખમાંથી છોડાવી સુખના સાગરમાં ઝીલાવવાની ઈચ્છા, એ શ્રી જિનશાસનનું મૂળ છે.

◆◆◆

સજ્જન આત્માઓ પ્રથમ તો મશ્કરી કરનારા જ નથી હોતા અને કદાચ કોઈ પ્રસંગવશ તે પુણ્યાત્માઓ મશ્કરીમાં પ્રવૃત્ત થઈ જાય, તો પણ તે પુણ્યાત્માઓની મશ્કરી કોઈને પણ ઉન્માર્ગે ચઢાવનારી નથી હોતી.

◆◆◆

સઘળા સુખોને પેદા કરનાર શ્રી જિનવચનો છે. શ્રી જિનવચનોના સુખને જે અનુભવે., તે મુક્તિએ ગયા વિના રહે નહિ. મુક્તિએ ન જાય ત્યાં

સુધી, એ ઈચ્છે નહિ તોય માનુષી સુખો અને દેવતાઈ સુખો, એનો પીછો છોડે નહિ ! છતાં પણ ખૂબી એ કે -જેમ જેમ માનુષ અને દેવતાઈ સુખો મળે, તેમ તેમ આની એ પ્રત્યેની અરૂચિ વધતી જાય. જેમ જેમ અરૂચિ વધતી જાય તેમ તેમ મુક્તિ નજદીક આવતી જાય. આથી સમજો કે-શ્રી જિનવચન જેના હૈડે વસ્યાં, તેના અશુભ દિન ગયા અને શુભ દિન આવ્યા.

◆◆◆

સઘળાય પૌદ્‌ગલિક સંયોગોનો વિયોગ એનું જ નામ મુક્તિ. જેને વસ્તુતઃ મુક્તિ ગમે, તેને ગમે તેવા સુખરૂપ ગણાતા પૌદ્‌ગલિક સંયોગો પણ દુઃખરૂપ લાગે.

◆◆◆

સઘળા સુખી થાઓ, એ બહુ વિચાર પૂર્વક લખાયેલી અને ગંભીર અર્થવાળી ભાવના ને પલટી નાંખી, એથી સુખ શબ્દ ગયો, ધર્મ ગયો, દેવગુરૂની આસ્થા થઈ, અજ્ઞાનતા વધી, સાથે આડંબર વધ્યો, પાપવૃત્તિ વધી અને એને પુણ્ય મનાવ્યા વિના છૂટકો નહિ, એથી તેવી અયોગ્ય વસ્તુઓને પણ ધર્મનું ઉપનામ આપવું પડયું. જે વસ્તુ ધર્મરૂપ નહોતી અને જેના પરિણામે સુખનું નામ નિશાન નહોતુ તે ધર્મરૂપ મનાઈ અને ધર્મસ્થાનો નકામાં મનાઈ ગયાં.

◆◆◆

'સઘળા ય અમનેમાને'-આ ભૂત નાનુ-સુનું નથી એ ભૂતને શરણે થયેલાઓ સત્યનું પ્રકાશન શી રીતિએ કરી શકે ? એવાઓ પાસે સત્યને જાણવા જનારા નિરાશ થઈને જ પાછા ફરે, એમાં આશ્ચર્ય પણ શું છે ?

◆◆◆

સાધુને માટે શાસ્ત્રે બાવીસ પરીષહ કહ્યા અને એ સહન કરવા જોઈએ એમ કહ્યું, પણ સંસારની વાત લખી ત્યાં શાસ્ત્રે આંકડો ન મૂકયો, કારણ કે એના પરિષહની ગણત્રીજ નથી.

◆◆◆

શીલહીન આત્મા જ્ઞાની હોવા છતાં એને ચંડાલની ઉપમા આપી છે. એટલા જ માટે પાસત્થાદિક સમ્યક્‌ત્વવાન હોવા છતાં એનો સંસર્ગ તજવાનું શાસ્ત્રે કહ્યું છે.

◆◆◆

શાસ્ત્રોનું સઘળુંય વર્ણન જીવવાની સાચી કળા શીખવવાને માટે જ છે, પરન્તુ એ ઉપયોગી કોને નીવડે ? આત્માને પરમ આત્મા બનાવવાનો આદર્શ જેના હૈયે નિશ્ચિત થાય, તેને ને ? આદર્શહીનને માટે તો, શાસ્ત્રોમાં સંસ્કૃતિની ગમે તેવી અને ગમે તેટલી વ્યાખ્યા કરી હોય, મહાપુરૂષો એનું ગમે તેટલું વર્ણન કરતા હોય, તેઓ ઉત્તમ પ્રકારે જીવવાની કળાના ગમે તેટલા ઉપદેશો આપતા હોય, તો પણ તે બધું નકામું જ ને ?

♦♦♦

શું ધર્મની ચર્ચા અને ધર્મની ક્રિયા અટકી જાય એથી કે ધર્મચર્ચા અને ધર્મક્રિયા કરવાનો અપાતો ધર્મપદેશ અટકી જાય એથી, ભૂખ્યાઓની ભૂખ ભાંગવાની છે ? ભૂખનું સાચું નિદાન શોધવાની તેઓને સુઝ નથી પડતી અને અજ્ઞાન લોકોને અજ્ઞાન દયાના નામે તેઓ આજે નાહક બહેકાવી રહ્યા છે.

♦♦♦

શાસનના સંસ્થાપક કોણ ? શ્રી તીર્થંકરદેવ, આપણે કોણ ? એમની આજ્ઞામાં રહી તેના આરાધનદ્વારા મુક્તિના અર્થી. જેની નિશ્રામાં રહે, જેના શાસનમાં રહે તેની આજ્ઞામાં રહેવામાં વાધો ?

♦♦♦

શરીરની સેવામાં પડેલા-આત્માને ભૂલી ગયેલા મનુષ્યપણું પામવા છતાં-ઉચ્ચ સ્થાનની પ્રાપ્તિ કરવા છતાં, જગતને લાભ રૂપ નહિ થતાં શ્રાપ રૂપ થાય છે.

♦♦♦

શક્તિહીન કરતાં શક્તિસંપન્ન જો પોતાની શક્તિને યોગ્ય માર્ગે ન વાળે તો, વધારે ભયંકર નિવડે છે.

♦♦♦

સજ્જનોનું જીવન, અનેકવિધ અનાચારોના ત્યાગની અને સદાચારોના સેવનની પ્રતિજ્ઞાઓથી નિયન્ત્રિત બનેલું હોય છે, ત્યાં સાધુઓની તો વાત જ શી કરવી ? સાધુઓએ તો, અસંયમના ત્યાગની અને સંયમના સેવનની મહા પ્રતિજ્ઞા સ્વીકારેલી જ હોય છે; અને, સંયમની સાધનામાં ઉત્સાહિત બનેલા સાધુઓ, તપશ્ચર્યાદિકની વિવિધ પ્રતિજ્ઞાઓ દ્વારા, પોતાના સંયમને ઉજાળવા

દ્વારા પ્રભુશાસનને પણ ઉજાળતા હોય છે. જે સાધુઓમાં એવા પ્રકારની મનોવૃત્તિ નથી હોતી, તેમના સંયમને અનેકવિધ દુષણોથી કલુષિત થતાં વાર લાગતી નથી.

♦♦♦

સજ્જન માણસ પોતાના સારામાં જે કોઈ નિમિત્ત બને, તેનો ઉપકાર માન્યા વિના રહે જ નહિ, કેમ કે-સજ્જન માણસમાં કૃતજ્ઞતા ગુણ ન હોય, એ બને નહિ.

♦♦♦

સટ્ટો વેપારમાં શાથી ખપ્યો ? જુગાર જેવો સટ્ટો પણ ધંધામાં ખપ્યો, તે શાથી ? ખીસ્સામાં પાંચ નહિ અને પાંચસોનો સટ્ટો કરે, એ શાથી ? એથી જ કે ઈચ્છાનો અંત નહિ અને ભાવના જ જૂદા પ્રકારની !

♦♦♦

સત્તાનો મોહ, સત્તાનો લોભ અને સત્તાનું ગુમાન આત્માને ઘણી નીચી હદે ઘસડી જાય છે. વધુ કે થોડી જેટલી સામગ્રી મળી હોય તેમાં નહિ મુંઝાતાં, તેના લોભમાં નહિ પડતાં, તેનું ગુમાન નહિ કરતાં એ દ્વારા સ્વપર કલ્યાણ સાધવું, એમાં જ એ સામગ્રી મળી એની સાર્થકતા છે.

♦♦♦

સત્ય અને તે પણ સંપૂર્ણ-એ સ્વતંત્રપણે કહેવાની શક્તિ વીતરાગતા આવ્યા પહેલાં આવતી નથી.

♦♦♦

સત્કાર અને સન્માન એ પરિષહ છે. એને જીતે તો સંયમ દીપે, નહિ તો મલીન થાય.

♦♦♦

સત્‌શાસ્ત્રોનુ શ્રદ્ધાપૂર્વક સદ્‌ગુરૂદ્વારા શ્રવણ ચાલુ રાખવા સાથે, સંયમની સાધનામાં બલવીર્યનો પૂરતો ઉપયોગ કરવામાં પણ કચાશ રાખવી જોઈએ નહિ. જે આત્માઓ આ રીતિએ વર્તશે, તે આત્માઓ પોતાને પ્રાપ્ત થયેલા આ દુર્લભ મનુષ્યભવને સુસફલ બનાવી શકશે અને થોડા જ કાળમાં અનન્ત સંસારથી મૂકાઈને અનન્તસુખના સ્થાન મોક્ષને પામી શકશે.

♦♦♦

સતીઓનું જીવન શીલગુણના પ્રતાપે જ વિશ્વમાં નામાંક્તિ છે, એ કદી જ ભૂલવા જેવું નથી. ♦♦♦

સતીઓ જે ભાવનાથી પતિ પ્રત્યે પ્રેમવાળી અને ભક્તિવાળી છે, તેજ ભાવનાથી નિર્ભયપણે જે દેવગુરૂની ભક્તિ કરે તે જ સાચો સમ્યગ્દષ્ટિ છે.

♦♦♦

સતીઓ દેહ છોડે પણ શીલ ન છોડે. એવા અવસરે શીલસંપન્નોને સહાય મળી જવી, એમાં પણ તેઓના પુણ્યદયની અપેક્ષા તો રહે જ છે.

♦♦♦

સત્યનો જય ખરો પણ અંતે. માટે અંતે જેનો જય હોય તેને મેળવવા માટે વધારે ધીર બનવું જોઇએ.

♦♦♦

સતી સ્ત્રીઓ જેમ પતિ પ્રત્યે એકચિત્તવાળી હોય છે અને પોતાના ત્રણે યોગોને યોગ્ય પતિની સેવામાં સમર્પી દે છે, તેમ જો પ્રભુમાર્ગના રસિક આત્માઓ પ્રભુમાર્ગ પ્રત્યે જ એકચિત્તવાળા બની જઈને, પોતાના મન, વચન અને કાયારૂપ ત્રણે યોગોને પ્રભુમાર્ગની સેવામાં સમર્પી દે, તો તે આત્માઓ વિશ્વપૂજ્ય બની, અનંત સુખના ધામરૂપ શિવપદને પામે, એમાં કશું જ આશ્ચર્ય નથી.

♦♦♦

સતી અંજનાસુંદરીએ પતિ ખાતર કેટલો ત્યાગ કર્યો ? બાવીસ વર્ષમાં જેણે કોઇ પણ સ્વાદવાળી ચીજ ખાધી નથી, અંગની શુશ્રુષા સરખી નથી કરી, માથાના વાળને સાફ નથી કર્યા, ભોગવવાની સામગ્રી મોજૂદ હોવા છતાં એને ઇરાદાપૂર્વક ન ભોગવી, પતિ તરફ એક ક્ષણ પણ દુર્ભાવ મનથી, વચનથી કે કાયાથી ન સેવ્યો !!!

♦♦♦

સતીઓએ સમ્યગ્દષ્ટિ માટે જોઈએ તેવો આદર્શ પૂરો પાડયો છે. પૂર્વની સ્ત્રીઓને સતીપણાની જેટલી કીંમત હતી, તેટલી જે સમ્યગ્દષ્ટિને ધર્મ પ્રત્યે કીંમત નહિ, તેનામાં સમ્યગ્દષ્ટિપણું કયાં હોય ? ભલે એ વિષયાસક્તિ મૂકી શકે નહિ; પણ એ સતીઓના જેવી મનોવૃત્તિ કેળવી લે તો એનો ધર્મ દીપ્યા શિવાય રહે નહિ.

♦♦♦

સતીઓએ સતીપણું પાળ્યું એમ જો સમ્યગ્દૃષ્ટિ પ્રભુધર્મને પાળે તો મુક્તિ ક્યાં દૂર છે ? ગમે તેવી સ્થિતિમાં પતિ તરફ દુર્ભાવ નહિ અને અન્ય પુરૂષ પ્રત્યે રાગ નહિ એ જ સતીપણાની પ્રતીતિ છે કે બીજી ? સમ્યગ્દૃષ્ટિને દુનિયાની સઘળી મમતા ન છૂટે ત્યાં સુધી મુંઝવણ થાય, પણ પ્રભુના માર્ગ પ્રત્યે તો એનો પ્રેમ દિન પ્રતિદિન વધતો જ જાય. સુખ આવો કે દુઃખ આવો, સંપત્તિ આવો કે બરબાદી આવો, પણ ધર્મની હયાતિ કાયમ રહો મારો ધર્મ જાઓ નહિ.

◆◆◆

સતીઓનો મહિમા સતીધર્મની નિશ્ચલતા ખાતર જ ગવાય છે ને ? અંજનાને પવનંજય પ્રત્યે દુર્ભાવ ન આવ્યો એ શાથી ? સતી સ્ત્રીને પતિ પ્રત્યે દુર્ભાવ જીંદગીની એક ક્ષણ પણ ન આવે. પતિ મારી ખબર લે તો જ મારે સેવા કરવી, એ રીતે કરવું હોય તો વેશ્યાઓ ક્યાં નથી કરતી ? સ્વાર્થ માટે કે મારી સામગ્રીઓ પૂરી પાડે તે માટે પતિને અનુકૂળ રહેવું, એમાં સતીપણું ક્યાં આવ્યું ? તેવી જ રીતે -'ધર્મ કરવા છતાં અમે દુઃખી રહીએ તો ધર્મ શું કામનો ?'-એ માન્યતાવાળાને અથવા 'ધર્મ ફળે તો અમે ધર્મ કરીએ'- એમ કહેનારને સતીઓ જેવા કહેવા કે વેશ્યાઓ જેવા કહેવા ?

◆◆◆

જૈન દર્શનની આ એક વિશિષ્ટમાં વિશિષ્ટ અનુપમ માન્યતા છે કે નીતીથી, પ્રમાણીકતાથી, સત્યથી, મેળવેલા ભોગો, એને પણ ભોગવવા એ પણ ધર્મ નથી.

◆◆◆

સત્ય સમજાઈ ગયા પછી અને પોતાની ભૂલનો ખ્યાલ આવી ગયા પછી, ખોટી મહત્તા ટકાવી રાખવા માટે ઉલટી ઉલટી પ્રવૃત્તિઓ કરવી, એ ઈરાદાપૂર્વક પોતાના આ અમૂલ્ય જીવનનો પોતાના જ હસ્તે નાશ કરવાનો પ્રયત્ન કરવા જેવું છે. એવા ફૂટ પ્રયત્નો કરનારા, ખરેખર, ઉપકાર માટે પણ અયોગ્ય જ ગણાય છે. એવા દુરાગ્રહિઓ ઉપર ઉપકાર કરવાની ઉપકારી આત્માઓની આશા પણ વ્યર્થ જ થાય છે.

◆◆◆

સત્ય વ્રતનું પાલન કરવું હોય તો કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી

હેમચંદ્રસૂરિજી મહારાજ કહે છે કે-'જેકાળમાં ધર્મપર અને ધર્મની ઉત્તમમાં ઉત્તમ ક્રિયાઓ પર આક્રમણ થતું હોય, તેમજ સિદ્ધાંતના અર્થનો વિપ્લવ થતો હોય, તો પૂછયા વિના પણ શક્તિમાને બોલ્યા શિવાય ન રહેવું જોઈએ.'-'શક્તિ હોય ને ન બોલે તો તે બીજા વ્રતનું ખંડન કરે છે.' બીજા એક પ્રસંગે પણ એમણે કહ્યું છે કે-'આવે વખતે મારા જેવા શાસનની રક્ષા કરવા ન નીકળે, તો હું ઘોર ભવમાં ભમું.'

♦♦♦

સત્પુરૂષની હાજરીમાં પણ અકાર્ય કરવાની પ્રવૃત્તિ કરવા સજ્જ થવું, એ કારમી ધૃષ્ટતા છે.

♦♦♦

સદ્ગુરૂઓના શ્રીમુખે શ્રી જિનવાણીનું શ્રવણ કરતે કરતે આત્મામાં તત્ત્વરૂપની શ્રદ્ધા પેદા થવી જોઈએ, કે જે શ્રદ્ધાના પ્રતાપે આત્માને સંયમમાં વીર્ય ફોરવવા સિવાયનો સઘળોય પુરૂષાર્થ હાનિકાર લાગે અને સંયમમાં પોતાના વીર્યને ફોરવવાની તમન્ના પ્રગટે.

♦♦♦

સદાચાર સાથે હોય તો જ્ઞાન આદિ કિંમતી વસ્તુઓથી તરી જવાય અને અનાચાર સાથીદાર બન્યો તો, એજ કિંમતી વસ્તુઓનો દુરુપયોગ થાય એટલે કારમી રીતિએ ડુબી જવાય,

♦♦♦

સદાચારની એ કમ વિશિષ્ટતા નથી કે-અનાચારિથી પણ-'સદાચાર ખોટો કે ભૂંડો'-એમ જાહેરમાં આબરૂભેર બોલી શકાતું નથી. સીધી રીતિએ સદાચાર સામે, ગમે તેવા અનાચારિથી પણ લાલ આંખ થઈ શકતી નથી.

♦♦♦

સદ્ગુરૂઓના અભાવમાં યોગ્ય સાથીઓ એ આત્માને તારનારા છે,

♦♦♦

સત્પુરૂષોની સહનશીલતા હીમ જેવી હોય છે, જ્યારે કર્ત્તવ્યપરાયણતા અગ્નિની જ્વાળા જેવી હોય છે. એ પુણ્યપુરૂષોની સહનશીલતામાં અજ્ઞાનિઓના દોષો સળગી જાય છે અને કર્ત્તવ્યપરાયણતામાં એદીઓની અકર્મણ્યતા સળગી જાય છે.

♦♦♦

સદ્‌ગુરૂના યોગને સફળ કરવાનો પ્રયત્ન કરનારા આત્માઓ જરૂર તે યોગને સુંદરમાં સુંદર રીતિએ સફળ કરી શકે છે.

◆◆◆

સત્પુરૂષોની અક્કડતા પણ નમ્રતાના ઘરની, સત્પુરૂષોનો કોપ પણ ક્ષમાના ઘરનો, સત્પુરૂષોની માયા પણ સરલતાના ઘરની અને સત્પુરૂષોનો લોભ પણ સંતોષના ઘરનો હોય છે.

◆◆◆

સદ્‌ગુરૂના સહવાસમાં આવી, શાન્ત ચિત્તે બધા પદાર્થોમાંથી ચિત્તને ખસેડી, ચોવીસ કલાકમાં એક ઘડી પણ પોતાના સ્વરૂપનો રોજ વિચાર કરવામાં આવે તો પણ તેની કાંઈક ઝાંખી થયા વિના રહે નહિ.

◆◆◆

સદાચાર, એ એવી ચીજ છે કે-અનુકૂળતાના અર્થિપણાથી પરાઙ્‌મુખ બન્યા વિના એનું યથાર્થ પાલન થઈ શકે નહિ. અનુકૂળતાના જ અર્થિમાં સદાચાર જેવું કાંઈ હોય, તો તે પ્રાયઃ સામાને ઠગવાને માટે હોય છે : અનાચારને ઢાંકવાને માટે હોય છે ! એ સદાચાર નથી, પણ અનાચારનો જ એક પ્રકાર છે. અવસરે તેઓ અનાચાર ચૂકે નહિ. પછી એવાને પૂછો કે-'તે આ શું કર્યું ?' તો કહેશે કે-'કરામત.' તે હસશે, પણ નીચું નહિ ઘાલે. ઉલ્ટો કહેશે કે-'કેટલીક વાતો કહેવામાં, સાંભળવામાં સારી, પણ આચરવામાં બુરી.' આવું આવું બોલીને તે પોતાના અનાચારપ્રેમનો બચાવ કરશે.

◆◆◆

સદ્‌ગુરૂના સદુપદેશને પામી, તેને પચાવનાર પૈસા માટે લોભાઈ ન જાય, વાત-વાતમાં ગુસ્સે થ થાય, અક્કડ ન બને, કપટજાળમાં જગતને ન ફસાવે, લોભને વશ થઈ સારાસારને ન ભૂલે, રાગમાં અંજાઈ અનર્થ ન કરે, દુશ્મન પ્રત્યે પણ દ્વેષ કરવાનું ભૂલી જાય. કજીયા-કંકાસ ન વધારે, કોઈના ઉપર ખોટાં આળ નમૂકે, સુખમાં છકી ન જાય, દુઃખમાં દીન ન બને, પારકાની નિન્દા ન કરે, માયામૃષાવાદ ન સેવે, તેમજ સાચાને ખોટું અને ખોટાને સાચું કહેવાની અધમતા ન સેવે !

◆◆◆

સધનાવસ્થા એ પુણ્યનો ઉદય છે અને નિર્ધનાવસ્થા એ પાપનો

ઉદય છે. એ બેયમાં સમવૃત્તિ મુક્તિના અર્થીને હોય છે અને એજ જૈનશાસનને પામ્યાની ખુબી છે.

♦♦♦

સમજો કે-'અમે અનાદિથી પરના સંપર્કમાં છીએ અને એ જ કારણે રખડપટ્ટી ચાલુ છે : આથી જડ સાથેના સંયોગથી અલિપ્ત થવાનો પ્રયત્ન કરવો, એ ડહાપણભર્યું છે.'

♦♦♦

સમજાય તો માનીએ, રૂચે તો માનીએ, દેખીએ તો માનીએ, એ વસ્તુ મનમાંથી કાઢી નાખો; ન સમજાય, ન રૂચે, આંખે ન દેખાય તો પણ શિષ્ટ અને ઉત્તમ અનુભવીઓ કહે તેને માન્ય રાખતાં શીખો.

♦♦♦

સમજે નહિ અને પોતાને સમજદાર માને એ આત્મા ખરેખર મૂઢ છે.

♦♦♦

સમર્થ, તે કહેવાય છે કે-જે બીજાઓથી ભય પામીને અંગીકાર કરેલા ધર્મને તજે નહી. બીજાઓમાં કોણ ? માતાપિતા, બન્ધુ, રાજા, મન્ત્રી, મિત્ર, કુલપરમ્પરાદિકથી આવેલા ઈતર ધર્મના દાતા, કલા શિખવનાર વગેરે. તેઓથી ડરીને અંગીકાર કરેલા ધર્મનો જે ત્યાગ ન કરે, તે સમર્થ કહેવાય. અર્થિપણાની સાથે આ ગુણ પણ જરૂરી છે અર્થી સમર્થ હોવો જોઇએ. સમર્થ ન હોય, એને ધર્મ દેવાથી તે નહિ જેવા કારણે ધર્મને તજે અને કદાચ વધારામાં ધર્મની નિન્દા કરવાનું કારણ પણ આપે !

♦♦♦

સમજાય અને ખપ લાગે, તો ઉપેક્ષા આવે ? ઉપેક્ષા આવતી હોય તો તેને કાઢવાનું મન થયા વિના રહે ? બજારમાં પણ તમે ઘણું સાંભળો, સમજોય ખરા, પણ ઘણી વાતો એવી કે જેની તમે ઉપેક્ષા કરો ! ત્યાં શાથી ઉપેક્ષા કરો ? તમારે જો એ વાતનો ખપ હોય, તો તમે ઉપેક્ષા કરો નહિ ને ? શેઠિયા પાસે બેસનારાઓમાં એવા ઘણા હોય છે કે-શેઠની વાત બહુ પ્રેમથી સાંભળતા હોય એવા દેખાવ કરે, બહુ સારી વાત એમ કહેય ખરા, પણ એ વાતની પોતાને જરૂર ન હોય એટલે ઉપેક્ષા કરે. એટલે, તમને જો સમજાતું હોય છતાં ઉપેક્ષા આવતી હોય, તો એ શાથી આવે છે એ શોધો

અને વસ્તુના અર્થી બનવાનો પ્રયત્ન કરો !

◆◆◆

સમાધાન સિદ્ધાંતને બાધ ન પહોંચે તે રીતે જ થવું જોઇએ સિદ્ધાંતના રક્ષણને માટે અને સૌ કોઇ સિદ્ધાંતને સ્વીકારે માટે પોતાનું માન, કીર્તિ, મોટાઇ વગેરે સઘળું જ જતું કરવાને શાસન પક્ષ સદાય તૈયાર છે.

◆◆◆

સમાધિ-અસમાધિના સ્વરૂપને અને તેનાં કારણોને યથાર્થપણે જાણનારા મહાત્માઓ સદાય સમાધિમગ્ન બન્યા રહી શકે છે. શ્રી સિદ્ધિપદસાધક સન્માર્ગની રક્ષા અને પ્રભાવનામાં પ્રવૃત્ત બનેલા તે મહાત્માઓ, દેખાવમાં ઉગ્ર બનેલા જણાય તો પણ, અનુપમ સમાધિમુખમાં ઝીલતા હોય છે.

◆◆◆

સમાધિભાવપૂર્વક જીવનારો સમજુ આત્મા ચતુર્વિધ શ્રીસંઘનો સુયોગ સાધવાને મથે; એમ કરતે કરતે એ ચતુર્વિધ શ્રીસંઘમાં ઉચ્ચમાં ઉચ્ચ ગણાતા સ્થાનને પણ પામી જાય. તમને પણ ચતુર્વિધ શ્રીસંઘમાંનું ઉચ્ચ સ્થાન પામવાની ઇચ્છા ખરી ને ? સાધુપણાને પામવાની ઇચ્છા પણ ખરી ને ? સાધુપણાને પામવાને માટે અર્થના અને કામના સંગને સર્વથા તજવાની અને અર્થના અને કામના સંગનો ત્યાગ સુલભ બને એ માટે અર્થના અને કામના રાગને મારવાની ઇચ્છા પણ ખરી ને ?

◆◆◆

સમ્યક્ત્વને પામેલા આત્મા ઉપર પ્રભુની ભક્તિ જોઇને તુષ્ટમાન થયેલા દેવો 'માંગ-માંગ' કહે, ત્યારે તેઓ શું માગે છે ? કહે છે કે-'તારી પાસે શું છે કે તું આપે ? મહામુશીબતે અનંતકાળે મળેલી ભક્તિ તું આપે એનાથી વેચી દઇએ ?' આ જાતિના દાખલાઓ જૈનશાસનમાં છે કે નહિ ?

◆◆◆

સમસ્ત લોકાકાશને વિષે એક એક વાળના અગ્રભાગ જેટલું પણ સ્થાન એવું નથી, કે જે સ્થાનને પોતાના કર્મપ્રતાપે સૂક્ષ્મ, બાદર, પ્રત્યેક અને સાધારણ એકેંદ્રિય તથા બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય ભેદથી નાના પ્રકારનાં રૂપોને ધરી ધરીને ઉત્પન્ન થતા તથા મરતા એવા જીવોએ ન સ્પર્શ્યું હોય.

◆◆◆

સમ્યક્ચારિત્રને સુવિશુદ્ધ બનાવવા માટેનો ઈચ્છાનિરોધનો પ્રયત્ન, એજ સમ્યક્તપ છે.

◆◆◆

સમ્યક્ત્વ પામેલા આત્માને જિનપૂજા વિના, ગુરૂવંદન વિના, વ્યાખ્યાન શ્રવણ વિના, એકપણ દિવસ ચેન ન પડવું જોઈએ.

◆◆◆

સમ્યક્ ચારિત્ર, એ આત્માને એકદમ મોક્ષની નિકટમાં લઈ જનાર છે.

◆◆◆

સમ્યગ્દર્શન પણ કર્મસમૂહને માટે અમુક અંશે દાવાનલ રૂપ તો છે જ. આથી, સમ્યગ્દર્શનને કર્મ રૂપી વનના એક દાવાનલાત્મક દેશ રૂપે પણ વર્ણવી શકાય. સમ્યગ્દર્શન જેમ જેમ નિર્મળ બનતું જાય, તેમ તેમ તેની કર્મનિર્જનની સાધક શક્તિ વધતી જાય; અને એ રીતિએ કર્મનિર્જરાકારી અન્ય ઉપાયોને આચરવાને માટેની આત્માની આંતરિક અનુકૂળતા પણ વધતી જાય

◆◆◆

સમ્યક્ત્વ એટલે શ્રી જિનવચન પ્રત્યેની રૂચિ. સમ્યગ્દર્શન જેટલું નિર્મલ, તેટલું નિર્મલ જ્ઞાન થાય અને ચારિત્ર પણ તેનાથી નિર્મળ બને.

◆◆◆

સમ્યક્ત્વ પામેલો તાત્વિક દયાળુ હોય છે એની દ્રવ્યદયામાં પણ ભાવદયાનું ઝરણું વહ્યા કરે છે.

◆◆◆

સમ્યક્ત્વ વિનાનાં જ્ઞાન અને ચારિત્ર વિગેરેથી મળેલી માન-પૂજા-ખ્યાતિ વિગેરે બધું અંતે આત્માનો નાશ કરે, કારણકે-એ દુર્જનના સ્નેહ જેવું છે.

◆◆◆

સમ્યગદર્શન આદિ જે ધર્મ, તે દુર્ગતિમાં પડતા આત્માને પકડી રાખનાર છે. કક્કો પણ ન આવડતો હોય, પણ દર્શનની હયાતિમાં આયુષ્ય બાંધે તો એ આત્મા નિયમા વૈમાનિક દેવ થાય. દર્શન વિનાના અગીઆર અંગના પાઠી હોય તે પણ નરકે જાય ને ઓઘાવાળા પણ નરકે જાય, પણ દર્શનવાળો ન જાય.

◆◆◆

સમ્યગ્દર્શનથી જેનો આત્મા પાવન થયો છે, એ સંસારમાં રમે નહિ ! રમવું અને રહેવું એમાં તફાવત ઘણો છે. કર્મવશ સંસારમાં રહેવું પડે એ જૂદી વાત છે, પણ સંસારમાં રમવું, એ તો મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે.

♦♦♦

સમ્યગદર્શનાદિ જે મોક્ષમાર્ગ, તેનાથી પોતાનો આત્મા ચલિત ન થાય એ કારણે અને કર્મોની નિર્જરાને અર્થે પરિષહો સારી રીતિએ સહન કરવા યોગ્ય છે.

♦♦♦

શ્રી સર્વજ્ઞના શાસનને માનનારો એટલે આગમના દરેકે દરેક વચન પર અખંડિત શ્રદ્ધા ધરાવનાર સાધુ પ્રથમ સંયમની દુષ્કરતા, દુઃખમયતા કે કઠિનતા બતાવે કે સંસારની ? કહેવું જ પડશે કે-સંસારની.

♦♦♦

સામાનાં સુખો જોવાની તાકાત જ દિન-પ્રતિદિન વિલય પામતી જાય છે. સામાને જોવાની સાથે જ તે ચોંકે છે કે-'હું દુઃખી છું, છતાં આ સુખી કેમ ?' જો આ રીતિએ ચોંકી નહિ ઉઠતાં, સામાને સુખી અને પોતાને દુઃખી જોઈને, સુખ અને દુઃખના હેતુઓનો વિચાર કરે, દુઃખના હેતુઓને દૂર કરે તથા સુખના હેતુઓને સેવે, તો તો તે જ વખતે તેને શાંતિનો સાક્ષાત્કાર થવા માંડે : પણ આ તો એકદમ, સામાને સુખી જોતાંની સાથે જ, ચોંકી ઉઠે છે અનેકહેવા માંડે છે કે-'શા માટે સુખી પોતાના સુખનો ભાગ અમને ન આપે ? અમે દુઃખી હોઈએ, ત્યાં સુધી સુખ ભોગવવાનો એને હક્ક પણ શો છે ? જ્યાં સુધી અમે દુઃખી હોઈએ, ત્યાં સુધી સુખીને પણ સુખ ભોગવવાનો હક્ક નથી !' આવી વિચારમાળાના પરિણામે આત્મા ઉપરનો કાબુ ગયો, મનુષ્યોના મર્યાદાશીલ જીવને પલટો ખાધો અને એ આંતર ભાવનાનું રૂપક બહાર આવ્યું. એના જ યોગે આજે ચોમેર અશાંતિની જ્વાળા વિશેષ પ્રમાણમાં સળગી રહી છે. જે કાળમાં આવા વિચારોનું સામ્રાજ્ય હોય, તે કાળમાં કોઈ ભાગ્યવાન જ સુખી હોય. આજે સાધનો ઘણાં છે એમ કહેવાય છે, છતાં શાંતિનો છાંટો ય નથી દેખાતો.

♦♦♦

શ્રી તીર્થંકરો ત્યાગી છતાં આટલી સાહ્યબી ભોગવી શકયા અને

એમને રાગ ન થાય, તો આપણે પણ રાગ વિના ભોગવવામાં શું હરકત ? આપણે પણ વીતરાગપણે દુનિયાનો ભોગ ભોગવીએ તો શું હરકત ? ભગવાને ભોગવ્યું કે નહિ !' એમ કહેનાર દાખલો કોનો લે છે અને પોતાની જાત કયી છે, એ તો તપાસતો જ નથી ! સહસ્રભાર ચક્ર પડે તોપણ હાડકું હાલે નહિ અને તારાપર કાંકરી પડે તો લોહીની દદુડી છૂટે. શ્રી તીર્થંકરોને એક બાજુ-સાહ્યબી, ચક્રવર્તિને ટક્કર મારે એવી અને બીજી બાજુ ત્યાગ, જોઈએ તો જગતમાં જોટો નહિ. હૃદયમાં રાગ તો નહિ પણ લોહીમાંસમાં એ રંગ નહિ : એ પણ શ્વેત ! અને તને તો દુનિયાની જે ચીજ દેખે છે, એ તારા હૈયાને પાગલ બનાવે છે ! ઉદાહરણ લેવા જાય છે સિદ્ધ અવસ્થાનું અને ઠેકાણું તો સાધુપણાનું યે નથી ! સિદ્ધાવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જે વસ્તુપર શ્રી જિનેશ્વરોએ રાગ કરવાનું કહ્યું હોય તેની સાથે અસ્થિમજ્જા થઈ જજો અને એની રક્ષા ખાતર પ્રાણ સમર્પિ દેજો.

♦♦♦

શ્રી આષાઢાભૂતિ અને શ્રી નંદિષેણ વિગેરે સંયમથી ચૂકી ગયા, પણ એમની મનોદશામાં દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યેની સદ્ભવનામાં ઉની આંચ નથી આવી.

♦♦♦

સમર્થ થવું એટલે સદાના સાવચેત બનવું. ધર્મનો હૈયામાં વાસ એટલે આત્માના પરિણામ ઉપર સુંદર ચોકી. આપણા ઉપર આપણે સદાને માટે ચોકી રાખી શકીએ, એવું બને છે કે નહિ ? હા, તમારૂં અને અમારૂં, બન્નેનું એવું છે કે-આપણે જો ધારીએ તો સદાને માટે સાવધાની રાખી શકીએ. શ્રાવક જો પોતાના ચોથા ગુણઠાણા અગર તો પાંચમા ગુણઠાણના પરિણામોને બરાબર જાળવી રાખીશકે અને સાધુ જો પોતાના સર્વવિરતિ ગુણઠાણના પરિણામોને બરાબર જાળવી રાખી શકે, અને આ પરિણામો આવતાં પહેલાં જો આયુષ્યનો બંધ પડી ગયો ન હોય, તો એ શ્રાવક ને એ સાધુ કદી પણ દુર્ગતિના આયુષ્યને ઉપાર્જે નહિ; અને દેવગતિમાં પણ વૈમાનિકથી નીચેના સ્થાનના આયુષ્યને ઉપાર્જે નહિ. સાધુ અને શ્રાવક -બન્નેએ પરિણામો ઉપર ચોકી તો રાખવી જ જોઈએ, કેમ કે-બેમાંથી એકનાય આન્તર શત્રુઓનો અભાવ જ થઈ ગયો છે એવું નથી. પ્રગટેલો ગુણ ક્ષાયિક ન હોય, ત્યાં સુધી

એ ગુણ પુનઃ આવરાઈ જવાનો સંભવ તો ખરો જ. તમારા કરતાં સાધુને પરિણામોમાં પલટો આવવાના સંયોગો ઓછા છે-એમ કહી શકાય; કારણ કે પાપનાં સાધનોનો એણે ત્યાગ કર્યો છે અને યોગોને એણે એક માત્ર ભગવાનની આજ્ઞાની આરાધનામાં જ યોજી દીધા છે; પરંતુ બાહ્ય સાધનોનો ત્યાગ કરવા છતાં પણ, સાધુએ જો એને હૈયે રાખ્યાં હોય, તો એની દશા કદાચ તમારા કરતાં પણ બુરી થાય. ◆◆◆

હક્કના નામે અને લાલસાના પ્રતાપે આજે વિશ્વમાં વિચિત્ર પ્રકારના વિગ્રહ ચાલી રહ્યા છે. વિશ્વમાં આજે હક્ક ના નામે રાજ્ય આદિને લેવાના પ્રયત્નો ચાલી રહ્યા છે અને તેમાં વળી ધર્મ મનાવવાની ધૃષ્ટતા પણ થઈ રહી છે !

◆◆◆

હરણીયા જેવી નિર્બળમાં નિર્બળ જાત પોતાના બચ્ચાના પાલન ખાતર સિંહની સામે થાય છે તો પોતાના ધર્મનો નાશ પ્રત્યક્ષ થતો જોઈને ‘કરશે તે ભરશે’ એમ બોલનારા ધર્મીમાં ધર્મની ભાવના છે એમ શી રીતે માનવું ?

◆◆◆

હવે આ જન્મનું આયુષ્ય કેટલુંક બાકી છે ? એની ખબર નથી, પણ બહુ લાંબું બાકી નથી એટલું તો સમજાય એવું છે ને ? તેમાંય આ જમાનામાં મરવામાં વાર કેટલી ? આ જમાનામાં જીવવું સોંઘું છે કે મરવું સોંઘું છે ? વહેલા કે મોડા પણ મરવાનું નક્કી છે, તો મરીને જવાના કયાં ? મર્યા પછી કયાં જવાશે, એનો કોઈ દિ’ વિચાર આવે છે ? મર્યા પછી મારૂં શું થશે, તેની ચિન્તા કેટલાકને થાય છે ?

◆◆◆

હારેલી સ્થિતિમાં પણ વૈરાગ્ય થવો સ્હેલો નથી : કારણ કે-સંસાર ઉપરની લાલસા જવી સ્હેલી નથી !

◆◆◆

હિંસા કરવાથી લાખ્ખોની મિલ્કત મળતી હોય, જુઠ્ઠું બોલવાથી ગમે તેટલો લાભ થતો હોય, પણ તે ન જોઈએ : કોઈની સારીમાં સારી ચીજ પણ આપ્યા વિના લેવી ન જોઈએ, એવી વૃત્તિને કેળવો.

◆◆◆

હિંસાનો ત્યાગ, અસત્યનો ત્યાગ, વણદીધું લેવાનો ત્યાગ, અબ્રહ્મનો ત્યાગ અને પરિગ્રહનો ત્યાગ-એ પાંચ પ્રકારના ત્યાગ જો સર્વથા કરવા હોય, તો એ માટે સાધુજીવન જ સ્વીકારવું પડે.

♦♦♦

હિન્દુસ્તાનના માત્ર ચાહ-પાનના જ ખરચાનો ઢગલો કરીએ, તો એકના ખર્ચામાં આઠ જણને સારી રીતિએ ખીચડી મળી શકે તેમ છે. ભૂખમરાની અને બેકારીની બૂમો મારવી અને ખોટા ખર્ચાઓ બંધ નહિ કરતાં તેને વધાર્યે જવા, એ કયી જાતિની પરોપકારવૃત્તિ છે ? ઉદ્ધારની વાતો કરનાર શા માટે જીવનને મર્યાદિત, સંયમપૂર્વકનું નિયમિત નથી બનાવતા ?

♦♦♦

'હું આ સંયમની આરાધના કરી શકતો નથી, તરવાનો આ ઉંચામાં ઉંચો માર્ગ છે પણ એ માર્ગે હું ચાલી શકતો નથી, આ મહાત્મા સ્વપરના તારક છે, એમની આરાધનામાં જો મારી વસ્તુ સહાયક થઇ જાય તો મારો ઉદ્ધાર થઇ જાય. સંયમથી હું દૂર છું તે નજદિક આવું. સંયમની આરાધનામાં નડતો મારો અંતરાય તૂટે.'-આવી શુભ ભાવનાપૂર્વક જો મુનિવરોને આહારાદિ અપાય, તો એથી પણ તરી જવાય.

♦♦♦

'હિંસા, અસત્ય, ચોરી, મૈથુન-અબ્રહ્મચર્ય અને પરિગ્રહ'-આ પાંચે પાપ છે. આ પાંચેનો જે જીવનમાંથી સર્વથા ત્યાગ કરે, અન્યને એ પાંચેનો ત્યાગ કરવાનો જ ઉપદેશ આપે અને જેઓ તે પાંચેનો ત્યાગ કરે તેઓને જ સારા માને-તેનામાં જ સાચું સાધુપણું સંભવે.

♦♦♦

હું મોટો કહેવાઉં કે ન કહેવાઉ પણ મારા આત્માની શાન્તિ નહિ જ જવી જોઇએ, એવો વિચાર આવશે એટલે પૈસા વિગેરે માટેની પ્રવૃત્તિઓ ઉપાધિરૂપ લાગી જશે.

♦♦♦

"હું આત્મા છું. હું આત્મા છું-અને -અનાદિકાળથી હું આ સંસારમાં પરિભ્રમણ કરતો થકો ભટકી રહ્યો છું. મારૂં અસ્તિત્વ સર્વકાલીન છે, પણ હાલ હું રખડતો જ છું. મારે આ પરિભ્રમણથી મુક્ત બનવું જોઇએ અને એ

માટે મારે મારા આત્માને પોતાના જ સ્વરૂપમાં સુસ્થિર બનાવી દેવો જોઈએ, કે જેને જ્ઞાનિઓ પરમાત્મદશા કહે છે. મારે જો આ સંસારમાં પરિભ્રમણ કરવું હોય નહિ, તો મારે મારી પરમાત્મ-દશાને મેળવવી એટલે પ્રગટાવવી એ ખૂબ જ આવશ્યક છે; અને એ માટે સાચું શ્રમણ જીવન એ પરમ સાધન છે."

◆◆◆

'હું આત્મા છું.'-એમ આપણે માન્યું, એટલે આપણે માટે કોઈ નિયત સ્થાન ખરૂં ? ' આપણો આ જ દેશ અને બીજો કોઈ દેશ આપણો નહિ.'-એવું 'હું આત્મા છું'- એમ માનનારથી કહી શકાય ખરૂં ? જ્યાં સુધી આત્મા આ શરીરમાં બંધાયેલો હોય, ત્યાં સુધી ' હું આ દેશનો છું.'-એવું કહીએ તો તે ખોટું જ છે એવું નથી, પરન્તુ જ્યારે આપણે આપણા સમગ્ર જીવનની દષ્ટિએ વિચારીએ, ત્યારે આપણને શું લાગે ? કોઈ પૂછે કે-'આત્મા કયા દેશનો ? આત્મા કયા ક્ષેત્રનો ? આત્મા કયા સ્થાનનો ?'-તો તે વખતે તમે શું કહો ? આપણે કહેવું પડે કે-'એવો કોઇ દેશ, એવું કોઇ ક્ષેત્ર, એવું કોઈ સ્થાન નથી, કે જ્યાં આત્મા ગયો ન હોય ! કારણ કે-એવો કોઇ કાળ નહોતો, કે જ્યારે આત્માની હયાતિ હોય જ નહિ. આત્મા તો હતો જ, છે અને રહેવાનો જ.' સંસારમાં પરિભ્રમણ કરતા આત્માએ એટલા બધાં ક્ષેત્રો બદલ્યાં છે, કે જેની કોઈ સંખ્યા નથી. ઘણાં ક્ષેત્રો બદલાયાં અને ઘણા કાળ બદલાયા.

◆◆◆

'હું કોણ અને મારૂં શું ?'-એની સાચી સમજણ મેળવવાનો પ્રયત્ન કરો. એ સમજ્યા તો બધું સમજ્યા અને એ ન સમજ્યા તો કશું જ નથી સમજ્યા.

◆◆◆

'હું જ જ્ઞાની છું'-એ ભાવના આવી એદિ'થી તેને માટે સદ્‌ગતિના માર્ગ બંધ થઈ ગયા સમજો

◆◆◆

હું તો કહું છું કે-માબાપની આજ્ઞા ન માનવી, એવું કહે તે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો વિરાધક છે અને એથી જ પાપી છે : પણ શરત એટલી કે-તે માબાપ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો વિરોધ કરનાર ન હોવાં

જોઇએ.

◆◆◆

હું દીન છું કે ગરીબ છું, એ કોઈને બતાવવાનું નથી. લુખું ખાવું હોય તો આયંબિલ કર, પણ સારૂં મેળવવા માટે આયંબિલ ન કર. તને જોઈને કોઇને દયા આવે અને તારા ભાણામાં ઘીની વાઢી ઠલવી જાય, એ ઇચ્છાએ લુખું ખાવું એ તપ છે ! ઘીની બરણી માટે લુંખું ખાય એને આયંબિલ કહેવું, તપ કહેવો કે શું કહેવું ?

◆◆◆

'હું સર્વ જીવોને ખમાવું છું.'-એવી ખાતરી આપ્યા પછીથી જ 'સર્વ જીવો મને ખમાવો.' એવી માગણી આપણે કરીએ છીએ; અને તે સાથે આપણે કહીએ છીએ કે-'જગતના જીવ માત્ર પ્રત્યે મારે મૈત્રીભાવ છે; એટલું જ નહિ પણ જગતના કોઈ પણ જીવ પ્રત્યે મને વૈરભાવ નથી.' આ ગાથા તમે જીવનમાં કેટલીય વાર બોલ્યા હશો, પરન્તુ આ ગાથામાં રહેલા રહસ્યને આત્માની સમજમાં ઉતારીને અન્તઃકરણના આચરણમાં ઉતારવાનો પ્રયત્ન કેટલો કર્યો છે ? આ ગાથાનું રહસ્ય જેને સમજાય અને જેના અન્તઃકરણના આચરણમાં ઉતરે, એનાથી મહાત્મપણું તો શું પણ પરમાત્મપણુંય દૂર રહી શકતું નથી.

◆◆◆

પહેલી નારકીના પહેલા પાથડામા સર્વ જઘન્ય આયુષ્યવાળા નારકીને પીડા છે તે પીડા ભગવાન મહાવીરના કાનમાંથી ખીલા કાઢયા તે વખતની પીડા કરતાં અનંત ગુણી છે.

◆◆◆

હૈયાને એવું વિશાળ બનાવવું કે-સૌ સુખી થાઓ ! કોઈનેય દુઃખી કરનારો હું બનું નહિ ! આ માટે સાધુ બન્યા વિના ચાલે નહિ ! સાધુ એટલે પાપરહિત અને ધર્મમય જીવન જીવનારો ! એ માટે એણે સંસારનો ત્યાગ કર્યો અને મન-વચન-કાયા ઉપર અંકુશ મૂકયો. પોતાને જીવવાને માટે જે અનન્તજ્ઞાનિઓની આજ્ઞા તરફ જીુએ તે સાધુ કહેવાય. માત્ર કપડાં બદલવાથી જ સાધુપણું આવતું નથી. સંસારનો ત્યાગ બહારથી અને અંદરથી પણ કરવો પડે.

◆◆◆

હૈયે શ્રી જિનભક્તિનો ભાવ નથી; એની ભક્તિમાં જેવો ઉલ્લાસ આવવો જોઇએ તેવો ઉલ્લાસ આવતો નથી; અને એથી, પોતાની સ્થિતિને શોભતી જે સામગ્રી જોઈએ, તે તરફ ભાગ્યે જ લક્ષ જાય છે. નહિતર, સુખી માણસને શકય સામગ્રી મેળવવી એમાં વાર કેટલી ?

◆◆◆

હૃદયના બહુમાન પૂર્વક હમેશાં ગુણોએ કરી વડિલની આજ્ઞામાં રહેવું, એ સુખનું પહેલું સાધન છે.

◆◆◆

હૃદયના નાસ્તિક હોવા છતાં પૌદ્‌ગલિક લાલસાના યોગે અહિંસા આદિ સિદ્ધાંતોનો ઐચ્છિક ઉપયોગ કરવામાં કુશળ બનેલાઓ, બહારથી પરમ આસ્તિક અને પરમાત્માના ઉપાસક હોવાનો આડંબર કરી સારીએ દુનિયાને ઉન્માર્ગ રૂપ ગર્ત્તામાં ગબડાવી મૂકે છે.

◆◆◆

હૃદયમાં પાપને તજવાની મજબૂત ભાવના જોઈએ પાપથી ભીરૂ બનેલા આત્માને અનીતિ કરતા સેંકડો વિચારો આવશે. અનીતિ ન થઈ જાય તેને માટે કાળજી રાખનાર બનશે.

◆◆◆

હૃદયમાં સંસારની લાલસા જીવતી રહે અને ચિંતા આવે નહિ, એ વસ્તુ જ અસંભવિત છે.

◆◆◆

હૃદયમાં પરિણમેલો શુદ્ધ ધર્મ, બીજા જીવોને પણ ધર્મ પમાડવાની બુદ્ધિને પેદા કર્યા વિના રહેતો નથી

◆◆◆

હૃદયમાં સંસાર પ્રત્યે અભાવ આવ્યા વિના નિર્ગ્રંથ મુનિનાં દર્શન કરવાની સાચી ઈચ્છા આવતી નથી.

◆◆◆

## આચાર ઉંચો મૂકીને ઉપકાર થઈ શકે ?

શ્રી હેમચંદ્રાચાર્ય કોણ ? 'કુમારપાલ રાજાની રાજ-ખટપટ કરનાર રાજવહીવટ ચલાવનારા ?' આવા મહાત્મા ઉપર એવી જાતનો આરોપ

મૂકનારા એ શ્રી હેમચંદ્રસુરિવરે ધર્મ શિવાય કશું કર્યું નથી. શ્રી હીરસૂરિજીએ અકબર બાદશાહને ઉપદેશ્યો શી રીતે ? આમ રાજાશ્રી બપ્પભટ્ટસૂરિજીને પોતાનો પટ્ટ હસ્તી લઈ લેવા આવે છે ને કહે છે કે-'આપ મારા ગુરૂ પટ્ટ હસ્તી ઉપર બેસો.' શ્રી બપ્પભટ્ટસૂરિજી ના કહે છે. આમ રાજાનું શિર ઝુકે છે. જે મહાત્મા આવા સંયોગોમાં પણ મક્કમ રહી શકે છે, તે જ મારૂં ભલું કરે. આજ તો કેટલાક કહે છે કે-'અમારા ઉપકાર માટે સાધુપણાના આચારને ચુલામાં મૂકો અને અમે શ્રાવકો એને ફૂંકીએ.' અકબર બાદશાહે શ્રી હીરસૂરિજીને બોલાવવા ફરમાન કાઢયા અને તેના તરફથી શ્રી હીરસૂરિજીને જે જોઈયે તે, હીરા, માણેક, હાથી, વિગેરે માનસન્માન સાથે જોઈતી સામગ્રી પૂરી પાડવા, દરેક સૂબાને ફરમાવવામાં આવ્યું અમદાવાદનો સૂબો આ બધું હાજર કરે છે. શ્રી હીરસૂરિજી કહે છે કે-'આ બધું અમારે ન જોઈયે.'

'સાહેબ - દીલ્લી બહુ દૂર છે.'

'ફીકર નહિ. પગે જઈશું.'

અમદાવાદના સુબાએ બાદશાહ અકબરને લખી વાળ્યું કે-આજ સુધી ઘણા ફકીરો જોયા, પણ આ કોક નવો ફકીર છે. શ્રી હીરસૂરિજી દીલ્લી પહોંચે તે પહેલાં તો એ ત્યાગમૂર્તિ, અકબરના હૃદયમાં કોતરાઈ ગઈ. અત્યારે તો કહે છે કે-' કહેવાતા ઉપકાર માટે ગાડીમાં જવાય.' આજના લોકો પોતાનાં પાપ છૂપાવવા, આવા મહર્ષિઓ ઉપર કલંક મૂકે છે. એના જેવા નીચ બીજા કોણ ? અકબર જેવા મુસલમાન બાદશાહને પ્રતિબોધવા જલદી જવું સારૂં હતું ને ? શ્રી હીરસૂરિજીએ અવસર ન ઓળખ્યો ? પણ નહિ. આચારમાં રહીને થાય તેટલું કરવું, પણ આચારને ભેદીને તો નહિ જ. અકબરે પણ શ્રી હીરસૂરિજીની બહુ પરીક્ષા કરી છે. બહુ બહુ કસોટી કરી છે. જો ત્યાં ઠીક ન લાગત, તો અકબર એમને પણ ફેંકી દે એવો હતો. યૂરોપ જેવા દેશમાં ધર્મના પ્રચારના બહાને, આજે આચારને મૂકી દેવાની વાતો કરવામાં આવે છે. જમાનાના નામે, દેશભક્તિના નામે, આચારને દૂર મૂકવાનું કહેનારા સાધુ નથી, ને તેમાં હા ભણનારા શ્રાવક નથી.

◆◆◆

હીનપુણ્ય આત્માઓ ઉપર અધિક પુણ્યવાનોનું સામ્રાજ્ય સદાને માટે બન્યું જ રહ્યું છે, બન્યું જ રહે છે અને બન્યું જ રહેશે-એમાં નથી તો આશ્ચર્ય

પામવાનું કારણ કે નથી તો અકળાવાનું કારણ : કારણ કે-કર્મજન્ય બનાવો ઉપર સમચિત્ત રહેવું, એજ ધર્મી આત્માઓનું ભૂષણ છે.

◆◆◆

હિતકર વસ્તુને હિતકર કહેવી અને અહિતકરને અહિતકર કહેવી, સેવવા યોગ્યને સેવ્ય અને તજવા યોગ્યને ત્યાજ્ય કહેવી, એમાં કોઈ જ ગુન્હો નથી.

◆◆◆

ક્ષમાધારીપણું એ મુનિપણાનો ગુણ છે તે સાચો છે કે બનાવટી છે એની પરીક્ષાનું એક જ સાધન છે. તે પ્રશસ્ત છે કે અપ્રશસ્ત છે એની ખાત્રી કરી લેવી જોઈએ.

◆◆◆

ક્ષમા વિગેરે ગુણનો સ્વીકાર શા માટે અને કયાં કરવામાં આવે છે, એનો વિવેક કર્યા વિના અંગીકાર કરવામાં આવે, તો લાભને બદલે હાનિ વધારે થવા સંભવ છે.

◆◆◆

ક્ષમાની ઉપાસનાના પ્રસંગને ગુસ્સો કરવા માટેનો જરૂરી પ્રસંગ માનનારા બિચારા, ક્ષમાના સ્વરૂપને જ નથી સમજતા,-એમ કહેવામાં આવે તો પણ ચાલે. 'અપરાધી તો ગુસ્સા માટે લાયક જ છે.' એમ માનનારા શ્રી જૈન શાસનના મર્મને સમજ્યા જ નથી. 'અપરાધી પણ ઉપકારી છે.' -એમ માનનારો જ સાચી રીતિએ ક્ષમાનો ઉપાસક બની જાય છે. પોતાની જાતનો અપરાધ કરનાર ઉપર પણ ગુસ્સો જરૂરી છે.'-એમ માનનારા શ્રી જૈનશાસનના રહસ્યથી અજ્ઞાત જ છે.

◆◆◆

ક્ષુદ્ર એટલે કે અગંભીર એવો આત્મા, અનિપુણ બુદ્ધિવાળો હોય છે અને એથી તે ધર્મની આરાધના કરી શકતો નથી : કારણ કે-ધર્મ એ સૂક્ષ્મ મતિએ સાધ્ય છે. સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મને નહિ જાણનારા આત્માઓ, ધર્મબુદ્ધિથી પણ ધર્મના વિઘાતને પામે છે. ખરેખર, 'ધર્મ સારો છે, તારક છે, માટે અયોગ્યને પણ દેવાય.'-એવી વાતો કરનારાઓ ક્ષુદ્ર આત્માઓ જ છે; અને એથી જ તેઓ ધર્મબુદ્ધિથી પણ ધર્મના વિઘાતને પામે છે. અક્ષુદ્ર આત્માઓ

તો સૂક્ષ્મદર્શી હોય છે. સૂક્ષ્મદર્શી આત્માઓ તે જ છે, કે જેઓ સુન્દર પર્યાલોચન કરી શકે છે. ઝીણવટથી વિચારીને પ્રવૃત્તિ આચરનારાઓ પોતાના તેમ જ અન્યોના પણ ઉપકારને સાધવા સમર્થ બની શકે છે અને એ જ કારણે ધર્મગ્રહણાદિના વિષયમાં તેવા અક્ષુદ્ર આત્માઓને યોગ્ય આત્માઓ તરીકે માનવામાં આવ્યા છે.

♦♦♦

જ્ઞાન, એ મોહને હઠાવવાને માટે છે. એનો ઉપયોગ મોહને વધારવામાં કરવો, એ પોતાના સંસારરોગને અસાધ્ય બનાવવાનો ધંધો છે.

♦♦♦

જ્ઞાન એ આત્માની બહારની વસ્તુ નથી અને દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય એ પણ આત્માની બહારની વસ્તુઓ નથી, કિન્તુ આત્માની પોતાની, પોતાની અંદર રહેલી વસ્તુઓ છે.

♦♦♦

જ્ઞાન દર્શન અને ચારિત્ર એ મુક્તિનાં કારણ તો છે જ, પણ એ સમ્યગ્ હોય તો. જે દર્શન, જ્ઞાન, ચારિત્ર, અસમ્યક હોય છે એ સંસારમાં રૂલાવે છે અને એ જ જો સમ્યક્ હોય તો સંસારસાગરથી તારે છે.

♦♦♦

જ્ઞાન ની સાથે જ્યારે દુરાગ્રહ ભળે છે, ત્યારે ઉન્નતિને પામેલા આત્માઓનું પણ કારમું અધઃપતન થઈ જતાં વાર લાગતી નથી. જ્ઞાનીનું તેવું અધઃપતન થાય, એ જીવની કર્મ પરવશતા કેટલી ભયંકર છે. તેનું પણ સૂચક બને છે.

♦♦♦

જ્ઞાનદાનના પ્રતાપે આત્માને તુરતમાં જ અનેક લાભો થાય છે અને તે એ કે ૧. પ્રથમ તો એ જ્ઞાનદાનના પ્રતાપે આત્મા પોતાના હિતને અને અહિતને જાણે છે, ૨. હિત અને અહિતને જાણવા માટે જરૂરી એવાં જે જીવાદિ નવે તત્ત્વોને જાણે છે. અને ૩. હિતની સાધના માટે એ જ્ઞાનદાનના પ્રતાપે આત્મા વિરતિધર્મ કે જે સર્વશ્રેષ્ટ ધર્મ છે.' તેનો પામે છે.

♦♦♦

જ્ઞાન ની જડ એ પણ દર્શનમાં છે, કારણ કે-દર્શન વિના જ્ઞાનની

પ્રાપ્તિ નથી. જ્ઞાન પહેલાંના દર્શનને આજના વાયડા લોકો અંધશ્રદ્ધા માની બેઠા છે, પણ એ તેઓની ભ્રમણા છે. દુનિયા પણ કબૂલ રાખે છે કે-યોગ્ય આત્માના વિશ્વાસ વિના કાંઇ પણ કાર્ય થતું નથી. અનુભવ પણ કહે છે કે-પહેલાં તો પોતાના કરતાં અધિક અનુભવી આત્માની સલાહ મુજબ જ કામ કરવું જોઇએ.

◆◆◆

જ્ઞાન મનને 'આહલાદ' આપે છે. જ્યારે દર્શન ચિત્તને 'પ્રમોદ' આપે છે. યાદ રાખો કે-'આહ્લાદ'ને 'પ્રમાદ'માં તફાવત છે. ઉપરનો આનંદ તે 'આહ્લાદ' અને આત્મસાત્ આનંદ તે 'પ્રમોદ.' દર્શન વિનાનાને પણ શ્રી જિનેશ્વરદેવનું શાસન 'આનંદ' તો આપે, પણ એ ચિરસ્થાયી નહિ બને, જયારે દર્શનની પ્રાપ્તિથી એ આનંદ 'પ્રમોદ'નું રૂપ લઈ લે છે.

◆◆◆

જ્ઞાનાવરણીય કર્મના ઉદયે ભણેલું ભૂલાઇ જાય કે નવું મેળવી ન શકાય એ બને : આવેલું ચારિત્ર ચાલ્યું જાય એય બને : પરંતુ જો દર્શન પાસે હોય તો અમૂક જાતિનો એની શુદ્ધ મનોદશામાં કદી પલ્ટો ન થાય. દર્શનધર આત્મા જ્ઞાન અને ચારિત્રથી ભ્રષ્ટ થયા છતાં, પરિણામથી મલીન થયા નથી પણ દર્શનહીન તો માર્ગથી ભ્રષ્ટજ થયા છે.

◆◆◆

જ્ઞાન જાણ્યા પછી અભિમાનાદિ આવવાનો સંભવ છે, પણ દર્શનવાળાને દેવગુરૂભક્તિની રૂચિ અખંડ રહી શકશે.

◆◆◆

જ્ઞાનિઓએ આશય ઉપર બહુ ભાર મૂકયો છે, પણ આશયની નિર્મળતા અને નિર્મળ આશયની જાળવણી, અભિન્નતા આદિ માટે ધર્મવ્યવહાર ઉપર ઓછો ભાર મૂકયો નથી. એ વાતને નહિ સમજેલા કેટલાકોએ દેશના નિશ્ચયપ્રધાન બનાવી દીધી અને ધર્મવ્યવહારને ભૂલી ગયા.

◆◆◆

જ્ઞાનીઓ જે, પાપના ફળનું વર્ણન નરક છે. એમ કહે છે એ સાંભળતાં જેઓ ગભરાય છે, તેઓ જરૂર ખોટી કારવાઈમાં પડેલા છે.

◆◆◆

જ્ઞાનિઓએ શરીરને ધર્મનું સાધન માની, ધર્મના એક સાધન રૂપે જ શરીરની સંભાળ રાખવાનું વિધાન કર્યું,-ત્યારે લોકોએ ધર્મને ભૂલી જઈને શરીરની એવી સેવા કરવા માંડી, કે જેમાં ધર્મનું જ ખૂન થઈ જાય

◆◆◆

જ્ઞાનિઓએ દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ભેદો ધર્મના દર્શાવ્યા છે : પણ દાનમાં મીંડું, શીલમાં ભમરડો, તપમાં દેવાળું અને ભાવને દેશવટો, આ દશાથી વિરલ આત્માઓ જ બચેલા છે.

◆◆◆

જ્ઞાનિઓએ મનુષ્યપણાને દુર્લભ કહ્યું છે : આમ તો મનુષ્ય ઘણા છે, પણ માણસાઈથી મનુષ્ય બહુ થોડા

◆◆◆

જ્ઞાનિઓએ વર્ણવેલી વિષયોની ભયંકરતાને જાણીને, એમાંથી બચવાના પ્રયત્નો કરનારા, ખરે જ, ધન્યવાદને પાત્ર છે.

◆◆◆

જ્ઞાનિઓની આજ્ઞા પાળવી એટલે હૃદય વેચી દેવા જેવું નથી, પણ હૃદય વેચાઈ ગયું છે તેને પાછું મેળવવાનું છે. મન-વચન-કાયાના યોગો મોહાદિને પરાધીન બની ગયેલા છે, એ બધા ઉપર કાપ મૂકનાર શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા છે.

◆◆◆

જ્ઞાનિઓની તો એક જ ભલામણ છે કે-'પાપના ત્યાગમાં અનેધર્મની આરાધનામાં સઘળીય શક્તિનો અને સઘળીય સામગ્રીનો સદ્વ્યય કરવામાં લેશે પણ પ્રમાદી ન બનો !'

◆◆◆

જ્ઞાનિ નિવડવાનાં અને શુભ સંસ્કારો જન્મવાના જેટલાં કારણો બાલ્યકાળમાં છે, તેટલાં કારણો પ્રાયઃ પછીની અવસ્થામાં નથી હોતાં.

◆◆◆

જ્ઞાનીપુરૂષો જગતની સમક્ષ સંસારની અસારતાનું જ જોરશોરથી વર્ણન કરે છે અને ફરમાવે છે કે-'ધર્મ શિવાય આ આત્માને સંસારમાં કોઈ જ સાચું આશ્વાસન આપનાર કે સાચી શાંતિ પમાડનાર નથી : અને એ જ

કારણે ધર્મ ખાતર સર્વસ્વનો, એટલે કે-માતાપિતાનો પણ ત્યાગ વિહિત છે.' અર્થાત્ આ વિશ્વમાં એક પણ વસ્તુ એવી નથી, કે જે ધર્મની આડે આવતી હોય તે છતાં પણ તેનો ત્યાગ ન કરી શકાય !

◆◆◆

જ્ઞાનિ મહર્ષિઓ જ્યારે નવ વાડોનું વિધાન કરે છે, ત્યારે આજના સ્વચ્છંદી છતાં પોતાની જાતને સુધારક તરીકે ઓળખાવતા લોકો એથી વિપરીત વસ્તુનું વિધાન કરે છે : માટે વિચારો કે-એમાં વિષયાવેશની ભયંકર વિવશતા કે અજ્ઞાનતા શિવાય બીજું શું હોવું સંભવે છે ? બીજું કશું જ નહિ !

◆◆◆

જ્ઞાનિઓની આજ્ઞા મુજબ વર્તવામાં પ્રત્યક્ષ લાભ પણ ઘણો છે અને નુકશાન તલભારેય નથી. ગમે તેવા સંયોગોમાં પણ આત્માને શાન્તિ રહે, એ કમ પ્રત્યક્ષ લાભ નથી જ !

◆◆◆

જ્ઞાનિના વચનને અસત્ય કરવા સજ્જ થયેલા બુદ્ધિશાલીની બુદ્ધિ બુઠ્ઠી બની જાય, એ તદ્દન સંભવિત વસ્તુ છે : કારણ કે-જ્ઞાનિના વચનને મિથ્યા બનાવવાની ભાવના એ જ પ્રથમ તો બુદ્ધિનો વિપર્યાસ છે, તો પછી એ ભાવનાનું પ્રકાશન કરનાર અને એ ભાવનાનો અમલ કરવા સજ્જ થનારની બુદ્ધિમાં કારમો વિપર્યાસ થઈ જાય, એમાં અસંભવિતતા હોય જ શાની ?

◆◆◆

જ્ઞાનિઓએ મનુષ્યપણાને દુર્લભ કહ્યું છે : આમ તો મનુષ્ય ઘણા છે, પણ માણસાઈથી મનુષ્ય બહુ થોડા છે.

◆◆◆

જ્ઞાની પુરૂષો કહે છે કે-શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની વિરૂદ્ધ પ્રરૂપણા કરનાર ગુરૂની પણ આજ્ઞામાં રહેવું, એ ઈરાદાપૂર્વક આત્માનો નાશ કરવા બરોબર છે.

◆◆◆

જ્ઞાની મહાપુરૂષોએ શ્રી જિનદર્શનથી, શ્રી જિનવન્દનથી અને શ્રી જિનપૂજનથી જે જે ફળો મળવાનું કહ્યું છે, તે ફળો શ્રી જિનદર્શન, શ્રી જિનવન્દન અને શ્રી જિનપૂજન કરનારને અવશ્ય મળે એવાં છે, પણ એ

વાત તમારા હૈયામાં જચવી જોઈએ; અને, એ વાત શ્રી જિનને સારી અને સાચી રીતિએ ઓળખ્યા વિના હૈયામાં જચવાની નથી.

♦♦♦

જ્ઞાનિઓ ફરમાવે છે કે-શ્રી સર્વજ્ઞ પરમાત્માનાં કહેલાં વચનો સાંભળવા યોગ્ય છે. છતાં એ રોજ નિયમિત અસ્ખલિતપણે સાંભળવાની જેવી જોઈએ તેવી ઈચ્છા નથી થતી, તો એ દશા કયી ? શ્રી જિનવાણીના શ્રવણ વિનાનો એક પણ દિવસ જવો જોઈએ નહિ : અને જે દિ' શ્રી જિનવાણીનું શ્રવણ ન મળે કે ન થાય, તે દિ' ચેન પડવું જોઈએ નહિ. શાસ્ત્ર કહે છે કે-જ્યાં શ્રી જિનવાણીનું શ્રવણ કરવા વગેરેની સામગ્રી જ ન હોય, ત્યાં શ્રાવકે વસવું જોઈએ નહિ. શ્રી જિનવાણીના શ્રવણ વિનાનો દિવસ જાય જ નહિ, એવા સ્થળે પણ વસી શકાય છે ને ? એવા ધર્માત્મા બનો, તો એ સર્વથા અશકય નથી. આમ છતાં પણ, કદાચ એ ન જ બને, તો તેનું હૃદયમાં દુઃખ ધરો.

♦♦♦

જ્ઞાનિઓએ ફરમાવ્યું છે કે- **भवे मोक्षे च समो मुनिः ।** આ વાતને કોઈ પકડે અને કયી દશાની એ વાત છે, તે ન સમજે તો ? મુનિને સંસાર ઉપર દ્વેષ ન હોય અને મોક્ષ ઉપર રાગ ન હોય, પણ તે કયારે ? છટ્ઠે ગુણઠાણે ? અપ્રશસ્ત રાગદ્વેષ બેઠા છે ત્યારે ? એ તો બારમા ગુણ-સ્થાનકની વાત છે. બારમા ગુણસ્થાનકે નથી તો મોક્ષનો રાગ હોતો કે નથી તો સંસારનો દ્વેષ હોતો : કારણ કે-ક્ષપકશ્રેણિએ ચઢીને દશમાના અન્તે રાગ, દ્વેષ અને મોહથી તે આત્મા સર્વથા પર બની ગયો છે. રાગ, દ્વેષ અને મોહથી જે આત્મા દશમાના અન્તે સર્વથા પર ન બન્યો હોય, તે તો બારમે આવી શકે જ નહિ, તે દશમેથી અગીયારમે જ જાય અને ત્યાંથી પાછો જ પડે ! હવે જ્યારે સંસાર અને મોક્ષ બન્નેય ઉપર સમભાવ આવ્યા વિના કેલવજ્ઞાન થવાનું નથી, તો પછી એ વિચારો કે-મોક્ષનો રાગ છોડવાનો ઉપદેશ અપાય કે મોક્ષના અર્થી બનવાનો ઉપદેશ અપાય ?

♦♦♦

જ્ઞાનિઓના કથન મુજબ 'સંસાર એ ભૂંડામાં ભૂંડી ચીજ છે.'-એમ જેને લાગી જાય અને 'મારૂં સ્વરૂપ મોક્ષ છે.'-એમ જેને સમજાઈ જાય, તેની આત્મદશા કેટલી બધી ઉંચી હોય ? જ્ઞાનિઓની આજ્ઞા મુજબ મોક્ષના માર્ગે

પ્રયત્નશીલ બનેલાને તો, દુર્ગતિમાં જવાની શંકા પણ હોય નહિ ને ? એને મરણ મુંઝવે શાનું ? સામાન્ય કોટિના પણ સમજુ માણસનેય મરણ મુંઝવી શકતું નથી. આ સંસારમાં, વસ્તુતઃ મઝા જેવું છે જ શું ? બધું પરાધીન. પુણ્ય હોય તો જ સારી સામગ્રી મળે અને પુણ્ય હોય તો જ એને ભોગવી શકાય. પુણ્ય ખલાસ થાય, તે પછી શું ? તમે બધા શાના આધારે બેઠા છો ? જીવતાં સુધી પુણ્ય ટકશે જ, એની ખાતરી છે ? કદાચ જીવતા સુધી પુણ્ય ટકયું, તોય પછી શું ? મેળવેલું, સાચવેલું, પ્રેમથી રાખેલં-બધું અહીં રહે અને આપણે જવું પડે. માણસ બહુ સુખી હોય તોય, એને એમ તો થાય ને કે-અહીંથી ગયા વગર છૂટકો નથી ? નાસ્તિકેય, મરવાનું છે-એમ તો માને જ છે; પણ આપણે એથી વધારે માનીએ છીએ. આપણે તો માનીએ છીએ કે-'મરવાનું જેમ ચોક્કસ છે, તેમ કર્મનો યોગ હોય ત્યાં સુધી ચાર ગતિઓમાંથી કોઈ પણ એક ગતિમાં ઉત્પન્ન થવાનું પણ ચોક્કસ છે.' આપણે કોઈને જો વાત કહીએ કે-અહીં મરવાનું છે અને મરીને પાછું ઉત્પન્ન પણ થવાનું છે; તો એ કદાચ પૂછે કે-' તમે કયાં ઉત્પન્ન થવાના ? તમને કોણ ઉત્પન્ન કરશે ?' ત્યારે તમે કહો ને કે-' અમારા કર્મને આધારે આમારે ઉત્પન્ન થવાનું છે ! ? લાંબી ખબર તો નથી, પણ એટલી ખબર તો છે જ કે-'મારે મારૂં કર્યું જરૂર ભોગવવાનું છે !' એટલે, આપણે ધારીએ ત્યાં જઈ શકીએ, એમ તો માનો છો ને ? મારે જવાનું છે અને જ્યાં જવું હોય ત્યાં જઈ શકું એ મારા હાથની વાત છે, આવો વિશ્વાસ છે ને ? હું ધારૂં ત્યાં જઈ શકું છું-એવું જે માને, તે સારા સ્થાને જ જવાને ઇચ્છતો હોય ને ? સારૂં સ્થાન તો સૌને ગમે છે, પણ આ તો એવો જ પ્રયત્ન કર્યા કરતો હોય કે-એ એના પ્રયત્નના બળે એ સારા સ્થાનને પામે !

◆◆◆

જ્ઞાનિઓએ પૌદ્‌ગલિક વસ્તુઓ ઉપરના રાગ-દ્વેષને કાઢવાના ઉપદેશના ધોધ વહાવ્યા, પણ કોઈ ઠેકાણે એમ ઉપદેશ્યું ખરૂં કે-'ભગવાન ઉપરના રાગને કાઢવાની મહેનત કરજો ! ?' 'કર્મસત્તા ઉપરના દ્વેષને ટાળવાની મહેનત કરજો ! ?' આવું કયાંય છે ? ભગવાન ઉપર રાગ હોય ત્યાં સુધી પણ વીતરાગ ન બનાય એમ વસ્તુસ્વરૂપ વર્ણવે, વીતરાગતા આવતાં પહેલાં ભગવાન ઉપરનો રાગ પણ જવાનો એમ કહે, પ્રશસ્ત કે અપ્રશસ્ત

રાગ નામે નહિ રહે ત્યારે વીતરાગ થવાશે એ વિગેરે વાતો આવે, પણ કોઈ ઠેકાણે ભગવાન ઉપરના રાગને કાઢવાને માટે શું કરવું તેમજ કર્મસત્તાની ઉપરના દ્વેષને કાઢવાને માટે શું કરવું, એવું દર્શાવ્યું છે ? નહિ જ ! ઉલ્ટું એવું જરૂર આવે છે કે-દેવ, ગુરૂ અને ધર્મનો રાગ ખૂબ ખીલવવાનો પ્રયત્ન કરવો અને કર્મસત્તા તરફ દ્વેષ કેળવવામાં કમીના નહિ રાખવી. આ રાગ અને આ દ્વેષ કેળવાય તો જ આત્મા પોતાના સ્વાભાવિક સ્વરૂપને પ્રગટ કરી શકે.

◆◆◆

જ્ઞાન જાણ્યા પછી અભિમાનાદિ આવવાનો સંભવ છે, પણ દર્શનવાળાને દેવગુરૂભક્તિની રૂચિ અખંડ રહી શકશે.

◆◆◆

જ્ઞાનિઓએ આશય ઉપર બહુ ભાર મૂકયો છે, પણ આશયની નિર્મળતા અને નિર્મળ આશયની જાળવણી, અભિન્ન આદિ માટે ધર્મવ્યવહાર ઉપર ઓછો ભાર મૂકયો નથી. એ વાતને નહિ સમજેલા કેટલાકોએ દેશના નિશ્ચયપ્રધાન બનવા દીધી અને ધર્મવ્યવહારને ભૂલી ગયા.

◆◆◆

જ્ઞાનીઓ જે. પાપના ફળનું વર્ણન નરક છે. એમ કહે છે એ સાંભળતાં જેઓ ગભરાય છે, તેઓ જરૂર ખોટી કારવાઈમાં પડેલા છે.

◆◆◆

જ્ઞાનિઓએ શરીરને ધર્મનું સાધન માની, ધર્મના એક સાધન રૂપે જ શરીરની સંભાળ રાખવાનું વિધાન કર્યું,-ત્યારે લોકોએ ધર્મને ભૂલી જઈને શરીરની એવી સેવા કરવા માંડી, કે જેમાં ધર્મનું જ ખૂન થઈ જાય સદાચાર વિના જીવતાં શાન્તિ મળે, સદાચાર વિના મરતાં સમાધિ ટકે, સદાચાર વિના પરલોક સારો નીવડે અને સંપૂર્ણ સુખ પણ સદાચાર વિના મળે, એવું કોઈ પણ શુદ્ધ વિચારકથી બોલાય તેમ નથી. પછી કોઈ પાપથી નિર્ભય અને દુનિયાદારીનો નફફટ એમ કહે કે-'સદાચાર વિના જીવનની શાન્તિ, મરણની સમાધિ, પરલોકની સુન્દરતા અને સિદ્ધપદની સાધના શકય છે.' તો એની કિંમત ન ગણાય.

◆◆◆

જ્ઞાની ફરમાવે છે તેને વિચારો નહિ અને મનન ન કરો, ત્યાં સુધી

જે કરણીઓ કહી છે, તેનો મર્મ શી રીતે સમજાય ? દુનિયામાં નાના ત્યાગો, નાના ધર્મો બને છે, તે કયી લાલસાથી ? શું સમજીને સાધુને અન્નપાણી આદિ આપો છો ? ઉપાશ્રયમાં કલાક -બે કલાક શું કરવા ગાળો છો ? સામાયિક, પ્રતિક્રમણ અને પૌષધ વિગેરે શા માટે કરો છો ? શીલ શા માટે પાળો છો ? મહિનામાં બે-ચાર-પાંચ ઉપવાસ શા માટે કરો છો ? આયંબીલ-એકાસણાં વિગેરે શા માટે કરો છો ? કયી ઉમેદથી, કયી વસ્તુની પ્રાપ્તિ માટે, આ બધું કરો છો ? આ બધું કયા ધ્યેયની સિદ્ધિ માટે થાય છે ? એ બધું શા માટે કરો છો, એ નિર્ણય પર આવીને વિચારો તો ખરા ! સાધુએ શ્રાવકને શ્રી જિનેશ્વરદેવની પૂજા, ગુરુ વંદન, શાસ્ત્રશ્રવણ, સામાયિક માટે શું કામ કહેવું ? સામાયિકની, જિનપૂજાની શી જરૂર ? શા માટે સાધુ પાસે તે વસ્તુઓ કહેવડાવવા માંગો છો ? આ સંસારના બંધનથી છૂટવા માટે જ ને ? વારુ, તો હવે એ તો નિશ્ચિત જ છે કે-નાનામાં નાની ધર્મક્રિયા પણ આ સંસારથી મુક્ત થવા માટે જ છે ને ? તો એ ધ્યેયને અને તે ધ્યેયના મુખ્ય સાધન તરીકે સર્વવિરતિને બરાબર સમજીને હૃદય સન્મુખ રાખવાની જરૂર ખરી કે નહિ ? જો ખરી, તો રોજ તે વસ્તુ યાદ કરાવનાર સામે ફરિયાદ શેની ? સમજો કે-એ ફરિયાદ પાયા વિનાની છે, એટલે એ ફરિયાદ સાચા જૈનથી તો થઈ જ ન શકે.

◆◆◆

જે જીવો મોક્ષમાં જાય છે, સદ્‌ગતિમાં જાય છે અગર તો દુર્ગતિમાં જાય છે, તે જીવો ઉદ્યમ કરી કરીને જ મોક્ષમાં, સદ્‌ગતિમાં કે દુર્ગતિમાં જાય છે ને ? માનસિક , વાચિક ને કાયિક એ ત્રણે પ્રકારનો અથવા તો એમાંના કોઈ પણ પ્રકારનો ઉદ્યમ કર્યા વિના જ કાંઈ થઈ જાય, એવું બને છે ? મોક્ષ સધાય ઉદ્યમથી, સદ્‌ગતિ મળે પણ ઉદ્યમથી અને દુર્ગતિમાં જવાય છે તે પણ પોતાના ઉદ્યમથી જ ને ? તમે ને અમે, કાંઈક ને કાંઈક ઉદ્યમ તો કરીએ જ છીએ. તમારો ઉદ્યમેય ચાલુ છે ને ? ઉદ્યમ તો ચાલુ છે જ, પણ કેવું ફળ આપે એવો ઉદ્યમ ચાલુ છે એ જ મહત્ત્વનો વિચાર છે.

◆◆◆

જ્યાં સુધી આત્મા અને આત્માનો ધર્મ ન સમજાય, ત્યાં સુધી સૌ પોતપોતાની ફરજ યથાસ્થિતપણે બજાવી શકે એ શકય જ નથી.

◆◆◆

જેનામાં પ્રાણી માત્રના કલ્યાણની, સદ્‌ગુણો પ્રત્યે નિરપવાદ અનુરાગની, કર્મરોગથી રીબાતાઓ પ્રત્યે કરૂણાની અને મહેનત કરવા છતાં પણ જેઓ દોષ તજી ન શકે તેવા જીવો પ્રત્યે પણ માધ્યસ્થ્ય રહે એવી વૃત્તિ હોય, તે જ આત્મા મહાપુરૂષ બનવાને અગર તો મહાપુરૂષ તરીકેની સાચી ખ્યાતિ પામવાને લાયક છે.

♦♦♦

એક સાધુની પુઠે સંખ્યાબંધ દાતાર થાય. એકનો સર્વ ત્યાગ જોઈ કેઈકને એટલું તો અવશ્ય થઇ આવે કે-' કંઇક કરીએ.' મીલકત તજીને દીક્ષા લેવા નીકળે, ત્યારે કેટલાક ભવાભિનંદી આત્માઓ એમ પણ બોલનારા નીકળે કે-કેવો ગમાર ? છતી મીલકતે ત્યાગી થયો ! અને સંખ્યાબંધ આત્માઓ એમ માનનાર અને બોલનાર હોય છે કે- ધન્ય છે આ પુન્યવાનૂને, કે જેણે સર્વસ્વને ત્યજી આત્મ કલ્યાણની સાધનામાં પોતાનું જીવન સમર્પિ દીધું. એક ત્યાગી થાય તેની પુંઠે કેટલાક ત્યાગનો રસ લેતા થાય, કેટલાક થોડું પણ તજતા થાય, બહુ રંગીલા, મોજશોખીલા પણ વિચારતા થાય કે- આખી જીંદગી મોજમઝામાં તો નજ કાઢવી.

♦♦♦

એક બ્રાહ્મણી હતી. એ વિદુષી હતી. એને ત્રણ દિકરીઓ હતી. એણે વિચાર્યું કે-મારી દીકરીઓ સુખી કયારે થાય ? જેવા વિચારનો ધણી હોય એને એ અનુસરે તો. દીકરીને સુખ કયાં ? સાસરે. ઘરમાં જેટલું સુખ દ્યો તે ત્યાં ભયંકર દુઃખ. જ્યાં મોકલવી હોય તે ઘર જોગી કેળવણી આપવી પડે. ત્યાં માલીક તો બનશે ત્યારે બનશે, પણ જાય ત્યારે તો વહુ તરીકે. એમ ન સમજતા કે-પરણવાનું કહ્યું. શાસ્ત્ર તો કહે છે કે તમારાથી ન ચાલે તો આટલું જોવું. સમાનશીલ, સમાનકુલ, સમાનધર્મ જોઇને કન્યાને દેવી પડે તો દેવી. પેલી બ્રાહ્મણીએ ત્રણે દીકરીને પાઠ ભણાવ્યો હતો. જ્યારે દીકરી પરણીને ઘેર જતી ત્યારે એ પ્રથમ દિવસે જ કહેતી કે-પતિ આવે ત્યારે એક લાત મારવી. પછી જે બને તે આવી મને કહેવું અને પછી હું કહું તેમ વર્તિશ તો સુખી થઈશ. આ શીખામણ મા, પતિની પરીક્ષા કરવા માટે દે છે. પહેલી પરણીને પતિના ઘેર ગઇ ત્યારે, પલંગમાં બેઠી છે. પતિ આવ્યો. હજી પલંગ પર બેસે છે ત્યાં જ પેલીએ પતિને લાત મારી, પણ પતિ તો વિષયનો અર્થી

હતો, કીડો હતો. ઉઠીને પેલીના પગ પંપાળવા ગયો કે પગે વાગ્યું તો નથી ને ? તે દીકરીએ આવીને સવારે માને હકીકત કહી. માએ કહી દીધું કે-દીકરી ! તારે ફાવે તેમ વર્તજે, તારા ધણી ઉપર જેટલા હુકમ કાઢવા હોય તેટલા કાઢજે, ડરીશ નહિ, બીજી દીકરી વખતે પણ તેવી જ શીખામણ આપી. બીજીએ તેમ કર્યું. ઝટ, પેલાએ ધોલ મારી. પેલી રોઈ પડી. થોડી વાર બાદ પતિએ કહ્યું, ચાલ હવે આવું કરતી નહિ, થયું તે થયું. એ દીકરીએ સવારે જઈ માને વાત કરી. માએ કહ્યું કે-એની દોરી કાબુમાં રહે ત્યાં સુધી ખેંચવી. ગરમ થાય કે મૂકી દેવી, તો સુખી થઈશ. ત્રીજી છોકરી વખતે પણ એજ શીખામણ દેવાઈ. એણે લાત મારી. પેલો મર્દ હતો. તેજ વખતે પકડીને જેટલી મરાય તેટલી મારી. નીકળ ઘર બહાર, કહી ઘર બહાર કાઢી મારે ખપ નથી, આજથી તારો ત્યાગ, એમ કહી પોતે સૂઈ ગયો. પેલી આખી રાત બહાર રહી. સવારે રોતી રોતી મા પાસે ગઈ. કહેવા લાગી કે-આવું શીખવ્યું ? માએ કહ્યું -એ તો તારા સુખને માટે શીખવ્યું હતું. હવે હું કહું તે સાંભળ. એ જેમ કહે તેમ ચાલજે. જરા પણ આડી અવળી થઈ તો બાર વાગ્યા. દીકરી કહે પણ મારેહવે ઘેર જવું શી રીતે ? માએ કહ્યું એ બધું હું કરીશ. પેલી બ્રાહ્મણી ત્યાં જઈ કહેવા લાગી કે-આવું ગાડપણ તમે કેમ કર્યું ? આમ થાય ? એ તો અમારા કુલનો રીવાજ હતો, એટલે વિધિ સાચવી. નહિ તો કાંઈ તમને મારવાના હોય ? આટલું યે ન સમજ્યા ? સંસાર છે, કુલરીવાજ પાસે બધા ઝુકે. એણે કહ્યું -કે ભલે ત્યારે, એમ હોય તો મોકલજો. એ મર્દ હતો. તમે તમારી જાતને પૂછજો કે-ઉપરના દૃષ્ટાંતમાંના તમે કયા નંબરના છો ? પહેલા, બીજા કે ત્રીજા ?

◆◆◆

આજે તો સુસાધુઓને પીડવા મથનારા પાપાત્માઓ પોતે ઉપસર્ગ કરે છે, પછી મુનિએ સમભાવે સહવો જોઈએ એવી વાતો કરે છે અને જે ધર્માત્માઓ એવા પાપાત્માઓ ના ઉપસર્ગોનો પ્રતિકાર કરવાના પ્રયત્નમાં લાગે તેમને શાન્તિ વિનાના, સમતા વિનાના અને તોફાની કહીને વગોવે છે.

◆◆◆

અધિકારી કોને કહેવાય ? જે અર્થી હોય, સમર્થ હોય અને જેનો સૂત્રે નિષેધ ન કર્યો હોય. જેનામાં અર્થિપણું હોય, એ અનુકૂળ સંયોગો

મળતાં જેટલો આરાધાય તેટલો ધર્મ જરૂર આરાધી લેવા મથે. ધર્મના અધિકારી બનવાને માટે જેમ અર્થિપણું જરૂરી છે, તેમ સમર્થપણું પણ જરૂરી છે. અર્થી હોય, છતાં સમર્થ ન હોય, તો એ ધર્મનો અધિકારી નથી. સામાર્થ્યના અભાવે ધર્મ થવો મુશ્કેલ છે. જેણે ધર્મ કરવો હોય, તેણે સમર્થ પણ બનવું જોઈએ.

♦♦♦

અર્થકામનું અર્થીપણું સમ્યગ્દષ્ટિનું એવું નજ હોય કે એની આરાધનામાં લીન થઇ જઈને ધર્મની આરાધના ભૂલાઇ જાય અર્થકામમાં જ ઉદય છે એવું એ નજ માને. કિંતુ અર્થકામની ઈચ્છા પાપમાંથી જ જન્મેલી છે એમ એ માને. જ્યાંસુધી એ ઇચ્છા રહેવાની ત્યાંસુધી ધર્મ આરાધના અધુરી, કિંચિત, અને નહિવત્જ થવાની. અનંત જ્ઞાનીઓની આજ્ઞાનું સંપૂર્ણ આરાધન અર્થકામના સંસર્ગનો ત્યાગ થયા સિવાય થવું જ નથી એમ સમ્યગ્દષ્ટિ નિશ્ચિત રીતે માનતો હોય.

♦♦♦

જેને શ્રી વીતરાગ પરમાત્માની અહિંસા જચે, શ્રી વીતરાગ પરમાત્માનું સંયમ જચે, શ્રી વીતરાગ પરમાત્માનો તપ જચે, તેને દુનિયાદારીની આરાધનામાં આનંદ કેમ જ આવે ? એ જગત્ને દુનિયાદારીના સુખ પાછળ કેમ જ ઘસડે ? કહેવું જ પડશે કે-નજ આવે અને કદી નજ ઘસડે.

♦♦♦

ઉત્તમ દેશ, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, આરોગ્ય, દીર્ઘાયુષ્ય, પંચેન્દ્રિયપટુતા અને સુન્દર બુદ્ધિ તેમજ સદ્ગુરૂનો યોગ અને સદ્ગુરૂના શ્રીમુખે ધર્મશ્રવણ-એ સર્વની સાચી સાર્થકતા શ્રી જિનોક્ત ધર્મની પ્રાપ્તિ ઉપર જ અવલંબે છે. શ્રી જિનોક્ત ધર્મની પ્રાપ્તિ થાય, તો જ આર્યદેશાદિએ સહિત મળેલું મનુષ્યત્વ, સુન્દર પ્રકારે ફળ્યું એમ કહી શકાય. દુર્લભથી પણ દુર્લભ એવી વસ્તુઓ, અતિશય દુર્લભ એવા શ્રી જિનોક્ત ધર્મની પ્રાપ્તિ થતાં જ, વાસ્તવિક કિંમતને પામનારી બની શકે છે. શ્રી જિનોક્ત ધર્મથી હીન એવી દુર્લભ પણ સામગ્રીઓનો સમૂહ મુડદા જેવો છે. જેમ દેહની કિંમત તેમાં રહેલા પ્રાણના આધારે છે, તેમ દુર્લભ સામગ્રીસમૂહની કિંમત પણ શ્રી જિનોક્ત ધર્મના યોગે જ છે. સદ્ધર્મની કિંમતને સમજનારાઓ તો સમજી

શકે છે કે-' આ જીવનમાં જો શ્રી જિનોક્ત ધર્મ મળ્યો, તો સર્વ કાંઇ મળ્યું છે અને જો શ્રી જિનોક્ત ધર્મ ન મળ્યો, તો દુન્યવી સઘળી જ સામગ્રી નિરર્થક પ્રાયઃ છે.' આ વસ્તુને સમજીને મનુષ્યભાવ આદિ-એક એકથી અધિક દુર્લભ સામગ્રીને પામેલા આત્માઓએ, બીજા સઘળા જ પ્રયત્નોથી વિરામ પામીને, એક માત્ર સદ્ધર્મની આરાધનાના જ પ્રયત્નમાં લાગી જવું જોઇએ, કે જેથી અનર્થ માત્રથી મુક્ત બની શકાય. અનર્થોનો વિશિષ્ટ કોટિનો વિનાશ જેમ સદ્ધર્મ રૂપ વરરત્નની પ્રાપ્તિ થયા વિના શકય નથી, તેમ સદ્ધર્મ રૂપ શ્રેષ્ઠ રત્નની આરાધના પણ મનુષ્યભાવ આદિ સામગ્રીના અભાવમાં શકય નથી. આ કારણે, મનુષ્યભાવ આદિ પ્રાપ્ત થયેલી દુર્લભ વસ્તુઓ જ્યાં સુધીમાં વિનાશને ન પામે, ત્યાં સુધીમાં સદ્ધર્મની શકય આરાધના કરી લેવી, એજ વાસ્તવિક અને સ્પૃહણીય ડહાપણ છે. આથી વિપરીત પ્રકારનું વર્તન કરવામાં જેઓ ડહાપણ માને છે, તેઓ ડહાપણના નામે પણ ગેર ડહાપણના જ ઉપાસકો બનેલા છે, એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ જેવું નથી. આ વસ્તુને યથાસ્થિતપણે સમજનારાઓ જ-સઘળાય પ્રાણિઓને ચિરકાલે કરીને પણ મનુષ્યભવ મળવો એ ખરેખર દુષ્કર છે અને કર્મના વિપાકગાઢા-ભયંકર છે.'-આવા સૂચનપૂર્વક, એક સમયનો પણ પ્રમાદ નહિ કરવાના, ભગવાન શ્રી મહાવીરદેવ, શ્રી અષ્ટાપદગિરિજીથી આવેલા ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામિજીને આપેલા ઉપદેશનું રહસ્ય સમજી શકે તેમ છે : અને તેમાંથી જ્વલન્ત પ્રેરણા પણ મેળવી શકે તેમ છે.

◆◆◆

લાખો શિષ્યોનો ગુરૂ પણ એનામાં ગુરૂતા ન હોય તો ખાડામાં જાય અને એક પણ શિષ્ય વિનાનો હોય પણ જો એનામાં ગુરૂતા હોય, તો તે કેવલજ્ઞાન પામીને મુક્તિએ ચાલ્યો જાય.

◆◆◆

જેનું દૃષ્ટાંત લો તેની સાથે પહેલાં જાતને સરખાવી જો જો. પહેલાં સાધક બનો અને પછી સિદ્ધ થશો. શ્રી જિનેશ્વરોના આત્માઓમાં ત્યાગ અને વિરાગ એકમેક થઈ ગયો છે. અને અહીં તો રોમે રોમમાં રાગ ભર્યો છે, કે જે કાઢયો એ નિકળતો નથી. રાગદ્વેષ વિના એક ક્ષણ પણ કયાં ચાલે છે ? બાયડીને દાગીના કરી આપે છે અને પાડોશીને રોટલો પણ આપતો નથી !

રાગદ્વેષ વિના તું જીવે છે જ કયાં ? ચોવીસે કલાક રાગદ્વેષમાં સડી રહેલો વીતરાગના વાદ તું કયી રીતે લે છે ? શાક વિના રોટલી ગળે ઉતરતી નથી અને ઘી વિના તો ચાલતું નથી !

પદાર્થ દર્શન ટ્રસ્ટ
આશ્રમ રોડ, અમદાવાદ